ખૂબસુરતીનું ખાપર

રા. ગમકુત

મોજ મજાહ કાર્યાલય

ગીરગામ મુંબઈ ૪

મુલ્ય રૂ. ૧-૮-૦

ખૂબસૂરતીનું ખપ્પર

યાને

ચાલુ જમાનાની ચુડેલ !

પ્રકરણ ૧ લું.

ટ્રામમાં ખૂન

શ્રાવણ માસ હતો. જે વર્ષની આ વાર્તા લખવામાં આવે છે એ વર્ષે ઘણી ઠંડી પડી હતી તે ઉપરાંત છેલ્લા થોડા દિવસથી સતત વરસાદ પડતો હતો. રસ્તાઓ ઉપર લોકોનો અવર જવર બંધ થયો હતો. રાતના લગભગ બાર વાગ્યા હતા. ફેરાશરોડ ઉપરથી છેલ્લી ટ્રામ વિક્ટોરીઆ ગાર્ડન તરફ જતી હતી, વરસાદ તથા ઠંડીને લીધે ટ્રામના પેસેન્જરોએ બારીઓ બંધ કરી દીધી હતી. લગભગ બધા ઉતારૂઓ ઉતરી પડયા હતા. કંડકટર ઠંડીથી ધ્રુજતો ધ્રુજતો પાછળના ભાગમાં જડભાડ બની જઇ બેઠો હતો. ગાડીમાં કોઇ પેસેન્જર છે કે કેમ એ તે જાણતો નહોતો. જે બે પેસેન્જરો હતા તેઓ પણ ચરનીરોડ જંકશન આગળ ઉતરી ગયા હતા. રસ્તે કોઇનો અવરજવર નહિ હોવાથી કોઇ ટ્રામમાં બેસે એવો સંભવ નહોતો.

ટ્રામ વિક્ટોરીઆ ગાર્ડન ડીપોમાં ઉપસ્થિત થઇ એટલે અંદર કોઇ બેઠું છે કે કેમ એ તપાસવા કંડકટર અંદર ગયો. એવી રાતે કોઇ ઉતારૂ ટ્રામમાં કદાચ ઉંઘી ગયો હોય એ બનવા જોગ હતું. છેવટે કંડકટરની ધારણા ખરી પડી. એક માણસ ટ્રામની એક બેંચ ઉપર ઉંઘી ગયેલો તેના જોવામાં આવ્યો.

એ માણસે ગૃહસ્થને છાજે એવો પોષાક પહેર્યો હતો. શરીર ઉપર ગરમ કોટ હતો. પગમાં પગરખાં હતા. તેની આંગળી ઉપરની હીરાની વીંટી દીપકના પ્રકાશમાં ઝગમગતી હતી. તેના પગ પાસે એક સુંદર લાકડી પડેલી હતી.

કંડકટરે એ માણુસ પાસે જઇ ઉચ્ચ સ્વરે કહ્યું, "વિકટોરીઆ ગાર્ડન–ગાડી ખાલી કરો."

આમ છતાં એ માણુસની ઉંઘ ઉડતી હોય એવું એક પણ ચિહ્ન જોવામાં આવ્યું નહિ. કંડકટર મનમાં ને મનમાં હસ્યો. તેણે કહ્યું, "આ ગૃહસ્થ કોણ જાણે ક્યાંય ઉતરવાના હશે! ઉંઘમાં ને ઉંઘમાં તેઓ અહીં સૂધી આવ્યા હોય એમ લાગે છે. જાગ્યા પછી પોતાની ભૂલ જણાતાં તેઓ પસ્તાશે." પોતાના મન સાથે આમ કહી કંડકટરે એ માણુસનો હાથ પકડી જોરથી હલાવી કહ્યું, "શેઠ ઉઠો. ગાડી આગળ જવાની નથી."

કંડકટરે એ માણુસનો હાથ છોડી દીધો એટલે એનું શરીર આગળ નમી પડ્યું તથા ક્ષણ માત્રમાં જ એ નીચે ઢળી પડ્યો. એને મુર્છા આવી હશે ધારી કંડકટરે મહામુશ્કેલીએ એને ઉંચકી બેંચ ઉપર બેસાડ્યો, છતાં તેનું માથું છાતી સૂધી નમી ગયું હતું, એનું શરીર બરફ જેવું ઠંડુ તથા સ્થિર થઇ ગયું હતું.

એ માણુસને બેંચ ઉપર બેસાડવા જતાં કંડકટરનો હાથ કોઇ તરલ પદાર્થથી ભીંજાયો. બત્તી નજીક જઇ ભીંજાયલો હાથ જોઇ કંડકટર ભયભીત બની બોલી ઉઠ્યો, "આ તો લોહી છે–કેવો ભયંકર બનાવ!"

કંડકટરે એ માણસના પગ નજીક જોયું તો ત્યાં કોઇ પ્રવાહી પદાર્થ પડ્યો હતો તથા તેની પાસેજ એક રેશમી રૂમાલ પડેલો હતો.

કંડકટરના મનમાં એક પ્રકારનો ભીષણ સંદેહ ઉપજવાથી કંપતા હાથે તેણે એ માણુસના કોટનાં બટન ખોલી નાખી હૃદય ઉપર હાથ મૂકી જોયો તો હૃદયની ધબકી ક્રીયા બંધ થઇ ગયેલી જણાઇ.

આ વખતે કંડકટરની પાછળથી કોઈએ ' ઉપહાસ કરતાં કહ્યું, "કયો નંબર છે? બાર કે? કોઈ જોશે તો તમે ઉતારુનું ખીસ્સું ખાલી કરો છો એમ કહેશે."

કંડકટરે ભયભીત દૃષ્ટિથી પાછળ જોયું તો બીજો એક કંડકટર તેની નજરે પડયો; એનો નંબર સોળ હતો.

બાર નંબરના કંડકટરે કંપતા કંઠે કહ્યું, "ભાઈ! આ માણસ મરી ગયો હોય એમ મ્હને લાગે છે!"

સોળ નંબરના કંડકટરે વિસ્મિત બની જઇ કહ્યું, "મરી ગયો છે!"

પહેલાએ કહ્યું, "હા. આવીને તપાસો."

સોળ નંબર આગળ આવ્યો એટલે બાર નંબરે તેને પેલા માણસના પગ પાસે એકઠું થયેલું લોહી બતાવ્યું. એ જોઈ વિશેષ વિસ્મિત બની સોળ નંબરે કહ્યું, "આ તો લોહી જામી ગયેલું જણાય છે!"

આમ કહી માથું નીચું નમાવી તે જોવા લાગ્યો. બાર નંબરના કંડકટરે કહ્યું, "મ્હારા હાથે પણ લોહી લાગ્યું છે. એનો શ્વાસ બંધ થઈ ગયો છે!"

સોળ નંબરના કંડકટરે એ અચેતન માણસના હૃદય ઉપર હાથ મૂકી કહ્યું, "ખરી વાત છે. બીચારો મરી ગયો છે."

બાર નંબર બોલ્યો, "શાથી આમ બન્યું એ સમજી શકાતું નથી. કોઈ ગૃહસ્થ માણસ હોય એમ લાગે છે."

તપાસ કરતાં એ માણસના હૃદય ઉપર એક ન્હાનો ગોળ ડાઘ દેખાયો. એ ન્હાના છિદ્રમાંથી ધીમે ધીમે લોહી નીકળતું હતું. બન્ને કંડકટરો ભયભીત બની ગાડીમાંથી નીચે ઉતરી પડયા. તેઓમાંના એકે કહ્યું, "કોઈએ એની છાતીમાં છરો માર્યો છે, ઉપરનો કોટ ખુલ્લો કરી ઘા કર્યો છે. કોટમાં છિદ્ર નથી."

બીજો બોલી ઉઠયો, "એ માણસનું ખુન થયું છે. વિના વિલંબે બનેલા બનાવની પોલિસને ખબર આપવી જોઈએ. હું પોલિસને બોલાવી લાવું છું." આમ કહી એક કંડકટર ત્યાંથી

દોડી ગયો. ગરબડ થતી જોઇ ડીપોમાંના બીજા માણુસો એ સ્થળે આવી પહોંચ્યા. જોત જોતાંમાં ત્યાં ઘણુા માણુસો એકઠા થઇ ગયા.

અડધો કલાક વીતતાં ન વીતતાંમાં તો પોલિસ ઇન્સ્પેકટર પોતાના માણુસો સાથે આવી પહોંચ્યો. પોલિસના માણુસોની સાથે એક દેશી માણુસ પણુ આવ્યો હતો. સહુ સમજી શકયા કે, તે એક ડિટેક્ટિવ અર્થાત ગુપ્તદૂત હતો.

પોલિસના માણુસોને જોઇ બીજા માણુસો ખસી ગયા. ઇન્સ્પેકટરે બત્તીની મદદથી માર્યા ગયલા માણુસને બરાબર તપાસી જોયો. પછી તેણે આખી ટ્રામ તપાસી જોઇ; છતાં પેલા રેશમી રૂમાલ ઉપરાંત બીજી કોઇ વસ્તુ જોવામાં આવી નહિ.

ટ્રામ ગાડીમાં એક પણુ હથિયાર નહોતું તેથી એ માણુસે આત્મહત્યા કરી નહોતી એમ સાફ સમજી શકાતું હતું. જો તેણે આત્મહત્યા કરી હોત તો હથિયાર ગાડીમાંથીજ મળી આવત. વળી જે સ્થિતિમાં છરાનો ઘા થયો હતો તે સ્થિતિ જોતાં પણુ ખૂન થયું છે એમ માલૂમ પડતું હતું.

આવેલો પોલિસ ઇન્સ્પેકટર ઘણો ચાલાક હતો. તેણે ખુનના ઘણા પ્રસંગો જોયા હતા; પરંતુ ખુલ્લી ટ્રામ ગાડીમાં આવી રીતે ખૂન થયેલું પૂર્વે તેણે કદાપિ જોયું નહોતું. આવી હિમ્મત કોણે કરી હશે ? કોણે ! કેવી રીતે એ માણુસનું ખૂન કર્યું હશે ? આગળનો ડ્રાઇવર અને પાછળનો કંડકટર સુધ્ધાં ખૂનીના હુમલાને જોઇ શકયા નહિ એ કેવા આશ્ચર્યનો પ્રકાર કહી શકાય ! વળી ખૂની કયારે કેવી રીતે ટ્રામ ગાડીમાંથી ઉતરી પડયો ? જેનું ખૂન થયું હતું એ માણુસ કોણુ હશે ? આવા ઘણા પ્રશ્ન સ્વાભાવિક રીતેજ ઇન્સ્પેકટરના મનમાં ઉપસ્થિત થયા; છતાં પોતાના મન સાથે તે કોઇ પણુ પ્રકારનો નિશ્ચય કરી શકયો નહિ. તેણે કંડકટરને પુછયું, " આ માણુસને પહેલાં કદાપિ ત્હેં જોયા હતા ? "

" ના."

" કયારે એ ત્હારી ગાડીમાં બેઠા હતા ! "

" આપના આ પ્રશ્નનો ઉત્તર પણુ હું આપી શકું તેમ

નથી. મિરગામ જંક્શન આગળ મ્હેં જોયું ત્યારે બે માણસ ગાડીમાં બેઠેલા હતા. એ વખતે આ માણસ ગાડીમાં નહોતા.”

ડ્રાઈવરે કહ્યું, “ફોરાસરોડ જંક્શન આગળ ગાડી ઉભી રહી ત્યારે પેલા બે માણસો ગાડીમાંથી ઉતરી પડ્યા હતા.”

ઇન્સ્પેક્ટરે કહ્યું, “ત્યારે તો મરનાર ગૃહસ્થ એ માણસોના ઉતરી ગયા પછી ગાડીમાં બેઠેલા હોવા જોઈએ.”

“બનવા જોગ છે. વરસાદને લીધે ગાડીની બધી બારીઓ બંધ હતી; ગાડીની અંદર કોઈ નજરે પડતું નહોતું.”

“કોઈને ટ્રામમાંથી ઉતરતાં જોયું હતું?” ઇન્સ્પેક્ટરે પૂછ્યું.

ડ્રાઈવર અને કંડક્ટર-બન્નેએ નકારમાં ઉત્તર આપ્યો.

“ફોરાસ રોડથી વિક્ટોરીઆ ગાર્ડન સુધી આવતાં કેટલો વખત લાગ્યો હતો?”

“લગભગ દશ મિનીટ.”

“ત્યારે એ દશ મિનીટમાંજ આ ગૃહસ્થ ટ્રામમાં ચડેલા હોવા જોઈએ તથા ત્યાર બાદ બીજો એક માણસ ટ્રામમાં ચઢી આ ગૃહસ્થનું ખૂન કરી ઉતરી પડેલો હોવો જોઈએ. આવો અદ્‌ભુત બનાવ ભાગ્યેજ બને છે. હવે લાશને પોલિસ સ્ટેશને લઈ જવી જોઈએ.” આમ કહી પોલિસ ઇન્સ્પેક્ટરે પોતાના અનુચરોને જમા થયેલા લોક હાંકી કાઢવાની આજ્ઞા કરી. પોલિસ કોન્સ્ટેબલો ફાલતુ માણસોને કાઢી મૂકી મૃતદેહ લઈ જવાની તૈયારી કરતા હતા એવામાં એક ભાડુતી વિક્ટોરીયા ત્યાં આવી ગિર્દીને લીધે ઉભી રહી. એક યુવકે ગાડીમાં બેઠે બેઠે કોચમેનને પૂછ્યું, “અહીં શું થયું છે? આટલા બધા માણસો અહીં કેમ એકઠા થયા છે?”

કોચમેને ઉત્તર આપ્યો, “સાહેબ! શું થયું છે તે હું જાણતો નથી; પરંતુ કોઈનું ખૂન થયું છે એમ સંભળાય છે.”

“ખૂન થયું છે!! ટ્રામ ગાડીમાં ખૂન! તું એક બાજુએ ગાડી ઉભી રાખ. હું હમણાંજ આવું છું.” આમ કહી એ યુવક કૂદકો મારી ગાડીમાંથી નીચે ઉતરી પડ્યો તથા લોકોની

ભીડ વટાવી ટ્રામ ગાડી નજીક ગયો; પરંતુ એ વખતે પોલિસ કોન્સ્ટેબલોએ મૃતદેહને ખાટલામાં નાખી ખાટલો ઉંચકી લીધો હતો. આમ હોવાથી યુવક મરનારનું મ્હો જોઇ શકયો નહિ. પાસે ઉભેલા એક માણસને તેણે પૂછ્યું, "શું થયું છે?"

તેણે કહ્યું, "મહાશય! એક ગૃહસ્થ માણસનું કોઇએ ટ્રામ ગાડીની અંદર ખૂન કર્યું છે. ખૂની કયારે, કેવી રીતે, ખૂન કરી નાશી ગયો એ કોઇ જાણતું નથી."

યુવક ચિંતાતુર ચિત્તે પોતાની ગાડી પાસે ચાલ્યો ગયો, તેણે પોતાના મન સાથે કહ્યું, "કેવું આશ્ચર્ય! આવા મુંબાઇ શહેરમાં આવી રીતે ખૂન થાય એ બનવા જોગ છે કે? એ માણસનો મૃતદેહ જોઇ મ્હારા જીવમાં કાંઇનું કાંઇ થાય છે. હું એનું મ્હોં જોઇ શકયો નથી; પરંતુ શરીર જોતાં એ માણસ મ્હારી ઓળખાણવાળો હોય એમ લાગે છે. એ માણસ કોણ હોવો જોઇએ તે હું નક્કી કરી શકતો નથી. આવી રીતે પારકી ચિંતા કરવાથી શો લાભ છે? મ્હારા દુર્ભાગ્યની ચિંતા મ્હારે માટે પૂરતી છે"

ગાડીમાં બેસી યુવકે કોચમેનને કહ્યું, "ભાઇ! ત્હારા ખચ્ચર જેવા ઘોડાને જરા ઝડપથી ચલાવ."

આવો ભયંકર દેખાવ જોઇ લોક આવા ભાવથી વાત કરી શકે છે એ જોઇ કોચમેને મ્હોં બગાડ્યું.



પ્રકરણ ૨ જું.

મિત્રની મુલાકાત

ગયા પ્રકરણમાં જે યુવકનો ઉલ્લેખ કર્યો છે, તે બીજે દિવસે નમતા પહોરે પોતાના ખાસ મિત્ર સુંદરલાલને ઘેર જઇ પહોંચ્યો. સુંદરલાલ ડૉકટર હોઈ પ્રિન્સેસ સ્ટ્રીટ ઉપર રહેતો હતો. યુવકનું નામ ચંદ્રકાન્ત હતું. તે એક જાગીરદારનો પુત્ર હતો. પિતાના મૃત્યુ પછી મ્હોટાભાઇ સાથે અણબનાવ થવાથી ઘરબાર છોડી પાંચ છ વર્ષથી તે મુંબાઇ રહેતો હતો. એ વખત દરમ્યાન તે કદાપિ ઘેર ગયો નહોતો. પોતાના ભાગની મિલકત લઈ તે મુંબાઇ શહેરમાં મોજ-મજાહ ઉડાવતો હતો. તેનો મ્હોટોભાઇ રજનીકાન્ત દેશમાંજ રહેતો હતો. બન્ને ભાઇ વચ્ચેનો સંબંધ સંપૂર્ણ તૂટી ગયો હતો. કોઇ કોઇની ખબર લેતો નહિ. પિતાએ બન્ને ભાઇનો વિવાહ કરેલો હોવા છતાં ભાગ્યયોગથી બન્ને ભાઇ સંતાનહીન અવસ્થામાં વિધુર થયા હતા. બન્નેમાંથી કોઇને એક પણ સંતાન નહોતું.

ચંદ્રકાન્તની ઘણી ચિંતાતુર સ્થિતિ જોઇ સુંદરલાલે પૂછ્યું, ' ચંદ્રકાન્ત ! તું આટલો બધો ચિંતાતુર કેમ બની ગયો છે ?"

ચંદ્રકાન્તે કહ્યું, "મ્હારી ચિંતાનું કારણ બીજાને કહેવાથી કાંઇ લાભ નથી."

"હું ત્હારો અંગત મિત્ર છું. મ્હારાથી તું કોઇ વાત છુપાવે એ વ્યાજબી નથી."

"મ્હારે વિશેષ કાંઇ કહેવું પડે તેમ નથી. કેવળ એટલું કહેવું બસ થશે કે, હું મ્હારૂં સર્વસ્વ ગૂમાવી બેઠો છું."

સુંદરલાલ ફાટેલી આંખે ચંદ્રકાન્તના મ્હોં તરફ જોઇ રહ્યો. તેણે કહ્યું, "તું શું કહે છે ?! ત્હારી વાત હું ખરી માની શકતો નથી."

"મ્હેં તને ખરી વાત કહી છે." આમ કહી ચંદ્રકાન્તે એક ગાઢ નિશ્વાસ મૂક્યો.

સુંદરલાલના હાથમાં એક ચોપડી હતી. ધીમેથી એ ચોપડી ટેબલ ઉપર મૂકી દઇ તેણે કહ્યું, "જે કાંઇ બન્યું હોય તે તું મ્હને સ્પષ્ટતાથી કહે; પછી શું કરવું એ વિષયનો વિચાર કરીશું."

ચંદ્રકાન્તે કહ્યું, "મ્હેં ઘણો વિચાર કરી જોયો છે. વિશેષ વિચાર કરવાથી કાંઇ લાભ નથી. આફતમાંથી બચી શકું એવો મ્હારે માટે એક પણ માર્ગ નથી."

"આવી રીતે તદ્દન નિરાશ થઇ જવું ઉચિત નથી. તું સઘળી હકીકત મ્હને કહે તો કદાચ ત્હારા બચાવનો કોઇ રસ્તો મળી પણ આવે."

સુંદરલાલ સાથે ચંદ્રકાન્તની એટલી બધી ગાઢ મૈત્રી હતી કે તે સંકોચ સિવાય સુંદરલાલના ઘરમાં જઇ શકતો હતો. સુંદરલાલના સંસારમાં તેની સ્ત્રી, માતા તથા તેની એક કુમારી સાળી સુલોચના સિવાય બીજું કોઇ નહોતું. સુલોચનાનો વિવાહ કરી નાખવાના હેતુથીજ સુંદરલાલે તેને પોતાના સંસારમાં લાવી રાખી હતી. વળી સુંદરલાલનાં સાસુ સસરો જીવતાં નહોતાં. સુલોચનાનું બીજું કોઇ નિકટનું સગું નહોતું. આમ હોવાથીજ તે સુંદરલાલના સંસારમાં ભળી ગઇ હતી. હજી સુધી સુંદરલાલ સુલોચનાને ગર્લ્સ હાઇસ્કૂલમાં ભણવા માટે મોકલતો હતો. બાળ વિવાહ તરફ તિરસ્કાર હોવાથી તથા પસંદ પડે એવું પાત્ર નહિ મળી આવવાથી સુલોચનાની ઉમ્મર પંદર વર્ષની થઇ ગયેલી હોવા છતાં સુંદરલાલે તેનો વિવાહ કર્યો નહોતો.

જે રૂમમાં બેસી સુંદરલાલ અને ચંદ્રકાન્ત વાતચિત કરતા હતા તે રૂમના એક ખુણામાં બેસી સુલોચના સીલાઇનું કાંઇ કામ કરતી હતી. સુલોચના ઉઠી ઉભી થઇ. એ જોઇ ચંદ્રકાન્તે કહ્યું, "તમે બેસો. તમારે ચાલ્યાં જવાની જરૂર નથી. મ્હારી કોઇ પણ વાત તમારાથી ગુપ્ત નથી. આજે હું છેલ્લી વખત તમારૂં દર્શન કરવા આવ્યો છું."

સુલોચનાએ આશ્ચર્ય પામી કહ્યું, "છેલ્લી વખત? આ તમે શું કહો છો? ક્યાં ચાલ્યા જવાનો તમારો વિચાર છે?"

ચંદ્રકાન્ત એકાએક કાંઇ ઉત્તર આપી શકયો નહિ. ચુપકીદીથી તે સુલોચનાના મુખ તરફ જોઇ રહ્યો. તેના ઓષ્ઠ સહજ કંપ્યા. તેણે જે વાત કહેવાનો વિચાર કરી રાખ્યો હતો તે કહેવી કે કેમ એ સંબંધીની ભાંજઘડ તેના મનમાં ચાલતી હતી. છેવટે ઘણા ધીમા અવાજે તેણે કહ્યું, "દુર્ભાગ્યયોગથી મ્હારે મ્હારાં સગાં સંબંધી તથા સ્નેહીજનોને છોડી જવાં પડે તેમ છે. એ સિવાય બીજો કોઇ ઉપાય નથી !"

સુલોચનાએ નીચું જોયું. સુંદરલાલનું કપાળ સંકુચિત થયું. તે બોલ્યો, "ચંદ્રકાન્ત ! આ તું શું બકે છે ?"

ચંદ્રકાન્તે કહ્યું, "હું બકતો નથી; પરંતુ જે વાત ખરી છે તે કહું છું. તમારો સહુનો ત્યાગ કરી જવા સિવાય મ્હારે માટે બીજો માર્ગ નથી."

"માર્ગ નથી એમ શા માટે કહે છે ?" સુંદરલાલે સાશંક દૃષ્ટિથી પૂછ્યું.

"હું મ્હારૂં સર્વસ્વ ગુમાવી બેઠો છું તેથીજ એમ કહું છું."

"ત્હારી પાસેની મિલકત ખલાસ થઇ ગઇ હોય તો તેથી ત્હારે નિરાશ બની જવું જોઇએ નહિ. અમીર માણસો ફકીર થયા પછી પાછા અમીર બન્યાના દુનિયામાં ઘણા દાખલાઓ છે."

"મ્હારે માટે એ અસંભવ છે."

બન્ને જણા થોડા સમય સુધી ચુપ રહ્યા. સુલોચના વચ્ચે વચ્ચે છુપી રીતે બંન્નેના મુખ તરફ જોતી હતી.

થોડા સમય પછી સુંદરલાલે કહ્યું, "જો તું બધી હકીકત વિસ્તારથી કહે તો હું કાંઇ સમજી શકું."

ચંદ્રકાન્ત બોલ્યો, "ભાઇ હું તને શું કહું ? મુંબાઇ શહેરમાં મોજ–મજાહ ભોગવવા જતાં પુષ્કળ પૈસા ખરચાઇ જાઇ એ તું જાણે છે. મ્હારી સઘળી મિલકત દેવામાં દબાઇ ગઇ છે. મ્હારા લેણદારો અસંખ્ય છે. એ બધી રકમ હું ચુકવી શકું એવો ઉપાય નથી. મ્હને લાગે છે કે, લેણદારો વિના વિલંબે

મ્હારી મિલકત વેચી નાખશે તથા મ્હારે રસ્તોના ભીખારી થવું પડશે. જે માણસ રાજાના જેવા વિલાસ વિભવમાં રહેલ હોય તે કેવી રીતે ભીખારીના જેવી હાલતમાં રહી શકે ? હવે તું શું કહે છે ?"

આ વાતનો સુંદરલાલ શો ઉત્તર આપે ? થોડા સમય સુધી પોતાના મન સાથે વિચાર કર્યા પછી તેણે પુછ્યું, "કેટલી રકમનું દેવું છે ? હું મ્હારી પાસે જે કાંઇ છે તે આપી ત્હારી દૂર કરી શકું તેમ છું ?"

ચંદ્રકાન્તે વિષાદમિશ્રિત હાસ્ય કરી કહ્યું, "સુંદરલાલ ! તું મ્હારો જીવજાન દોસ્ત છે એ હું જાણું છું; છતાં ત્હારા જેવા દશ મિત્રો સર્વસ્વ અર્પણ કરે તો પણ મ્હારૂં દેવું ભરપાઈ થાય તેમ નથી."

અત્યાર સુધી સુલોચના ચુપ હતી આ વખતે મૃદુસ્વરે તેણે કહ્યું, "લેણદારોને સમજાવવામાં આવે તો તેઓ ધીરજ રાખી શકે. તમારે પ્રથમ તેમને સમજાવવા જોઇએ."

ચંદ્રકાન્ત બોલ્યો, "નાના, એવી આશા રાખવી વૃથા છે. હું કોઇ પણ રીતે મુંબાઇમાં રહી શકું તેમ નથી."

સંદેહયુક્ત દૃષ્ટિથી સુંદરલાલે ચંદ્રકાન્તના મુખ તરફ જોઇ રહી કહ્યું, "ત્યારે દેવા સિવાય બીજું પણ કોઇ કારણ હોવું જોઇએ."

"ખરી વાત છે. જો હું બનતી ઉતાવળે અહીંથી નાશી નહિ છુટું તો મ્હારે કેદી થવું પડશે."

"ત્હેં એવો શો ગુન્હો કર્યો છે કે ત્હારે કેદી થવું પડે ?"

"એ સઘળી વાત હમણાં હું કહી શકું તેમ નથી. હું એક મિનીટ માટે પણ સહિસલામત નથી. તમારા સહુના ઉપર મ્હને વિશ્વાસ છે. તમારી પાસે કોઇ વાત મ્હેં છુપાવી નથી. ઘણી મુશ્કેલી આવી પડવાથી મ્હેં ભાઇનું બનાવટી નામ વાપરી દશ હજાર રૂપિયા લીધા છે."

સુંદરલાલ બોલી ઉઠયો, "એ ત્હેં ઘણું ખોટું કામ કર્યું છે."

ચંદ્રકાન્તે કહ્યું, "હવે તું સમજી શકયો હોઈશ કે કોઈ પણ પ્રકારે હું મુંબાઈમાં રહી શકું તેમ નથી. મ્હારી છુચ્ચાઈ જલ્દી પકડાય તેમ છે; પ્રત્યેક ક્ષણે કેદ પકડવાનો ભય મ્હારા મનમાં રહે છે. મ્હારે જેમ બને તેમ ઝડપથી નાશી છુટવું જોઈએ."

આમ કહી ચિંતાતુર ભાવથી ચંદ્રકાન્ત બારી તરફ જોઈ રહ્યો. સુંદરલાલે થોડા સમય સુધી ચુપ રહ્યા પછી કહ્યું, "મ્હારી પાસે જે રકમ છે તે હું તને ઉછીની આપવા તૈયાર છું."

ચંદ્રકાન્ત બોલી ઉઠયો, "ના, હું ત્હારી પાસેથી એક પૈસો પણ નહિ લઉં. ઉછીની રકમ પાછી ભરવાની મ્હારામાં શક્તિ નથી; છતાં તું મ્હારો અંગત મિત્ર હોવાથી આફતના વખતે મ્હારો ત્યાગ નહિ કરે એવી મ્હારી ખાત્રી છે."

આટલું બોલતાંમાં ચંદ્રકાન્તની બન્ને આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. મહાકષ્ટે તેણે આત્મસંવરણ કર્યું. સુંદરલાલની આંખોમાં પણ અશ્રુજળ ભરાઈ આવ્યું; તે કાંઈ બોલી શકયો નહિ.

સુલોચના આત્મસંવરણ કરી શકી નહિ. તેનાં બન્ને સુંદર નયન યુગલમાંથી ગુલાબી ગાલ ઉપર અશ્રુધારા વહેવા લાગી.

ચંદ્રકાન્ત ઉઠી ઉભો થયો. તેણે સુલોચના નજીક જઈ કહ્યું, "તમે આવી રીતે વિલાપ ન કરો. ભાગ્યના લેખ કોણ ફેરવી શકે છે? હવે હું મ્હારા દુઃખની હકીકત કહી તમને દુઃખી કરીશ નહિ."



પ્રકરણ ૩ જું.

——:o:——

અણી ચુકયો સો વર્ષ જીવે

ચંદ્રકાન્ત પોતાને ઘેર પાછો ફર્યો. તેનું સુંદર ગૃહ હરેક રીતે સુસજ્જિત હતું; કેવળ ન હોતું દ્રવ્ય, દ્રવ્યને બદલે દેવાનો ડુંગર નજર આગળ તરવરતો હતો! લેણદારોના ત્રાસથી ચંદ્રકાન્ત કંટાળી ગયો હતો. લેણદારો વારંવાર તેનું અપમાન કરી તેને કેદમાં બેસાડવાનો ભય સુધ્ધાં દર્શાવતા હતા.

બ્હારનો ભભકો હજી સુધી કાયમ હતો; પરંતુ અંદરનું તળીયું ખાલી થઇ ગયું હતું. ચિંતાતુર ભાવથી ચંદ્રકાન્તે એક વખત બેઠકખાનામાં નજર ફેરવી; પછી તે ચુપકીદી ધારણ કરી બેસી રહ્યો. એકાએક દ્દષ્ટિ કરતાં તે પત્થરનું જડ પુતળું બની ગયો હોય એમ લાગવાનો સંભવ હતો. એના પ્રાણમાં જે વેદના થતી હતી તેનું વર્ણન નિર્જીવ શબ્દોદ્વારા થઇ શકે તેમ નથી.

ઉંઘમાંથી જાગી ઉઠયો હોય એવા ભાવથી ચમકી ઉઠીને તેણે ચોતરફ નજર કરી; પછી ઉઠી તે એ બેઠકખાનામાં આંટા મારવા લાગ્યો. પછી તેણે પોતાના પિતાના વખતના જુના નોકર મહાદેવને બોલાવ્યો. હાંક સાંભળી મહાદેવ દોડી આવ્યો. તેની ઉમ્મર સાઠ વર્ષ પૂરાં કરી આગળ વધી હતી. તેના સઘળા વાળ સફેદ થઇ ગયા હતા. ચંદ્રકાન્તને તેની શૈશવાવસ્થામાં મહાદેવે પોતાના ખોળામાં બેસાડી રમાડયો હતો. આવી વૃધ્ધ ઉમ્મર થવા છતાં હજી સૂધી તે એકનિષ્ઠાથી ચંદ્રકાન્તની સેવા કરતો હતો.

મહાદેવે બેઠકખાનામાં પ્રવેશ કરી પૂછ્યું, "ભાઈ! મ્હને કેમ બોલાવ્યો છે?"

ચંદ્રકાન્તે કહ્યું, "કોઇ અહિં આવ્યું હતું કે?"

"ના, કોઇ આવ્યું ન હોતું."

"બારણું બંધ કરી આવી અહિં બેસો. મ્હારે તમારી

સાથે કેટલીક મહત્વની વાતચિત કરવાની છે."

મહાદેવે વિસ્મિત ભાવથી માલિકના મુખ તરફ જોયું. પછી તેણે જઈ ચુપકીદીથી બારણાં બંધ કર્યાં પાછો તે ચંદ્રકાન્ત નજીક આવી ઉભો રહ્યો. ચંદ્રકાન્તની આજના જેવી સ્થિતિ પૂર્વે તેણે કદાપી જોઈ નહોતી.

ચંદ્રકાન્તે કહ્યું, "બેસો, મ્હારે તમારી સાથે અગત્યની વાત કરવાની છે."

આશ્ચર્ય તથા ભય પામી મહાદેવ નીચે બેઠો. પછી તે ચુપકીદીથી ચંદ્રકાન્તના મ્હોં તરફ જોઈ રહ્યો.

ચંદ્રકાન્તે કહ્યું, "આટલા લાંબા વખત પછી આપણે બંનેને છૂટા પડવાનો વખત આવ્યો છે."

વૃધ્ધે કંપતા કંઠે કહ્યું, "ભાઈ! આ તમે શું કહો છો? મ્હેં કોઈ ખોટું કામ કર્યું છે કે? હું ઘરડો થયો છું; મ્હારો શો દોષ—"

ચંદ્રકાન્તનો સ્વર પણ કંપી ઉઠયો. અતિ કષ્ટે તેણે કહ્યું, "ના ના–ના ના, તમારો કાંઈ દોષ નથી. ન્હાનપણથી તમે મ્હારું લાલન પાલન કર્યું છે. મહાદેવ કાકા! દોષ મ્હારોજ છે. મ્હારી સઘળી મિલકત ફના થઈ ગઈ છે."

મહાદેવે દુઃખિત મુખમુદ્રાથી કહ્યું, "તમે શું કહો છો?"

ચંદ્રકાન્તે કહ્યું, "એજ કે, મ્હારી સઘળી મિલકત દેવાના ડુંગર નીચે દબાઈ ગઈ છે. મ્હારે માથે પુષ્કળ દેવું થઈ ગયું છે. એ દેવું ચુકવી શકું એવી મ્હારી સ્થિતિ નથી. હું અહીંથી ચાલ્યો નહિ જાઉં તો લેણદારો મ્હારું જે કાંઈ છે તે વેચી નાખશે તથા છેવટે તેઓ મ્હને જેલમાં બેસાડશે."

"ભાઈ! આ હું શું સાંભળું છું?!"

વૃધ્ધનું ગળું રૂંધાઈ ગયું હતું. તેની બંને આંખોમાંથી અશ્રુજળ વહેવા લાગ્યું. અવરૂધ્ધ કંઠે તેણે કહ્યું, "ભાઈ! પચાસ વર્ષથી હું તમારા સંસારમાં રહેલો છું. તમે મ્હને હવે હાંકી ન કાઢો."

"કાકા! હું તમને હાંકી કાઢતો નથી. ના છુટકે મ્હારે-

અહીંથી નાશી જવું પડે છે.” દુઃખિત કંઠે ચંદ્રકાન્તે કહ્યું.

“કૃપા કરી તમે મ્હને તમારી સાથે લઇ જાઓ.” મહાદેવે કરૂણાપૂર્ણ કંઠે કહ્યું.

“ના, એમ થઇ શકે તેમ નથી. હું ક્યાં જઇશ તે નક્કી નથી. મ્હારી મુશ્કેલીઓનો પાર નથી. તમે આ પચાસ રૂપિયા લ્યો તથા આવતી કાલેજ દેશમાં વિદાય થઇ જાઓ.”

સજળ નયને મહાદેવે કહ્યું, “ના–ના, મ્હને પૈસાની જરૂર નથી. આ પચાસ રૂપિયાની રકમ આવા મુશ્કેલીના વખતમાં તમને ઘણી ઉપયોગી થઈ પડશે. મ્હેં તમારા સંસારમાં રહી ઘણું મેળવ્યું છે.”

ચંદ્રકાન્તે બીજી દિશા તરફ મુખ ફેરવ્યું. પછી મહાદેવના મુખ તરફ જોઇ મૃદુસ્વરે તેણે કહ્યું, “કાકા! હવે તમે જાઓ. હજી મ્હારે ઘણું કામ કરવાનું છે. હું બોલાવું એટલે પાછા આવજો.”

મહાદેવ અશ્રુજળ લુંછતો લુંછતો બેઠકખાનાની બ્હાર ચાલ્યો ગયો. ચંદ્રકાન્તે એક ગાઢ નિશ્વાસ મૂકયો. એ નિશ્વાસની સાથે સાથે તેના પ્રાણ હૃદયને વિદીર્ણ કરી બ્હાર નીકળી જવાનો પ્રયત્ન કરતો હોય એવી વેદના તે અનુભવવા લાગ્યો. સ્થિર ભાવથી ઘણા વખત સુધી તે એ સ્થળે બેસી રહ્યો. ધીમે ધીમે સંધ્યાના અંધકારનો એ બેઠકખાનામાં વિસ્તાર થતો હતો. બ્હાર શું થતું હતું તે તરફ ચંદ્રકાન્તનું બિલકુલ લક્ષ્ય નહોતું; તેનું આત્મજ્ઞાન લુપ્ત થઇ ગયું હતું.

એકાએક કાંઇ વિચાર આવતાં તે ઉઠી ઉભો થયો. ઓષ્ઠ સાથે દાંત પીસી તે બોલ્યો, “મરણને શરણ થઇ હું શા માટે આ સળગતી જ્વાળાનો અંત લાવતો નથી?”

પછી ગાંડા માણસની માફક તે બેઠકખાનામાં ફરવા લાગ્યો. વળી પાછો તે કહેવા લાગ્યો, “હું જીવતો રહું એથી શો લાભ છે? અપમાન તથા તિરસ્કાર વેઠી કેદખાનામાં જીવવા કરતાં મરણને શરણ થવું એ હજાર દરજ્જે ઉત્તમ છે. મૃત્યુ એકજ ક્ષણમાં સઘળાં દુઃખનો અંત લાવે તેમ છે! હું બીક–નામર્દ

છું તેથીજ મૃત્યુથી ડરૂં છું. લોકો એમ કહે કે, લેણદારોને છેતરવા હું નાશી છુટયો છું એ મ્હારાથી સહન થઈ શકે તેમ નથી."

ધીમે પગલે આગળ વધી ચંદ્રકાન્તે બેઠકખાનાનાં બારણાં બંધ કર્યાં. તેના મુખ ઉપરનું લાલિત્ય અદૃશ્ય થઈ ગયું હતું. મુખ ઉપર એક પ્રકારનો કઠોર ભાવ છવાઈ ગયો હતો. એની આંખો સ્થિર તથા દૃષ્ટિ ભયંકર હતી.

નજીક પડેલા ટેબલ ઉપરથી એક ગ્લાસ લઈ આલમારી-માંથી એક શીશી કાઢી શીશીમાંનું કાતીલ ઝેર ચંદ્રકાન્તે ગ્લાસમાં રેડયું. પછી ગ્લાસ હાથમાં લઈ મંત્રમુગ્ધની માફક થોડા સમય સુધી તે ગ્લાસ તરફ જોઈ રહ્યો. તેનો હાથ ધીમે ધીમે કંપતો હતો.

ફરીથી એક વખત તેણે બેઠકખાનામાં નજર ફેરવી. પછી પોતાના મન સાથે તેણે કહ્યું, "હું મ્હારા લેણદારોના લાભાર્થે આ અમૃત પીઉં છું."

આમ કહી ચંદ્રકાન્ત ગ્લાસ મ્હોં પાસે લઈ જતો હતો એવામાં મહાદેવે બેઠકખાનાનાં બારણાં ખખડાવી કહ્યું, "ભાઈ! એક જરૂરી કાગળ આવ્યો છે."

ચંદ્રકાન્તે ભયભીત તથા લજ્જિત બની ગ્લાસ આલમારીમાં છુપાવી દીધો. આત્મહત્યા કરતાં પણ તે શરમાતો હતો! ચોરની માફક ભયસહિત ગ્લાસ છુપાવી તેણે બારણાં ઉઘાડયાં. મહાદેવે તેના હાથમાં એક પત્ર આપ્યો. ઝડપથી ચંદ્રકાન્ત એ પત્ર ખોલી વાંચવા લાગ્યો.

હમમ સ્ટ્રીટ, કોટ મુંબાઈ
તા૦ ૧૪-૩-૧૯૦૫

સાહેબ!

આપ જાણો છો કે, અમે આપના પિતાના વકીલ હતા. ઘણા વખતથી આપનું કામકાજ અમેજ કરીએ છીએ. એક મહત્વનો બનાવ બનવાથી બનતી ઉતાવળે અમે આપને મળવા પુછીએ છીએ. આવતી કાલે બાર વાગ્યે આપ અમારી ઑફીસે

પધારવાની કૃપા અવશ્ય કરજો. ખાસ જરૂરી કામ હોવાથી તકલીફ આપવી પડી છે.

લિ૦

આપના નમ્ર સેવકો

દેશાઇ ઍન્ડ પંડયા

વકીલ

ચંદ્રકાન્તે એ પત્ર વારંવાર વાંચી જોયો; છતાં શા હેતુથી વકીલની ફર્મે તેને બોલાવ્યો હતો એ તે કલ્પી શક્યો નહિ. તેણે ફરીથી એક વખત પત્ર વાંચી આલમારીની અંદર બીજા પત્રો સાથે મૂકી દીધો.

મહાદેવ બત્તી લઇ આવવા ગયો હતો. ચંદ્રકાન્ત બેઠકનામાં આંટા મારવા લાગ્યો. મહાદેવ બત્તી મૂકી ગયો તે તરફ ચંદ્રકાન્તનું લક્ષ્ય આકર્ષાયું નહિ. એકાએક તેણે આલમારી નજીક જઇ આલમારી ઉઘાડી. પછી પેલો ગ્લાસ લઇ જોરથી બારીમાંથી તેણે બહાર ફેંકી દીધો. ગ્લાસના અસંખ્ય કડકા થઇ ગયા.

આજે આવેલા પત્રેજ ચંદ્રકાન્તના પ્રાણનું રક્ષણ કર્યું–એ પત્રેજ તેને મૃત્યુમુખ પાસેથી પાછો ખેંચી આણ્યો. વકીલની ફર્મમાં બીજે દિવસે નિયત સમયે જવાનો પોતાના મન સાથે તેણે નિશ્ચય કર્યો.



પ્રકરણ ૪ થું.

—:૦:—

ખૂનનો સંદેહ.

બીજે દિવસે મધ્યાન્હકાળે ચંદ્રકાન્ત દેશાઇ એન્ડ પંડ્યા વકીલોની ઑફિસે ગયો. દેશાઇ વકીલ પોતાની ઑફીસમાં બેસી પુષ્કળ કાગળ પત્રો તપાસતા હતા તથા વચ્ચે વચ્ચે ભુરી પેન્સિલથી કાંઇ નોંધ કરી લેતા હતા. એવામાં એક કલાર્કે તેમની પાસે આવી કહ્યું, "ચદ્રકાન્ત નામના ગૃહસ્થ આવ્યા છે."

દેશાઇ વકીલે કહ્યું, "તેમને અહીં લઇ આવો."

કલાર્ક ચાલ્યો ગયો એટલે વકીલે ઝડપથી સ્હામે પડેલા કાગળો ટેબલના ખાનામાં મૂકી ખાતું બંધ કરી દીધું.

ચંદ્રકાન્તે દેશાઇ વકીલની ઑફિસમાં પ્રવેશ કર્યો. તેણે સુંદર કપડાં પહેર્યાં હતાં, હાથમાં લાકડી હતી, મ્હોં પ્રફુલ્લિત હતું. હમણાંના તેના હાવભાવ ઉપરથી ગઇ કાલે એ આત્મહત્યા કરવા તૈયાર થયે હશે એવી કલ્પના સુધ્ધાં કોઇના મનમાં ઉપજવાનો સંભવ નહોતો!

ચંદ્રકાન્તે ઑફિસ રૂમમાં પ્રવેશ કરી કહ્યું, "વકીલ સાહેબ! શા હેતુથી આપે મ્હને બોલાવ્યો છે? હાલમાં મ્હારા લેણદારોની સંખ્યા પુષ્કળ છે. જો એ લોકોમાંથી કોઇએ પોતાની લેણી રકમ મ્હારી પાસેથી વસુલ કરવાનું કામ આપને સોંપ્યું હોય તો હું પ્રથમથીજ કહી દઉં છું કે, એક પણ પૈસો આપવા જેવી મ્હારી સ્થિતિ નથી."

સન્માન દર્શાવી ચંદ્રકાન્તને આસન ઉપર બેસાડી મૃદુહાસ્ય કરી દેશાઇ વકીલે કહ્યું, "ચંદ્રકાન્તભાઇ! મ્હારે તમને લેણદાર સંબંધીની વાત કહેવાની નથી."

ચંદ્રકાન્તે કહ્યું, "લેણદારોની ત્રાસમાંથી છુટી શકાય એવો કોઇ માર્ગ હોય તો બતાવો."

"હવે તમારે દેવા સંબંધીની ચિંતા કરવાની જરૂર નથી." દેશાઇ વકીલે ગંભીર ભાવથી કહ્યું.

ચંદ્રકાન્ત અત્યંત આશ્ચર્ય પામી વકીલના મ્હોં તરફ જોઇ રહ્યો. પછી તેણે કહ્યું, "આપ શું કહો છો એ હું સમજી શકતો નથી. મ્હારે લેણદારોને તેમની લેણી રકમો ચુકવવી જોઇએ અગર તો જીવથી હાથ ધોઇ નાખવા જોઇએ!"

વકીલે હસીને કહ્યું, હવે તમે ઘણી સહેલાઇથી તમારૂં કરજ અદા કરી શકશો. આજે મ્હેં તમને એક જરૂરી વાત કહેવા બોલાવ્યા છે."

"એ વાત કેવી છે? સારી કે ખોટી?"

"સારી છે તેમ ખોટી પણ છે."

"મ્હને આવી રીતે ગુંચવાડામાં નહિ રાખતાં જે કહેવું હોય તે કહી નાખો.'

"પહેલાં હું તમને સારી વાત કહું છું. તમે તમારા પિતાની મિલકતના વારસ થયા છો. હવે ખોટી ખબર જણાવતાં મ્હારે કહેવું જોઇએ કે, તમારા ભાઇ રજનીકાન્તનું મૃત્યુ થયું છે."

ચંદ્રકાન્ત આભો બની આસન ઉપરથી ઉઠી ઉભો થઇ ફાટી આંખે વકીલના મુખ તરફ જોઇ બોલ્યો, "આપ આ શું કહો છે? મ્હારા ભાઇનું મૃત્યુ થયું છે!"

"હા. આમ હોવાથીજ હવે તમારે તમારા લેણદારોનો ભય રાખવાની જરૂર નથી."

"મ્હારા ભાઇનું મૃત્યુ થયાની ખબર આપ કેવી રીતે જાણી શકયા?"

"આ પોલિસ રીપોર્ટ જુઓ."

"પોલિસ રીપોર્ટ!" આશ્ચર્ય વધી જવાથી ચંદ્રકાન્ત બોલી ઉઠયો.

"હા, એમનું ખૂન થયું છે."

"ખૂન થયું છે! આપ આ કેવી ભયંકર વાત કહો છો?"

"હું ખરી વાત કરૂં છું. પરમ દિવસે રાત્રે તેમનું શબ વિકટોરીઆ ગાર્ડન આગળ ટ્રામમાંથી મળી આવ્યું હતું."

"ટ્રામમાંથી! કેવું ભયંકર! ત્યારે તો મ્હેં મ્હારા ભાઇના

શબને જોયું હતું. મ્હારા ભાઇ સાથે મ્હારી બોલચાલ નહિ હોવા છતાં તેમના અકાળ મૃત્યુની વાત સાંભળી હું ઘણો દુઃખી થયો છું. લોહીના સંબંધની માયા કોઇથી છુટી શકે છે કે ?"

"નહિજ."

"ભાઇ દક્ષિણમાં રહેતા હતા. તેઓ મુંબાઇમાં ક્યારે આવ્યા હશે ? કદાચ પોલિસની ભૂલ થઇ હશે."

"ના, એમના ખીસ્સામાંથી એમના નામનું કાર્ડ તથા કાગળ પત્રો મળી આવ્યા છે. વળી એમના માણસોએજ શબનો કબ્જો પોલિસ પાસેથી લીધો છે. હવે તમે તમારા ભાઇ રજની-કાન્તનું મ્હોં જોઇ શકો તેમ નથી."

"આવી રીતે કોણે મ્હારા ભાઇનું ખુન કર્યું ?"

"એ વિષયની પોલિસ તપાસ ચલાવે છે. હમણાં તો એ ખુનનો ભેદ કોઇથી ઉકેલી શકતો નથી. હજી સુધી પોલિસ પણ ખૂનીનો કાંઇ પત્તો મેળવી શકી નથી."

"અફસોસ." ચંદ્રકાન્તથી બોલી જવાયું.

"હવે ચિંતા કરવી વૃથા છે. હવે તમેજ જાગીરદાર થયા છો. લેણદારોનો જે ભય તમારા મનમાં હતો તે દૂર થઇ ગયો છે. જો રજા આપતા હો તો કાયદા પ્રમાણે જે કાંઇ કરવાની જરુર છે એ સઘળું અમે કરીએ"

ચંદ્રકાન્તે ચિંતાતુર ચિત્તે કહ્યું, "ખરું છે, આપ અમારા વકીલ છો; જે કાંઇ કરવાની જરુર હોય એ સઘળું આપ બેસાશક કરો. ભાઇની સાથે મ્હારો વિશેષ સંબંધ નહોતો, છ સાત વર્ષથી અમે એક બીજાને મળ્યા નહોતા; છતાં એમનું આવી રીતે ખૂન થવાથી મ્હને ઘણું લાગી આવે છે. કોણે એમનું ખૂન કર્યું હશે !

આ વખતેજ પાછળથી કોઇ બોલી ઉઠ્યું, "તમારા આ પ્રશ્નનો ખરો ઉત્તર તમેજ આપી શકો તેમ છો."

દેસાઇ વકીલ તથા ચંદ્રકાન્તે ચમકીને પાછળ જોયું તો એક પ્રૌઢ પુરૂષ તેમની નજરે પડ્યો. એ પુરૂષને જોઇ દેસાઇ વકીલ બોલી ઉઠ્યા, "આવો ખાનસાહેબ !"

એ પુરૂષ આવીને આસન ઉપર બેઠા એટલે વકીલે ચંદ્રકાન્તને કહ્યું, ખાનસાહેબને તમે ઓળખતા હો એમ લાગતું નથી. એ મુંબાઇ શહેરના જાણીતા પોલિસ ઇન્સ્પેક્ટર છે. તમારા ભાઇના ખૂનની તપાસ તેઓ જ કરે છે; એમના પંઝામાંથી ગુન્હેગાર છટકી શકે તેમ નથી.

ખાનસાહેબનો આકાર પ્રકાર મુસલમાન જેવો દેખાતો નહોતો. તેમના મુખ ઉપર દાઢી મુછો ન હોતી, શરીર ઠીંગણું હોઇ સશક્ત દેખાતું હતું. એમની આંખોમાંથી એક પ્રકારનું દૈવી તેજ નીકળતું હતું. કોઇ પણ ગુન્હેગાર તેમની આંખો તરફ જોવાની હિમ્મત કરી શકે એવો સંભવ ન હોતો.

ખાનસાહેબે ખુરસી ઉપર બેઠા પછી કહ્યું, "ચંદ્રકાન્ત ભાઇ! બેસો મ્હારે તમારી સાથે જે વાત કરવાની છે તે તમારા વકીલ સાહેબની હાજરીમાં કરવાનું ઉત્તમ વિચારી તમારી સાથે સાથે હું અહીં સૂધી આવ્યો છું; નહિ તો રસ્તામાંજ મ્હેં તમને વાત કરી હોત."

ચંદ્રકાન્તે વિસ્મિત ભાવથી કહ્યું, "મ્હારી સાથે આપને શી વાત કરવી છે?"

ખાનસાહેબ ગંભીર ભાવથી બોલ્યા, "સઘળી વાત ખુલ્લા દિલથી કરવામાં આવે એજ ઉત્તમ છે."

"ખરી વાત છે." ચંદ્રકાન્તે ટૂંક ઉત્તર આપ્યો.

"તમારા ભાઇ રજનીકાન્તનું ખૂન થયું છે એ બદલ હવે તમારા મનમાં પણ કાંઇ સંદેહ નથી, ખરૂં?"

"મ્હેં એમનો મૃતદેહ જોયો નથી; છતાં જે કાંઇ સાંભળ્યું છે એ ઉપરથી ખૂન થયું હોય એમજ લાગે છે"

"ઠીક, હવે તમારી વિરૂધ્ધ જે પ્રમાણ મળી આવ્યાં છે તે મ્હારે તમને કહેવાં જોઇએ."

"મ્હારી વિરૂધ્ધ!"

"હા,-તમારી વિરૂધ્ધ."

"શું મ્હેં ખૂન કર્યું છે?"

"અધીરા ન બની જાઓ. હું એક મિત્ર તરીકે તમને

ચેતાવું છું કે, હમણાં તમે જે કાંઈ કહેશો એ સઘળું તમારી વિરૂધ્ધ થઇ પડશે. હું બની શકે ત્યાં સુધી ખોટી રીતે કોઇને હયરાન કરતો નથી. વકીલ સાહેબ મ્હને બહુ સારી રીતે ઓળખે છે."

ચંદ્રકાન્ત કાંઇ કહે તે પહેલાં દેસાઇ વકીલે કહ્યું, ચંદ્રકાન્ત ભાઇ ! હું પણ તમને સલાહ આપું છું કે, હમણાં તમે કાંઇ બોલશો નહિ. કેવળ ખાનસાહેબ જે હકીકત કહે તે સાંભળી લ્યો."

ચંદ્રકાન્તે વિષણ્ણ ભાવથી ખાનસાહેબના મુખ તરફ જોયું. ખાનસાહેબે કહ્યું, "તમેજ તમારા ભાઇનું ખુન કર્યું છે એમ ભાર દઇને હું કહી શકતો નથી. કેવળ જે પુરાવા મળી આવ્યા છે તે ઉપરથી તમારે માટે પોલિસના મનમાં સંદેહ ઉપજ્યો છે."

દેસાઇ વકીલે કહ્યું, "ખાનસાહેબ ! આપ વિચક્ષણ માણસ છો. આપ ચંદ્રકાન્ત ભાઇને કાંઇ હકીકત પૂછવા માટેજ અહીં સુધી આવ્યા છો એ હું સ્પષ્ટ સમજી શકું છું."

ખાનસાહેબે મૃદુ હાસ્ય કરી કહ્યું, "આપ દૂર દર્શી વકીલ છો એ હું જાણું છું."

દેસાઇ વકીલ બોલ્યા, "આવી નકામી વાતમાં વખત ગુમાવવાની જરૂર નથી; આપ શું કહેવા માગો છો ?"

ખાનસાહેબે ખુરસી ઉપર ટટાર બેસી ખીસ્સામાંથી નોટબૂક બ્હાર કાઢી. પછી ધીમે ધીમે એ નોટબુકનાં પૃષ્ઠ ઉલટાવતાં ઉલટાવતાં તેમણે કહ્યું, "એવી બાતમી મળી છે કે, ચંદ્રકાન્ત છેલ્લાં છ સાત વર્ષથી તેમના ભાઇને બિલકુલ મળ્યા નહોતા. આ વાત ખરી છે ?"

ગર્વસહિત ચંદ્રકાન્ત બોલી ઉઠયો, "હું જ્યારે નિર્દોષી છું ત્યારે પછી ખરી હકીકત શા માટે ન કહું ? સાંસારિક વિષયને લીધે અમે બન્ને ભાઈનાં મન એક બીજા ઉપરથી ઉઠી ગયાં હતાં અને તેથીજ પાંચ છ વર્ષથી અમે એક બીજાને મળ્યા નહોતા."

ખાનસાહેબે ગંભીર ભાવથી કહ્યું, "ઠીક, પછી એવી બાતમી મળી છે કે, તમે મોજશોખમાં તમામ મિલકત ઉડાવી દઇ ઘણા દેવાદાર બની ગયા છો, તમારા લેણદારોની સંખ્યા ઘણી છે, તેમની લેણી રકમો ચુકાવી શકવાની સ્થિતિમાં તમે નથી. આ ખરી વાત છે ને ?"

દેસાઇ વકીલે વ્યાકુળ ભાવથી ચંદ્રકાન્તના મ્હોં તરફ જોયું. ચંદ્રકાન્તે નિર્ભયતાથી કહ્યું, "ખરી વાત મ્હારે શા માટે છુપાવવી જોઇએ ? થોડા વખત પૂર્વેજ મ્હેં મ્હારી દેવાદાર હાલતની વાત વકીલ સાહેબને કહી છે. તે સાથે લેણદારોની લેણી રકમો ચુકવવાની મ્હારી અશક્તિની વાત સુધ્ધાં કહી છે."

ખાનસાહેબે પોતાના હાથમાંની પેન્સિલ ધીમે ધીમે ટેબલ ઉપર ઠોકી કહ્યું, "બસ–બસ, હું પણ એમજ કહેતો હતો."

ચંદ્રકાન્ત ક્રોધે ભરાઇ કાંઇ કહેવા જતો હતો; પરંતુ દેસાઇ વકીલે સંકેત કર્યો તેથી તે ચુપ રહ્યો.

ખાનસાહેબે ઘણો ગંભીર ભાવ ધારણ કરી ધીમે ધીમે કહ્યું, "પહેલો પુરાવો બન્ને ભાઇ વચ્ચેની શત્રુતા છે; બન્નેમાંથી કોઇ કોઇનું મ્હોં પણ જોતા નહોતા; બીજો પુરાવો એ છે કે, ન્હાનો ભાઇ દેવાના ડુંગર નીચે દબાઇ ગયો છે, દેવું અદા કરવાનો તેને માટે કોઇ માર્ગ નથી. બીજી તરફથી મ્હોટાભાઇને એક પણ સંતાન નથી, એની સ્ત્રી પણ મરી ગયેલી છે. આવા સંયોગોમાં એકાએક મ્હોટાભાઇનું મૃત્યુ થતાં તેની સઘળી સંપત્તિનો માલિક ન્હાનો ભાઇ થાય, ખરૂં ને ?"

ચંદ્રકાન્ત તથા દેસાઇ કાંઇ બોલ્યા નહિ. ખાનસાહેબ તેમની બન્નેની વાત સાંભળવાની આશાથી ઘણા વખત સુધી ચુપ રહ્યા. પછી તેમણે કહ્યું, "મ્હેં જે સંયોગોનો ઉલ્લેખ કર્યો છે એ સંયોગોમાં ન્હાનો ભાઇ મ્હોટાભાઇનું ખૂન કરે એવો વિશેષ સંભવ છે; કેમકે, મિલકત મેળવ્યા સિવાય બીજી કોઇ રીતે ન્હાના ભાઇનું રક્ષણ થવાનો સંભવ નહોતો. આ વાત ખરી છે ને ?"

આ વખતે પણ ચંદ્રકાન્ત તથા દેસાઇએ કાંઇ ઉત્તર આપ્યો નહિ. ખાનસાહેબે કહ્યું, "વળી તપાસ કરતાં એમ માલુમ પડ્યું

છે કે, એ મ્હોટો ભાઇ દક્ષિણમાં રહેતો હતો; એક બનાવટી પત્ર મળવાથી તે ઝડપથી મુંબાઇ આવ્યો હતો, અહીં આવ્યા પછી પોતાના કોઇ માણસને કાંઇ ખબર નહિ આપતાં તે એક લૉજમાં ઉતર્યો હતો, ખૂનને દિવસે રાતના બાર વાગ્યાના અરસામાં તે વિક્ટોરીઆ ગાર્ડનની ટ્રામમાં જતો હતો, એ ટ્રામમાં જ કોઈ તેના હૃદયમાં છરો મારી તેનું ખૂન કરી પલાયન કરી ગયું છે—"

દેસાઇ વકીલે કહ્યું, "એ હકીકત અમે સહુએ સાંભળી છે. એ ઉપરથી ચંદ્રકાન્ત ભાઇની વિરૂધ્ધ આ ખુન સાબિત થયું છે. હું તો કેવળ એમની વિરૂધ્ધ જે પુરાવાઓ મળી આવ્યા છે તેની વાત કરૂં છું. વળી પોલિસ તપાસમાં એમ માલૂમ પડયું છે કે, ખૂન થયું તેનાથી બે દિવસ પૂર્વે ચંદ્રકાન્તે કેમ્પ કંપનીના દવાખાનામાંથી એક શીશી ક્લૉરોફોર્મ તથા એક શીશી હાઇડ્રોસાનિક એસીડ ખરીદ્યાં હતાં—"

આ વાત સાંભળી ચંદ્રકાન્તનું મ્હોં સફેદ પુણી જેવું થઇ ગયું. તેના ઓષ્ઠ ખુલ્લી રીતે કંપવા લાગ્યા. તેનો કંઠ સુકાઇ ગયો. ખુરસી ઉપરથી સફાળા ઉભા થઇ કંપતા કંઠે તેણે કહ્યું, એટલે મ્હેં જ—"

દેસાઇ વકીલે ચંદ્રકાન્તને હાથ ખેંચી તેને પાછો ખુરસી બેસાડી કહ્યું, " ભાઇ! તમારે હમણાં કાંઇ બોલવાની જરૂર નથી."

ચંદ્રકાન્તે આત્મસંવરણ કર્યું. ખાનસાહેબે અત્યંત તીક્ષ્ણ દૃષ્ટિથી એના મુખ તરફ જોયું. ચંદ્રકાન્તને ચુપ બેસી રહેલો જોઇ ખાનસાહેબે કહ્યું, "રજનીકાન્તના શબદેહ પાસેથી એક રૂમાલ મળી આવ્યો છે. એ રૂમાલમાં ક્લૉરોફોર્મ નાખી રજનીકાન્તને બેહોશ બનાવવામાં આવ્યા હતા એ માટે બિલકુલ સંદેહ નથી. હવે તમે શું ધારો છો? એ રૂમાલ કોનો હશે?"

ચંદ્રકાન્ત તથા દેસાઇ ચુપજ રહ્યા. ખાનસાહેબે ઘણા ગંભીર સ્વરે કહ્યું, " એ રૂમાલ આ ચંદ્રકાન્તભાઇનો છે!"

આ વખતે વીંછી કરડયો હોય એવા ભાવથી ચંદ્રકાન્તે ફરી ઉભા થઇ આંખો ફાડી કહ્યું, મ્હારો રૂમાલ?!"

ખાનસાહેબે કહ્યું, “હા, એ રૂમાલ ઉપર એક બાજુએ ૨૫૯૮ અક્ષરોમાં તમારું નામ છે. એ ઉપરાંત તમારા વૃદ્ધ નોકર મહાદેવે એ રૂમાલને તમારા રૂમાલ તરીકે ઓળખાવ્યો છે. તે સાથે તેણે કહ્યું છે કે, એણે ઘણા દિવસથી એ રૂમાલ તમારી પાસે જોયો નહોતો. રૂમાલ વૉશિંગ કંપનીમાં હોવાનો સંભવ હતો.

ચન્દ્રકાન્ત અંતરના ઊંડાણમાંથી એક ગાઢ નિશ્વાસ મૂકી પાછો ખુરસી ઉપર બેસી ગયો.

દેસાઇ વકીલે કહ્યું, “ એ ખરી વાત છે. ખુનીએ કોઈપણ રીતે વૉશિંગ કંપનીમાંથી એ રૂમાલ મેળવ્યો હશે. ”

ખાનસાહેબે મૃદુહાસ્ય કરી કહ્યું, “વળી રજનીકાન્તનો મૃતદેહ જ્યારે ટ્રામ ગાડીમાં જોવામાં આવ્યો ત્યારે ચંદ્રકાન્ત ત્યાં હાજર હતા, એવો પુરાવો મળી આવ્યો છે. એક કોચમેન કહે છે કે, એ રાત્રે કૉર્નર ગ્રાન્ટરોડ આગળથી તેણે ચંદ્રકાન્તને ગાડીમાં બેસાડયા હતા. ચંદ્રકાન્ત વિકટોરીઆમાં બેસી વિકટોરીઆ ગાર્ડન સુધી ગયા હતા. પછી ત્યાં કોઇનું ખુન થયાની વાત સાંભળી ગાડીમાંથી ઉતરી પડી તેઓ શબદેહ જોવા ગયા હતા. પાછા આવી ગાડીમાં બેસી તેઓ પોતાને ઘેર પાછા ફર્યા હતા. આ ખરી વાત છે ને ?”

ખરી હકીકતની વિરૂધ્ધ ચંદ્રકાન્ત શું કહી શકે ? વળી વાત કહેવાની તેની શક્તિ ગૂમ થઇ ગઇ હતી. તે ચુપકીદી ધારણ કરી બેસી રહ્યો.

ખાનસાહેબે દેશાઇ વકીલ તરફ જોઇ કહ્યું, “જે કાંઇ કહેવાનું હતું તે હું કહી ચુકયો છું. ચંદ્રકાન્તને નાણાં મેળવવાની ઘણી જરૂર હતી. મ્હોટાભાઇનું મૃત્યુ થતાં ગંજાવર રકમ તેમને મળે તેમ હતી; એ ઉપરાંત કલૉરોફોર્મ ખરીદવું, એ કલૉરોફોર્મવાળો રૂમાલ શબદેહ પાસેથી મળી આવવો, મધ્યરાત્રિના અરસામાં ખુનની તપાસ ચાલતી હતી ત્યાં હાજર રહેવું એ ઉપરથી પોલિસના મનમાં ચંદ્રકાન્ત માટે સંદેહ ન ઉપજે કે ?”

દેશાઇ વકીલે ગંભીર ભાવથી કહ્યું, “પરંતુ એથી કેમ

નથી સાબિત થતું કે, ચંદ્રકાન્તે તેમના વડિલ ભાઇનું ખૂન કર્યું છે. એમને નાણાંની જરૂર હતી એ વાત ખરી છે; પરંતુ એમણેજ બનાવટી પત્ર લખી ભાઇને મુંબઇમાં તેડાવ્યા હતા એ વાતનો કાંઈ પુરાવો નથી. વળી પોતાના ભાઇનું મુંબઇમાં આગમન થવાની તેમને ખબર હતી એ વાતનો પણ કાંઈ પુરાવો નથી. કલૉરોફૉર્મ બીજા કોઇ કારણથી તેઓ ખરીદી શકે તેમ છે, તેમનો રૂમાલ વૉશિંગ કંપનીમાંથી ચોરાઈ શકે તેમ છે. વળી મોજીલો માણસ રાતના વખતે વિકટોરીઆ ગાર્ડન સૂધી ફરવા જાય એમાં કાંઇ નવાઈ જેવું નથી."

ખાનસાહેબે મૃદુ હાસ્ય કરી કહ્યું, "એ બધું બનવાજોગ છે; હું એમ ક્યાં કહું છું કે, ચંદ્રકાન્તજ ખૂની છે?"

અત્યાર સૂધી ચંદ્રકાન્ત ચુપકીથી બેસી રહી હૃદયની સાથે યુદ્ધ કરતો હતો. મહા મુશિબતે આત્મસંવરણ કરી તેણે કહ્યું, "ખાનસાહેબ! આપ મ્હને ગિરફતાર કરવા આવ્યા છો કે?"

ખાનસાહેબે હસીને કહ્યું, "આવી વાત તમને કોણે કહી? બંધુ ભાવથી હું તમને એક બે વાત કહું એમાં કાંઇ દોષ છે કે?"

ચંદ્રકાન્ત કાંઇ કહેવા જતો હતો; પરંતુ દેસાઇ વકીલે તેને ચુપ કરી દઇ કહ્યું, "ચંદ્રકાન્તભાઇ! તમે ઘેર જાઓ. તમે અધીર બની ગુસ્સે શા માટે ભરાઓ છો? ખાનસાહેબે જે કાંઇ કહ્યું છે તે બંધુ ભાવથીજ કહ્યું છે. હું કહું છું કે, તમારી વિરૂદ્ધ એકકે મજબૂત પુરાવો નથી. તમે ઘેર જાઓ. આ વિષય સંબંધી જે કરવા જેવું હશે તે હું કરીશ."

ચંદ્રકાન્તની પણ ત્યાં રોકાવાની બિલ્કુલ ઈચ્છા નહોતી. તરતજ તેણે એ સ્થળનો ત્યાગ કર્યો.

પ્રકરણ ૫ મું

મહોબ્બતની મૂર્તિ કે પ્રેમની પ્રતિમા ?

ગયા પ્રકરણમાં વર્ણવેલો બનાવ બની ગયાને બે મહિના વીતી ગયા હતા. દેસાઇ વકીલના વાક્‌માધુર્યથી, ખાનસાહેબની ઉદારતાથી અથવા ચંદ્રકાન્તના પૈસાના જોરથી–ગમે તે કોઇ કારણથી–રજનીકાન્તના ખૂનની વાત દબાઈ ગઇ હતી. ખાસ કરીને ચંદ્રકાન્તને હયરાન કરવાનું પોલિસે માંડી વાળ્યું હતું. રજનીકાન્તના ખૂન સાથે હવે ચંદ્રકાન્તનું નામ જોડાયલું નહોતું. દુનિયામાં હમ્મેશાં જેમ બને છે તેમ રજનીકાન્તના ખૂનનો ભેદ અજ્ઞાત રહસ્યની અંદર ભળી ગયો હતો. મુંબાઇની જનતા એ ખૂનની વાત ભૂલી જવા લાગી હતી ! સંસારમાં કાંઇ ચિરસ્થાયી હોતું નથી. આવો મ્હોટો એક જમીનદાર ખુલ્લા માર્ગ ઉપર ટ્રામગાડીમાં માર્યો ગયો; છતાં પોલિસ ખૂનીને પકડી શકી નહિ. મુંબાઇની જનતા પણ ત્રણ ચાર દિવસ જેટલા ટૂંક કાળમાં ખૂનની વાત ભૂલી ગઇ ! સંસારનો નિયમજ એવો છે.

ચંદ્રકાન્તને પિતૃસંપત્તિ મળેલી હોવાથી દેવાનુ સઘળું દુઃખ દૂર થઇ ગયું હતું. પાછો તે શ્રીમંત માણસની માફક ઘણા ઠાઠમાઠથી મુંબાઇમાં રહેવા લાગ્યો હતો. તેનું સઘળું દુઃખ તથા ચિંતા દૂર થઇ ગયાં હતાં. તે દિવસે જો એને દેસાઈ વકીલનો પત્ર અણીના વખતે ન મળ્યો હોત તો તે પણ તેના વડિલ ભાઇની માફક આ જગતને છેલ્લી સલામ કરી ગયો હોત.

એક દિવસે બન્ને મિત્ર વચ્ચે વાતચિત ચાલતી હતી. સુખમાં, દુઃખમાં અગર આપદ વિપદમાં સુંદરલાલ ચંદ્રકાન્તનો પરમ બંધુ હતો.

ચંદ્રકાન્તે કહ્યું, “એના જેવી ભુવનમોહિતી નવયુવતી ત્હેં કદાપિ જોઇ છે કે ? સ્વર્ગની પરી પણ એના રૂપસૌંદર્ય આગળ ઝાંખી પડી જાય એમજ લાગે છે.”

સુંદરલાલે કહ્યું, “એના જેવી સ્ત્રીઓ જગતમાં થોડી

હોય એમાંજ જગતનું કલ્યાણ છે."

આ વાત સાંભળી નવાઇ પામીને ચંદ્રકાન્તે કહ્યું, "ત્હારી એની સાથે ઓળખાણ હતી કે?"

"હા, થોડી ઓળખાણ હતી."

"ભાઇ! મ્હારી વાત સાંભળી લે. નિંદા કરવી એ તો જનસ્વભાવ છે. મોહિની સદ્દંશમાં જન્મી છે એ માટે કાંઇ સંદેહ છે કે? તેના પિતા થાણામાં એક અગ્રગણ્ય પુરુષ લેખાતા હતા એ વાત તું નથી જાણતો કે?"

"જે ખરી વાત છે તેનો અસ્વીકાર હું શા માટે કરૂં?"

"મોહિનીનો અપરાધ એ એ કે, તેનાં માબાપ હયાત નથી; કેવળ એક ઘરડી ફોઇ છે. એનો અપરાધ એ છે કે, એનું કોઇ સગું વ્હાલું નથી, એનો અપરાધ એ છે કે, બાપની સઘળી મિલ્કત એના હાથમાં આવી છે. વળી સત્તર અઢાર વર્ષની ઉમ્મર થવા છતાં વિવાહ થયો નથી એ પણ નિંદાખોરોની નજરે એનો અપરાધ છે. એ સુધારક વિચારો ધરાવતી હોઇ એકેશ્વરવાદને માને છે તે પણ ઇર્ષ્યાખોર આલમથી જોઇ શકાતું નથી. ઠીક છે, ત્હારી સાથે મોહિનીની ઓળખાણ ક્યાં થઇ હતી?"

સુંદરલાલે વિષણ્ણ સ્વરે કહ્યું, "જ્યારે એ સઘળી વાત તને ગમતી નથી ત્યારે પછી ત્હારે કાંઇ સાંભળવાની જરૂર નથી."

ચંદ્રકાન્ત ખડખડાટ હસી પડ્યો. તેણે કહ્યું, "સમજ્યો, સમજ્યો, મનમાં ને મનમાં તું હિંસારૂપી વિષનું પોષણ કરે છે."

સુંદરલાલે કહ્યું, "ત્હારૂં આ કથન તદ્દન ભ્રમમૂલક છે, તું મ્હારો અંગત મિત્ર હોવાથીજ ખરી વાતનો મ્હેં તને આભાસ આપવાનો પ્રયત્ન કર્યો છે."

"ત્યારે મોહિનીએ શું કર્યું છે એ તું મ્હને ખુલ્લા શબ્દોમાં કહેતો કેમ નથી? છતાં હું તને પ્રથમથી કહી રાખું છું કે, મોહિનીની કોઇ પણ પ્રકારની નિંદા હું સાંભળી શકીશ નહિ."

"ત્યારે જવા દે એ વાત; હું કેવળ ત્હારા ભલા માટે—"

"ભાઇ! મેહેરબાની કરી તું ત્હારૂં ભાષણ બંધ કર."

સુંદરલાલ વિદાય થતો હતો; પરંતુ ચંદ્રકાન્તે હસીને તેનો હાથ પકડયો. તે બોલ્યો, "ભાઇ! આમ ક્રોધ કરે એ ઠીક કહેવાય નહિ."

"હું ક્રોધ કરતો નથી. એક ઘણું જરૂરી કામ હોવાથી હમણા હું જાઉં છું; અવકાશે પાછો હારી પાસે આવીશ."

"ઠીક છે; થોડો વખત બેસ." આમ કહી ચંદ્રકાન્તે સુંદરલાલનો હાથ ખેંચી તેને ખુરસી ઉપર બેસાડયો. પછી ચંદ્રકાન્તે હસતાં હસતાં કહ્યું, "તું મોહિનીને ઓળખતો હોવાથી મ્હારી સાથે આજે હારે એને ઘેર આવવું પડશે. હમણાંજ ત્યાં જવાનું છે. ગાડી આવવાની તૈયારી છે."

સુંદરલાલે કહ્યું, "હું મ્હારૂં કામ પડતું મૂકી હમણાં આવી શકીશ નહિ."

"હારે આવવુંજ પડશે."

"હું ખરું કહુ છું કે—"

"મ્હારે કાંઇ સાંભળવું નથી. ગાડી પણ આવી પહોંચી છે." આમ કહી બળપૂર્વક બંધુનો હાથ પકડી ચંદ્રકાન્ત તેને ગાડી નજીક લઇ ગયો. નિરૂપાય બની સુંદરલાલ ચંદ્રકાન્તની સાથે ગાડીમાં બેઠો.

ગાડી ચાલવા લાગી એટલે સુંદરલાલે પૂછયું, "મોહિની સાથે હારી ઓળખાણ કેવી રીતે થઈ?"

"ઓહો! એમાં તું શું પૂછે છે! મોહિની સુશિક્ષિતા તથા સુધારક છે. તે દર રવિવારે પ્રાર્થના સમાજમાં જાય છે. તું પ્રાર્થના સમાજના ઉપદેશક સત્યાનંદને ઓળખે છે?"

"હા, ઓળખું છું."

"મોહિની મુંબઇમાં આવી એટલે સત્યાનંદજ મ્હને એને ઘેર લઇ ગયા હતા. મોહિનીને સત્યાનંદ ઘણા વખતથી ઓળખે છે; સત્યાનંદ ઘણા ભલા માણુસ છે; તેઓ ચુસ્ત સમાજીસ્ટ છે."

સુંદરલાલે ટૂંકમાં કહ્યું, "હું એ જાણું છું."

આમ કહી સુંદરલાલ રસ્તા તરફ જોઇ રહ્યો. ચંદ્રકાન્તની પણ જાણે કે, કાંઇ બોલવાની ઇચ્છા નહોતી. ચુપકીદીથી બન્ને

જણા મોહિનીના નિવાસ સ્થળે જઇ પહોંચ્યા.

મોહિનીએ મુંબઇમાં આવી પ્રાર્થના સમાજ નજીક એક બેઠા ઘાટનું મકાન ભાડે રાખ્યું હતું. એ મકાનમાં તેની વૃધ્ધા ફોઇ, એક તરૂણ વિધવા દાસી, તથા એક ઘાટી સાથે તે રહેતી હતી. મોહિનીનો પિતા પોતાની પાછળ પુષ્કળ રકમ રાખી ગયો હતો; તેથી તે ધનવાનની કન્યા માફક ઘણા ઠાઠમાઠમાં રહેતી હતી. પ્રાર્થના સમાજનાં વિવિધ કાર્યોમાં તે છુટા હાથે દાન કરતી હતી. પ્રત્યેક રવિવારે નિયમિત રીતે તે સમાજમાં પ્રાર્થના કરવા જતી હતી. કેવળ પ્રાર્થના સમાજનાં માણસો તો શું પરંતુ જેની જેની સાથે મોહિનીની ઓળખાણ થઇ હતી તેઓ સહુ તેના અલૌકિક રૂપ, મધુર સ્વભાવ, તીવ્ર વિદ્યાભિરૂચિ વગેરેની પ્રશંસા કરતાં હતાં.

પ્રાર્થના સમાજનો ઉપદેશક સત્યાનંદ તથા ચંદ્રકાન્ત સહ-પાઠી હતા. કાળક્રમે બન્નેની સ્થિતિનું પરિવર્તન થવા છતાં તેમનું બાલ્યબંધુત્વ નાશ પામ્યું નહોતું સત્યાનંદ વારંવાર ચંદ્રકાન્તને મળી તેના આત્માને પ્રકાશમાં લઇ જવાનો પ્રયત્ન કરતો હતો. કદાચ એ હેતુથીજ સત્યાનંદ ચંદ્રકાન્તને મોહિની પાસે લઇ ગયો હશે. વળી મોહિની સાથે ઓળખાણ થયા પછી ચંદ્રકાન્તનામાં ઘણો ફેરફાર થઇ ગયો હતો. તે બીજી સઘળી મોજ-મજાહ છોડી અવકાશ મળતાં મોહિની પાસે દોડી જતો હતો.

એક સુસજ્જિત બેઠકખાનામાં મનોહર વસ્ત્રાભુષણ ધારણ કરી મોહિની બેઠી હતી. તે સ્વર્ગલોકની અપ્સરા અને બેહસ્તની હુરી જેવી રૂપવતી હતી. એનું રૂપ જોતાં ભલભલા યોગીમુનિ તપસ્યા ભૂલી મોહાંધ બની જાય એવો સંપૂર્ણ સંભવ હતો.

ચંદ્રકાન્તને જોતાંની સાથે મોહિનીએ મધુર હાસ્ય કર્યું. બીજીજ ક્ષણે તેની દૃષ્ટિ સુંદરલાલ ઉપર પડી. સુંદરલાલનું દર્શન થતાં મોહિનીનું હાસ્યપ્રફુલ્લ મ્હોં ક્ષણ કાળ માટે મલિન થઇ ગયું; પરંતુ વિના વિલંબે તેણે પુનઃ પોતાનો પ્રફુલ્લ ભાવ ધારણ કરી કહ્યું, "સુંદરલાલ ! તમારી સાથે ચંદ્રકાન્તની ઓળખાણ છે એ જાણી હું ઘણી ખુશી થઇ છું."

ચંદ્રકાન્તે કહ્યું, "અમે બન્ને જીગરજાન દોસ્ત છીએ."

મોહિનીએ સુંદરલાલના મ્હોં તરફ જોઇ કહ્યું, "આજે ઘણા વખત પછી આપની સાથે મ્હારી મુલાકાત થઇ."

સુંદરલાલે ક્ષણ કાળ ચુપ રહ્યા પછી કહ્યું, "હા, લગભગ ત્રણ વર્ષ વીતી ગયાં છે. અહીં તમારી સાથે મુલાકાત થવાની મ્હારા મનમાં આશા નહોતી."

મોહિનીએ સુંદરલાલ તરફ તીક્ષ્ણ કટાક્ષ ફેંકી પુનઃ મધુર ભાવ ધારણ કરી કહ્યું, "એટલા માટે જ લોકો કહે છે કે, પૃથ્વી વિસ્તૃત હોવા છતાં બહુ વિસ્તૃત નથી."

"ખરી વાત છે." આમ કહી ચંદ્રકાન્ત તરફ જોઇ સુંદરલાલે કહ્યું, "ભાઇ! જે માણસનું મ્હારે જરૂરી કામ હતું તે અહીંથી જતો જણાય છે; હું વિદાય થવા માટે ક્ષમા યાચું છું."

મોહિની અને ચંદ્રકાન્ત કાંઇ બોલે તે પૂર્વેજ સુંદરલાલ એ સ્થળેથી ચાલ્યો ગયો. એકાંત મળતાં ગજગામિનીની માફક ચંદ્રકાન્ત નજીક જઇ મોહિનીએ કહ્યું, "ત્યારે સુંદરલાલ આપના મિત્ર છે, કેમ?"

"હા, એ મ્હારો અંગત મિત્ર છે; એ ઘણો સહૃદય છે."

"હશે કદાચ; તમારા કરતાં હું એમને ઘણી સારી રીતે ઓળખું છું."

નવાઇ પામી ચંદ્રકાન્તે કહ્યું, "એટલે? સુંદરલાલની વિરૂધમાં તમે શી હકીકત સાંભળી છે?"

આ પ્રશ્નનો ઉત્તર નહિ આપતાં મોહિનીએ મૃદુ મધુર સ્વરે કહ્યું, "ચંદ્રકાન્ત! તમે ગઇ કાલે કહ્યું હતું કે, તમે મ્હને ચાહો છો કેમ?"

ચંદ્રકાન્તે વ્યાકુળતાથી કહ્યું, "ખરી વાત છે. હું તમને ખરા જીગરથી ચાહું છું તમારો પ્રેમ મેળવવા માટે હું મ્હારો તુચ્છ પ્રાણ પાથરવા તૈયાર છું."

"મ્હેં પ્રથમથી તમને કહ્યું છે કે, વિના કારણ મ્હારા ઘણા શત્રુઓ છે. તમારા મિત્ર સુંદરલાલ પણ મ્હારા શત્રુ છે-જીવતાં સુધી એ મ્હારી શત્રુતા કરશે તથા આપણી બન્નેની

વચ્ચે વિવાદ ઉભો કરશે."

મોહિનીનાં આ વચનોનો ભેદ ચંદ્રકાન્ત સમજી શક્યો નહિ. સરળ ભાવથી તેણે કહ્યું, " હું સુંદરલાલને સારી રીતે ઓળખું છું; હું નારાજ થાઉં એવું કાર્ય એ કદાપિ નહિ કરે."

મોહિનીએ અતિ ગંભીર ભાવથી કહ્યું, " એ ગમે તેમ હો. તમે સુંદરલાલનો સહજ પણ વિશ્વાસ રાખશો નહિ. હું એક વાત કહું તે તમે કબૂલ કરશો ? "

" અવશ્ય કબૂલ કરીશ તમારે માટે જો કદાચ જહન્નમમાં જવું પડે તો ત્યાં જવાને પણ હું તૈયાર છું."

મોહિનીએ વિલોલભાવથી ચંદ્રકાન્તને ભ્રમિત બનાવી અસ્પષ્ટ સ્વરે કહ્યું, " મ્હારા સંબંધી સુંદરલાલ તમને જે કાંઇ કહે તેનો એક પણ અક્ષર ખરો નહિ માનવાનું તમે કબૂલ કરો."

ચંદ્રકાન્ત આ વખતે ગંભીર બની ગયો. તેણે કહ્યું, "સુંદરલાલ ગમે તે કહેશે તો પણ તમારા ઉપરના મ્હારા પ્રેમમાં સહજ પણ ન્યૂનતા આવશે નહિ."



પ્રકરણ ૬ ઠું.

શત્રુતા નહિ પણ સંધિ

બીજે દિવસે મધ્યાન્હકાળે સુંદરલાલ બેઠકખાનામાં બેસી એક પુસ્તક વાંચતો હતો એવામાં તેના નોકરે આવી ખબર આપી, "એક બાઇ ગાડીમાં બેસી આપને મળવા માટે આવ્યાં છે."

સુંદરલાલે વિસ્મિત તથા ચમકિત બની કહ્યું. "બાઇ માણસ છે? કોણ છે?"

નોકરે કહ્યું, "ઓળખતો નથી."

સુંદરલાલ પુસ્તક ટેબલ ઉપર મૂકી નીચે ઓટલા ઉપર ગયો. તેને જોઇ એક ઘુમટાવાળી સ્ત્રીએ મકાનમાં પ્રવેશ કર્યો. મકાનમાં પ્રવેશ કર્યા પછી ઘુમટો સહજ ખસેડી એ સ્ત્રીએ મૃદુ-હાસ્ય કર્યું. સુંદરલાલ ચમકીને બોલી ઉઠયો, "કોણ મોહિની?"

મોહિનીએ કહ્યું, "ઘરમાં ચાલો. તમારી સાથે મ્હારે કેટલીક જરૂરી વાત કરવાની છે."

સુંદરલાલ ચુપકીદી ધારણ કરી મોહિની સાથે ઘરમાં ગયો. બેઠકખાનામાં ગયા પછી જાણે કે પોતાનું જ ઘર હોય એવા ભાવથી મોહિની સુંદરલાલની ખુરસી ઉપર બેઠી. પછી તેણે તીક્ષ્ણ દ્રષ્ટિથી સુંદરલાલના મુખ તરફ જોઇ કહ્યું, "બેસો."

સુંદરલાલ બેઠો. તે મોહિનીના મુખ તરફ જોઇ રહેવાની હિમ્મત કરી શકયો નહિ. મોહિનીએ તેના મુખ તરફ જોઇ મૃદુ-હસીને કહ્યું, "તમારા જીવજાન દોસ્ત કયાં છે?"

સુંદરલાલે ઉત્તર આપ્યો, "મ્હને ચોકકસ ખબર નથી, છતાં મ્હેં એમ સાંભળ્યું છે કે, તેઓ દેશમાં ગયા છે."

"એમ કે? ત્યાંથી પાછા કયારે આવવાના છે?"

"એ હું જાણતો નથી; પરંતુ તમે એના ઉપર એવું વશીકરણ કર્યું છે કે, વિશેષ વખત માટે તે તમારાથી દૂર નહિ રહી શકે."

ક્ષણ કાળ માટે મોહિનીનાં નેત્રામાંથી વિજળી ચમકી. થોડા સમય સુધી ભયંકર દ્રષ્ટિથી તે સુંદરલાલ તરફ જોઇ રહી. પછી ગંભીર ભાવથી તેણે કહ્યું, “ મ્હને લાગે છે કે, વિનાશકાળે તમને વિપરીત બુધ્ધિ સુજી છે. તમે સઘળી છુપી હકીકત ચંદ્રકાન્તને કહી દીધી છે.”

સુંદરલાલે મહાકષ્ટે આત્મસંવરણ કરી કહ્યું, “ મોહિની, તમે મ્હને બ્હીક બતાવવા આવ્યાં છો કે ? તમારે જે કહેવું હોય તે કહો. તમારી હકીકત સાંભળવા હું તૈયાર છું.”

છંછેડાયલી સિંહણ જેવો ક્રોધ દર્શાવી મોહિનીએ કહ્યું, “ તમે ચંદ્રકાન્તને ચેતાવી દીધા છે. તેમની આગળ તમે મ્હારી પેટ ભરીને નિંદા કરી છે. હું શયતાન સ્ત્રી છુંએમ તમે તેમને કહ્યું છે. આપણી વચ્ચે કેવો સંબંધ હતો એ તમે ભૂલી ગયા કે ? યાદ રાખજો કે, આત્મરક્ષણ કેમ કરવું એ હું સારી રીતે જાણું છું. મ્હારી નિંદા કરનારને હું બરાબર બદલો આપી શકું તેમ છું. ”

સુંદરલાલે વ્યંગસૂચક સ્વરે કહ્યું, “ તમારી નિંદા કોણ કરે ? ! ”

મોહિનીએ ગર્જના કરી અસ્પષ્ટ સ્વરે કહ્યું, “ તમે હમણાં ભલે મ્હારી મશ્કરી કરો; પણ હું કાંઇ ન્હાની કીકી નથી. મ્હારી વિરૂધ્ધ ચંદ્રકાન્તને તમે કાંઇ કહેશો તો ઇર્ષ્યાવશ થઇ તમે મ્હારી નિંદા કરી છે એમ હું તેમના મનમાં ઘણી સહેલાઇથી ઠસાવીશ. હું ધારૂં તો તમારા ઉપર ભયંકર આફત લાવી શકું તેમ છું એ વાત તમે ભૂલી ગયા હો એમ લાગે છે. ”

સુંદરલાલે કહ્યું, “ ત્યારે તમે મ્હને ધમકી આપવા આવ્યાં છો, કેમ ? ”

“તમે એવા મૂર્ખ હો તો મ્હારે ધમકી પણ આપવી પડે.”

“ જુઓ સાંભળો, હજી સુધી મ્હેં તમારી વિરૂધ્ધમાં ચંદ્રકાન્તને કાંઇ કહ્યું નથી; છતાં તમારે યાદ રાખવુ જોઇએ કે એ મ્હારો પરમસ્નેહી છે. તમારી માયાજાળમાંથી એને બચાવવાનો પ્રયત્ન કરવો એ મ્હારૂં પરમ કર્ત્તવ્ય છે.”

મોહિનીએ પોતાના ગુલાબી ઓષ્ઠ ફફડાવતાં કહ્યું, "શું કહ્યું? મ્હારી માયાજાળ! તમારી છુપી હકીકત ચંદ્રકાન્તને હું કહી દઉં તો તમારી મિત્રતા કેટલા વખત સુધી ટકી શકે તેમ છે એ જાણો છો કે?"

સુંદરલાલે ક્રોધસૂચક સ્વરે કહ્યું, "એ વિષયની મ્હને ચિંતા નથી. તમે તમારૂં ભલું ઇચ્છતા હશો તો એ છુપી હકીકત કોઇને કહી શકશો નહિ."

મોહિની બોલી ઉઠી, "તમે મ્હને કમઅક્કલ ન સમજશો. હું કોનો ભય રાખું છું? જે મ્હને ચાહે છે એને સમજાવતાં શી વાર લાગે તેમ છે?"

"તમારા જેવી સ્ત્રીને ચાહે એવો ચદ્રકાન્ત મૂર્ખ નથી."

"અંદરનો ભેદ તમે જાણતા નથી."

"જો ચંદ્રકાન્ત તમને ચાહવાની મૂર્ખતા કરતો હશે તો હું તેની એ મૂર્ખતા દૂર કરીશ."

"એમ કે?"

"હા, જરૂર જણાતાં સઘળી હકીકત હું તેને કહી દઇશ."

મોહિનીએ માથું ઉંચું કરી છાતી કાઢી કહ્યું, "સુંદરલાલ! આપણે બન્ને એક બીજાને સારી રીતે ઓળખીએ છીએ. હું તમારે ઘેર સ્પષ્ટ શબ્દોમાં એજ વાત કહેવા આવી છું કે, મ્હારા સંબંધીની કાંઇ હકીકત તમે ચંદ્રકાન્તને કહેશો તો—"

"તો તમે શું કરશો?"

"જાણતા નથી કે? મ્હારી વિરૂધ્ધતા કરશો તો હું તમને ફાંસીનું લાકડું બતાવીશ."

થોડા સમય સુધી બન્ને જણાં ચુપ રહ્યાં. બન્નેનો શ્વાસ જોરથી ચાલતો હતો. સુંદરલાલના મ્હોં ઉપરનું સઘળું લોહી ઉડી ગયું હતું. એની વાચાશક્તિનો લોપ થયો હતો. છેવટે મૌનનો ભંગ કરી મોહિનીએ કહ્યું, "મ્હારી દુશ્મનાવટ કરવાથી કેવું પરિણામ આવે તેમ છે એ હવે સમજ્યા કે? આ વિષયનો નિકાલ કેવળ એક રીતેજ આવી શકે તેમ છે."

અસ્પષ્ટ સ્વરે સુંદરલાલે કહ્યું, "કેવી રીતે?"

અલ્પકાળ સુધી ચુપ રહ્યા પછી મોહિનીએ કહ્યું, "હવે તમે કદાચ કબૂલ કરશો કે, જો હું તમારી છુપી વાત પ્રગટ કરૂં તો તેથી તમને નુકશાન થાય તેમ છે!"

સુંદરલાલે ચુપ રહી એ વાતને સંમતિ દર્શાવી. મૃદુ-હાસ્ય કરી મોહિનીએ કહ્યું, "હજી તમારૂં કાતરીઉં છેકજ ગયબ થઇ ગયું હોય એમ લાગતું નથી. તમે સમજો છો કે, આપણે પરસ્પર શત્રુતા કરીએ એ ઠીક નથી."

"ત્યારે મ્હારે જાણી જોઇ મ્હારા મિત્રના સર્વસ્વનો નાશ થવા દેવો?"

"એ સંબંધી તમે બેફિકર રહો. તમારા મિત્રનું કાંઇ અહિત થશે નહિ. છતાં ધારો કે કદાચ તેમનું અહિત થાય તો પણ તમારે તમારા પોતાના બચાવની ખાતર હું કહું છું તેમજ કરવું પડશે."

"એટલે તમે એના જીવ સાથે રમત—"

"આ તમે ગાંડાની માફક શું બકો છો?"

"ઘણી વખતે માણસ અણધાર્યું મરી જાય છે."

"સુંદરલાલ! હું તમારા મિત્રને ખરા દિલથી ચાહું છું. એમનું કોઇ પણ પ્રકારે અનિષ્ટ ન થાય એ માટે હું ઘણી સાવધાનતા રાખીશ."

સુંદરલાલે એક વખત ચોતરફ જોયું. પછી તેણે ઘણા ગંભીરભાવથી દૃઢ સ્વરે કહ્યું, "મોહિની, તમે મ્હારો સર્વનાશ કરી શકો તેમ છો એ હું જાણું છું; પરંતુ ચંદ્રકાન્ત મ્હારો બંધુ છે; એ તમને વિવાહ કરવા તૈયાર થયેલો હોવાથી એને સઘળી હકીકત કહેવી એ મ્હારૂં કર્ત્તવ્ય છે. સઘળી હકીકત સાંભળ્યા પછી એ પોતાને ઠીક લાગશે તેમ કરશે."

મોહિનીનું હૃદય એટલા બધા જોશથી ધબકતું હતું કે તે કાંઇ બોલી શકી નહિ. મહા મુશિબતે આત્મસંયમ કરી તેણે કહ્યું, "કોઇને કાંઇ નહિ કહેવાની તમે પ્રતિજ્ઞા કરો. જો એવી પ્રતિજ્ઞા નહિ કરો તો આજેજ હું તમને પોલિસદ્વારા કેદ કરાવીશ."

સુંદરલાલનું મ્હોં વિશેષ ઉતરી ગયું. તેનું આખું શરીર

કંપવા લાગ્યું. તેનો કંઠ રૂંધાઇ ગયો; તે કાંઇ બોલી શક્યો નહિ.

મોહિનીએ ગર્વિતસ્વરે કહ્યું, "તમે શો નિશ્ચય કર્યો છે? તમારે ચુપ રહેવું છે કે ફાંસીને લાકડે ચઢવું છે?"

સુંદરલાલ સાપની માફક ફુંફાડો કરી બોલ્યો, "તમે રાક્ષસી છો!"

મોહિનીએ ભયંકર હાસ્ય કરી કહ્યું, "ખરી વાત છે. આજ સુધી મ્હેં તમને ફાંસીએ ચઢાવ્યા નહિ એ મ્હારો અપરાધ છે; છતાં એટલું યાદ રાખજો કે, એકજ મિનીટમાં હું તમને મ્હારા ગુલામના પણ ગુલામ બનાવી શકું તેમ છું. હજી પણ તમારો ચોક્કસ નિર્ણય મ્હને જણાવો. પાંચ મિનીટમાંજ હું અહીંથી ચાલી જઇશ તથા એ સમય દરમ્યાન તમારા તરફથી મ્હને સંતોષકારક ઉત્તર નહિ મળે તો સંધ્યાકાળ પુર્વે તમે તમારા દુરાગ્રહનું ભીષણ પરિણામ જોઇ શકશો."

અજગર સર્પની ઝેરી તેજસ્વી દૃષ્ટિની માયાથી મુગ્ધ થઇ ક્ષુદ્ર પક્ષી જેવી રીતે સ્તંભિત બની ઉભું રહે, નામરજી હોવા છતાં તે જેવી રીતે અજગરની જીભ તરફ ખેંચાય તેવીજ સ્થિતિ માયાવિની મોહિની આગળ સુંદરલાલની થઇ હતી. મોહિનીના પંઝામાંથી બચી શકાય એવો એક પણ માર્ગ તેને સુજતો નહોતો. એ વખતના સુંદરલાલના હૃદયના ભાવનું વર્ણન અમારાથી થઇ શકે તેમ નથી.

સુંદરલાલને ચુપ થઇ ગયેલો જોઇ મોહિનીએ પુનઃ પૈશાચિક હાસ્ય કરી કહ્યું, "મ્હને શો ઉત્તર આપો છો?"

સુંદરલાલ ઉઠી ઉભો થયો. બે વખત એ બેઠકખાનામાં આંટા મારી હૃદયને વિશેષ કઠિન કરી તે એ ભયંકરી મોહિની સ્હામે ઉભો રહી બોલ્યો, "એક શરતે તમારી હકીકત ચંદ્રકાન્તને નહિ કહેવા હું બંધાઉં છું."

"શી શરત?"

"એટલું પણ તમે સમજી શકતાં નથી? ચંદ્રકાન્ત મ્હારો મિત્ર છે. તમારા હાથે એનું કાંઇ અનિષ્ટ થવું જોઇએ નહિ. મ્હારૂં કહેવું તમે સમજ્યાં?"

મોહિની છાતી કાઢી બોલી, " સુંદરલાલ ! તમે ગધેડા છો. જો તમારામાં અક્કલનો છાંટો પણ હોત તો તમે આવી શંકા રાખત નહિ. તમારે યાદ રાખવું જોઈએ કે, હું ચંદ્રકાન્તને ચાહું છું."

મોહિનીનાં આ વચન સાંભળી સુંદરલાલ થોડા સમય સુધી ચુપ રહ્યો. તે પોતાના મન સાથે વિચારવા લાગ્યો, "ત્યારે શું માયાવિની મોહિનીનું હ્રદય પણ બદલાઈ ગયું છે ? સ્ત્રીજાતિના હ્રદયને સમજવાનું કાર્ય સહેલું નથી. એમના હ્રદયમાં પ્રત્યેક ક્ષણે ફેરફાર થાય છે. ક્યારે તેમના હ્રદયમાં કયા ભાવનો ઉદય થાય છે એ કોઈ કહી શકે તેમ નથી."

સુંદરલાલને એમ લાગ્યું કે મોહિનીના પાષાણ હ્રદયમાં પરિવર્ત્તન થયેલું હોવું જોઈએ. પ્રેમ ઉપર કોઈની સત્તા ચાલી શકતી નથી. કદાચ ચંદ્રકાન્ત માટે મોહિનીના અંતરમાં પ્રેમાનુરાગ ઉપજ્યો હોય તો તે સંભવિત છે.

શો ઉત્તર આપવો એ વિષયનો ચંદ્રકાન્ત વિચાર કરતો હતો; શું કહેવું તેનો કાંઈ નિશ્ચય કરી શકતો નહોતો. મોહિનીએ ફરીથી પૂછ્યું, " શો વિચાર છે ? મ્હારી શત્રુતા કરી ફાંસીએ જવું છે કે સંધિ કરવી છે ? "

સુંદરલાલે રૂંધાઈ ગયેલા કંઠે કહ્યું, " હું ચંદ્રકાન્તને કાંઈ કહીશ નહિ. "

મોહિનીએ હસીને કહ્યું, " છેવટે તમારૂં કાતરીઉં ઠેકાણે આવશે એ હું જાણતીજ હતી. તમે એ વાત છુપાવી રાખવાની પ્રતિજ્ઞા કરો છો ને ? "

" હા, તમે ચંદ્રકાન્તને મ્હારા સંબંધી કાંઈ કહેશો નહિ તથા તમારા સંબંધી હું પણ એને કાંઈ કહીશ નહિ. "

મોહિનીએ ખુરસી ઉપરથી ઉઠી કહ્યું, "બુધ્ધિમાને આવીજ રીતે વર્તવું જોઈએ ! યાદ રાખજો કે, મ્હારી શત્રુતા કરશો તો તમારે ફાંસી ઉપર ચઢવું પડશે. "

વિશેષ કાંઈ નહિ બોલતાં મોહિની ધીમે પગલે સુંદરલાલનું નિવાસસ્થળ છોડી વિદાય થઈ ગઈ.

પ્રકરણ ૭ મું.

ખેદભરેલા પત્રો.

પિતાનો પરલોકવાસ થયા પછી વડિલભાઇ રજનીકાન્ત સાથે વિવાદ થવાથી લગભગ ૭ વર્ષથી ચંદ્રકાન્ત ઘેર ગયો નહોતો હવે ભાઇનું આકસ્મિક મૃત્યુ થવાથી તે રામપુરનો જાગીરદાર બન્યો હતો. ઇશ્વરી સંકેતથી અગર વિધિના વિધાનથી તે પુષ્કળ સંપત્તિનો માલિક થયો હતો. ઘણાં વર્ષ પછી ચંદ્રકાન્ત રામપુરમાં ઉપસ્થિત થયો હતો.

ચંદ્રકાન્તનો મ્હોટો ભાઇ રજનીકાન્ત પણ ઘણા વખતથી રામપુર છોડી દક્ષિણના પ્રવાસે ગયેલો હતો. સ્ત્રીનું મૃત્યુ થયા પછી તે માથેરાન ચાલ્યો ગયો હતો. બે વર્ષ સુધી તે માથેરાન, પુના, નાશિક, થાણા, વગેરે સ્થળોએ રહી જે દિવસે મુંબઇમાં આવ્યો તેજ દિવસે રાત્રે તેનું ખુન થયું.

માલિકની ગેરહાજરીને લીધે રાજમહાલય જેવા વિશાળ બંગલાએ ખંડેરનુ સ્વરૂપ ધારણ કર્યું હતું. ચંદ્રકાન્તે ઘેર જઇ પુષ્કળ માણસોને કામે લગાડી એ મકાનને રહેવા લાયક બનાવડાવ્યું. પછી એક દિનસે અવકાશ મેળવી તે વડિલભાઇના હિસાબ સંબંધીના તેમજ ખાનગી કાગળ પત્રો તપાસવા લાગ્યો.

એક કબાટ ખોલતાં તેમાં કાગળ પત્રોનાં ઘણાં બંડલો ચંદ્રકાન્તના જોવામાં આવ્યાં. એ કબાટમાં એક ખાનગી ખાનું હતું. ઘણી મુશ્કિલતને અંતે ચંદ્રકાન્ત એ ખાનું ઉઘાડી શક્યો. એ ખાનામાંના સઘળા પત્રો સ્ત્રીઓએ લખેલા હોઇ એ બધા પ્રેમપત્રો હતા. ચંદ્રકાન્તે કેટલાક પત્રો વાંચી જોઇ મૃદુહાસ્ય કરી પોતાના મન સાથે કહ્યું, "મ્હોટાભાઇની સ્નેહસરિતા આટલા બધા પ્રબળ વેગથી વહેતી હશે એ તો મ્હેં આજેજ જાણ્યું. લોકોનું કહેલું ખરૂં છે કે, પાસે પૈસા હોય છે તો સઘળી વસ્તુઓ મળી શકે છે. પૈસા હોય તો પ્રેમ પણ ખરીદી શકાય છે. કેવું આશ્ચર્ય !"

એ કાગળ પત્રો પડતા મૂકી ચંદ્રકાન્ત એક સિગારેટ સળગાવી પીવા લાગ્યો. પછી પાછું તેણે પોતાના મન સાથે કહ્યું, "મ્હારે આ બધા પત્રો તપાસવા જોઇએ." આમ કહી તે કાગળ પત્રો ઉથામવા લાગ્યો એટલે એક તસ્વીર તેના હાથમાં આવી.

એ તસ્વીર એક નવયુવતીની હતી. તસ્વીર નજરે પડતાંજ ચંદ્રકાન્ત સ્થિર થઇ ગયો; તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તસ્વીર મોહિનીની હતી! વડિલભાઇના પ્રેમપત્રોની અંદર મોહિનીની તસ્વીર જોઇ ચંદ્રકાન્તની જે સ્થિતિ થઇ તેનું વર્ણન અમારાથી થઇ શકે તેમ નથી. તે સ્વગત વિચારવા લાગ્યો, "ત્યારે શું મોહિની અને ભાઇ વચ્ચે પ્રેમ સંબંધ હશે? એમ ન હોય તો ભાઇ એની તસ્વીર આવી રીતે પોતાની પાસે શા માટે રાખે?"

વળી ક્ષણકાળ પછી પાછું તેણે વિચાર્યું, "ના–ના, મ્હારે એનો સંદેહ મનમાં લાવવો જોઇએ નહિ. કદાચ મોહિની સાથે ભાઇની મુલાકાત પણ નહિ થઇ હોય. મોહિની જેવી સમાજ સુધારક સુશિક્ષિતા સુંદરીની તસ્વીર બજારમાંથી વેચાતી મળી આવે એ બનવા જોગ છે."

ચંદ્રકાન્તે પોતાના મનને સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો, તેણે ઘણા તર્કવિતર્ક કર્યાં; છતાં તેના મનમાં જે સંદેહ ઉપજ્યો હતો તે કોઇ પણ રીતે દૂર થયો નહિ, વિશેષ તપાસ કરતાં જે સ્થળેથી મોહિનીની તસ્વીર મળી આવી હતી તે સ્થળેથીજ કેટલાક પત્રો ચંદ્રકાન્તને મળી આવ્યા. કંપતા હાથે ચંદ્રકાન્તે એ પત્રો ઉપાડી લીધા. એ પત્રોમાંનો એક પત્ર જોઇ અસ્પષ્ટ સ્વરે ચંદ્રકાન્તથી બોલી જવાયું, "આ તો મોહિનીના હસ્તાક્ષર છે!"

ચંદ્રકાન્તે મોહિનીના હાથનું લખાણ ઘણી વખત જોયું હતું; તે મોહિનીના હસ્તાક્ષરો ઘણી સારી રીતે ઓળખતો હતો. એ વિષયમાં તેની ભૂલ થવાનો સંભવ નહોતો.

કેવળ ત્રણ પત્રો ચંદ્રકાન્તના હાથમાં આવ્યા હતા. ચંદ્રકાન્તે પહેલો પત્ર વાંચી જોયો તો તેમાં કેવળ એટલુંજ લખેલું હતું કે,

" રજનીકાન્ત ! આજે જરૂર મ્હને મળજે; ભૂલશો નહિ.

મોહિની."

થોડા સમય સુધી બીજા બે પત્રો ખોલી વાંચવાની હિમ્મત ચંદ્રકાન્ત કરી શક્યો નહિ. છેવટે કૌતૂહલનો જય થયો. તેણે બીજો પત્ર વાંચી જોયો; એમાં નીચેની હકીકત લખેલી હતી:—

" રજનીકાન્ત ! જો આજે સંધ્યાકાળ પહેલાં તમે મ્હને નહિ મળો તો તમારો મ્હારી સાથે તકરાર કરવાનોજ વિચાર છે એમ હું સમજીશ. મ્હને વિશેષ વખત નથી. આવતી કાલેજ હું પુના ઉપડી જઇશ એટલે સઘળો ગુપ્ત ભેદ ખુલ્લો થઇ જશે. જો મ્હને મળવા નહિ આવો તો હું તમને મ્હારા પરમ શત્રુ સમજીશ. જો કદાચ મ્હારે માથે દુઃખ આવી પડશે તો તે તમારે પણ ભોગવવું પડશે. મ્હારૂં કહેવું સાંભળશો તો ઉભય પક્ષનું કલ્યાણ થશે

મોહિની."

ચંદ્રકાન્તે પત્ર વાંચી વિચાર્યું, " મ્હોટા ભાઇ સાથે મોહિનીની ઓળખાણ હોવી જોઇએ એમ આ પત્ર ઉપરથી સાબિત થાય છે વળી તેમની બન્નેની વચ્ચે પ્રેમ શુધ્ધાં હોવો જોઇએ; તેમ ન હોય તો મોહિની આવો પત્ર શા માટે લખે ?"

આ વખતે ચંદ્રકાન્તને તેના મિત્ર સુંદરલાલે કહેલી વાત યાદ આવી. તેણે કહ્યું હતું કે, 'મોહિની જેવી સ્ત્રીઓ જગતમાં થોડી હોય એમાં જ જગતનું કલ્યાણ છે.' ચંદ્રકાન્ત વિચારવા લાગ્યો, "સુંદરલાલ મોહિની સંબંધી ઘણી હકીકત જાણતો હોવો જોઇએ; જો એમ ન હોય તો તે શા માટે એને માટે એવો અભિપ્રાય દર્શાવે ? વળી વડિલભાઇ સાથે પણ મોહિનીનો ગાઢ સંબંધ હોવો જોઇએ એમ આ પત્રો ઉપરથી સિધ્ધ થાય છે."

થોડા સમય સુધી ચુપકીદીથી બેસી રહ્યા પછી ચંદ્રકાન્તે સ્વગત કહ્યું, " પૂરતી હકીકત જાણ્યા સિવાય કોઇને માટે કાંઇ નિશ્ચય કરવો એ વ્યાજબી નથી. મોહિનીના આ પત્રો તથા તસ્વીર ભાઇ પાસે હોય એ આશ્ચર્યજનક તો છેજ; છતાં એમાં કદાચ કાંઇ ગુઢ રહસ્ય ન પણ હોઇ શકે."

ખરી રીતે જોવા જતાં ચંદ્રકાન્ત પોતાના મનને બળાત્કારે સમજાવતો હતો. મોહિનીના પ્રેમથી તેનું હૃદય પૂર્ણ હતું. કોઇ પણ વાત ઉપર વિશ્વાસ મૂકવાની ઇચ્છા તેને થતી નહોતી.

થોડા વખત સુધી ચુપકીદીથી એ ઓરડામાં આંટા માર્યા પછી ચંદ્રકાન્તે કહ્યું, "હું જોઉં તો ખરો કે, હજી બીજું શું શું છે?!"

તપાસ કરી જોતાં ચંદ્રકાન્તને આ વખતે એક કોરા કાગળનું પડીકું મળી આવ્યું. પડીકું ખોલતાં તેમાંથી એક ચીઠ્ઠી મળી આવી ચીઠ્ઠીની આસપાસનો અમુક ભાગ અગ્નિથી બળી ગયો હતો એ ચીઠ્ઠીમાં લખેલું હતું કેઃ-

"જે વાત થઇ હતી—મૃત્યુ—મુંબઇમાં મુલાકાત—કોની તાકત છે—ભય નથી—ત્યાંથી રૂપિયાના—"

પત્રમાંની હકીકત ચંદ્રકાન્તે ઘણી વખત વાંચી જોઈ; પરંતુ તે કાંઇ સમજી શકયો નહિ; છતાં એ પત્રના લખાણમાં ભયંકર ભેદ છુપાઈ રહેલો હોવો જોઇએ એવો સંદેહ તેના મનમાં ઉપજ્યો. એ ભેદ ઉકેલવાની પોતાના મન સાથે તેણે દૃઢ પ્રતિજ્ઞા કરી.

બીજું કાંઇ જોવા તપાસવા જેવું નહિ હોવાથી મોહિનીના ત્રણ પત્રો તથા તેની તસ્વીર સંભાળથી યથાસ્થળે મૂકી બીજા સઘળા પત્રો ચંદ્રકાન્તે બાળી નાખ્યા

ઉપરના અસ્પષ્ટ પત્રમાંથી ભવિષ્યમાં શું નીપજશે એ ચંદ્રકાન્ત સમજી શકયો નહિ. ભાગ્યનું ચક્ર હંમેશાં એવી રીતેજ ફર્યા કરે છે. એ ચક્રની ગતિ પલટાવવાનું સામર્થ્ય કોઇનામાં નથી.



પ્રકરણ ૮ મું.

કમાટીપુરાનો એક દેખાવ.

કમાટીપુરાની એક ન્હાની દુર્ગંધવાળી ગલીની અંદર એક ઓરડીમાં અર્ધ અંધકારમાં બે માણસો બેઠા હતા. એ વખતે રાતના લગભગ નવ વાગ્યા હતા. ભાંગી ગયેલી ચીમનીવાળી કેરોસીનની એક બત્તી ઓરડીમાં બળતી હતી; એથી અજવાળું થવાને બદલે ઉલ્ટો વિશેષ અંધકાર થયો હોય એમ લાગતું હતું.

ઓરડીની અંદર એક ફાટેલી તુટેલી ચટાઇ, એક માટીનો ઘડો, બે ત્રણ કાચના ગ્લાસ તથા દારૂની ખાલી બાટલીઓ સિવાય બીજું કાંઇ નહોતું;-કેવળ એક ખુણામાં એક જુની ટીનની પેટી હતી. એ પેટી ઉપર એક બે કાળાં પડી ગયેલાં ઉશિકાં અને બે ત્રણ સેતરંજીઓ હતી. બંને માણસોનો વેશ જોતાં પૈસા સંબંધી તેઓ ઘણી કંગાળ હાલત ભોગવતા હોય એમ સ્પષ્ટ સમજી શકાતું હતું.

એ બંને માણસોમાંનો એક ગુજરાતી હતો; તેની ઉમ્મર ત્રીસ પાંત્રીસેક વર્ષની હતી. તેનો પોષાક સારો હોત તો તેને અમારે દેખાવડા પુરૂષ તરીકેજ ઓળખાવવો પડત. બીજો માણસ હિંદુસ્તાની હતો. એની ઉમ્મર પચાસ વર્ષથી ઓછી નહોતી. તેના મુખ ઉપર વસંતના ડાઘ હતા; એ મુખ જોતાં કંપારી છુટવાનો સંભવ હતો. ઘણા વખતથી બંને જણા ચુપકીદી ધારણ કરી બેસી રહ્યા હતા. તેઓ એક બીજા સાથે વાતચિત કરવા નારાજ હોય એમજ લાગતું હતું, દૂર આવેલી ઘડીઆળમાં દશના ટકોરા થયા એટલે પેલા હિંદુસ્તાની માણસે કહ્યું, "છબિલદાસ! અહીં બેસી રહી આવી રીતે અફસોસ કરવાથી શો લાભ છે? ચુપકીદીથી બેસી રહેવાથી કોઇ કામ થશે કે?"

છબિલદાસે વિરક્ત ભાવથી કહ્યું, "હમણાં ચુપકીદીથી બેસી રહેવામાંજ લાભ છે. આ સ્થળે છુપાઇ નહિ રહેતાં બ્હાર ભટકવામાં જોખમ છે. બિહારીલાલ! તમે ઘણા બુદ્ધિ-

શાળી માણસ છો. પુરતો વિચાર કરી જોશો તો તમે સમજી શકશો કે, આવી રીતે છુપાઇ રહેવામાંજ સાર છે. આડી-અવળી ગરબડ કરવા જતાં આફતમાં ફસાવાનો સંભવ છે."

"ચુપકીદીથી બેસી રહી ભૂખ વેઠી મરી જવું અને હાથમાં લીધેલા કામને છોડી દેવું એ વ્યાજબી છે કે?"

"જે કામ કર્યાં છે તે પુરતાં છે; હવે નવા કામમાં માથું મારવાની ઇચ્છા નથી."

આ વખતે બિહારીલાલે ક્રોધે ભરાઇ કહ્યું, "છબિલદાસ! તું ગધેડો છે!"

છબિલદાસે કહ્યું, "તમારૂં કહેવું કદાચ ખરૂં હશે; પરંતુ મ્હારા મત પ્રમાણે આપણે થોડા દિવસ સુધી આવી રીતે છુપાઇ રહેવાની જરૂર છે."

બિહારીલાલની આંખો લાલચોળ બની ગઇ. વિરકત ભાવથી તેણે બીજી દિશા તરફ મ્હોં ફેરવ્યું.

બન્ને જણા પાછા ઘણા સમય સુધી ચુપ રહ્યા. છેવટે છબિલદાસે કહ્યું, "બિહારીલાલ, હમણાં આપણે લોકોને મ્હોં દેખાડીએ એ તમને સલામતી ભરેલું લાગે છે કે?"

બિહારીલાલે છબિલદાસ તરફ જોઇ કહ્યું, "બેસી રહેવાથી જે કામ આપણે હાથમાં લીધું છે તે પાર પડે તેમ નથી; છતાં બહુ ઉતાવળ કરવામાં સાર નથી એ વાત હું પણ કબૂલ કરૂં છું."

"તેથીજ હજી થોડા દિવસ સુધી ગુપચુપ બેસી રહેવાની વાત હું કરૂં છું."

"મ્હને લાગે છે કે, ત્હારા મનમાં ભય ઉપજ્યો છે. એમ હોય તો કામનો સઘળો ભાર મ્હારે માથે નાખી તું નિશ્ચિંત રહી શકે છે."

"હવે એ કામમાં હાથ નાખવાની મ્હારી ઇચ્છા નથી."

"ગધેડા! ત્હારામાં અક્કલનો છાંટો પણ નથી. આરંભથી આપણે બન્નેએ એ કામ પાર પાડવાનું બીડું ઝડપ્યું છે; વળી કામ હવે પતી જવા આવ્યું છે; છતાં તું આમ બોલે છે! ખરેખર ગધેડો છે!"

“ મ્હારા કરતાં તમારામાં વિશેષ બુદ્ધિ છે એ વાત હું કબૂલ કરૂં છું; પરંતુ આ કામમાં ઉતાવળ કરવાથી બધી બાજી બગડશે; એવા પ્રસંગે કેવું પરિણામ આવે તે તમારાથી અજાણ્યું છે કે ? ”

“ આજ સુધીમાં આપણે જે જે કામમાં હાથ નાખ્યો છે તેમાંનું કયું કામ સફળ થયું નથી ? ”

“ છતાં આ કામમાં વિશેષ સંભાળ રાખવાની જરૂર છે.”

“ ત્યારે ચુપચુપ અહીં છુપાઇ રહી ભૂખના દુઃખથી આપણે મરી જઇએ એ તને ઉત્તમ લાગે છે ? ”

બરાબર આ વખતે ઓરડીનાં દ્વારની પેલી તરફની સાંકળ કોઇએ ખખડાવી. બિહારીલાલે ઝડપથી ઉઠી દ્વાર ઉઘાડયાં. ચુપકીદીથી એક નવજુવાને એ ઓરડીમાં પ્રવેશ કર્યો.

ખરી રીતે જોવા જતાં એ નવજુવાનના વેશમાં મોહિની આવી હતી. તેણે ઘણી ચતુરાઇથી પુરૂષ વેશ ધારણ કર્યો હતો. મસ્તક ઉપરનો કૃષ્ણ કેશકલાપ ફેંટા નીચે છુપાવી દેવામાં આવ્યો હતો. હમણાંના વેશમાં મોહિનીને તેનાં માબાપ સુધ્ધાં ઓળખી શકે એવો સંભવ નહોતો. હમણાં તે સત્તર અઢાર વર્ષની ઉમ્મરના બાળક જેવી દેખાતી હતી.

બિહારીલાલે બારણાં બંધ કરી દીધાં એટલે મોહિની પેલી ટીનની પેટી ઉપરનાં ઉશિકાં નીચે મુકી દઇ પેટી ઉપર બેઠી. પછી તેણે કહ્યું, “ બોલો, તમારે મ્હને શું કહેવાનું છે ? ”

બિહારીલાલે પોતાના મલિન વેશ તરફ જોઇ કહ્યું, “ તમે આવશો એ હું જાણતો હતો. અમે તમારે ત્યાં આવી શકીએ એવાં કપડાં અમારી પાસે નથી: એકેક પૈસા માટે અમારે તકલીફ વેઠવી પડે છે. અમને થોડા રૂપિયાની જરૂર છે.”

“ રૂપિયા ! મ્હારી પાસે એક પૈસો પણ નથી; ઉલટી હું જ તમારી પાસે થોડી રકમ લેવા આવી છુ.”

છબિલદાસ બોલી ઉઠયો, “ ત્યારે અમારી આવી કફોડી હાલતમાં તમે અમને કાંઇ નહિ આપો ? ”

મોહિનીએ ગંભીર ભાવથી કહ્યું, “ એક પૈસો પણ નહિ

આપી શકું. અહીં મ્હારે જે સ્થિતિમાં રહેવું પડે છે તેથી મ્હારે ઘણું ખરચ કરવું પડે છે. માલદાર માણસની માફક રહેવું હોય તો પાણીની માફક પૈસા ખરચવા પડે એ વાત તમે સમજી શકો તેમ છો."

બિહારીલાલે મ્હોં બગાડી કહ્યું, "તમે બાદશાહી ઠાઠમાઠમાં રહો અને અમારે હવા ખાઇ જીવવું કેમ ?"

મોહિનીએ પ્રથમના જેવા અવિચલિત ભાવથી કહ્યું, "પ્રિય બંધુ બિહારીલાલ ! આ સંબંધી હું શું કહું ? પૈસા કેમ કમાવા એ મ્હારા કરતાં તમે ઘણી સારી રીતે જાણો છો. પહેલાં તમે જેવી રીતે એક અમીરના જેવા વિલાસ વિભવમાં રહેતા હતા તેવી રીતે હમણાં પણ રહો. પૈસાની તમને શી ચિંતા છે ?"

ફળિયાદાસે વ્યંગ કરતાં કહ્યું, "હમણાં પણ અમે અમીરી ઠાઠમાઠમાંજ રહીએ છીએ !"

મોહિનીએ કહ્યું, "આ ઓરડી તમારે રહેવા લાયક નથી એ વાત હું કબૂલ કરું છું."

બિહારીલાલે ક્રોધસૂચક સ્વરે કહ્યું, "જો આવી રીતે અમારી સાથે ચાલાકી રમવામાં આવશે તો કાંઇ કામ થશે નહિ. હવે અમારે શું કરવું તે કહો ?"

મોહિની ઉઠી ઉભી થઇ. પછી ઘણા ગંભીર ભાવથી તેણે કહ્યું, "એ સંબંધી હું જાણતી નથી તથા એ વિષયની ચિંતા કરવાની મ્હને જરૂર નથી. હું ખુલ્લા શબ્દોમાં તમને કહું છું કે, મ્હને રૂપિયા જોઇએ. જો રૂપિયા નહિ મળે તો બધું કામ બગડી જશે."

બિહારીલાલે કહ્યું, "આ સારો ન્યાય ! અમે ક્યાંથી રૂપિયા મેળવીએ ?"

મોહિનીએ છાતી કાઢી કહ્યું, "આવી ગાંડા જેવી વાત મ્હારી આગળ બોલશો નહિ. રૂપિયા ક્યાંથી કેવી રીતે મેળવવા એ હું જાણતી નથી—જાણવાની મ્હારી ઇચ્છા પણ નથી. હાલ તરત મ્હને ફક્ત હજાર રૂપિયાની જરૂર છે. કોઇ પણ રીતે તમારે એટલી રકમ મ્હને મેળવી આપવી પડશે."

છબિલદાસ અને બિહારીલાલ ચુપ થઇ ગયા. તેઓ મોહિનીને ઘણી સારી રીતે ઓળખતા હતા. મોહિની પાસેથી પૈસા મેળવવાની તેમની આશા નિર્મૂળ થવા ઉપરાંત મોહિનીને હજાર રૂપિયાની રકમ ક્યાંથી લાવી આપવી એ તેમની ચિંતાનો વિષય થઇ પડ્યો.

એ બન્ને જણાને ચુપ બેસી રહેલા જોઈ મોહિનીએ ખીસ્સામાંથી સિગારેટ કેસ કાઢી, એક સિગારેટ સળગાવી પીવા માંડી.

એ ઓરડીમાં ઘણા વખત સુધી ચુપકીદી છવાઇ રહી; કોઇ કાંઇ બોલ્યું નહિ. પછી મૌનનો ભંગ કરી મોહિનીએ કહ્યું, "અહીં હું મ્હારો વખત નકામો ગુમાવવા આવી નથી. કોઇ પણ પ્રકારે મ્હને હજાર રૂપિયા મેળવી આપો; નહિ તો કામ ખરાબ થશે."

બિહારીલાલે નિરાશાસૂચક ભાવથી કહ્યું, "આશામાં ને આશામાં અમે કેવું દારૂણ દુઃખ ભોગવીએ છીએ એ તમે તમારી નજરે જોઇ શકો છો."

મોહિનીએ ગંભીર ભાવથી કહ્યું, "પણ જે કામ આપણે હાથમાં લીધું છે એ કાંઇ જેવું તેવું નથી."

બિહારીલાલ બોલ્યો, "થોડો વખત બેસો; આપણે વિચાર કરી જોઇએ."

મોહિની યથા સ્થળે બેઠી એટલે બિહારીલાલે કહ્યું, "જુઓ આવી રીતે છુપાઇ બેસી નહિ રહેતાં આડો અવળો હાથ નાખવાની મ્હારી ઇચ્છા છે; પરંતુ છબિલ રાજી થતો નથી."

"એનું કાંઇ કારણ ?"

"તે એમ કહે છે કે, બ્હાર નીકળવામાં આફત આવી પડવાનો સંભવ છે."

"એમનું કહેવું કાંઇ ખોટું નથી; પરંતુ પૈસા સિવાય હાથમાં લીધેલું કામ કેવી રીતે સફળ થઇ શકશે ?"

"ના છુટકે બ્હાર નીકળવું જ પડશે. કામને સફળતાની હદ સુધી લઇ જઇ છોડી દેવામાં ડહાપણ નથી."

"ખરી વાત છે."

" કાંઈ કર્યાં સિવાય ચાલે તેમ નથી."

" ગમે તેમ કરો; મ્હને હજાર રૂપિયા તાકીદે જોઈએ."

" સત્યાનંદ ક્યાં રહે છે ?" બિહારીલાલે પૂછયું.

" સત્યાનંદ ઉપદેશક કે ?"

" હા, એને ઘેર જવાથી થોડી રકમ મળી શકે તેમ છે."

" પરંતુ તમે એને ઘેર જાઓ એ સલામતી ભરેલું નથી."

" ત્યારે અમે એને પત્ર લખી અહીં બોલાવીશું."

" એની શી જરૂર છે ?"

" એ મદદ કરે તો રૂપિયા મળી શકે."

" કોઈ પણ રીતે મ્હને રૂપિયા મેળવી આપો. હું ક્યારે રૂપિયા લેવા આવું ?"

" અમે તમને ખબર મોકલીશું."

" ઠીક, હું જાઉં છું."

છબિલદાસ અને બિહારીલાલ કાંઈ બોલે તે પહેલાંજ મોહિની ઓરડીનાં બારણાં ખોલી બ્હાર ચાલી ગઈ. બિહારીલાલે ધીમેથી ઉઠી બારણાં પાછાં બંધ કરી દીધાં.

બન્ને જણા પાછા ઘણા વખત સુધી ચુપ બેસી રહ્યા. પછી મૌનનો ભંગ કરો બિહારીએ કહ્યું, "જોયું કે છબિલ ! કોઈ કામ સહેલાઈથી પાર પડતું નથી."

છબિલદાસે વિરક્ત ભાવથી કહ્યું, " બરાબર જોયું ! હવે શું કરવાનો વિચાર છે ?"

" પૈસા મેળવવાનો પ્રયત્ન કરવો પડશે."

" કેવી રીતે ?"

" ગમે તે રીતે."

" મ્હને લાગે છે કે, તમો જાણી જોઈ આપણા ઉપર આફત ખેંચી લાવશો."

" પરંતુ બીજો કોઈ ઉપાય નથી."

" તમને ઠીક લાગે તેમ કરો. હું શું કહું ?"

" હવે આમ કરીશ તો નાહક માર્યો જઈશ."

" જે દિવસથી માયાવિની મોહિનીના હાથમાં સપડાયો છું

તે દિવસથી જ હું એ વાત જાણું છું."

"છબિલ! ત્હારે સાવધાનતા રાખવાની જરૂર છે. ત્હારૂં ભેજું ખરાબ થઇ ગયું છે. તું શું બોલે છે તેનું પણ તને ભાન નથી."

છબિલ કાંઇ બોલ્યો નહિ. બિહારીલાલે અલ્પકાળ ચુપ રહ્યા પછી કહ્યું, "તું આમ અધીરો ન બની જા. સહેલાઇથી કોઇ સુખના સર્વોચ્ચ શિખરે પહોંચી શકાતું નથી. કામ પતી જવા આવ્યું છે; થોડા દિવસમાં જ આપણું ભાગ્ય ફરી જશે."

છબિલે કહ્યું, "હું બધું જાણું છું તથા સમજું છું; છતાં જે રાજાના જેવી હાલતમાં હતો તેને આવી હાલતમાં રહેતાં કેટલું બધું દુઃખ થતું હશે?"

"ત્હારી માફક મ્હને દુઃખ નહિ થતું હોય કે?"

"એટલા માટે જ હું ગુપચુપ બેસી રહ્યો છું. જવા દો, આવી નકામી વાતથી આપણો કાંઇ શુકવાર વળવાનો નથી. હવે પૈસા ક્યાંથી મળી શકશે એ કહો?"

"પહેલાં જેવી રીતે મેળવ્યા હતા તેવીજ રીતે હવે પણ મેળવવા પડશે."

"જેમ ઠીક લાગે તેમ કરો. તમે જે કરવાનું કહો છો તે હું કરૂં છું."

"ખરૂં છે. ચાલાકી રમવા જતાં ભુલ નહિ થવા દેવાની સંભાળ રાખવામાં આવે એટલે થયું."

"એ માટે બે ફિકર રહો. મ્હારે હાથે કદાપિ ભુલચુક થયેલી જોઇ છે?"

"ના, એટલા માટેજ હું ત્હારા ઉપર વિશ્વાસ રાખી શકું છું"

"ત્યારે શું કરવા ઇચ્છો છો એ કહો?"

"કાલે કહીશ. આજે ભેજું દોડાવી વિચાર કરી જોવા દે."

"જેવી મરજી. હવે પેટ પૂજાનું શું કરવું?"

"મ્હારા ખીસ્સામાં થોડા પૈસા છે, તે લઇ ખાવાનું ખરીદી લાવ. વિલંબ કરીશ તો દુકાનો બંધ થઇ જશે."

ફાટયાં મલિન વસ્ત્ર પહેરી છબિલ ઓરડીમાંથી બ્હાર નીકળ્યો તથા આસપાસ તીક્ષ્ણ દૃષ્ટિ ફેરવી ખાવાનું લાવવા ચાલ્યો ગયો.

પ્રકરણ ૯ મું.

આશક માશુકનું પુનર્મિલન

બીજે દિવસે નમતા પ્રહરે મોહિની મોહક વસ્ત્રાલંકારોથી સુસજ્જિત થઇ પોતાનાં સુંદર દિવાનખાનામાં બેઠી હતી. તેના હાથમાં એક પુસ્તક હતું; પરંતુ તે પુસ્તક વાંચતી નહોતી. વચ્ચે વચ્ચે કાન ખડા કરી તે કાંઇ સાંભળતી હતી અને દ્વાર તરફ જોતી હતી. છેવટે એક નિશ્વાસ મૂકી તે બોલી, "મ્હને લાગે છે કે, આજે કદાચ નહિ આવે!"

આ વખતે દાસીએ આવી ખબર આપી, "ચંદ્રકાન્ત શેઠ આવ્યા છે."

દાસીની પાછળ પાછળ ચંદ્રકાન્તે એ દિવાનખાનામાં પ્રવેશ કરી સહાસ્ય મુખે કહ્યું, "મ્હને અત્રે આવતાં વિલંબ થયો હોય એમ લાગે છે."

મોહિનીએ મ્હોં મલકાવી કહ્યું, "ના, ના, બેસો."

ચંદ્રકાન્ત એક આરામ ખુરસીમાં બેઠો. આજે મોહિનીનું મુખ તેને ગંભીર દેખાયું. થોડા વખત સુધી તે ચુપ બેસી રહી. પછી તેણે પૂછ્યું, "આજે તમારા મિત્ર સુંદરલાલ ક્યાં છે?"

ચંદ્રકાન્તે ઉત્તર આપ્યો, "ઘેર છે."

"તમારી બન્નેની મુલાકાત રોજ થાય છે કે?"

"હું મુંબાઇમાં હોઉં છું તો રોજ થાય છે. એ મ્હારો અભિન્ન હૃદય બંધુ છે."

"અભિન્ન હૃદય બંધુ! અફસોસની વાત છે. થાણામાં તેઓ જ્યારે ભણતા હતા ત્યારે તમે એમના પરિચયમાં આવ્યા હોત તો આજે શું કહેત એ હું કલ્પી શકતી નથી."

"ત્યાં તેણે શું કર્યું હતું?"

ટૂંકમાં હું એટલું જ કહું છું કે, એ વખતે એમનું ચારિત્ર્ય વખાણવા લાયક નહોતું."

ચંદ્રકાન્તે મોહિનીના મુખ તરફ જોઇ કહ્યું, "એણે શો

અપરાધ કર્યો હતો, એ જાણ્યા સિવાય હું એને કેવી રીતે દોષ દઇ શકું ?"

ચમકી ઉઠી મોહિનીએ પુછ્યું, "એમના અપરાધ સંબંધી તમે કાંઇ જાણતા નથી કે ?"

આ પ્રશ્ન સાંભળી ચંદ્રકાન્તે વિશેષ વિસ્મિત બની કહ્યું, "સુંદરે થાણામાં શું કર્યું હતું એ હું જાણતો નથી."

મોહિનીના ચેનચાળા જોઇ તે કાંઇ છુપાવવાનો પ્રયત્ન કરતી હોય એમ ચંદ્રકાન્તને લાગ્યું. સરળ હૃદયનો ચંદ્રકાન્ત મોહિનીની માયા સમજી શક્યો નહિ. વિસ્મિત ભાવથી તે મોહિનીના મુખ તરફ જોઈ રહ્યો. છેવટે વાતના પ્રવાહને ઉલટાવી નાખવાના હેતુથી તેણે કહ્યું, "કોઇની પણ કાળી બાજૂ આપણે શા માટે જોવી જોઇએ ?"

આ વખતે પોતાના વડિલભાઇના કબાટમાંથી મોહિનીના જે પત્રો તથા છબી મળી આવી હતી એ વાત ચંદ્રકાન્તને યાદ આવી. આજે એ સંબંધની પુછપરછ કરી અંદરનો ભેદ જાણવાનો નિશ્ચય કરી તે મોહિનીને ઘેર આવ્યો હતો; છતાં મોહિની પાસે આવ્યા પછી તે એ સંબંધી કાંઇ પૂછવાની હિમ્મત કરી શકતો નહોતો.

મોહિનીએ ચંદ્રકાન્તના પ્રિય મિત્ર વિરૂદ્ધ દોષારોપ કરવાથી એકાએક તેના હૃદયમાં હિમ્મત આવી. તેણે કહ્યું, "મોહિની, આજે તમને એક વાત પુછવાની મ્હારી ઇચ્છા છે."

મોહિનીએ મદભર નયનના કટાક્ષ ફેંકી ચંદ્રકાન્ત તરફ જોયું. ચંદ્રકાન્તે પુછ્યું, "મ્હારા મ્હોટાભાઇ સાથે તમારી ઓળખાણ હતી કે ?"

એકાએક મોહિનીનું મ્હોં સફેદ પુણી જેવું થઇ ગયું. આશ્ચર્યસૂચક સ્વરે તેણે કહ્યું, "એટલે ?"

"હું એમ કહેતો હતો કે, મ્હોટાભાઇ ઘણા દિવસથી પ્રવાસમાં હતા; તેમની સાથે તમારી મુલાકાત થઇ હતી કે ? એમનું ખૂન થયું છે."

"ખુન થયું છે ! તમારા મ્હોટાભાઇનું ખુન થયું છે ?"

"હા, હું એમ ધારતો હતો કે, તમે એ વાત સાંભળી

હશે."

"તાવની બીમારીથી તેમનું મૃત્યુ થયાની વાત મ્હેં સાંભળી હતી."

"ત્યારે તમે એમને ઓળખતાં હતાં કે ?"

"ના."

મોહિનીનું હૃદય આ વખતે જોરથી ધબકતું હતું. તે કોઇ પણ કારણથી પોતાના હૃદયને શાન્ત કરવાનો પ્રયત્ન કરે છે એમ ચંદ્રકાન્ત સમજી શકયો. ત્યારે તો મોહિની રજનીકાન્તને ચાહતી હોવી જોઇએ તથા તેમની બન્નેની વચ્ચે કાંઇ ગુપ્ત સંબંધ હોવો જોઇએ. આવા વિચારથી વ્યાકુળ બની ચંદ્રકાન્ત અસ્પષ્ટ સ્વરે બોલી ઉઠયો, "હું એમ ધારૂં છું કે, મ્હારા મ્હોટાભાઇ સાથે તમારી ઓળખાણ હતી!"

ક્ષણકાળમાંજ આત્મસંવરણ કરી મોહિનીએ કહ્યું, "તમે શા ઉપરથી આમ કહો છો ? તમારા મ્હોટાભાઇ સાથે મ્હારી ઓળખાણ થવાની સંભાવના શી છે ?"

આ પ્રશ્નના ઉત્તરમાં શું કહેવું એ ચંદ્રકાન્ત વિચારી શકયો નહિ. પોતાને છબી તથા પત્રો મળી આવ્યા હતા એ વાત મોહિનીને કહેવી ઉચિત હતી કે ? વળી ચુપ બેસી રહેવાથી મોહિની વિશેષ વિરકત થાય એવો સંભવ હતો. ચંદ્રકાન્તે કહ્યું, "જો કારણ ન હોત તો આ વાત હું તમને પૂછત નહિ."

"શું કારણ છે ?"

"ખાસ કારણ જેવું કાંઈ નથી; કેવળ મ્હારા મનની એવી ધારણા છે."

"મનની ધારણા છે ? બીજું કાંઇ નથી ?"

"બીજું શું હોઇ શકે ?"

મોહિનીએ મૃદુ મધુર હાસ્ય કરી કહ્યું, "આવી ધારણાની વાત મ્હેં કદાપિ સાંભળી નથી. મ્હારી સાથે એક પણ વખત મારે તમારા મ્હોટાભાઇની મુલાકાત થઇ નહોતી."

"હશે કદાચ, મ્હેં જે કાંઇ કહ્યું છે તેથી તમે માઠું લગાડશો નહિ."

મોહિનીએ હસીને કહ્યું, "મ્હારે લીધે તમે બીજાના ઉપર હિંસા કરવા માંડી હોય એમ લાગે છે.

ધબકતા હૃદયે ચંદ્રકાન્તે કહ્યું, "હિંસા શા માટે ન કરૂં? તમારા ઉપર મ્હારો કેટલો બધો પ્રેમ છે એ તમે જાણતાં નથી કે?"

મોહિનીએ ચંદ્રકાન્તના હૃદય ઉપર મસ્તક રાખી અસ્પષ્ટ સ્વરે કહ્યું, "ત્યારે મ્હારો તમારા ઉપર કેટલો બધો પ્રેમ છે એ તમે જાણતા નથી કે?"

ચંદ્રકાન્તે આવેશથી કહ્યું, "તમે મ્હારૂં જીવન સર્વસ્વ છો."

બન્ને જણાં ઘણા સમય સૂધી ચુપ રહ્યાં. પછી ધીમે ધીમે મોહિનીએ મસ્તક ઉંચું કરી કહ્યું, "જીવનાધિક! આપણું પ્રેમ-મિલન ચિરકાળ માટે દૃઢ થવામાં હવે કેટલા વખતનો વિલંબ છે?"

ચંદ્રકાન્તે વ્યગ્ર બની મોહિનીના કેશકલાપની એક લટને રમાડતાં કહ્યું "તમે જે દિવસે કહેશો તે દિવસે વિવાહ નક્કી કરવામાં આવશે."

"તમારાં સગાં સંબંધી આપણા વર્ણાંતર વિવાહમાં સંમતિ દર્શાવશે કે?"

"મ્હારાં સગાં સંબંધીમાં કોઇ નથી એમ કહું તો કાંઇ ખોટું નથી; છતાં જો કોઇ નારાજી દર્શાવશે તો તે તરફ હું ધ્યાન આપનાર નથી. હું ઉમ્મર લાયક છું; મ્હને કોણ કોઇ કહી શકે તેમ છે?"

"કોઇ પણ પ્રકારની ધામધુમ સિવાય વિવાહ થાય એવી મ્હારી ઇચ્છા છે."

"એમજ થશે. ધામધુમ કરવાની શી જરૂર છે? મ્હને કેવળ તમારી જરૂર છે; ધામધુમની જરૂર નથી."

"ધામધુમ કરવાથી લોક મરજી પડે તેમ બકે એવો સંભવ છે. સંસારમાં ઇર્ષ્યાળુ તથા નિંદાખોર માણસોની સંખ્યા વિશેષ છે."

"તમારૂં કહેવું અક્ષરેઅક્ષર ખરૂં છે."

"વળી મ્હારી બીજી એક ઇચ્છા છે."

"જે ઇચ્છા હોય તે કહો; તમારી ઇચ્છાને અવશ્ય માન આપવામાં આવશે."

"સત્યાનંદ આપણા સમાજના ઉપદેશક છે; વળી તેઓ આપણા સ્નેહી છે. તેઓજ આપણા શુભવિવાહના આચાર્ય થાય એમ હું ઇચ્છું છું."

"તમારી ઇચ્છા ઉત્તમ છે. સત્યાનંદ મહાત્મા પુરૂષ છે. આચાર્યનું કાર્ય તેઓજ બજાવશે."

"ત્યારે હવે વિલંબ—"

વચ્ચે જ ચંદ્રકાન્ત બોલી ઉઠયો, "વિલંબ કરવાની કાંઇ જરૂર નથી. કયો દિવસ નક્કી કરીશું ?"

"આવતો રવિવાર."

"ભલે."

"બહુ માણસોને નિમંત્રણ કરવાની જરૂર નથી."

"હું પણ એમજ ઇચ્છું છું."

"આ આનંદથી મ્હારૂં હૃદય વિહ્વળ બની ગયું છે. મ્હને થોડો વખત વિશ્રામ લેવા દો."

"બેલાશક લો. હું જાઉં છું. કાલેજ સઘળો બંદોબસ્ત કરી નાખીશ."

રાત્રે નવ વાગ્યે ચંદ્રકાન્ત પોતાને ઘેર ગયો. બેઠકખાનાની સ્હામેની દિવાલ ઉપર તેનાં માતા પિતાની ઑઇલ પેઇન્ટિંગ છબીઓ ટાંગેલી હતી. એ છબીઓ તરફ દૃષ્ટિ આકર્ષાતાં કોઇએ પોતાના હૃદય ઉપર બળપૂર્વક આઘાત કર્યો હોય એમ ચંદ્રકાન્તને લાગ્યું. કોઇ જાણે કે તેના કાનમાં ગર્જના કરી કહેતું હતું કે, "કુળાંગાર! તું શા માટે છતી આંખે આંધળો બની ખૂબસૂરતીના ખપ્પરનો ભોગ થઇ પડે છે ?"

ચંદ્રકાન્તનું માથું ભમવા લાગ્યું, લથડીઆ ખાતો ખાતો તે પોતાના શયનગૃહમાં ગયો. ત્યાં ઘણા વખત સુધી તે સ્તંભિત ભાવથી બેસી રહ્યો. પછી ધીમે ધીમે તેના મનમાં વડિલ ભાઇની વાત યાદ આવી. મોહિનીની છબી તથા પત્રો જોવામાં આવ્યા છતાં તે તેની સાથે વિવાહ કરવા તૈયાર થયો હતો !

આખી રાત ચંદ્રકાન્તના હૃદય સાથે મનનું યુધ્ધ ચાલ્યું. છેવટે હૃદયનો જય થયો

પ્રકરણ ૧૦ મું.

ખાનસાહેબ.

ખાનસાહેબની ઑફિસ અલગ હતી. એ ઑફિસમાં તેઓ પોતાના ધંધાને લગતા જરૂરી કાગળ પત્રો રાખતા હતા. તથા એ ઑફિસમાં બેસી તેઓ હાથમાં લીધેલા કેસની તપાસ તથા ચિંતા કર્યા કરતા હતા. આમ હોવા છતાં ખાનસાહેબે કોઇપણ કાર્યમાં વિશેષ સફળતા મેળવી હોય એમ લાગતું નહોતું. એમનો સ્વભાવ દુરાગ્રહી હતો. કોઇ ગંભીર બનાવ બનતાં તેઓ પોલીસ કમીશનર સાહેબને ગળે વળગતા હતા તથા દુરાગ્રહને વશ થઇ તપાસ ચલાવવા મંડી જતા. તપાસ કરવાની તેમની રીતમાં ઘણી નવીનતા હતી; એ નવીનતા જોઇ લોકને હસવું આવતું; છતાં ખાનસાહેબ એ વિદ્રૂપ હાસ્યને પોતાની પ્રશંસા તથા લોકપ્રિયતા સમજતા હતા.

આજે પોતાની ઑફિસમાં ચિંતાતુર ચિત્તે ખાનસાહેબ બેઠા હતા. તેમની સ્હામે ટેબલ ઉપર એક કાગળ પડેલો હતો. કાગળમાં નીચેની હકીકત લખેલી હતીઃ—

પોલિસ ઑફિસ.

કમીશનર સાહેબ તરફથી

ઇન્સ્પેક્ટર ખાનસાહેબ તરફ.

થાણા પોલિસ તરફથી ઇન્સ્પેક્ટર રઘુનાથરાવ સાથેનો પત્ર લઇ આવ્યા છે. એ પત્ર વાંચી તેમને જોઇતી હરેક પ્રકારની મદદ કરજો; એ વિષયમાં ગફલત ન થવી જોઇએ. ઘણું કરીને રજનીકાન્તના ખૂનના વિષયમાં પણ તેઓ તમને ઘણી મદદ કરી શકશે।"

આ પત્ર સાથે બીજો પત્ર નીચે પ્રમાણે હતોઃ—

થાણા પોલિસ ડિપાર્ટમેન્ટ.

મુંબઇના મેહેરબાન પોલિસ કમીશનર સાહેબ બહાદુર,

આ તરફના કેટલાક વિખ્યાત બદમાશો ખૂનામરકી, લૂંટફાટ,

ચોરી વગેરે કરવાના હેતુથી મુંબઇ તરફ ગયાની ખબર મળી છે. એમની જવાળાથી આ પ્રદેશ અસ્થિર થઇ ગયેલો હોવા છતાં હજી સુધી એ શ્વપતાની ટોળીને પકડવાના કાર્યમાં પોલિસને સફળતા મળી નથી. મુંબઇની બાહોશ પોલિસ બદમાશોને પકડવામાં સફળતા મેળવશે એવી અમને આશા છે. જો બદમાશોની ટોળી જલ્દી નહિ પકડાય તો તેમના ત્રાસથી મુંબઇ તથા તેની આસપાસ આવેલાં પરાંઓમાં રહેતી પ્રજાને ઘણું સહન કરવું પડશે. એ ટોળીનાં કપટ કારસ્થાનોની અમારા ઇન્સ્પેક્ટર રઘુનાથરાવને માહિતી હોવાથી તેમને આપના તરફ મોકલ્યા છે. તેઓ મુંબાઇની પોલીસને ઘણી મદદ કરી શકશે તથા મુંબાઇ પોલિસની મદદ મળતાં તેઓ બદમાશોની ટોળીને કેદ કરી શકશે એમ અમે ધારીએ છીએ.

રજનીકાન્ત આ તરફ ઘણા વખત સૂધી રહ્યા હતા તેથી તેમનું ખૂન આ ટોળીએ કર્યું હોય એ સંભવિત છે.

સેવક,
જોન મરે
ડિસ્ટ્રિક્ટ સુપ્રિન્ટેન્ડેન્ટ.

બે ત્રણ વખત આ બન્ને પત્ર વાંચ્યા પછી મુખ વિકૃત કરી ખાનસાહેબે કહ્યું, " વળી પાછો એક મૂર્ખ ચાલ્યો આવ્યો છે! એવા ગધેડાઓ સાથે કામ કરવાથી કાંઇ લાભ નથી."

આ વખતે નોકરે આવી કહ્યું, "એક મરાઠા ગૃહસ્થ આપને મળવા ઇચ્છે છે."

ખાનસાહેબે વિરક્તભાવથી કહ્યું, " લઇ આવ."

ઇન્સ્પેક્ટર રઘુનાથરાવે ઑફિસમાં પ્રવેશ કર્યો એટલે ખાનસાહેબે ખુરસી ઉપરથી ઉભા થઇ અતિ હાસ્યમુખે કહ્યું, "પધારો–પધારો. આપને જોઇ હું ઘણો ખુશી થયો છું."

ક્ષણ માત્રમાં હાવભાવ બદલી નાખવામાં ખાનસાહેબ ઘણા પ્રવીણ હતા. રઘુનાથરાવે ખાનસાહેબ સાથે હસ્તધુનન કરી બીજી એક ખુરસી ઉપર બેસી કહ્યું, " આપના જેવા ચાલાક માણસની સાથે કામ કરવાનો મ્હને જે પ્રસંગ પ્રાપ્ત થયો છે તેને હું

મ્હારૂં સૌભાગ્ય સમજું છું."

"એમાં સંદેહ જેવું શું છે?" ખુશામતથી ખુશ થઇ ખાનસાહેબે કહ્યું, "હવે આપણે આપણા કામની વાત કરીએ."

રઘુનાથરાવે કહ્યું, "પ્રવાસથી કંટાળી ગયેલો હોવાથી આજે હું આરામ લેવા ઇચ્છું છું."

"ભલે તેમ કરો. ક્યાં ઉતર્યા છો?"

"ગિરગામમાં મ્હારા એક સંબંધી રહેતા હોઇ તેમને ઘેર ઉતર્યો છું. હું રજા લઉં છું. કાલે પાછો આપને મળીશ."

"ભલે."

રઘુનાથરાવ વિદાય થયો. ખાનસાહેબ પોતાના મન સાથે બબડવા લાગ્યા, "આ માણસને મ્હેં કોઇ સ્થળે જોયો હોય એમ લાગે છે; પરંતુ ક્યાં જોયો છે એ યાદ આવતું નથી."

આ વખતે ખાનસાહેબના હમ્મેશાંના સોબતી જેવા વૃધ્ધ નોકરે આવી કહ્યું, "હજુર! એ ઇશ્વરલાલ જેવા ચ્હેરાનો માણસ હતો કેમ?"

ખાનસાહેબે આશ્ચર્ય પામી કહ્યું, "તમે કયા ઇશ્વરલાલની વાત કરો છો?"

"જેને લૂંટફાટ કરવાના ગુન્હા બદલ આપે પકડયો હતો તેની અદાલતમાં એની સાથે મ્હેં વાતચિત કરી હતી."

"ના ના, ત્હારૂં ભેજું ગુમ થઇ ગયું છે." ખાનસાહેબે આ શબ્દો ઉચ્ચાર્યા; પણ તેમનું મુખ ગંભીર બની ગયું.



પ્રકરણ ૧૧ મું.

સાધુ કે શયતાન?

હવે આપણે પાછું કામાટીપુરાની પેલી એક ઓરડીમાં જવાનું છે. આજે એ ઓરડીમાં છબિલદાસ નહોતો. તેને બદલે બીજા એક માણસની સાથે બિહારીલાલ મૃદુ સ્વરે વાતચિત કરતો હતો.

એ નવીન માણસની ઉમ્મર ચાળીસેક વર્ષ હતી. એનું શરીર ઘણું દુર્બળ હતું, બન્ને આંખો ઉતરી ગઇ હતી. મુખ ઉપર ચિંતાની છાયા છવાયલી હતી. શરીર ઉપર તેણે ભગવા રંગનું પહેરણ પહેર્યું હતું. શરીરનો ઢીંચણ સૂધીનો ભાગ એ પહેરણ નીચે ઢંકાયલો હતો.

એ ભગવાધારી માણસે કહ્યું, "જો બધી વાત જાહિર થઇ જશે તો મ્હારી કેવી સ્થિતિ થશે એ વિષયનો વિચાર કરી જોયો છે કે?"

બિહારીલાલ બોલ્યો, "રામ રામ કરો. હું ખાત્રીપૂર્વક કહું છું કે, એ વાત જાહિર થવાનો બિલ્કુલ સંભવ નથી. વળી તમારે શા માટે ભય રાખવો જોઇએ? તમારા ઉપર કોઇ સંદેહ લાવશે નહિ, તમે તો પરમ નિષ્ઠાવાન ધર્મપ્રચારક છો."

"અતિ વિશ્વાસનું પરિણામ ભાગ્યે જ સારૂં આવે છે. ચંદ્રકાન્તના મનમાં મ્હારે માટે સંદેહ ઉપજે એ હું પસંદ કરતો નથી. મ્હને લાગે છે કે, તેના મનમાં સંદેહનો સંચાર થઇ ચુક્યો છે."

"તમે મૂર્ખ માણસના જેવી વાત કરો છો. ચંદ્રકાન્તના મનમાં તમારે માટે સંદેહ ઉપજે એ અશક્ય છે. એ તો માયાવિની મોહિનીના ખૂબસૂરત ખપ્પરનો શીકાર થઇ પડયો છે. વળી એ જો કાંઇ બદમાશી કરશે તો એને ફાંસીને લાકડે મોકલવામાં કયાં વાર લાગે તેમ છે?"

આ ભગવાધારી માણસ પાઠકોનો પૂર્વ પરિચિત ધર્મ-

પ્રચારક સત્યાનંદ હતો.

સત્યાનંદે કહ્યું, "પોલિસ ચંદ્રકાન્તને કાંઇ કરી શકી નથી."

બિહારીલાલે મુખ વિકૃત કરી કહ્યું, "પોલિસને ચોરીમેરી મળે એટલે તે ખુનની વાત દબાવી દે એમાં કાંઇ નવાઇ જેવું નથી, છતાં ખૂબસુરતીના ખપ્પરની શક્તિ તમારાથી અજાણી છે કે, હવે નકામી વાતમાં વખત ગુમાવવાથી કાંઇ લાભ નથી."

"અને સુંદરલાલ—

"એનું મ્હોં પણ મોહિનીએ બંધ કરી દીધું છે."

સત્યાનંદે એક વખત ઉંચી નજર કરી કહ્યું, "તમે ગમે તેમ કહો; પણ મ્હને લક્ષણ સારાં જણાતાં નથી."

બિહારીલાલ બોલી ઉઠયો, "તમે ગધેડા હોવાથી કાંઇ સમજી શકતા નથી. આજ સુધીમાં જે જે કામમાં તમે અમારી સાથે ભળ્યા છો તે તે કામમાં ભાગ તરીકે તમને સરખો હિસ્સો નથી મળ્યો કે?"

સત્યાનંદે વિષણ્ણ સ્વરે કહ્યું, "મ્હારાથી એ વાતની ના કેમ કહી શકાય? આ કામમાં મ્હને શું મળશે?"

"એ વાત પછીથી થશે. હમણાં તમારે સો બસો રૂપિયા આપવા પડશે. અમારે સારાં કપડાં લતાં પહેરવાની જરૂર છે."

"બસો રૂપિયા હું કયાંથી લાવું?"

બિહારીલાલે લાલચોળ આંખો કરી કહ્યું, "આવી લુચ્ચાઇ અમારી આગળ ચાલવાની નથી. એ બધા ઢોંગ સમાજમાં જઇ કરજો, અમારા કહેવા પ્રમાણે તમે નહિ કરો તો હું તથા મોહિની તમને શું કરી શકીએ તેમ છીએ એ ભૂલી ગયા છો કે?"

સત્યાનંદે નિરાશ બની જઇ કહ્યું, "ભાગ્ય યોગથી હું તમારો બન્નેનો ગુલામ થયેલો છું. તમે કહો તેમ કરવા હું બંધાયલો છું."

"વળી તમને તમારા કામનું ઇનામ નથી મળતું કે?"

"મળે છે."

"થયું ત્યારે કાલે રાત્રે રૂપિઆ લઇ આવજો. પછી તમારે અમારી સાથે આવવાનું છે."

"ક્યાં ?"

"નાશિક તરફ-કાલે રાત્રે બરાબર આ વખતે આવજો."

આટલી વાતચીત થયા પછી સત્યાનંદ ચાલ્યો ગયો. બિહારીલાલે ઓરડીનાં દ્વાર બંધ કરી દીધાં.

સત્યાનંદ ઝડપથી રાજમાર્ગ ઉપર ચાલ્યો જતો હતો એવામાં કોઇએ એકાએક પાછળથી આવી તેના ખભા ઉપર હાથ મૂક્યો. ચમકીને સત્યાનંદે પાછળ જોયું તો એક હિંદુ યુવક તેની નજરે પડયો. એ યુવકે કહ્યું, "મહારાજ ! મ્હારી ભૂલ થઇ છે. મ્હેં એમ ધાર્યું હતું કે, મ્હારા ગુરૂદેવ જાય છે."

આમ કહી એ યુવક ઝડપથી નજીક આવેલી એક ગલીની અંદર ગુમ થઇ ગયો.

સત્યાનંદ સ્તંભિત બની ઉભો રહ્યો. મૃદુસ્વરે તેણે કહ્યું, "એ ઇશ્વરલાલ જેવો લાગે છે. એ જેલમાંથી ક્યારે છુટયો ?"

નજીકમાંજ બીજો એક માણસ ઉભો હતો તે તરફ સત્યાનંદનું ધ્યાન ન હોતું. સત્યાનંદના મુખમાંથી નીકળેલા શબ્દો સાંભળી એ માણસે કહ્યું, "એ ઇશ્વરલાલ હોય એમજ લાગે છે."

સત્યાનંદે ચમકી ઉડી આસપાસ જોયું, પરંતુ પેલો માણસ તે પહેલાં ત્યાંથી પલાયન કરી ગયો હતો. સત્યાનંદને ઘણો ભય લાગ્યો. તત્કાળ તે એ સ્થળેથી ઝડપથી ચાલવા લાગ્યો. એક માણસ દૂર રહી તેનું અનુસરણ કરતો હતો એ વાત તે જાણી શક્યો નહિ.



પ્રકરણ ૧૨ મું.

સંદેહનો સંચાર અને પ્રેમમાં તકરાર.

"એક બાઇ ગાડી લઇ તમને મળવા આવ્યાં છે."

"એ બાઇ કોણ છે?"

ચંદ્રકાન્ત સુસજ્જિત દિવાનખાનામાં બેસી ભવિષ્યના સુખની કલ્પનાઓ કરવામાં લીન બની ગયો હતો. મોહિની સંબંધીના વિચાર ક્ષણકાળ માટે પણ તેના અંતઃકરણમાંથી દૂર થતા નહતા. એવામાં તેના નોકર મહાદેવે તેને ઉપરોક્ત સમાચાર કહ્યા તથા પોતાને કયી સ્ત્રી મળવા આવી હશે એ કલ્પી નહિ શકાવાથી તેણે 'એ બાઇ કોણ છે?' એવો મહાદેવને પ્રશ્ન કર્યો.

"હું એમને ઓળખતો નથી; તેઓ તમને મળવા ઇચ્છે છે." મહાદેવે ઉત્તર આપ્યો.

"ઠીક, એમને સન્માન આપી અહીં લઇ આવ." ચંદ્રકાન્તે કહ્યું.

નોકર ચાલ્યો ગયો એટલે ચંદ્રકાન્તે પોતાના મન સાથે કહ્યું, "આવનાર સ્ત્રી મોહિની તો નહિ હોય?! ના–ના, બીજી કોઇ સ્ત્રી હોવી જોઇએ."

વિના વિલંબે નોકર એક નવોઢાને એ બેઠકખાના આગળ મુકી ગયો. એ નવોઢા સુલોચના હતી. તેને જોઇ અત્યંત આશ્ચર્ય પામી ઉઠી ઉભા થઇ જઇ ચંદ્રકાન્તે કહ્યું, "સુલોચના! તમે અહીં ક્યાંથી?"

સુલોચનાએ દિવાનખાનામાં પ્રવેશ કરી કંપતા કંઠે કહ્યું, "હા, હું સુલોચનાજ છું. ચંદ્રકાન્ત! હું સારી રીતે જાણું છું કે, આવી રીતે હું એકલી અહીં આવી છું એ મ્હેં સારૂં કર્યું નથી. મ્હારે ના છુટકે તમારી પાસે આવવું પડ્યું છે. હું તમને એક જરૂરી વાત કહેવા ઇચ્છું છું."

ચંદ્રકાન્તે અતિ સ્નેહપૂર્ણ સ્વરે કહ્યું, "તમે અહીં આવ્યાં છો તેથી હું ઘણો આનંદિત થયો છું. હું તમારો સ્નેહી છું;

તમને હું મ્હારાં ભગિની જેવાં સમજું છું. બ્હેન ભાઈને ઘેર આવે એમાં ખોટું શું છે? આવો, આ ખુરસી ઉપર બેસો."

સુલોચના પ્રથમ શરમાવા લાગી. એકાદ વખત તેણે દ્વાર તરફ જોયું. એનો ભાવ સમજી જઈ ચંદ્રકાન્તે કહ્યું, "તમે નિર્ભય રહો; અહીં કોઈ આવશે નહિ. તમને મ્હારે યાં આવેલાં જાણી સુંદરલાલ વિરક્ત નહિ થાય એમ હું ખત્રીપૂર્વક કહી શકું છું. આ ખુરસી ઉપર બેસો."

ચંદ્રકાન્તે સુલોચનાનો હાથ પકડી તેને એક ખુરસી ઉપર બેસાડી. પછી તેને આશ્વાસન આપવાના ઉદ્દેશથી ચંદ્રકાન્તે કહ્યું, "કાંઈ મહત્વનો બનાવ બન્યા સિવાય આવી રીતે તમે એકલાં મ્હારી પાસે આવો કે કેમ એ સંદેહયુક્ત પ્રશ્ન છે. સુલોચના! શું બન્યું છે? તમે તમારા મનની વાત કહી મ્હારા ચિત્તની અધીરતા દૂર કરો."

સુલોચના ચુપકીદી ધારણ કરી નીચું જોઈ બેસી રહી. ચંદ્રકાન્તે કહ્યું, "જે કાંઈ બન્યું હોય તે જલ્દી કહો."

સુલોચનાએ નીચું જોઈ રહી કંપતા કંઠે કહ્યું, "મ્હારી વાત સાંભળી તમે ક્રોધ તો નહિ કરોને?"

"ક્રોધ શા માટે કરૂં? તમારા ઉપર ગમે એવા સંયોગોમાં પણ હું ક્રોધ કરૂં તેમ નથી."

"હું અહીં આવી છું એ વાત તમે કોઈને કહેશો નહિ." સુલોચનાએ ગંભીર ભાવ ધારણ કરી કહ્યું.

"એ માટે તમે નિશ્ચિંત રહો; એ વાત હું કોઈને કહીશ નહિ."

"એક માણસ સંબંધીની વાત હું તમને કહેવા ઇચ્છું છું."

"કયા માણસ સંબંધી?"

"મોહિની સંબંધી."

ચંદ્રકાન્તે અત્યંત આશ્ચર્યચકિત બની કહ્યું, "મોહિની સંબંધી?!" આટલું બોલતાં ચંદ્રકાન્તનું મ્હોં ગંભીર બની ગયું. પછી ઘણા ધીમા અવાજે તેણે કહ્યું, "મોહિની સાથે મ્હારો વિવાહ નક્કી થયો એ વાત તમને તથા સુંદરલાલને કહેવાનો

હજી મ્હને અવકાશ મળ્યો નથી."

સુલોચનાના રૂંધાઇ ગયેલા કંઠે બોલી, "વિવાહ નક્કી થઇ ગયો છે ? !"

કાંઇ સમજી નહિ શકાવાથી ચંદ્રકાન્ત દિંગ્મૂઢ બની ઘણા સમય સુધી સુલોચનાના મુખ તરફ જોઇ રહ્યો. તેના વિવાહમાં સુલોચના આવો ભાવ કેમ દર્શાવતી હશે એ તે વિચારી શક્યો નહિ.

સુલોચના પણ ચુપકીદી ધારણ કરી નીચું જોઇ બેસી રહી હતી. ચંદ્રકાન્તે મૃદુ કંઠે કહ્યું, "મ્હારી સાથે મોહિનીનો વિવાહ થાય એ તમને પસંદ નથી કે ? હું વિવાહ કરૂં તેથી તમને સુખ નહિ થાય કે ?"

સુલોચનાએ સંકોચાતાં કહ્યું. "પરંતુ તમે સુંદરલાલની વાત સાંભળી નથી—"

વચ્ચેજ ચંદ્રકાન્ત બોલી ઉઠયો,—"મોહિની વિરૂધ્ધ તેણે અમુક હકીકત કહી હતી ખરી; પરંતુ મ્હને એમાં વિશેષ મહત્વ જણાયું નથી."

"હું પણ એટલા માટેજ આવી છું; સુંદરલાલ કહે છે કે–"

સુલોચનાને બોલતી અટકાવી ચંદ્રકાન્તે પુછ્યું, "શું કહે છે ? જો બીજા કોઇ માણસે મ્હારી આગળ મોહિની વિરૂધ્ધની વાત કાઢી હોત તો હું સાંભળત નહિ; પરંતુ તમારી વાત અલગ છે; સુંદરલાલ શું કહે છે ?"

"એ વાત કોઇને નહિ કહેવાની કબૂલાત કરો."

"કબૂલાત કરૂં છું; પછી કાંઇ ?"

"એક દિવસે સુંદરલાલ સાથે મોહિની સંબંધીની વાત થઇ હતી. એ વખતે સુંદરલાલે એમ કહ્યું હતું કે, ચંદ્રકાન્ત જો મોહિની સંબંધીની સઘળી હકીકત જાણતો હોત તો તેને કાળી નાગણ સમજી તેનાથી દૂર ભાગત. જે કોઇ એ જીવતી ચુડેલના ચક્કરમાં અગર તેની ખૂબસૂરતીના ખપ્પરમાં સપડાય છે તેના સર્વસ્વનો નાશ થાય છે !"

ચંદ્રકાન્ત વ્યાકુળતાથી બીજી દિશા તરફ જોઇ ગંભીર

ભાવથી બોલ્યો, "સુલોચના! એજ વાત મ્હને કહેવા માટે તમે આવ્યાં છો કે?"

સુલોચનાએ અત્યંત વ્યગ્રભાવથી કહ્યું, "હા, જાણી જોઇ તમે સંકટમાં સપડાઓ એ ઠીક નથી."

ચંદ્રકાન્તે મૃદુ હાસ્ય કરી કહ્યું, "સુલોચના! તમારો ભય અસ્થાને છે. મોહિની સાથે લગ્ન કરવાથી હું સંકટમાં સપડાઉં એવો લેશ પણ સંભવ નથી."

સુલોચનાએ ભાર દઇને કહ્યું, "તમે કાંઇ જાણતા નથી." સુંદરલાલ મોહિનીના જીવનના ગુપ્ત ભેદથી માહિતગાર હોય એમ લાગે છે. કાલે મોહિની અમારે ઘેર આવી હતી."

"મોહિની તમારે ઘેર આવી હતી?" વિચારમાં પડી જઇ ચંદ્રકાન્તે પુછયું.

"હા, સુંદરલાલ સાથે તેણે બેઠકખાનામાં એકાંતમાં મુલાકાત કરી હતી; એ વખતે બન્ને વચ્ચે કાંઇ તકરાર થઇ હતી. હું પાસેના ખંડમાં હતી."

ચંદ્રકાન્તે આસન ઉપરથી ઉભા થઇ પૂછ્યું, "મોહિની શા હેતુથી સુંદરલાલને મળવા આવી હતી?"

"એ સંબંધી હું કાંઇ જાણતી નથી. તેમની બન્નેની વચ્ચે કાંઇ તકરાર થઈ હતી. એમની વાતચિત હું બરાબર સાંભળી શકી નહોતી. મોહિની સુંદરલાલને કાંઇ કરવા કહેતી હતી; પરંતુ સુંદરલાલ તેનું કહ્યું કરવાની ના પાડતા હતા. સુંદરલાલે વિચાર કરવા માટે વખત લીધો હોય એમ લાગે છે; કારણ કે, આજે મોહિની ફરી આવનાર છે?"

"ફરીથી ક્યારે આવનાર છે?"

"સ્ટાન્ડર્ડ ચાર વાગ્યે."

ચંદ્રકાન્તે ઘડીઆળ જોઇ કહ્યું, "હમણાં એક વાગ્યો છે. બરાબર ચાર વાગે હું પણ સુંદરલાલને ઘેર આવીશ. મોહિની તથા સુંદરલાલ વચ્ચે જે વાતચિત થાય તે સાંભળવા હું ઇચ્છું છું."

"ત્યારે હું હવે રજા લઉં છું." આમ કહી સુલોચના

ધીમે ધીમે ચાલી ગઇ.

ચંદ્રકાન્તે સુલોચનાને મુખે જે વાતચિત સાંભળી હતી તેથી તેના ક્રોધનો પાર રહ્યો નહોતો. તે છંછેડાયલા સિંહની માફક એ દિવાનખાનામાં આંટા મારવા લાગ્યો. બરાબર સાડાત્રણ વાગ્યે તે સુંદરલાલના ઘર તરફ વિદાય થયો.

સુંદરલાલને ઘેર ચંદ્રકાન્ત ઇચ્છામાં આવે ત્યારે જઇ શકતો હતો. ચંદ્રકાન્તે ગાડીમાંથી ઉતરી સુંદરલાલના ઘરમાં પ્રવેશ કર્યો એટલે ઘરના બે નોકરો કાંઇ ઘુસપુસ કરવા લાગ્યા. હિમ્મત લાવી મ્હોં ખોલી તેઓ કાંઇ કહી શકયા નહિ. ચંદ્રકાન્ત ઘરમાં પ્રવેશ કરી બારોબાર સુંદરલાલના બેઠકખાના તરફ ગયો. તથા બેઠકખાનાનાં દ્વાર બંધ જણાયાં. ઠેલવામાં આવતાં એ દ્વાર ખુલી ગયાં. ચંદ્રકાન્તે અંદર પ્રવેશ કરી કહ્યું, "ભાઇ સુંદરલાલ! આ વખતે તુ ખાનગી વાત કરવામાં ગુંથાયો છે એવી જો મ્હને ખબર હોત તો હું અહીં આવી તને વિક્ષેપ કરત નહિ!"

ઝેરી તીરની માફક ચંદ્રકાન્તના મુખમાંથી આ શબ્દ નીકળી પડયા. મોહિની આસનનો ત્યાગ કરી ઉઠી ઉભી થઇ ગઇ; અવરૂધ્ધ કંઠે તેણે કહ્યું, "ચંદ્રકાન્ત! આ વખતે તમે અહીં કયાંથી?"

ચંદ્રકાન્તે કઠોર વિકટ હાસ્ય કરી કહ્યું, "કોણ? મોહિની. સુંદરી કે? અત્યાર સુધી હું તમને જોઇ શકયો નહોતો! મ્હેં અહીં આવી તમને કંટાળો આપ્યો છે એ માટે હું ખરેખર દિલગીર છું."

એ પ્રકાર ગંભીર રૂપ ધારણ કરે નહિ એવા હેતુથી સુંદરલાલે સ્વાભાવિક સ્વરે કહ્યું, "ચંદ્રકાન્ત! ત્હારી સમજ ફેર થાય છે; ત્હારા આવવાથી અમને શા માટે વિક્ષેપ કિંવા કંટાળો ઉપજે?"

"તને કદાચ વિક્ષેપ નહિ ઉપજ્યો હોય. મોહિની મ્હારી ભાવી સ્ત્રી છે, મ્હને કાંઈ કહ્યા સિવાય તે શા કારણથી અહીં આવ્યા છે એ પૂછવાનો મ્હને અધિકાર છે એમ હું ધારૂં છું."

મોહિનીએ હસીને કહ્યું, " સઘળા પુરૂષો સરખા છે! પુરૂષ જાતિને સામાન્ય કારણથી ક્રોધ ઉપજે છે. ચંદ્રકાન્ત! સુંદરલાલ સાથે મ્હારો ઘણા દિવસથી પરિચય હોવાથી હું એક વખત તેમને મળવા માટે આવી છું."

ચંદ્રકાન્તે ઘણા કઠોર સ્વરે કહ્યું, " તમે બન્ને પ્રેમિક પ્રેમિકાની માફક ગુપચુપ શી વાતચિત કરતાં હતાં ?"

મોહિનીની આંખોમાં જાણે કે પાણી ભરાઇ આવ્યું. દુઃખિત કંઠે તેણે કહ્યું, " વિના કારણ તમે મ્હારા ઉપર શા માટે દોષારોપ મૂકો છો ? મ્હારી નિર્દોષતા સંબંધી તમને સંદેહ હોય તો તમે તમારા મિત્રને સઘળી વાત પૂછી જુઓ."

આમ કહી ભીષણ દૃષ્ટિથી મોહિનીએ એક વખત સુંદરલાલના મ્હોં તરફ જોયું. સુંદરલાલ એ દૃષ્ટિનો અર્થ સમજી શકયો. તે ઝડપથી બોલી ઉઠયો, " ચંદ્રકાન્ત! તું અન્યાય કરે છે. હું થાણામાં અભ્યાસ કરતો હતો ત્યારથી મોહિનીને ઓળખું છું. હું ચોખ્ખા શબ્દોમાં તને કહું છું કે અમારી બન્નેની વચ્ચે કોઇ પણ ત્રકારનો આડો સંબંધ નથી.

ક્રોધની અતિશય ઉત્તેજનાથી ચંદ્રકાન્તનું મ્હોં લાલચોળ બની ગયું હતું. ગર્જના જેવા અવાજથી તે બોલી ઉઠયો, "એ વાત ઉપર હું વિશ્વાસ મૂકી શકતો નથી. તમે બન્ને મ્હને છેતરતાં હો એમજ હું માનું છું."

મોહિનીએ ગંભીર સ્વરે કહ્યું, "તમારી આ માન્યતા તદ્દન ખોટી છે."

ચંદ્રકાન્તે ક્રોધપૂર્ણ સ્વરે કહ્યું, " ના–ના, મ્હારી માન્યતા ખરી છે; તમારી બન્નેની વાત હું ખરી માનતો નથી. તમે બન્ને એક બીજાના પ્રેમમાં પડેલાં છો."

મોહિની ગર્જના કરી બોલી ઉઠી, "આ હડહડતી જુઠી વાત છે."

" હજી પણ કહું છું કે, હું તમારી વાત સાચી માનતો નથી. તમે બન્ને જણાં અસત્યવાદી છો."

" જો તમારો સંદેહ દૂર ન થતો હોય તો હું અહીંથી વિદાય થાઉં છું. તમારા જેવા વહેમી માણસ સાથે હું વિશેષ વાત કરવા ઇચ્છતી નથી." આમ કહી મોહિની સમ્રાજ્ઞીની માફક

ધીમાં પગલાં ભરતી એ સ્થળેથી ચાલી ગઈ બીજીજ ક્ષણે તેની મોટરના ભુંગળાંનો અવાજ સંભળાયો.

સુંદરલાલ નીચું જોઇ ઉભો રહ્યો હતો; પણ ચંદ્રકાન્ત વાઘના જેવી સળગતી આંખોએ તેના તરફ જોઇ રહ્યો હતો. અંતે તેણે કહ્યું, "સુંદરલાલ ! તું શું કહેવા માગે છે ?"

"કાંઇજ નહિ." વિરક્ત ભાવથી સુંદરલાલે કહ્યું.

"ત્હારા આવા ઉત્તરથી મ્હારા મનનું સમાધાન થઇ શકે તેમ નથી."

"ચંદ્રકાન્ત ! તું જાણે છે; છતાં એની એ વાત શા માટે મ્હને પુછે છે ? મોહિની સંબંધી હું તને કાંઇ કહી શકું તેમ નથી; હું નિરૂપાય છું."

"જાણી જોઇ તું મ્હારો સદેહ વધારે એ વ્યાજબી નથી."

"પરંતુ ગમે એવા સંયોગોમાં મોહિની સંબંધી મ્હારાથી તને કાંઇ કહી શકાય એમ નથી."

"તું મોહિનીને ચાહે છે ?"

સુંદરલાલે વિકટ સ્વરે કહ્યું, "હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, મ્હારા અંતઃકરણથી હું મોહિનીને ધિક્કારૂં છું. એના સંબંધી મ્હારો વિચાર કેવો છે એ હું પ્રથમથી તને કહી ચુકયો છું."

"હજી પણ તું એનીજ વાત કહે છે ?"

"હા."

ચંદ્રકાન્ત ચુપ રહ્યો. થોડા સમય પછી આત્મસંવરણ કરી તેણે કહ્યું, "ભાઇ! એકાએક અકળાઇ જઇ મ્હેં ઘણો અન્યાય કર્યો છે તું માઠું લગાડીશ નહિ. હું એમ જાણી શકયો છું કે, મોહિની સંબંધી તું ઘણી હકીકત જાણે છે. મોહિની ત્હારી પાસે શા માટે આવી હતી ?"

સુંદરલાલે થોડા સમય સુધી વિચારમગ્ન રહ્યા પછી કહ્યું, "ભાઇ ચંદ્રકાન્ત! તુ મ્હારો બાલ્યબંધુ છે. હું તને અભિન્ન હૃદય સ્નેહી સમજતો હોવા છતાં ત્હેં જે પ્રશ્ન પૂછયો છે એ પ્રશ્નનો ઉત્તર હું આપી શકું તેમ નથી. જો એ ગુપ્ત હકીકત કહી શકાય એમ હોત તો મ્હેં ઘણા દિવસ અગાઉથી તને કહી

હોત. એ સંબંધી તું મ્હને વિશેષ પૂછપરછ કરીશ નહિ. તું કેવળ એટલું જાણી રાખ કે, હું મોહિનીને ચાહતો નથી—"

"મ્હારા મ્હોટાભાઇ સાથે મોહિનીની પિછાન હતી એ તું જાણે છે?" ચંદ્રકાન્તે પૂછ્યું.

આશ્ચર્ય પામી સુંદરલાલ બોલી ઉઠયો, "ત્યારે એ વાત તું પણ જાણે છે કે?'

"ના, હમણાં મ્હેં એવી વાત સાંભળી છે."

"કોણે તને એ વાત કહી છે?"

"એ જાણવાથી તને શો લાભ છે? વાત ખરી છે કે ખોટી એટલુંજ હું જાણવા માગું છું."

"એ સંબંધી હું શું જાણું? હું કાંઇ જાણતો નથી."

"તું ખોટું બોલે છે."

"હું કદાચ જાણતો હોઉં તો પણ કાંઇ કહી શકું તેમ નથી."

ચંદ્રકાન્ત ચુપ થઇ ગયો. ઘણા સમય સુધી તે ચુપકીદીથી ઉભો રહ્યો. પછી તેણે કહ્યું, "હું જાણું છું. આપણી મિત્રતામાં કાંઇ હરકત નહિ આવે."

સુંદરલાલે ચંદ્રકાન્તનો હાથ પકડી કહ્યું, "ભાઇ! ત્હારૂં અંતઃકરણ મ્હારાથી અજાણ્યું નથી."

થોડા સમય સુધી બંનેએ આડી અવળી વાતચિત કરી. પછી ચંદ્રકાન્ત ઘર તરફ વિદાય થયો.

ચંદ્રકાન્ત ઘેર ગયો એટલે નોકરે તેના હાથમાં એક પત્ર મૂકયો. ચંદ્રકાન્ત મોહિનીના હસ્તાક્ષર ઓળખી કંપી ઉઠયો.

પ્રથમ તો પત્ર નહ ખોલવાનો તેણે વિચાર કર્યો. ઘણા સમય સુધી વિચારમગ્ન રહ્યા પછી તેણે પત્ર ખોલી વાંચ્યો.

"જ્યારે તમને મ્હારે માટે સંદેહ ઉપજ્યો છે ત્યારે હવે મ્હેં મુંબઇથી વિદાય થઇ જવાનો નિશ્ચય કર્યો છે. જો કદાચ પત્ર લખવાની ઇચ્છા થાય તો પુના કેમ્પને શિરનામે લખજો, જેથી મ્હને મળી શકશે."

ચંદ્રકાન્તે એ પત્રના કડકા કરી નાખ્યા; છતાં તેનું મન સંતુષ્ટ થયું નહિ, દીવાસળી સળગાવી તેણે એ કડકા બાળી નાખ્યા.

પ્રકરણ ૧૩ મું.

ટ્રેઇનમાં ત્રિપુટીનું તરકટ

નાશિકમાં એક વિસ્તૃત ધર્મશાળા હોઇ એમાં રાતદિવસ ઘણા ઉતારૂઓની આવજા રહેતી હતી. જે દિવસે સુંદરલાલને ત્યાં ચંદ્રકાન્ત અને સુંદરલાલ વચ્ચે વિવાદ થવાની તૈયારી હતી તેજ દિવસે આપણા કેટલાક પરિચિત માણસો નાશિકની ઉપરોક્ત ધર્મશાળામાં એકઠા થયા હતા. એ માણસોમાં એક છબિલદાસ, બીજો બિહારીલાલ અને ત્રીજો સત્યાનંદ હતો.

સત્યાનંદે પોતાનો ભગવા રંગનો પહેરવેશ કાયમ રાખ્યો હતો; પરંતુ છબિલદાસ તથા બિહારીલાલનો પહેલાંનો મલિન વેશ બદલાઇ ગયો હતો. બિહારીલાલે વૃધ્ધ મારવાડીનો વેશ ધારણ કર્યો હતો ત્યારે છબિલદાસનો વેશ એક ગુજરાતી મોજીલા જવાનને છાજે એવો હતો. એના પોષાકના ઠાઠમાઠથી તે લક્ષ્મીનો વરપુત્ર હોય એવો અજાણ્યા માણસને ભાસ થવાનો સંપૂર્ણ સંભવ હતો. સત્યાનંદે આ વખતે વધારામાં પોતાની પાસે એક મ્હોટો ચીપીઓ રાખ્યો હતો!

એ ત્રિપુટી એકજ દિવસે એક સમયે ધર્મશાળામાં એકઠી થઇ નહોતી. ત્રણે જણા જૂદા જૂદા દિવસે ધર્મશાળામાં ગયા હતા. વળી તેઓ એકબીજાથી તદ્દન અજાણ્યા હોય એવા ભાવથી ધર્મશાળામાં રહેતા હતા. ધર્મશાળામાંજ તેમની પહેલવહેલી ઓળખાણ થઇ હોય એવી રીતે તેઓ વર્તતા હતા.

અમે જે દિવસની વાત લખીએ છીએ તે દિવસે બીજાં પણ ઘણાં મુસાફરો એ ધર્મશાળામાં ઉતરેલાં હતાં; આમ છતાં એ મુસાફરોમાંના ત્ર્યંબકલાલ નામક મુસાફર સાથે છબિલદાસ, બિહારીલાલ અને સત્યાનંદ વિશેષ હળીમળી ગયા હતા. ધર્મશાળાની અંદર એવું બંધુત્વ સહેલાઇથી થઇ શકે છે.

છબિલદાસ અને ત્ર્યંબકલાલ એકબીજાની સાથે વાતચિત કરતા બેઠા હતા. છબિલદાસે કહ્યું, "હવે મ્હને અહીં રહેવું

ગમતું નથી. આજે રાત્રેજ અહીંથી કલ્યાણ તરફ ઉપડી જવાનો મ્હારો વિચાર છે. જુદાં જુદાં સ્થળો જોવાના હેતુથી હું બ્હાર નીકળેલો હોવાથી એકજ સ્થળે પડી રહેવું મ્હને ગમતું નથી. તમારા જેવા સ્નેહી મળી આવેલા હોવાથીજ હું અહીં આટલા દિવસ સુધી રહી શક્યો છું."

ત્ર્યંબકલાલે કહ્યું, "હું પણ આજ રાત્રે કલ્યાણ તરફ રવાના થનાર છું. મ્હારા શેઠે ત્યાં રૂપિયા મોકલ્યા છે. પત્ર તથા રસીદ મ્હને આજે મળી ગયાં છે. અહીં મ્હારાથી કાંઈ ધંધો થઇ શક્યો નથી. બિહારીલાલ આ પ્રદેશથી ઘણા પરિચિત હોય એમ લાગે છે. જેવી રીતે હું ઘીનો વેપાર કરવા નીકળ્યો છું તેવી રીતે તેઓ ચોખાનો વેપાર કરવા નીકળ્યા છે. બિહારીલાલ પણ આજે કલ્યાણ જવાના છે."

"એ ઘણી ખુશી થવા જેવી વાત છે. આપણે બધા મોજ ઉડાવતા જઇ શકીશું; છતાં સ્વામીજીનો શો વિચાર હશે એ કલ્પી શકાતું નથી."

"મ્હેં એમ સાંભળ્યું છે કે, તેઓ પણ આપણી સોબત કરશે."

"સ્વામીજી સાથે હશે તો ગાંજાના દમ મારવાની મજાહ આપણને મળી શકશે. શરાબ ઉપર ગાંજાના દમ મારવાથી નશો બરાબર જામે છે."

"સ્વામીજી ઘણા લહેરી પુરૂષ છે. આ સ્થળનો ત્યાગ કરતાં પહેલાં અને આપણી મૈત્રી થયેલી હોવાથી આપણે એક બીજાની સલામતી લેવી જોઇએ."

"તમારા આ પ્રસ્તાવને હું પસંદ કરૂં છું."

પછી છબિલદાસ, બિહારીલાલ, સત્યાનંદ અને ત્ર્યંબકલાલ એક એકાંત ઓરડીમાં જઇ બેઠા. ટ્રેઇનનો વખત થતાં સુધી તેમણે સહુએ સુરાપાનનો વ્યાપાર ચલાવ્યો. વખત થયો એટલે તેઓ સહુ સ્ટેશન તરફ વિદાય થયા.

ગાર્ડને મળી તેની સાથે કાંઇ બંદોબસ્ત કરી બિહારીલાલે સઘળો સરસામાન એક ખાલી ડબ્બામાં ગોઠવી દીધો; પછી તે

અને તેના સાથીઓ એ ખાલી ડબ્બામાં બેસી ગયા. બિહારીલાલે ગાર્ડને ચેરીમેરી આપેલી હોવાથી ગાર્ડે એ ડબ્બામાં બીજા કોઇ ઉતારૂને બેસવા દીધો નહિ. આખા ખાલી ડબ્બામાં છબિલદાસ, બિહારીલાલ, સત્યાનંદ અને ત્ર્યંબકલાલ આરામથી બેઠા

કૃષ્ણ પક્ષની રાત્રિ હોવાથી વસુંધરા ઉપર અંધકારનો વિસ્તાર થયેલો હતો. એ અંધકાર રાશીને ભેદી ભીષણ ધ્વનિ કરતી ટ્રેઇન માર્ગ કાપવા લાગી.

એક બે સ્ટેશન પસાર થઇ ગયા પછી છબિલદાસે કહ્યું, ગળું સુકાઇ જાય છે, થોડો શરાબ પીધા સિવાય શાન્તિ થાય તેમ નથી."

ત્ર્યંબકલાલે કહ્યું, " અહીં શરાબ કેવી રીતે મળી શકે ? કલ્યાણ જઇ પહોંચીશું એટલે રીફ્રેશમેન્ટમાંથી મળી શકશે."

છબિલદાસ બોલી ઉઠયો, તમારે કોઇએ એ વિષયની ચિંતા કરવાની જરૂર નથી. સઘળી સામગ્રી તૈયારી છે."

આમ કહી છબિલદાસે પોતાની બૅગ ઉઘાડી તેમાંથી એક બૉટલ તથા ગ્લાસ બ્હાર કાઢયાં. બિહારીલાલે પોતે સુરાપાન કરતો નથી એમ કહી કેવળ સ્વામીજી તરફ સન્માન દર્શાવવા માટે કપાળ ઉપર સુરાનો સ્પર્શ કર્યો. પછી એક પાત્રને સ્વામીજીએ ઇન્સાફ આપ્યો. ગ્લાસ ખાલી થતાં તેમાં બીજો શરાબ રેડી છબિલદાસે ગ્લાસ ત્ર્યંબકલાલ તરફ ધર્યો. એકજ ક્ષણમાં ત્ર્યંબકલાલ એ ગ્લાસમાંનો શરાબ ગટગટાવી ગયો. છેલ્લો ઘુંટડો ગળે ઉતારતાં મ્હોં બગાડી; છાતી ઉપર હાથ મૂકી તે બોલી ઉઠયો, "આ દારૂ ઘણો જલદ છે, પીતાં પીતાં ગળું અને છાતી બળી જાય છે !"

છબિલદાસે કહ્યું, " આ કાંઇ જેવી તેવી બનાવટ નથી. આ દારૂ અસલ ફ્રાન્સ દેશમાં બનેલો હોઇ ઘણો જુનો છે. આ દારૂની એક બાટલી બીજા દારૂની ચાર બાટલી જેટલો નશો આપે છે."

" મ્હને ચક્કર આવે છે. આંખે અંધારાં આવે છે. મ્હને સૂઇ જવા દો; મ્હારાથી બેસી શકાતું નથી." આમ કહી ત્ર્યંબક-

લાલ સ્થઇ ગયો. એકાદ ક્ષણમાંજ તે બેશુધ્ધ બની ગયો પછી પેલી શયતાન ત્રિપુટીએ અરસ્પરસમાં અર્થસૂચક નેત્રસંકેત કર્યાં.

ટ્રેઇન કલ્યાણ સ્ટેશને જઇ પહોંચી એટલે એમાંથી કેવળ ત્રણ જણ છબિલદાસ, બિહારીલાલ અને સત્યાનંદ—નીચે ઉતર્યા. બિહારીલાલ તથા સત્યાનંદ ઝડપથી સ્ટેશનની બ્હાર નીકળી પડયા. બિહારીલાલ એક ભાડુતી ટાંગામાં ચઢી બેઠો તથા મૃદુ સ્વરે ટાંગાવાળાને તેણે કાંઇ કહ્યું એટલે ટાંગાવાળાએ પૂર ઝડપથી ટાંગો ચલાવ્યો.

સત્યાનંદ દોડતો દોડતો સ્હામેના પ્લેટફૉર્મ ઉપર ગયો. એ વખતે પુના પેસેંજર પુના તરફ ઉપડી જવાની તૈયારીમાં હતી. સત્યાનંદ ઝડપથી એક ડબ્બામાં ચઢી બેઠો; તે સાથે પેસે-ન્જર ટ્રેઇન ચાલુ થઈ ગઇ.

હવે સ્ટેશન ઉપર એકલો છબિલદાસ રહ્યો. તેણે ધીમે પગલે સ્ટેશન માસ્તરની ઑફિસમાં જઇ કેટલાક કાગળ પત્ર બ્હાર કાઢી પૂછ્યું, "મ્હારા નામ ઉપર કોઇ પારસલ આવ્યું છે કે?"

પારસલ કલાર્કે પૂછ્યું, "તમારૂં નામ શું છે?"

"ત્ર્યંબકલાલ."

"રસીદ ક્યાં છે?"

"આ રહી."

"સહી કરો."

કોઇ પણ પ્રકારની દ્વિધા સિવાય છબિલદાસે દુભાંગી ત્ર્યંબકલાલના નામની રસીદ ઉપર સહી કરી. પછી તે પારસલ લઇ વિદાય થઇ ગયો.

બીજે દિવસે સહુએ એવી ખબર સાંભળી કે, એક માણુ-સનો મૃતદેહ રેલ્વે લાઇન પાસેથી મળી આવ્યો છે. એ માણસ કોણ છે એનો હજી કાંઇ પત્તો લાગ્યો નથી; છતાં એમ જાણુ-વામાં આવ્યું છે કે, એ માણસે પુષ્કળ દારૂ પીધેલો હતો. નશામાં ને નશામાં ચાલતી ટ્રેઇનના ડબ્બાનું દ્વાર ઉઘાડવાથી તે પડી જઈ મરણ પામ્યો હોય એમ ધારવામાં આવે છે.

પ્રકરણ ૧૪ મું.

—:(૦):—

મિલન—લગ્ન

મોહિની મુંબાઈ છોડી ચાલી ગઈ તેથી ચંદ્રકાન્ત ઘણો ચંચળ બની ગયો. આ સંસારમાં પ્રેમની લીલા કોણ સમજી શકે છે? પોતાના મનને મનાવવાના ચંદ્રકાન્તે ઘણા પ્રયત્ન કર્યાં; પરંતુ તેના બંડખોર મનનું કોઈ પણ પ્રકારે સમાધાન થયું નહિ, આહાર નિદ્રા ઉપરથી તેની રૂચિ ઉઠી ગઈ હતી. શું કરવું, ક્યાં જવું, ક્યાં જવાથી ચિત શાન્ત થઈ શકશે એ સંબંધીનો કાંઈ નિર્ણય તે કરી શકયો નહિ. છેવટે કામકાજમાં મન લગાડવાથી મોહિનીના વિયોગની વેદના ભૂલી જવાશે એમ વિચારી તે રામપુર ચાલ્યો ગયો.

જાગીરમાં જવા છતાં પણ તે શાન્તિ મેળવી શકયો નહિ. રાત્રિદિવસ તેનું મન જાણે કે હાહાકાર કરતું હતું, તેના હૃદયમાં જાણે કે, દારૂણ દાવાનળ સળગી ઉઠયો હતો. હતભાગ્ય ચંદ્રકાન્ત ખૂબસુરતીના ખપ્પરનો શિકાર થઈ પડયો હતો. એક ક્ષણ માટે પણ તે માયાવિની મોહિનીની મૂર્ત્તિને ભૂલી શકતો નહોતો.

એવામાં એક પત્ર આવવાથી ચંદ્રકાન્તના શોકાગ્નિમાં ધૃતાહૂતિ જેવું થયું. એ પત્ર મુંબાઈને શિરનામે થઈ જાગીરમાં આવ્યો હતો.

ચંદ્રકાન્ત ઘણા સમય સુધી પત્ર હાથમાં ઝાલી બેસી રહ્યા, તે એ પત્ર ખોલવાની હિમ્મત કરી શકતો નહોતો. ઘણો વખત વીતી ગયા પછી કંપતા હાથે તેણે પત્ર ખોલ્યો. પત્રમાં મોહિનીએ લખ્યું હતું કે:—

"પ્રિયતમ!"

તમે આ દાસી ઉપર ખોટો વહેમ લાવ્યા છો. મુંબાઈ છોડયા પછી કોઈ પણ સ્થળે હું શાન્તિ અનુભવી શકતી નથી. આ જીવનમાં તમારા વિયોગે હું સુખી થઈ શકું એવી આશા નથી. જો તમે આ દાસી ઉપર દયા લાવી મનમાંથી વૃથા સંદેહને

દૂર કરો તોજ દાસી પુનઃ સુખી થઇ શકે તેમ છે. હમણાં હું પુનામાં છું; છતાં અહીં હવે વિશેષ દિવસ સુધી રહેવાની નથી. આ અનાથિની મોહિનીને તમે ઉદારચિત્તે ક્ષમા નહિ આપો કે? આ પત્રનો ઉત્તર મળવાની આશામાં આવતા રવિવાર સુધી હું અહીં રહીશ.

લી૦ સેવિકા મોહિની.”

ચંદ્રકાન્તે એ પત્રનો ઉત્તર આપ્યો નહિ. તે દિવસે જ એ પોતે પુના તરફ રવાના થયો. જે પેસેન્જર ટ્રેઇનમાં બેસી સત્યાનંદ પુના જતો હતો તેજ ટ્રેઇનના ફર્સ્ટ કલાસમાં ચંદ્રકાન્ત બેઠેલો હતો. તે સત્યાનંદને ઓળખતો હોવા છતાં સત્યાનંદે વેશ બદલેલો હોવાથી તેને ઓળખી શકયો નહિ.

પુના જઇ ચંદ્રકાન્ત નિરાશ થયો. યથાસ્થળે જઇ તપાસ કરતાં તેને એમ માલુમ પડયું કે, મોહિની ત્રણ દિવસથી થાણામાં આવેલા પોતાને બંગલે ચાલી ગઇ હતી! ચંદ્રકાન્તને પત્ર લખ્યા પછી તરતજ મોહિનીએ પુના છોડયું હતું. આમ કરવામાં તેનો શો હેતુ હશે તે પુષ્કળ વિચાર કરવા છતાં ચંદ્રકાન્ત સમજી શકયો નહિ. મોહિની કોઇ જરૂરી કારણને લીધેજ થાણા ગઇ હશે એમ તેને લાગ્યું. છેવટે ચંદ્રકાન્ત પણ થાણા તરફ વિદાય થયો.

પ્રેમથી માણસ અંધ બની જાય છે એવું જે કહેવામાં આવે છે તે ખોટું નથી. ચંદ્રકાન્ત પ્રેમથી–મોહથી અંધ બન્યો હતો. તે માયાવિની મોહિનીના ખૂબસૂરતીના ખપ્પરનો ભોગ થઇ પડયો હતો.

*　　　*　　　*

જે વખતે ચંદ્રકાન્ત થાણા જવા નીકળ્યો તે વખતે મોહિની થાણામાં આવેલા પોતાના સુસજ્જિત મકાનમાં છબિલદાસ સાથે વાતચિત કરતી બેઠી હતી. મોહિનીને પૈસાની ખોટ નહોતી. એના જેવી રૂપવતી તથા બુદ્ધિમતી સુંદરીને પૈસાની ખોટ પડે એ અસંભવ હતું. તે જે જે સ્થળે જતી એ દરેક સ્થળે ઘણા ઠાઠમાઠથી રહેતી હતી.

મોહિનીએ હસતાં હસતાં કહ્યું, "હું જાણું છું કે, તમને પૈસા ટકાની તાણ પડે તેમ નથી. હવે થોડા દિવસ સુધી મોજ-મજાહમાં રહી શકાશે. હું હવે વિશેષ રકમની માગણી નહિ કરૂં. કામ પાર પાડવામાં કાંઇ હરકત નહોતી નડી ને ?"

છબિલદાસે કહ્યું, "ના, અમે દરેક કાર્ય ઘણી ચાલાકીથી કરીએ છીએ; છતાં લાસ પકડાઇ છે એ ખોટું થયું છે. એ માણસ ત્ર્યંબકલાલ છે એમ સાબિત થયું છે. એના નામની સહી કરી કોણ પેટી લઇ ગયું એ વિષયની તપાસ ચાલે છે. પોલિસખાતું અથડાઇ કુટાઇ મરી જશે તો પણ ખરો ભેદ જાણી જાણી શકશે નહિ."

આમ કહી છબિલદાસ હસી પડયો. મોહિનીએ ભવાં સંકુચિત કરી કહ્યું,

"ત્યારે તો ત્ર્યંબકલાલને ટ્રેઇનમાંથી નીચે ફેંકી દઇ કોઇએ તેના ખીસ્સામાંથી રસીદ કાઢી લઇ, ત્ર્યંબકલાલના નામની સહી કરી લગેજ ઑફ્રિસમાંથી પેટી લીધી છે એમ સાબિત થયું હશે ?"

"હા, કાંઇક અંશે એમજ થયું છે. જો તમે વકીલ થયાં હોત તો મહિને ઓછામાં ઓછી દશ પંદર હજાર રૂપિયાની કમાણી કરી શકત"

મોહિનીએ છબિલદાસની આ વાત તરફ દુર્લક્ષ્ય કરી કહ્યું, "ત્યારે તો ખૂન-ખોટી સહી-ચોરી—"

મોહિનીનું વાકય નોકરના આવવાથી અપૂર્ણજ રહ્યું. નોકરે આવી કહ્યું, "મેમ સાહેબ ! એક ગૃહસ્થ આપને મળવાના હેતુથી આવ્યા છે."

"એમનું નામ શું છે એ પુછ્યું ?" મોહિનીએ નોકરને પુછ્યું.

"હા; એમનું નામ ચંદ્રકાન્ત છે."

"ઠીક, છેવટે આવ્યા ખરા !" સ્વગત આમ કહી મોહિનીએ નોકર તરફ જોઇ આજ્ઞા કરી, "એમને સન્માન સહિત અહીં લઈ આવ."

છબિલદાસ વ્યાકુળતાથી બોલી ઉઠયો, "એ મ્હને અહીં

જોશો તો ?"

મોહિનીએ મૃદુ હાસ્ય કરી કહ્યું, "તમે આ પાછલા દરવાજેથી છટકી જાઓ."

ક્ષણુ કાળમાંજ છબિલદાસ અદશ્ય થઇ ગયો અને તે સાથેજ ચંદ્રકાન્તે એ ગૃહમાં પ્રવેશ કર્યો.

મોહિનીએ આસન ઉપરથી ઉઠી ભુવનને મુગ્ધ બનાવે એવું મનોહર જાદુભર્યું હાસ્ય કરી ચંદ્રકાન્ત નજીક દોડી જઇ તેના બન્ને હાથ પોતાના હાથમાં લીધા. પછી તેણે ચંદ્રકાન્તના ખભા ઉપર મસ્તક રાખી અત્યંત કોમળ તથા મધુર સ્વરે કહ્યું, "હું જાણુતી હતી કે, તમે અવશ્ય આવશો;--તમે મ્હને ક્ષમા આપશો."

ચંદ્રકાન્તે રૂંધાઇ ગયેલા કંઠે કહ્યું,—"ભુલ મ્હારી છે. તમને ક્ષમા આપવાની યોગ્યતા મ્હારામાં નથી. એકાએક ગુસ્સે ભરાઇ મ્હેં તમારા દિલને દુ:ખી કર્યું છે."

મોહિની ચંદ્રકાન્તને એક કોચ પાસે લઇ જઇ તેની સાથે કોચ ઉપર બેઠી. પછી તેણે કહ્યું, "ભૂલ તમારી નહિ પણ મ્હારીજ છે. આ અભાગિનીના—"

ચંદ્રકાન્તે મોહિનીના મુખ ઉપર હાથ દબાવી કહ્યું, "એવું ન બોલો. આપણો બન્નેનો કદાપિ વિયોગ ન થાય એ હેતુથી તમે કહો તે દિવસે હું તમારી સાથે લગ્ન કરવા તૈયાર છું."

મોહિનીનું હૃદય ઉછળવા લાગ્યું. તેણે કહ્યું આપણું બન્નેનું લગ્ન થશે એટલે મ્હારા શત્રુઓનાં મ્હોં ઠીકરાં જેવાં કાળાં થઇ જશે."

અતિશય આવેગથી મોહિનીનો હાથ દબાવી ચંદ્રકાન્તે કહ્યું, "મોહિની, પ્રાણેશ્વરિ, ત્યારે કયા દિવસે એ શુભ કાર્ય આટોપવાની ત્હારી ઇચ્છા છે ?"

"આચાર્ય સત્યાનંદ અહીં આવે એવો તમે તાર કરો. તેઓ આવશે એટલી એમની સલાહ લઇ બધી યોજના નક્કી કરી શકાશે.

"હમણાંજ હું એમને તાર કરૂં છું."

આવા પ્રેમદૃશ્યનું વર્ણન કરવા જેટલી યોગ્યતા અમારામાં નથી એ વાત અમે મુક્ત કંઠે સ્વીકારીએ છીએ. મોહિનીના મોહથી ચંદ્રકાન્ત મુગ્ધ થઇ ગયો હતો. આનંદથી, સુખથી તે આખું જગત્ ભૂલી ગયો હતો; છતાં મોહિનીના પ્રેમાભિનયની પાછળ કુટિલ હાસ્ય છુપાઇ રહ્યું હતું કે કેમ એ કેવળ ભગવાન્ જાણતા હતા.

યથા સમયે ચંદ્રકાન્તનો વિવાહ થયો. પોતાને સ્વર્ગ સુખની પ્રાપ્તિ થઇ હોય એમજ તેને લાગ્યું; પરંતુ એ પ્રસંગે ભાગ્યદેવી કેવું ભીષણ હાસ્ય કરી રહી હતી એ ચંદ્રકાન્ત જોઇ કે જાણી શકયો નહિ. પોતાની ખૂબસુરતીના ખપ્પરમાં ચંદ્રકાન્તને સપડાવવાની મોહિનીની ઇચ્છા પણ આટલા દિવસે સફળ થઇ. ચંદ્રકાન્તની દુર્દશા થશે કે શું ? એ સંબંધી અમે હમણાં કાંઇ કહી શકતા નથી.



પ્રકરણ ૧૫ મું.

સુલોચનાનો સંકલ્પ

ચંદ્રકાન્ત મુંબાઇ અગર તો પોતાની જાગીરમાં નહિ જતાં મોહિનીની પાસેજ રહ્યો. તે મોહિનીના પ્રેમસાગરમાં ગંભીર રૂપથી ડૂબવા લાગ્યો. ઘરબ્હાર, બંધુબાંધવો વગેરે સહુને તે ભુલી ગયો. જ્યારે જ્યારે રૂપિયાની જરૂર પડતી હતી ત્યારે ત્યારે તેને ઘર યાદ આવતું હતું. રૂપિયાની જરૂર પડતાં જાગીરમાં કામકાજ કરતા પોતાના કારભારીને તે પત્ર લખતો હતો. કારભારી બીચારો માલિકની આજ્ઞાનું ઉલ્લંઘન કેવી રીતે કરી શકે? તે ચંદ્રકાન્તને જોઇતી રકમ યથા સમયે મોકલી આપતો હતો. જાગીરમાંથી આવેલી રકમ ખરચાઇ જતી એટલે ચંદ્રકાન્ત પાછો ફરીથી પત્ર લખી પૈસા મંગાવતો હતો.

ચંદ્રકાન્ત સહુને ભૂલી ગયો હતો; પરંતુ સુલોચના અને સુંદરલાલ તેને ભૂલી ગયાં નહોતાં. સુલોચનાની આકૃતિ પ્રકૃતિમાં આસમાન જમીન જેટલો ફર્ક થઇ ગયો હતો. પ્રથમનું તેનું ચિર પ્રફુલ્લ મુખ હવે ચિંતાની છાયાથી મલિન થઇ ગયેલું જોવામાં આવતું હતું; તેનું પ્રથમનું મંજુલ હાસ્ય અદશ્ય થઇ ગયું હતું. હવે તે કોઇની સાથે વિશેષ વાતચિત નહિ કરતાં ચિંતાતુર ચિ-તે એકાંતમાં બેસી રહેતી હતી. સુંદરલાલ સુલોચનાના મનની વાત જાણી શકયો હતો. પોતાના પ્રિયમિત્ર ચંદ્રકાન્ત સાથે સુલોચનાનો વિવાહ કરવાની તેની આંતરિક ઇચ્છા હતી; પરંતુ વિધિનું વિધાન ઉલટું હતું. લલાટના લેખ ફેરવવાની શકિત કોઇનામાં નથી હોતી.

એક દિવસે સુલોચનાએ સુંદરલાલને એકાંતમાં બેઠેલો જોઇ પૂછ્યું, "એ સ્ત્રી તમે કહો છો એવી ભયંકર છે કે?"

સુંદરલાલ એક વૈદક ગ્રંથ વાંચતો હતો. સુલોચનાનો પ્રશ્ન સાંભળી ચમકી ઉઠી તેણે ઉંચું જોયું. પછી તેણે પુછ્યું, "સુલો-ચના, તમે મ્હને શી વાત પૂછો છો?"

સુલોચનાએ ફરીથી પૂછ્યું, "એ સ્ત્રી તમે કહો છો એવી ભયંકર છે કે ?"

પોતે જાણે કાંઇ સમજી શકયો ન હોય એવો ભાવ દર્શાવતાં સુંદરલાલે પૂછ્યું, "તમે કયી સ્ત્રીની વાત પૂછો છો ?"

"જે સ્ત્રી સાથે તમારા મિત્ર ચંદ્રકાન્તે લગ્ન કર્યું છે એની."

"લગ્ન કર્યું છે એવી વાત તમને કોણે કહી ?"

"એ વાત તમે મ્હને નહિ કહેલી હોવા છતાં હું જાણી શકું છું. લગ્નની હકીકત વર્ત્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલી હોઇ તે મ્હારા વાંચવામાં આવી છે. થાણામાં ચંદ્રકાન્ત સાથે મોહિનીનુ સુધારક લગ્ન થયું છે. મોહિની ભયંકર સ્ત્રી છે કે ?"

"તમે મ્હને આવો પ્રશ્ન શા માટે પૂછો છો ? હું કાંઇ જાણતો નથી." સુંદરલાલે મોહિનીના પ્રશ્નને ઉડાવી દેવાના હેતુથી કહ્યું.

"આવી રીતે મ્હારી પાસે અસત્ય શા માટે બોલો છો ? પહેલાં એક દિવસે તમેજ મ્હને એમ કહ્યું હતું કે, જો ચંદ્રકાન્તને મોહિનીના ખરા સ્વરૂપની ખબર હોત તો તેઓ તેને સર્પિણી સમજી તેનાથી દૂર રહેત. પછી એક દિવસે મોહિની તમને મળવા આવી હતી. તમારી સાથે એની જુની ઓળખાણ છે એ વાત હું જાણું છું. મોહિની ખરી રીતે ભયંકર ભામિની છે કે કેમ એ હું જાણવા ઇચ્છું છું."

સુંદરલાલે સુલોચનાનો આવો તેજસ્વી ભાવ પુર્વે કદાપિ જોયો નહોતો. તે વિસ્મિત બની થોડા સમય સુધી સુલોચનાના મુખ તરફ જોઇ રહ્યો. પછી મૃદુ સ્વરે તેણે કહ્યું, "જો કદાચ એ સ્ત્રી ભયંકર હોય તો પણ હવે આપણાથી શું થઇ શકે તેમ છે ?"

"જો મોહિની ભયંકર સ્ત્રી હોય તો તેના પંઝામાંથી ચંદ્રકાન્તને બચાવવા એ આપણી ફરજ નથી કે ?"

"પરંતુ લગ્ન તો થઇ ગયું છે."

"તેથી શું થઇ ગયું ? એ વિવાહ અટકાવવાની તમારી

ફરજ નહોતી કે ?"

"મોહિની સાથે સંબંધ નહિ બાંધવા મ્હેં ચંદ્રકાન્તને કહ્યું હતું."

"તમે તેમને બધી હકીકત શા માટે કહી નહોતી ?"

"બધી હકીકત કહી શકું એવો ઉપાય નહોતો."

"ત્યારે એ હકીકત તમે મ્હને કહો."

"તમારી આ ઇચ્છા હું પાર પાડી શકું તેમ નથી."

"ઠીક છે, તમે એ વાત મ્હને ના કહેશો; છતાં હું સમજી શકી છું કે, ચદ્રકાન્તે અજાણતાં મોહિની સાથે લગ્ન કર્યું છે. મોહિની તેમને પોતાની ખૂબસૂરતીના ખપ્પરમાં ફસાવી તેમના સર્વસ્વનો નાશ કરશે. તમે ચંદ્રકાન્તના મિત્ર હોવાથી તેમનું રક્ષણ કરવાની તમારી ફરજ હતી; જે ફરજ તમે નથી બજાવી તે હવે હું બજાવીશ."

આમ કહી સુલોચના મત્ત માતંગિનીની માફક ધીમે ધીમે એ ગૃહનો ત્યાગ કરી ચાલી ગઇ. સુંદરલાલ તેના તરફ જોઇ રહ્યો. પછી અંતરના ઉંડાણમાંથી એક ગાઢ નિઃશ્વાસ મૂકી પોતાના મન સાથે તેણે કહ્યું, "વિધિનું વિધાન કેવું છે એ કોણ કહી શકે તેમ છે ? આ પ્રકારનો અંત કેવા રૂપમાં આવશે એ કોણ સમજી શકે તેમ છે ?



પ્રકરણ ૧૬ મું.

—:o:—

પૂરાવાની પંચાત

"હવે તો ઘણો કંટાળો આવ્યો છે. હવે મૃત્યુ થાય એજ ઉત્તમ છે. આવી જીંદગીમાં આટલું બધું દુઃખ વેઠી શકાતું નથી." આમ કહી ખાનસાહેબે તકીઆને અઢેલી નોકરને હુક્કો લઇ આવવાની આજ્ઞા કરી

નોકર હુક્કો લઇ આવ્યો એટલે ખાનસાહેબે તેને કહ્યું, "મુનશીને બોલાવી લાવ."

ખાનસાહેબનો કારકુન મુનસીના નામથી ઓળખાતો હતો. તે એક રીતે જોવા જતાં ખાનસાહેબનો પ્રાઇવેટ સેક્રેટરી હતો. તેને ખાનસાહેબના અનુચર કે વાહનની ઉપમાં આપવામાં પણ હરકત જેવું નહોતું.

આંખો મીંચી ખાનસાહેબ હુક્કો ગગડાવવા લાગ્યા. મુનશીએ એ ગૃહમાં પ્રવેશ કર્યો તો પણ તેમની આંખો ઉઘડી નહિ. ના છૂટકે મુનશીએ પૂછ્યું, "હજુરે મ્હને બોલાવ્યો છે કે?"

"હા ભાઇ, હા." આમ કહી ખાનસાહેબે ટટાર બેસી પૂછ્યું, "એ દીકરાઓ શું કહે છે?"

"આપ કયા વિષયની વાત કરો છો?"

મુનશીને સરળ ઉત્તર આપવાને બદલે 'ગધેડા-મુરખા' વગેરે અલંકારોથી વિભુષિત કરી ખાનસાહેબે કહ્યું, "પેલા ખૂનના કાગળોનું બંડલ લઇ આવ."

"બન્ને બંડલો લઇ આવું કે?"

"હા, સહુનું એવું કહેવું છે કે, એ બન્ને ખૂન કરનારી એકજ ટોળી છે."

મુનશી બન્ને બંડલ લઇ આવ્યો. એક બંડલ ઉપર મ્હોટા અક્ષરોથી લખેલું હતું કે, 'ટ્રામગાડીમાં ખુન—'

બીજા બંડલ ઉપર લખ્યું હતું કે, 'રેલ્વે ટ્રેઇનમાં ખુન—ત્રંબકલાલ."

ખાન સાહેબે મુછને વળ દેતાં દેતાં કહ્યું, "પહેલા ખૂનનો પત્તો લાગ્યો છે. જો સાહેબમાં અક્કલ હોત તો આટલા દિવસમાં ખૂનીને હું જરૂર પકડત. વળી હમણાં જે પુરાવો મળી આવ્યો છે તે જોઇ સાહેબ પોતાની ભુલ સમજી શકશે. હવે વૉરંટ કાઢી આપ્યા સિવાય તેમનો છુટકો નથી."

મુનશીએ ચિંતાતુર ભાવથી કહ્યું, "હજુરથી ન બની શકે એવું એક પણ કામ આખી આલમમાં નથી. જે માણસે ટ્રામમાં ખૂન કર્યું છે તેણેજ ટ્રેઇનમાં ખૂન કર્યું છે કે?"

ખાનસાહેબે ધુરકી ઉઠી કહ્યું, "હું ત્હારા જેવો ગધેડો નથી વળી થાણા અને નાશિકની પોલિસ જેવો હું કાંઇ મુરખો નથી."

"ત્યારે——"

"ચુપ રહે; હું કહું તે હકીકત વાંચ."

મુનશીએ ડરી જઇ કાગળોનું બંડલ ખોલ્યું. ખાનસાહેબે ગુસ્સે ભરાઇ કહ્યું, "તમારા જેવા ગધેડાઓની મદદથી કામ કરવું એ જખ મારવા જેવું છે. ક્યાં સુધીની બાતમી મળી છે તે વાંચ."

મુનશી વાંચવા લાગ્યો, "લાશ મળી આવી છે. મરનારનું નામ ત્ર્યંબકલાલ હોઇ તે મુંબઇના મસ્જીદ બંદરપરના ઘીના વેપારી ભીમજી રામદાસનો ગુમાસ્તો હોઇ તેને ઘી ખરીદ કરવા દક્ષિણમાં મોકલવામાં આવ્યો હતો. ત્ર્યંબકલાલે જૂદાં જૂદાં સ્થળોએ ફરી પુષ્કળ ઘી ખરીદ્યું હતું. ફરતો ફરતો તે નાશિકની એક ધર્મશાળામાં જઇ રહ્યો હતો. તપાસ કરતાં એમ માલુમ પડયું છે કે, એ ધર્મશાળામાં ત્રણ માણસો સાથે ત્ર્યંબકલાલની ઓળખાણ થઇ હતી. એ માણસોમાંના એકનું નામ છબિલદાસ છે; છબિલદાસ એનું ખરૂં નામ છે કે કેમ એ સંદેહયુકત પ્રશ્ન છે. વળી બીજા એક મારવાડી વેપારી બિહારીમલ સાથે પણ ત્ર્યંબકલાલની ઓળખાણ થઇ હતી. ત્રીજા માણસનું નામ સદાનંદ સ્વામી હોઇ તે એક સાધુ પુરૂષ છે.

જે દિવસે ત્ર્યંબકલાલનું ખૂન થયું તે દિવસે ત્ર્યંબકલાલ અને છબિલદાસે પુષ્કળ દારૂ પીધો હતો. પછી તેઓ બિહારીમલ

અને સદાનંદ મળી એકંદરે ચારે જણા ટ્રેનમાં ચઢી બેઠા હતા. ગાર્ડે કરેલા ખુલાસા ઉપરથી એમ માલૂમ પડયું છે કે, જે ડબ્બામાં એ ચાર જણા બેઠા હતા એ ડબ્બામાં બીજો કોઇ માણસ નહોતો. એ પછી શું બન્યું હતું તે વાત જાણવામાં આવી નથી. લાશને ચીરી જોતાં તેની હોજરીમાંથી દારૂની સાથે અફીણ મળી આવ્યું છે. આ ઉપરથી એમ ધારી શકાય છે કે, પેલા ત્રણ માણસોએ ત્ર્યંબકલાલને અફીણ મિશ્રિત મદ્ય પાઇ તેને બેશુદ્ધ બનાવી તેની પાસેના સઘળા કાગળપત્રો કાઢી લઇ તેને રેલ્વે લાઇન ઉપર ફેંકી દીધેલો હોવો જોઇએ.

ટ્રેઇન થાણા સ્ટેશને જઈ પહોંચતાં એક માણસ ત્ર્યંબકલાલ તરીકે પોતાની ઓળખાણ આપી તેના ઉપર રૂપિયાથી ભરેલી જે પેટી મોકલવામાં આવી હતી તે લઇ ગયો છે.

ખાનસાહેબે કહ્યું, "બસ"

મુનશી ચુપ થઈ ગયો ખાનસાહેબે થોડા સમય સુધી ચુપકીદી ધારણ કરી આંખો મીંચી રાખી. પછી આંખો બંધ રાખીનેજ તેમણે કહ્યું, "ત્યારે એ માણસોએજ મુંબઇમાં ટ્રામગાડીની અંદર રજનીકાન્તનું ખૂન કર્યું હતું એમ અહીંનું પોલિસખાતું કેવી રીતે જાણી શકયું?"

મુનશીએ નમ્ર ભાવથી કહ્યું, "દક્ષિણ તરફની પોલિસનું કહેવું એવું નથી."

"એનું શું કહેવું છે?"

"વાંચી સંભળાવું કે?"

"નહિ વાંચે તો શું ત્હારા બાપનું શ્રાધ્ધ કરીશ?"

ખાનસાહેબનો ક્રોધ સહન કરી લેવાની મુનશીને ટેવ પડી ગઇ હતી. તેણે મનમાંને મનમાં હસીને કહ્યું, "આજે સાહેબ તરફથી ખાનસાહેબને ઘણો ઠપકો મળ્યો હોય એમ લાગે છે."

પછી મુનશી વાંચવા લાગ્યો, "તપાસ કરતાં એમ માલૂમ પડયું છે કે, છબિલદાસ નામનો માણસ ત્ર્યંબકલાલના નામની સહી કરી રસીદ આપી રૂપિયાની પેટી લઇ ગયો છે."

આ વખતે ખાનસાહેબ વચ્ચેજ બોલી ઉઠયા, "નોટો મોક-

ઝવાને બદલે અગર તો મનીઑર્ડરથી પૈસા મોકલવાને બદલે એ ગધેડા ઘીના વેપારીએ રેલ્વે પારસલથી એટલા બધા રૂપિયા શા માટે મોકલ્યા ?"

મુનશીએ ઝડપથી કાગળ ઉલટાવી કહ્યું:–'ઘીનો વેપારી એમ કહે છે કે, જુદાં જુદાં ગામોમાંથી ખરીદ કરવાનું હોવાથી રોકડ રૂપિયા મોકલવામાં આવ્યા હતા."

"એ ગધેડાનામાં અક્કલની ખોટ હોવી જોઇએ! ઠીક પછી ?"

"પછી રૂપિયાનું પારસલ લઇ છબિલદાસ ક્યાં નાશી ગયો છે એ સંબંધીનો કાંઇ પત્તો લાગતો નથી."

"ત્યારે તો એ ઘણો બહાદુર માણસ છે. એમાં કાંઇ સંદેહ નથી."

"તપાસ કરતાં એમ માલુમ પડ્યું છે કે, સદાનંદ નામનો સંન્યાસી તરત મુંબાઇથી આવેલી પુના પેસેંજરમાં બેસી પુના તરફ રવાના થઇ ગયો હતો તથા પેલો મારવાડી એક ટાંગામાં બેસી આણુા શહેરમાં ગયો હતો. ટાંગાવાળાએ પોતાની જુબાનીમાં એમ કહ્યું છે કે, રસ્તાની વચ્ચે એક સ્થળે મારવાડીએ તેને ટાંગો ઉભો રાખવા કહ્યું હતું. પછી તે જંગલ તરફ ચાલ્યો ગયો હતો અને પાછો ફર્યો ન હોતો. તેની બે ટીનની પેટીઓ, બિછાનું વગેરે સરસામાન ટાંગામાં હતો. મારવાડી પાછો નહિ ફરવાથી ટાંગાવાળો તેને શોધવા ગયો હતો; પરંતુ મારવાડી માણસનો પત્તો લાગ્યો ન હોતો. ઘણા વખત સૂધી રાહ જોયા પછી બીજો કોઇ માર્ગ નહિ હોવાથી તેણે મારવાડીનો સરસામાન પોલિસ સ્ટેશને પહોંચાડી દીધો હતો. પોલિસ સ્ટેશને ટીનની પેટીઓ ખોલી જોતાં તેમાં મ્હોટા મ્હોટા પત્થરો સિવાય બીજું કાંઇ મળી આવ્યું ન હોતું.

આસપાસના સંયોગો તપાસતાં એ ત્રણે માણસો મુંબાઇ ગયા હોય એવો સંદેહ ઉપજ્યો છે; માટે મુંબાઇમાં તેમની ચાંપતી તપાસ કરજો!"

ખાનસાહેબે મ્હોં બગાડી કહ્યું, "એ માણસો મુંબાઇમાંજ

આવ્યા છે એવો સંદેહ ઉપજવાનું શું કારણ છે ? તેઓ બીજા કોઇ સ્થળે ન જઇ શકે કે ? વળી એ ત્રિપુટીએ જ ટ્રામગાડીમાં ખૂન કર્યું છે એમ કેવી રીતે માની શકાય ? ”

આ વખતે મુનશીએ કહ્યું, “ એ બધી હકીકત નીચે પોલિસ કમીશનર સાહેબે પોતાનો અભિપ્રાય લખ્યો છે.”

“ શું લખ્યું છે ? એમનું કપાળ ? ”

“ લખ્યું છે કે, દક્ષિણની પોલિસના રીપોર્ટ ઉપરથી એમ માલૂમ પડે છે કે, બદમાશોની એક ટોળી મુંબાઇમાં આવી છે. આવું હિમ્મત ભરેલું ખૂન એવી ટોળીજ કરી શકે તેમ છે. તપાસ કરવાનું કામ ખાનસાહેબને સોંપવામાં આવે છે; કેમ કે ટ્રામમાં થયેલા ખુનની તપાસ કરવાનું કામ પણ તેમને સોંપવામાં આવ્યું છે. ”

વિરક્તિથી અતિ વિકટ મુખભાવ કરી ખાનસાહેબે મુનશીના મ્હોં તરફ જોયું. મુનશીએ મહા મુશ્કિલે પોતાનું હાસ્ય રોકી રાખ્યું. પછી વિવિધ પ્રકારની બિભત્સ મુખચર્યા કરી ખાન-સાહેબે કહ્યું, “ આ કેવો ઇન્સાફ ? ! મ્હારી વાત સાંભળવાની ચોખ્ખી ના પાડવામાં આવે છે; જે પુરાવાઓ હું રજુ કરૂં છું તે હવામાં ઉડાવી દેવામાં આવે છે; છતાં કહેવામાં આવે છે કે, તપાસનું કામ ખાનસાહેબને સોંપવામાં આવે છે; છતાં બન્ને ખુનમાં એક મુદ્દાનો સવાલ હોઇ તેના ઉપર વિચાર કરવો ઘટે છે. ટ્રામ ગાડી છે અને રેલ્વે પણ ગાડી છે તેથી બન્ને ખૂન એકજ ટોળીને હાથે થયાં હોય એવો સંભવ છે.”

આ વખતે નોકરે આવી સલામ કરી કહ્યું, “ હુજુર રઘુનાથરાવ સાહેબ આવ્યા છે.”

ખાનસાહેબે મ્હોં બગાડી બડબડ કરતાં કહ્યું,“ એ સાલો પાછો હયરાન કરવા આવ્યો છે ! એ બનાવટી માણસ હોવા છતાં હું એને પકડી શકતો નથી. એ મ્હારા જઈફ થયેલા કિસ્મતની કમનસીબી છે ! ”

ગર્જના કરી ઉઠી ખાનસાહેબે નોકરને કહ્યું, “ જા, એને લઇ આવ. આમ મ્હોં ફાડી ઉભો શા માટે રહ્યો છે ? ”

નોકર ચાલ્યો ગયો. રઘુનાથરાવે ગૃહની અંદર પ્રવેશ કર્યો તે સાથેજ ખાનસાહેબે પોતાના બન્ને હાથ લંબાવી કહ્યું, "જનાબ! આઇએ; બેઠીએ."

આ દુનિયામાં ખાનસાહેબ જેવા માણસો બીજા પણ ઘણા છે; તેથી પાઠકોએ તેમના ચારિત્રમાં અતિશયોક્તિ હોવાનો સંદેહ લાવવો નહિ.

રઘુનાથે આસન ઉપર બેસી કહ્યું, "થાણામાં થયેલા ખૂનનો રીપોર્ટ આપને મળ્યો હશે, કેમ ?"

ખાનસાહેબે કહ્યું, "હાજી, મળ્યો છે."

"જ્યારે તપાસનું કામ આપના હાથમાં આવ્યું છે ત્યારે પછી ખૂનીનો પત્તો જરૂર લાગશે."

"લાગવોજ જોઇએ." ઠાવકા મુખે ખાનસાહેબે કહ્યું.

"હું આપની સાથે થોડી વાતચિત કરવા આવ્યો છું."

"એમ કે ? જે વાત કહેવી હોય તે કહો."

"મુંબાઈમાં થયેલું ખુન પણ દક્ષિણમાં ફરતી શયતાની ટોળીએ કર્યું હોય એમ આપ ધારો છો કે ?"

ખાનસાહેબે ટટાર બેસી, ગંભીર ભાવ ધારણ કરી, બે ચાર વખત મુછોના આંકડાને વળ દઇ કહ્યું, "આપ શું ધારો છો ?"

"પોલિસના રીપોર્ટમાંના ત્રણ માણસોનું વર્ણન વાંચતાં મ્હને એમ લાગ્યું છે કે, એ આપણામાંના માણસોજ હોવા જોઇએ."

ખાનસાહેબે રઘુનાથ તરફ તીક્ષ્ણ દૃષ્ટિથી જોઇ કહ્યું, "આપણામાંના માણસો ?!"

રઘુનાથે હસીને કહ્યું, "આપણામાંના માણસોજ કહેવાય! એ સાલા બદમાશોને પકડી શકાય તો આપણા લોકોને પણ સારી શીખામણ મળે."

ખાનસાહેબે કહ્યું, "ત્યારે ચંદ્રકાન્ત સંબંધી આપે જે પૂરાવા એકઠા કર્યાં છે તેનું શું થયું ?"

"ચંદ્રકાન્ત માટે એમ પુરવાર થયું છે કે, તે—"

ખાનસાહેબ વચ્ચે જ બોલી ઉઠયા, "એ બધી વાત હું જાણું છું. ચંદ્રકાન્તે જ પોતાના ભાઇનું ખુન કર્યું છે એમાં

કાંઇ સંદેહ નથી. ન્યાયને અંતે એને ફાંસીની સજા થશે એ ચોકકસ છે. હું કેવળ આપને એટલુંજ પૂછું છું કે પોલિસ રીપોર્ટમાં જે ત્રણ બદમાશોનો ઉલ્લેખ છે તેમાંનોજ એક ચંદ્રકાન્ત છે એમ આપ ધારો છો?"

"ઘટના સ્થળે હાજર નહિ રહેવા છતાં કામ પાર ન પાડી શકાય કે?"

"એટલે?" ઉત્સુકતાથી ખાનસાહેબે પૂછ્યું.

"મ્હને એવો પુરાવો મળ્યો છે કે, શયતાનોની ટોળી સાથે ચંદ્રકાન્તનો ગાઢ સંબંધ છે. એ ઉપરથી ચંદ્રકાન્ત પણ પોતે બદમાશોની ટોળીમાં ભળ્યો હોય એમ લાગે છે. ઘણું કરીને એ શયતાની ટોળીનો સરદાર હોવો જોઇએ. આજકાલ જે જે ધાડપાડુઓની ટોળીઓ ઉભી થાય છે તે તે દરેક ટોળીનો સરદાર ઉચ્ચ કોમમાં ઉત્પન્ન થયેલો કોઇ ગૃહસ્થ માણુસ હોય છે. એ માણુસ બ્હારથી પરમ સાધુ હોવાનો ઢોંગ કરતો હોવા છતાં અંદરથી પાકો બદમાશ અને અઠંગ ઉઠાઉગીર હોય છે."

ચંદ્રકાન્તનો શયતાનોની ટોળી સાથે સંબંધ છે એમ આપ કયા પુરાવાને આધારે કહો છો?" ખાનસાહેબે પૂછ્યું.

"એ ટોળીના એક માણુસ સાથે ચંદ્રકાન્તને વાતચિત કરતાં મ્હેં જોયો છે."

"એ માણુસ નજરે પડવા છતાં આપે એને પકડયો કેમ નહિ?"

"એ માણુસ હું ધારતો હતો તેજ હશે કે કેમ એ સંબંધી સદેહ હોવાથી મ્હેં એને પકડયો નહિ. મ્હેં તેની હિલચાલ ઉપર નજર રાખી છે."

ખાનસાહેબ ખડખડાટ હસી પડયા. તેમણે કહ્યું, "ઇન્સ્પેકટર સાહેબ! આપની આવી વાત ઉપર સાહેબ ધ્યાન આપશે નહિ."

રઘુનાથે સહજ વિરકિતસૂચક ભાવ દર્શાવી કહ્યું, "શા માટે ધ્યાન નહિ આપે?"

ખાનસાહેબે કહ્યું, "એટલા માટે કે, તમારી વાતને કાંઇ પૂરાવો નથી. આપ પાછા ચાલ્યા જાઓ. આપનો સંદેહ પાયા

વગરનો છે. આપ ધારો છો એવી કોઇ શયતાનોની ટોળી દક્ષિણ-માંથી મુંબઇમાં આવી નથી. જ્યાં સુધી આ ખાનસાહેબ હયાત છે ત્યાં સુધી એવી કોઇ ટોળી મુંબઇમાં આવવાની હિંમત કરી શકે તેમ નથી. આપ એ સંબંધી બેફિકર રહેજો. બધા બદમાશો આ ખાનસાહેબને બહુ સારી રીતે ઓળખે છે."

રઘુનાથે ખાનસાહેબના કંઠસ્વરનું અનુકરણ કરી કહ્યું, "બરાબર છે, આપની વાત તદ્દન ખરી છે. હવે હું રજા લઉં છું."

"ભલે, પધારો."

આમ કહી ખાનસાહેબે એક ઉંડો નિશ્વાસ મૂકી તકીઆની મદદથી આડા થઇ આંખો મીંચી કહ્યું, "મુનશી!"

"જી, હજુર?"

"એ માણસ કોણ હતો?"

"થાણાનો પોલિસ ઇન્સ્પેકટર રઘુનાથરાવ."

ખાન સાહેબે આંખો મીંચી ખડખડાટ હાસ્ય કર્યું. મુનશી મ્હોં વિકાસી તેમના તરફ જોઇ રહ્યા. તેણે કહ્યું, "થાણાના પોલિસખાતા તરફથી આપણા પત્રનો ઉત્તર આવ્યો છે; તેમાં લખ્યું છે કે, ઇન્સ્પેક્ટર રઘુનાથરાવને આ તરફ મોકલ્યા છે."

"પરંતુ આ માણસ ઇન્સ્પેકટર રઘુનાથરાવ નથી."

"ત્યારે કોણ છે? વળી અસલ રઘુનાથરાવ ક્યાં છે?"

"અસલ રઘુનાથરાવ ગૂમ થઇ ગયો છે."

"ત્યારે અહીં આવેલા બનાવટી રઘુનાથને આપે કેમ પકડયો નહિ?"

ખાનસાહેબે થોડા સમય સુધી અટ્ટહાસ્ય પછી ગંભીર થઇ કહ્યું,

"ત્હારા જેવા ગધેડાને આ ઈંગ્રેજી રાજ્યના કાયદાઓ સમજતાં એક જમાનો લાગે તેમ છે."

"જો એ માણસ બનાવટી હોય તો વિનાવિલંબે તેને પકડવાનો બંદોબસ્ત કરવો જોઇએ."

"ત્હારી વાત ખરી છે; પરંતુ એ બનાવટી માણસ હોવાનો પૂરાવો આપણી પાસે ક્યાં છે? ઇંગ્રેજી રાજ્યના કાયદાનો તેમજ

ઇન્સાફનો આધાર જુબાની અને પુરાવા ઉપર લટકી રહેલો છે; તેથી તો પેલા મસ્ત કવિએ કહ્યું છે કે,

જુબાની ને પુરાવે ત્રાજવું જે ભારી થાયે છે;
ભલે અંધો છતાં યે ન્યાય સાચો તો ગણાયે છે."



પ્રકરણ ૧૭ મું

—:⊙:—

સુલોચના સપડાઈ

જ્યારે એક તરફથી ઘણા દિવસથી પુષ્કળ પરિશ્રમ કરવા છતાં પુરાવાને અભાવે ખાનસાહેબ ચંદ્રકાન્તને ખુની તરીકે પકડી શકતા ન હોતા, બીજી તરફથી રઘુનાથરાવ મુંબાઈમાં આવેલો હોવા છતાં શયતાનોની ટોળી પકડી શકતો ન હોતો ત્યારે ત્રીજી તરફથી એકાંત અંતઃપુરમાં બેસી એક બાળિકા મનમાં ને મનમાં તેમના બન્નેના કાર્યની આલોચના કરતી હતી. એ બાળિકાનો હેતુ અમુક અંશે સ્વતંત્ર હતો. તે પોતાના હૃદયનું લોહી રેડીને પણ ચંદ્રકાન્તનું રક્ષણ કરવા ઇચ્છતી હતી. પોતાની ઇચ્છા પાર પડવા માટે તેને ત્રણ કાર્ય કરવાનાં હતા મોહિની કેવા સ્વભાવની સ્ત્રી છે એ જાણવાનું પ્રથમ કાર્ય હતું. ચંદ્રકાન્તના વડિલ ભાઈનું ખુન કોણે કર્યું હતું એ જાણવાનું બીજું કાર્ય હતું અને જો મોહિનીએ પોતાની ખૂબસુરતીના ખપ્પરમાં ચંદ્રકાન્તને સપડાવવાની જાળ પાથરી હોય તો બીજાં માણસો તેની ટોળીમાં ભળેલાં હોઈ એ માણસો કોણ છે એ જાણવાનું ત્રીજું કાર્ય હતું. આ ત્રણ કાર્ય બજાવ્યા શિવાય સુલેચનાની આંતરિક ઇચ્છા સફળ થવાનો સંભવ ન હોતો.

પુષ્કળ વિચારોને અંતે સુલોચનાએ એ ત્રણે કાર્યો કરવાનો પોતાના મન સાથે દૃઢ નિશ્ચય કર્યો હતો. સુલોચના ગમે તેમ પણ એક બાળિકા હતી. તે કેવી રીતે આ સઘળાં અસાધ્ય કાર્ય પાર પાડી શકશે એ વિષયનો તેણે કાંઇ વિચાર કર્યો ન હોતો. કોઇ કોઇ વખતે કાર્યની ગંભીરતાનો વિચાર ઉપજતાં નિરાશ નહિ બની જતાં તે સાચાના સહાયક શ્રી ઇશ્વરનું સ્મરણ કરતી હતી.

પ્રેમના પ્રભાવથી સ્ત્રીજાતિ દેવતા થાય છે તથા એ પ્રેમની નિરાશાથી રમણી રાક્ષસી થાય છે. સુલોચનાનો સ્નેહ ગંભીર

હતો, સ્વર્ગીય અમૃતધારા સમાન હતો. એ સ્નેહમાં લાલસાના પ્રચંડ તરંગો ન હોતા; કામનાનો અગ્નિ નહોતો. સ્વર્ગીય સ્નેહના અલૌકિક પ્રભાવથી સુલોચના સ્ત્રીને બદલે દેવી બની હતી, તેના ક્ષુદ્ર બાળિકા હૃદયમાં સ્વર્ગીય સાહસ એકત્રિત થયું હતું. તેનો સંકલ્પ દૃઢ હતો. એના આંતરિક વેગની ગતિ અટકાવવાની શક્તિ કોઇનામાં ન હોતી.

આમ હોવા છતાં એક સ્ત્રી સાથે સુલોચનાને યુધ્ધ કરવાનું હતું. એ સ્ત્રી પણ સાધારણ ન હોતી. મોહિની જેવી સ્ત્રી સાથે શત્રુતા કરવાની હિમ્મત બીજી કોઇ સ્ત્રી કરી શકે તેમ નથી. આમ હોવા છતાં કયી હિમ્મતથી સરલા બાલા સુલોચનાએ આવા ભયાનક યુધ્ધક્ષેત્રમાં ઝંપલાવ્યું હતું ? તે આવા યુધ્ધમાં ઉતરી ચુર્ણવિચુર્ણ થઇ જશે કે શું ?

મોહિની પોતાને ભૂલી ગઇ નથી એ વાત સુલોચનાથી અજાણી હતી. જે દિવસે મોહિનીએ એમ સાંભળ્યું કે, સુંદરલાલ ચંદ્રકાન્તનો જીવજાન દોસ્ત છે, લગભગ આઠે પ્રહર ચંદ્રકાન્ત સુંદરલાલને ઘેર રહે છે તે દિવસથીજ તેણે સુંદરલાલના ઘરની સઘળી બાતમી મેળવવા માંડી હતી. કોઇ પણ વિષય તરફ બેદરકાર રહેવાનો મોહિનીનો સ્વભાવ ન હોતો.

મોહિનીએ એમ સાંભળ્યું હતું કે, સુંદરલાલની એક કુમારિકા નવયુવતી સાળી સુંદરલાલના ઘરમાં રહે છે ત્યારે તેની સાથે ચંદ્રકાન્તનો સંબંધ હોવો જોઇએ એવો સંદેહ તેના મનમાં ઉપજ્યો હતો. વળી એક વખત જો કોઇ બીજી રમણી તરફ ચંદ્રકાન્તનું ચિત્ત આકર્ષાય તો પોતે તેને મેળવવાની આશામાં નિરાશ થાય તેમ હોવાથી એવું ન બને તથા એક કાંકરે બે પક્ષી મારી શકાય એ હેતુથી એક વિશ્વાસુ દાસીને બળાત્કારે તેણે સુંદરલાલના ગૃહસંસારમાં રાખી હતી.

એ દાસીને રાખવા માટે આરંભમાં સુંદરલાલે નામરજી દર્શાવી હતી; પરંતુ કોઇ ગુપ્ત કારણને લીધે સુંદરલાલ મોહિનીની મુઠ્ઠીમાં દબાયલો હોવાથી, મોહિનીના ચરણોમાં તેનું શિર વેચાયલું હોવાથી, તેને મોહિનીની ઇચ્છાને નિરૂપાયે માન આપવું

પડ્યું હતું. પોતાની ઘણી નામરજી હોવા છતાં જાણી જોઈ મોહિનીની દૂતીને તેણે પોતાના સંસારમાં સ્થાન આપ્યું હતું. ઘરના કોઇ પણ માણસને દાસીનો ગુપ્તભેદ જણાવી શકવા જેવી તેની સ્થિતિ નહોતી. આમ હોવાથી એ દાસી મોહિનીની દૂતી હોવાની વાત સુંદરલાલ સિવાય ઘરનું બીજું કોઇ માણસ જાણતું નહોતું. વળી નવીન દાસી થોડા વખતમાંજ ઘરનાં માણસોની એટલી બધી વ્હાલી થઇ પડી કે, સઘળાં માણસો મુક્ત કંઠે તેનાં વખાણ કરવા લાગ્યાં.

મોહિનીની દૂતી વિવિધ ગુણથી, વિવિધ કળકૌશલથી સુલોચનાની ઘણી પ્રિય થઇ પડી. સુબોધ બાળિકા સુલોચના સંસારના છળપ્રપંચોથી સર્વથા અજ્ઞાત હોવાથી પોતાના મનની સઘળી વાત સરળ ચિત્તે એ દાસીને વિશ્વાસપાત્ર ધારી કહેતી હતી. આવી રીતે મોહિનીની દૂતી વિના વિલંબે સઘળી જરૂરી હકીકત જાણી શકી. સુલોચનાએ મોહિનીના પંજામાંથી ચંદ્રકાન્તનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા કરી છે એ વાત પણ ભેદી દાસીથી ગુપ્ત રહી નહિ. છેવટે એ ગુપ્ત વાત દૂતીદ્વારા મોહિની પણ જાણી શકી. પછી શું કરવું એ સંબંધીનો ઉપદેશ દૂતીને પહોંચાડવામાં મોહિનીએ બિલકુલ વિલંબ કર્યો નહિ.

સુલોચના અને પોતાની હિલચાલ ઉપર ચાંપતી નજર રાખવાના હેતુથી મોહિનીએ પોતાની દૂતી મોકલી હતી એ વાત સુંદરલાલ ઘણી સારી રીતે જાણતો હતો. તેના ઘરની સઘળી હકીકત દૂતીદ્વારા મોહિની જાણી શકતી હતી. આમ છતાં એ દૂતીને દૂર કરવાની અર્થાત્ કાઢી મુકવાની શકિત તેનામાં નહોતી. મોહિનીથી સુંદરલાલ શા માટે આટલો બધો ડરતો હતો એ વાત તેના પોતાના અને મોહિની સિવાય ત્રીજું કોઇ જાણતું નહોતું એ ભેદ ભરેલું ગુપ્ત રહસ્ય યથા સમયે વાંચકોના જાણવામાં આવશે.

" પુષ્કળ વિચારોને અંતે સરલા સુલોચનાએ થાણા જવાનો નિશ્ચય કર્યો. થાણા જઇ મોહિનીનો પત્તો મેળવી ચંદ્રકાન્તને મળી તેને સાવધાન કરવાનો સુલોચનાએ સંકલ્પ કર્યો હતો. જો સુલોચના પ્રેમના આવેગથી ઉન્માદિની ન બની ગઇ હોત,

પ્રિયતમનું અનિષ્ટ થવાની આશંકાથી તેનું કોમળ ચિત્ત ચંચળ ન બની ગયું હોત તો તે કદાપિ આવું સાહસિક કાર્ય કરવા તૈયાર થાત નહિ.

સુલોચના પાસે થોડા ઘણા પૈસા હતા. એ પૈસા લઇ ચંદ્રકાન્તને સંકટસમુદ્રમાંથી બચાવવા જવા તે તૈયાર થઇ. પોતાનો સંકલ્પ પાર પાડવા જતાં જીવ ઉપર જોખમ આવી પડે તો પણ એ સંબંધીની તેને ચિંતા ન હોતી; પોતાના કપાળમાં ખોટું કલંક લાગવાનો તેને ભય ન હોતો. તેણે એકલીએજ ચાલ્યા જવાનો નિશ્ચય કર્યો હતો. મધ્યરાત્રિના સમયે ગુપચુપ ઘર છોડી જવાનો તેનો વિચાર હતો!

પોતાનાં બે ચાર કપડાં તથા પૈસાની તેણે એક ન્હાની પોટલી બાંધી. પછી પલાયન કરી જવાનો સુયોગ તે શોધવા લાગી.

રાતના વખતે બ્હાર નીકળી જવાનો પ્રયત્ન કરવા છતાં તેનો પ્રયત્ન સફળ થયો નહિ; તેના મનમાં એક પ્રકારનો ભય ઉપજવા લાગ્યો. છેવટે બીજો કોઇ ઉપાય નહિ સુઝવાથી પેલી દાસીને પરમ વિશ્વાસુ ધારી તેને સાથે લઇ જવાનો સુલોચનાએ વિચાર કર્યો.

એ નવી દાસી પૂરી પહોંચેલી તથા જમાનાની ખાધેલી હતી. તેનામાં ઘણી અક્કલ તથા હિમ્મત હતી. વળી પહેલાં તે એકલી ઘણાંખરાં તીર્થસ્થળોએ ફરી આવતી હતી પોતાની એ એ તીર્થયાત્રાની વાત દાસીએ ઘણી વખત સુલોચનાને કહી હતી. સુલોચનાએ વિચાર્યું કે, 'એ દાસી ખરા જીગરથી મ્હને ચાહે છે, મ્હારે દુઃખે તે દુઃખી થાય છે. એ સાથે હશે તો હું નિર્ભય રહી શકીશ!''

એક દિવસે એકાંતમાં સુલોચનાએ પોતાનો ગુપ્ત હેતુ એ દાસી સમક્ષ પ્રકટ કર્યો. દાસીએ કૃત્રિમ મર્મવ્યથા દર્શાવી ગદ્દગદ્દ કંઠે કહ્યું, "બ્હેન! તમે જ્યારે જવાનોજ નિશ્ચય કર્યો છે ત્યારે પછી આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી હું તમને એકલાં જવા દઇ શકું તેમ નથી. હું જરૂર તમારી સાથે આવીશ."

સુલોચનાએ સંતુષ્ટ થઇ કહ્યું, "તમારા સિવાય મ્હારા દુઃખે બીજું કોઇ દાઝે તેમ નથી. તમે મ્હારી સાથે આવશો એટલે મ્હને કોઇ પણ પ્રકારનો ભય નહિ રહે."

"તમે નિર્ભય રહો; હું અવશ્ય તમારી સાથે આવીશ."

"ત્યારે તો હું એમનું રક્ષણ કરીશ."

"પરમાત્મા તમારો શુભ હેતુ પાર પાડશે."

સરળ હૃદયની સુલોચના ધુર્ત્તહૃદયની દાસીના કપટતંત્રને કળી શકી નહિ. તે એ શયતાન સ્ત્રીના ભરમાવ્યાથી એજ રાત્રે તેની સાથે ભગિનીપતિના ગૃહનો ત્યાગ કરી થાણા જવા તૈયાર થઇ. બન્ને જણીએ છુપી રીતે છટકી જવાની સઘળી તૈયારી કરી. ઘરનાં બધાં માણુસો ઉંઘી જાય એટલે એમણે બન્નેએ નીકળી પડવાનો બેત કર્યો હતો. દાસીએ સુલોચનાને કહ્યું હતું કે, "એટલી મોડી રાત્રે ટ્રેઇન મળશે નહિ. આજની રાત આપણે મ્હારી એક મશીઆઇ બ્હેનને ઘેર છુપાઇ રહીશું અને કાલે સ્હવારની ટ્રેઇનમાં થાણા તરફ વિદાય થઇ જઇશું."

કોઇ બીજાને ઘેર જઈ રાત રહેવાની સુલોચનાની ઇચ્છા નહોતી; પરંતુ તે જાણુતી હતી કે, રાતના એક વાગતાં પહેલાં ઘરની બ્હાર નીકળી શકાય તેવો સંભવ નથી, તથા એટલી મોડી રાત્રે ટ્રેઇન મળી શકે તેમ નથી; આમ હોવાથીજ દાસીના કહેવા પ્રમાણે વર્તવાની તેણે હા પાડી.

સુલોચનાની ગુપ્ત વાત સુંદરલાલ અગર ઘરનું બીજું કોઈ માણસ જાણી શક્યું નહિ. ઘરનાં માણસો રાત્રે જમી પરવારી યથા સમયે નિશ્ચિંત ચિત્તે સુઈ ગયાં. સુંદરલાલના ઘરનાં માણસો જ્યારે ગાઢ નિદ્રાને આધીન થઇ ગયાં ત્યારે સુલોચના પેલી દાસીની સાથે ઘરની બ્હાર નીકળી પડી. પ્રવેશદ્વાર નજીક સુઇ રહેલા ભૈયાને પણ કુંભકર્ણના જેવી ઘોર નિદ્રાએ ઘેરી લીધો હતો.

ઘરની બ્હાર નીકળી પડયા પછી સુલોચના જડ જેવી થઇ ગઇ; તેનું હૃદય જોરશી ધબકવા લાગ્યું. હૃદય જાણે કે ફાટી જતું હોય એવી અસહ્ય વેદના તે અનુભવવા લાગી. બંને હાથથી તેણે પોતાનું હૃદય દબાવી રાખ્યું.

પોતે શું કરે છે, ક્યાં જાય છે, પોતે આવી રીતે ગુપચુપ ઘર છોડી જવું ઉચિત છે કે કેમ એવા પ્રશ્નો કોઈ જાણે કે તેના અંતરમાં ઉપસ્થિત થઈ પૂછવા લાગ્યું.

સુલોચના પત્થરના પુતળાની માફક થોડો વખત સ્થિર ઉભી રહી. નવી દાસીએ તેના કાન નજીક મ્હોં લઈ જઈ મૃદુ સ્વરે કહ્યું, "જલ્દી ચાલો; કોઈ જાગી ઉઠશે!"

"ઇશ્વર મ્હારી મદદે છે!"

મનમાં ને મનમાં વારંવાર ઇશ્વરનું સ્મરણ કરી, મહાકષ્ટે સાહસ એકઠું કરી સુલોચના આગળ જવા લાગી. ખરૂં કહીએ તો પેલી દાસીજ સુલોચનાનો હાથ પકડી તેને ખેંચી જતી હતી. થોડે દૂર ગયા પછી દાસીએ કહ્યું, "બ્હેન! ગાડી તૈયાર છે. તમારૂં કામ પાર પાડવા બધી વ્યવસ્થા મ્હેં પ્રથમથી કરી રાખી છે!"

દાસીએ અગાઉથી ગાડી તૈયાર રાખી હતી. સુલોચનાની સાથે અગાઉથી ચોક્કસ કરી રાખેલી વિક્ટોરીયામાં તે ચઢી બેઠી. ગાડી પૂર ઝડપથી દોડી જવા લાગી. પિંજરની પંખિણી પિંજરમાંથી પલાયન કરી બાજ પક્ષીનો શીકાર થઈ પડી. હે ભગવાન! એ બીચારીના ભાગ્યમાં તમે શું લખ્યું હશે?!

સુલોચનાનું ચિત્ત અસ્થિર બની ગયું હતું; એક શબ્દ પણ ઉચ્ચારવાની તેનામાં શક્તિ નહોતી. તેની છાતી એટલા બધા જોશથી ધબકતી હતી કે, તેનો કંઠ સુકાઈ ગયો હતો.

ગાડી કયી તરફ જાય છે એ જાણવાની ઇચ્છાથી સુલોચના રસ્તા તરફ જોવાનો પ્રયત્ન કરવા લાગી એટલે દાસીએ બંને હાથથી તેના મુખ ઉપર એક રૂમાલ દબાવી દીધો. આખી ગાડીમાં ક્લૉરોફૉર્મની વાસ ફેલાઈ ગઈ. સુલોચનાએ બૂમ પાડવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તેના મુખમાંથી અસ્પષ્ટ ધ્વનિ નીકળ્યો. પછી વિનાવિલંબે તે બેહોશ બની જવાથી શું બન્યું એ જાણી શકી નહિ. એ ગાડીની અંદર પડી જાય નહિ એટલા માટે દાસીએ તેને ઝાલી રાખી. એ પછી પોતાના મન સાથે તેણે કહ્યું, "કોઈની હિમ્મત નહોતી કે આ કાર્ય કરી શકે! આ કામના ઇનામમાં હજાર રૂપિયામાં એક પાઈ પણ ઓછી હું લેવાની નથી.

જેવું કામ તેવા દામ."

ગાડી દૂર જઇ એક જીર્ણું મકાન આગળ ઉભી રહી. એ મકાનની આસપાસ જંગલી જેવી પડતર જગ્યા આવેલી હતી. ગાડી ઉભી રહેતાં કોચમેન નીચે ઉતરી આગળ આવ્યો તે બીજો કોઈ નહિ પણ બિહારીલાલ હતો. ગાડીનો અવાજ સાંભળી એ મકાનમાંથી એક માણસ બ્હાર આવ્યો; તે સત્યાનંદ હતો.

પછી ત્રણે જણાં બેહોશ બનેલી સુલોચનાને ઉંચકી મકાનની અંદર લઇ ગયાં.



પ્રકરણ ૧૮ મું.

—:ૈ:—

સુંદરલાલનો પત્ર

મોહિની સાથે લગ્ન થયા પછી ચંદ્રકાન્ત સુંદરલાલને બિલકુલ મળ્યો ન હોતો તથા તે તેને પત્ર પણ લખતો ન હોતો. વચ્ચે વચ્ચે સુંદરલાલ ચંદ્રકાન્તને પત્ર લખતો હોવા છતાં તેને ઉત્તર મળતો ન હોતો.

સંધ્યાનો સમય હોવાથી ચંદ્રકાન્ત બ્હાર ફરવા નીકળ્યો હતો. બ્હાર ફરી તે જ્યારે બંગલે પાછો ફર્યો ત્યારે નોકરે તેના હાથમાં એક પત્ર આપ્યો. પત્રના શિરનામાના અક્ષર ઓળખવામાં આવતાં વિરક્ત બની જઇ ચંદ્રકાન્તે પોતાના મન સાથે કહ્યું, "સુંદરનું માથું ખરાબ થઇ ગયું હોય એમ લાગે છે. પાછું મોહિની વિરૂદ્ધ તેણે કાંઇ લખ્યું હોય એમ મ્હને લાગે છે. વળી તે જો કોઇ વાત સ્પષ્ટતાથી લખતો હોય તો હું કાંઇ સમજી શકું. એ શું કહેવા ઇચ્છે છે તે મ્હારાથી સમજી શકાતું નથી. એ ગધેડો સમજતો નથી કે, મોહિની હવે મ્હારી સહધર્મિણી છે. જો એ મ્હારો બાલ્યબંધુ ન હોત તો હું આવું ગાંડપણ સહન કરત નહિ."

પત્ર ખોલ્યા વિનાજ ચંદ્રકાન્ત તેને ફાડી નાખવા જતો હતો; પણ એવામાં કાંઇ વિચાર આવતાં પત્ર ફાડી નહિ નાંખતાં તે બેઠકખાનામાં ગયો. ત્યાં ટેબલ ઉપર પત્ર મુકી તેણે નોકરને ચ્હા લઇ આવવાની આજ્ઞા કરી.

ચ્હા પીતાં પીતાં તેણે એક ઉત્કૃષ્ટ સિગારેટ સળગાવી. એ વખતે બાલ્યબંધુની વાત તે તદ્દન ભુલી ગયો હોય એમ લાગતું હતું. એવામાં એકાએક તેની દૃષ્ટિ ટેબલ ઉપર પડેલા પત્ર તરફ આકર્ષાઇ. તેણે નોકરને હાંક મારી. નોકર આવ્યો એટલે ચંદ્રકાન્તે કહ્યું, "પેલો ટેબલ ઉપરનો કાગળ લાવ."

નોકરે પત્ર ચંદ્રકાન્તના હાથમાં આપ્યો. વિરક્તભાવથી ભવાં ચઢાવી ચંદ્રકાન્તે પત્ર ખોલ્યો. પત્રમાં સુંદરલાલે લખ્યું હતું કેઃ—

"પ્રિયભાઈ! તું જોકે મ્હને પત્ર લખતો નથી છતાં હું તને પત્ર લખ્યા સિવાય રહી શકતો નથી! તું સહકુટુંબ કુશળ હોઈશ એવી હું આશા રાખું છું. સુખના દિવસોમાં તું ત્હારા આ ગરીબ બાલ્યબંધુને ભૂલી જાય એ સંભવિત છે. ગમે તેમ હો, હવે મ્હને એમ લાગે છે કે, મ્હેં તને ત્હારી સ્ત્રીના સંબંધમાં જે કાંઈ કહ્યું હતું તેમાં કાંઈ વજુદ ન હોતું. એથીજ તું મ્હારા ઉપર ચ્હીડાયો હોય એમ લાગે છે. જો તને મ્હારી ભૂલ થયેલી લાગતી હોય તો હું માફી માગું છું......"

ચંદ્રકાન્તે મૃદુહાસ્ય કરી કહ્યું, "એ ગધેડાના ભેજામાં હવે અક્કલ આવી હોય એમ લાગે છે."

પત્ર આગળ નહિ વાંચતાં તે ફાડી નાખવા જતો હતો એવામાં એક નામ વાંચવામાં આવતાં પત્ર ફાડી નહિ નાખતાં આગળ વાંચવા લાગ્યો:—

"ભાઈ! મ્હારા ઉપર ભયંકર આફત આવી પડી છે. એ આફતનો ઉલ્લેખ કરતાં હું શરમાઉં છું; વળી ત્હારથી એ વાત છુપાવવામાં અન્યાય કરવા જેવું છે. ઘણી દિલગીરી સાથે લખવું પડે છે કે, સુલોચના અદૃશ્ય થઈ ગઈ છે. એક દિવસે સ્હવારે ઉઠી તપાસ કરી તો સુલોચના ઘરમાં દેખાઈ નહિ તે કોઈને કાંઈ કહ્યા કર્યા સિવાય કોઈ અજાણ્યા સ્થળે ચાલી ગઈ છે. પોતાની મરજીથી તેણે આવું કામ નથી કર્યું એમ હું ખાત્રી પૂર્વક કહી શકું છું. સુલોચનાનો સ્વભાવ ત્હારાથી અજાણ્યો નથી. અવળે માર્ગે જાય એવી એ નથી. તે કોઈ આફતમાં ફસાઈ હોય એમજ લાગે છે. ઘણી તપાસ કરવા છતાં તેનો કાંઈ પત્તો લાગ્યો નથી. હવે શું કરવું એ મ્હને સુઝતું નથી. મ્હારે શું કરવું એ કૃપા કરી તુંજ મ્હને લખી જણાવજે. મ્હારી બુદ્ધિ બ્હેર મારી ગઈ છે. વળી મ્હારે લખવું જોઈએ કે, સુલોચના ગુમ થઈ એ રાત્રે અમારા ઘરની એક દાસી પણ ગુમ થઈ છે."

ચંદ્રકાન્તે બે ત્રણ વખત પોતાના મન સાથે કહ્યું, "સુલોચના ઘર છોડી ચાલી ગઈ છે! હું જાણું છું કે, મ્હારા તરફ

તેનો અનુરાગ હતો. મ્હેં મોહિની સાથે વિવાહ કરેલો હોવાથી નિરાશ બની કઈ તેણે આત્મહત્યા તો નહિ કરી હોય? જો એમ બન્યું હશે તો આ જીવનમાં મ્હને શાન્તિ મળી શકનાર નથી."

થોડા સમય સુધી ચુપ રહ્યા પછી પાછું તેણે પોતાના મન સાથે કહ્યું, "ના ના, હું મોહિનીને મ્હારા જીવથી પણ વિશેષ ચાહું છું. મ્હારે હવે પરનારીનો વિચાર પણ કરવો જોઈએ નહિ."

આમ કરતા છતાં ચંદ્રકાન્તનું અસ્થિર બનેલું ચિત્ત શાન્ત થયું નહિ. મોહિની સાથે લગ્ન થયા પછી અનુતાપ અગર દુઃખનો વિચાર આજે પ્રથમજ તેના મનમાં ઉપજ્યો. ચિંતા દૂર કરવાના હેતુથી ચંદ્રકાન્ત માયાવિની મોહિની પાસે ગયો. ક્ષણ કાળમાંજ મોહિનીની જાદુભરી માયથો તે વિશ્વસંસાર ભૂલી ગયો.



પ્રકરણ ૧૯ મું.

ખાન સાહેબની મુંઝવણ

"મુનસી!"

"જી, હજુર" કહેતો મુનશી દોડી આવ્યો. ખાન સાહેબે કહ્યું, "આ બધો શો ગોટાળો છે?"

"છે શું હજુર?"

"હજુરના બચ્ચા! આ વાંચી જો." આમ કહી ખાન સાહેબે એક કાગળ મુનશીના અંગ ઉપર ફેંક્યો. મુનશી ધ્રુજતા અવાજે વાંચવા લાગ્યોઃ-

"ઇન્સ્પેક્ટર ખાનસાહેબ! નીચેનો નનામો પત્ર વાંચી જોવાથી બ્હાર ગામના બદમાશોની ટોળી હજી આ મુંબાઇ શહેરમાં બદમાશી કરે છે એ તમે જાણી શકશો. ઘણી દિલગીરી સાથે લખવું પડે છે કે, તમે ઘણા આળસુ છો. હજી સુધી તમે કાંઇ કરી શક્યા નથી. જો એક મહિનામાં તમે વિશેષ કાંઇ નહિ કરી શકો તો બીજી ગોઠવણ કરવી પડશે. જો તમારાથી કાંઇ ન બની શકે તો તમે અવસર પ્રાપ્ત (પેન્શનર) વૃધ્ધ સુપ્રિન્ટેન્ડેન્ટ મી૦ દેશમુખને મળજો. તમારા કાર્યમાં જોઇતી મદદ કરવા માટે તેમને લખી જણાવવામાં આવ્યું છે.

પોલિસ કમીશનર."

ખાનસાહેબ બોલી ઉઠ્યા, "મુનસી!"

"જી હજુર!"

"આ શું કહેવાય?"

"હજુર આ......"

"મ્હારી બેઇજ્જતી." ખાનસાહેબે મુનશીનું અપૂર્ણ વાક્ય પુર્ણ કર્યું.

"હજુરની વાત સહી છે."

"એ નનામો પત્ર વાંચ."

મુનશી વાંચવા લાગ્યોઃ—"માનનીય પોલિસ કમીશનર

સાહેબ ! ત્રણ દિવસથી પ્રિન્સેસ સ્ટ્રીટ ઉપર રહેતા સુંદરલાલ ડોક્ટરની નવજુવાન સાળી ઘરમાંથી ગૂમ થઇ છે. તેની સાથે ઘરની એક દાસી પણ અદશ્ય થઇ છે. સુંદરલાલનાં સાસુ સસરો હયાત નહિ હોવાથી તેમની સાળી મુંબઇમાં તેમના ઘરમાં રહેતી હતી. એનું નામ સુલોચના હોઇ તે ભણેલી ગણેલી ગુણિયલ બાળા છે. એના જેવી સદ્દગુણી બાળાઓની સંખ્યા સંસારમાં ઘણી થોડી હશે. બદમાશોની ટોળી કપટ કારસ્થાન રચી સરળ હૃદયની સુલોચનાનું હરણ કરી ગઇ છે એ સંબંધી સહજ પણ સંદેહ નથી. અદૃશ્ય થનાર દાસી બદમાશોની દુતીજ હોવી જોઇએ બ્હારગામના કેટલાક બદમાશોની ટોળી આ શહેરમાં વિવિધ કપટ કારસ્થાનો કરે છે એમ અમુક કારણોથી હું ચોક્કસ કહી શકું છું. એ દાસી પણ બદમાશોની ટોળીમાં ભળેલી હોવી જોઇએ એવી મ્હારી દૃઢ માન્યતા છે આશા રાખું છું કે, આ સંબંધી આપ યોગ્ય પગલાં લેશો. અમુક ખાસ કારણને લીધે હું મ્હારૂં નામ આપી શકતો નથી; પરંતુ એથી જો આપ આ વિષય તરફ દુર્લક્ષ કરશો તો જાહિર હિતને ઘણું નુકશાન પહોંચશે. સુંદરલાલ ડોક્ટરે આ વાત પોલીસને કેમ જણાવી નથી એ પણ હું જાણું છું."

ખાનસાહેબે મુખ વિકૃત કરી કહ્યું, "સહુના ભેજામાં બદમાશોની ટોળીજ ઘુસી ગઇ છે ! બ્હારગામની કોઇ પણ શયતાની ટોળી આ ખાનસાહેબ જીવતા છે ત્યાં સુધી મુંબઇમાં આવવાની હિમ્મત કરી શકે તેમ નથી. આ વાત સાહેબના ધ્યાનમાં ઉતરતી કેમ નથી એ હું સમજી શકતો નથી. મુનશી !"

"જી, હજુર."

"વૃદ્ધ સુપ્રિન્ટેન્ડંટ દેશમુખને હું ઓળખું છું. પહેલાં થોડા વખત મ્હેં તેમની સાથે કામ પણ કર્યું હતું. તેઓ સુપ્રિન્ટેન્ડંટ થઇ ગયા અને હું ઇન્સ્પેક્ટર રહ્યો ! એ બધી નસીબની લીલા છે."

"હજુરનું કહેવું બરાબર છે."

"મ્હારે કબુલ કરવું જોઇએ કે, મી. દેશમુખ ચાલાક છે."

"હજુરની વાત ખરીજ હશે."

"મી. દેશમુખ પાસે જવું કે કેમ એ વિષયનો હું વિચાર

કરું છું. તેમની પાસે જવાથી મ્હારે નીચું જોવું પડે તેમ છે."

"ખરી વાત છે."

"બીજી તરફથી કમીશનર સાહેબનો હુકમ માન્યા સિવાય છુટકો નથી."

"હજુર મિ૦ દેશમુખ પાસે જાય એ ઉત્તમ છે."

"વળી વચ્ચે વચ્ચે પેલો શયતાન હાજર થાય છે એ પણ નવાઈ જેવું છે !"

"કયો શયતાન ?"

"થાણાનો પોલિસ ઇન્સ્પેક્ટર રઘુનાથરાવ"

આ વખતે બારીમાંથી કાંઈ નજરે પડતાં મુનશીએ કહ્યું, "હજુર ! હમણાં પણ એ આપને મળવા આવતો હોય એમ લાગે છે."

"એને કહી દે કે મ્હને ભયંકર બુખાર આવી છે. એ શયતાનને મળવાની મ્હારી ઇચ્છા નથી."

આમ કહી ખાનસાહેબે સુઈ જઈ પગથી માથા સુધી શાલ ઓઢી બુમો પાડતાં કહેવા માંડ્યું, 'ઓ ખુદા ! બુખારથી જાન નીકળી જાય છે. અલ્લા ! મેહેરબાની કરી ગુલામને બચાવો."

બીજીજ ક્ષણે ઇન્સ્પેક્ટર રઘુનાથરાવ એ સ્થળે ઉપસ્થિત થયો. ખાનસાહેબની બુમો સાંભળી તેણે મુનશીને પૂછ્યું, "ખાન-સાહેબને શું થયું છે ?"

મુનશીએ ઉત્તર આપ્યો, "ગઈ કાલથી સખ્ત તાવ આવ્યો છે."

"ત્યારે હું રજા લઉં છું." આમ કહી રઘુનાથ ચાલ્યો ગયો. ખાનસાહેબે તત્કાળ ઉઠી બેઠા થઈ કહ્યું, "એ બદમાશને હું બરાબર જોઈ લઈશ."

પ્રકરણ ૨૦ મું.

—:⊙:—

છુપી મસલત

જાળને ગમે એટલી ચાલાકીથી છુપાવી રાખવામાં આવે તો પણ તે ચિરકાળ છુપી રહી શકતી નથી. યુવાવસ્થામાં ઉપજતો મોહ અમુક વખત વીત્યા પછી અવશ્ય દૂર થાય છે. વળી ડુંગર દૂરથી રળિયામણા એવી જે લોકોક્તિ છે તે સર્વથૈવ સત્ય છે. અમુક વસ્તુ દૂરથી જેટલી સુંદર દેખાય છે તેટલી સુંદર નજીકથી દેખાતી નથી. ચંદ્રકાન્તની સ્થિતિ પણ એવીજ થઇ હતી. તેના અંતરમાં ઉત્પન્ન થયેલો મોહ ધીમે ધીમે દૂર થઇ જવા લાગ્યો હતો.

મોહિની પ્રથમના કરતાં પણ ચંદ્રકાન્ત તરફ વિશેષ અનુરાગ દર્શાવતી હતી; છતાં હવે ચંદ્રકાન્ત પ્રથમની માફક તેની સ્નેહસરીતામાં ડુબી આત્મભાન ભુલી જતો ન હોતો. ધીમે ધીમે ચંદ્રકાન્તના મનમાં એક પ્રકારના ભાવી અનિષ્ટની આશંકા ઉત્પન્ન થઇ હતી. રૂપનો મોહ ઘણા અંશે ઓછો થઇ ગયો હતો. મુખ્યત્વે કરીને રૂપોન્માદથી ઉત્પન્ન થનો ઉત્તેજિત પ્રેમ કાયમ ટકી શકતો નથી; ભોગ વિલાસથી મોહની પ્રબળ તૃષ્ણા શાન્ત થઇ જાય છે. ચંદ્રકાન્તના પ્રેમની પણ એવી જ સ્થિતિ થઇ હતી. મોહિનીના સહવાસમાં રહી હવે તે પ્રથમના જેવું સુખ અનુભવી શકતો નહોતો. હવે વારંવાર તેના મનમાં વિવિધ પ્રકારના વિચાર ઉપજતા હતા હવે નામરજી હોવા છતાં સુંદરલાલનાં વચન વારંવાર તેને યાદ આવતાં હતાં. મોહિની પુસ્કળ પ્રયત્ન કરતી હોવા છતાં ચંદ્રકાન્તના અંતરમાં ઉપજેલી અશાન્તિ દૂર થતી નહોતી. હવે તે ઘણો ખરો વખત એકાંતમાં બેસી ચિંતા કર્યાં કરતો હતો. એ વખતે સુલોચનાની પરમ પવિત્ર પ્રતિમા તેનાં આંતર્ચક્ષુ સમક્ષ ઉપસ્થિત થતી હતી.

હવે ઘરબાર છોડી મોહિનીના સહવાસમાં વિદેશમાં રહેવું ચંદ્રકાન્તને ગમતું નહોતું. ઘેર જવાથી કદાચ પોતે સુખી થઇ

શકશે એવી આશા તેના મનમાં ઉપજી હતી. મોહિનીને એ વાત કહેતાં તેણે અત્યંત પ્રસન્નતાથી ચંદ્રકાન્તની સાથે જવાની મરજી દર્શાવી હતી.

એવામાં એક દિવસે એક પત્ર મળતાં ચંદ્રકાન્તની વ્યાકુળતા ઘણી વધી ગઇ બ્હારના કાગળ પત્રો મુખ્યત્વે કરીને તે વાંચતોજ નહોતો. ઘણું કરીને તેના બાલ્યબંધુ સુંદરલાલના પત્રો પણ બંધ હાલતમાં પડી રહેતા હતા. આજે આવેલો પત્ર ચંદ્રકાન્તે ઘણી વ્યાકુળતાથી વાંચી જોયો:--

"પરમસ્નેહી,

ચોક્કસ કારણને લીધે હું આપને મળવા ઉત્સુક છું. જો ઘણું ગંભીર કારણ ન હોત તો હું આવી રીતે આપને પત્ર લખવાની હિમ્મત કરત નહિ. એ કારણનું વર્ણન પત્રમાં કરવું જોખમ ભરેલું લાગવાથી કર્યું નથી જો આપ આપનુ કલ્યાણ ઇચ્છતા હો તો વિના વિલંબે મ્હને મળજો. આ પત્ર મળતાં વધારે વખત માટે ન બની શકે તો કેવળ એક દિવસ માટે આપ મુંબાઇ આવી મ્હને મળજો આ પત્રની વાત આપનાં પત્નીથી પણ ગુપ્ત રાખો એમાં જ આપનું હિત છે.

લી. આપની સુલોચના"

પત્રની અંદર ઠેકાણું કે તારીખ નહોતાં; છતાં આ પત્ર મુંબાઇથી આવ્યો હતો એમ ચંદ્રકાન્ત પોષ્ટની છાપ ઉપરથી જાણી શકયો. તે ઘણા સમય સુધી ચિંતાતુર ચિત્તે બેસી રહ્યો. પછી પોતાના મન સાથે તેણે કહ્યું, "આ પત્ર ઉપરથી મ્હારે શું સમજવું ? ગુમ થયેલી સુલોચના ઘેર પાછી ફરી હશે કે ? જો એમ હોય તો સુંદરલાલે એ વાત મ્હને કેમ લખી નહિ ? વળી સુલોચના આટલી અધીરતાથી મ્હને શા માટે મળવા ઇચ્છે છે ? એ મ્હને શી વાત કહેવા ઇચ્છતી હશે ?"

આ વખતે એક વાત એકાએક ચંદ્રકાન્તને યાદ આવી. પોતાના વડિલભાઇના કબાટના ખાનામાંથી મોહિનીની જે છબી અને પત્ર તેને મળી આવ્યાં હતાં એ વાત એકાએક તેને યાદ આવી. "ત્યારે શું એ ગુપ્ત પત્ર અને છબી સંબંધી સુલોચના

કાંઇ જાણી શકી હશે ? ના—ના. એમ બનવું અશક્ય હતું સુલોચના એમાંનું કાંઇ જાણી શકી નથી. ત્યારે—"

"આજે આટલી બધી શી ફિકરમાં પડ્યા છો ?"

ચમકીને ચંદ્રકાન્તે દ્વાર તરફ જોયું તો મોહિની તેની નજરે પડી. મોહિનીએ મધુર હસ્ય કરી કહ્યું, "દિવસે દિવસે નકામી ચિંતા કરી તમે શા માટે લોહીનું પાણી કરી નાખો છો ? તમારો જીવ ઉદાસીન જોઇ મ્હારૂં કાળજું બળી જાય છે. તમારા હાથમાં આ કોનો પત્ર છે ? અક્ષરોનો મરોડ કોઇ સ્ત્રીના હાથનો હોય એમ લાગે છે. જોઉં જોઇએ કે, કયી ભાગ્યવતી ભામિનીએ મ્હારા હૃદયેશ્વરને પત્ર લખ્યો છે ?"

મોહિનીનો કંઠસ્વર સાંભળી ચંદ્રકાન્ત આજે પહેલી જ વખત ચમકી ઉઠયો. તેનું હૃદય કંપી ઉઠયું. શું કરવું એ તે વિચારી શકયો નહિ. કોનો પત્ર હતો તથા તેમાં શું લખેલું હતું એ જાણવાનો મોહિનીનો પ્રયત્ન ચાલુ હતો. બીજી તરફથી ચંદ્રકાન્ત એ પત્રને મુઠીમાં દબાવી દેવાનો પ્રયત્ન કરતો હતો. મહા કષ્ટે હાસ્ય કરી ચંદ્રકાન્તે કહ્યું, "આ કાંઇ જરૂરી કાગળ નથી."

મોહિનીએ હસીને કહ્યું, "જોઉં તો ખરી કે, કયી અભાગિનીએ શું લખ્યું છે ?!"

રકઝક કરતાં ચંદ્રકાન્તે કહ્યું, "કાગળમાં ત્હારે જાણવા જેવી કાંઇ હકીકત નથી."

"ત્યારે પછી મ્હને બતાવવાને શી હરકત છે ?"

"સહજ હરકત છે. મોહિની, પ્રિયે ! હું તને આ કાગળ બતાવી શકતો નથી એ માટે તું મ્હને ક્ષમા આપ."

મોહિનીએ ભવાં ચઢાવી કહ્યું, "પતિએ પત્નીથી છુપાવવા જેવું શું છે ? તમારૂં આવું વર્તન ઉચિત છે કે ?"

"પતિએ કોઇ પણ વાત પત્નીથી છુપાવવી ન જોઇએ એ ખરૂં છે; પરંતુ જેણે પત્ર લખ્યો છે તેની પ્રાર્થના મ્હારે સ્વીકારવીજ જોઇએ."

"કોણે પત્ર લખ્યો છે એમ કહી શકશો કે !"

ચંદ્રકાન્તે વિષણ્ણ ભાવથી મસ્તક હલાવી નકારમાં ઉત્તર આપ્યો.

પતિ પત્ની વચ્ચે આ પ્રથમ મનોવાદ હતો. ચંદ્રકાન્તનું હૃદય ઘણું દુઃખિત થયું. તેણે કહ્યું, "પ્રિયા! તું માઠું લગાડીશ નહિ. આ પત્ર સાથે ત્હારો કાંઇ સંબંધ નથી. એમાં તદ્દન અલગ વાત લખેલી છે. એ વાત કાંઇ મહત્વની નથી. મ્હેં કદાપિ કોઇ પણ વાત ત્હારાથી છુપાવી છે કે?"

મોહિનીના મુખ ઉપર વિરક્તિતનો જે સામાન્ય ભાવ દેખાયો હતો તે ક્ષણ માત્રમાં દૂર થઇ ગયો. તેણે પોતાનું ભુવનમોહન હાસ્ય કરી કહ્યું, "તમારા મનને દુઃખી કરી એ પત્ર જોવાની મ્હારી ઇચ્છા નથી. હું સારી રીતે સમજું છું કે, સાધ્વી સતી નારી સ્વામીને દુઃખ થાય એવું કોઇ પણ કાર્ય કરતી નથી. તમે મ્હને પ્રાણ પાથરીને ચાહો છો એ વાત મ્હારાથી અજાણી નથી."

ચિંતાનાં વાદળ ક્ષણ કાળમાં દૂર થઇ ગયાં. પુનઃ પ્રેમના તરંગો ઉછળવા લાગ્યા.

આજના આ વિવાદની તથા પત્રની વાત મોહિની ભૂલી ગઇ કે કેમ એ સંબંધી અમે કાંઇ કહી શકતા નથી; છતાં તેના હાવભાવ ઉપરથી તે એ વાતને તદ્દન ભૂલી ગઇ હોય એમજ લાગતું હતું.

બીજી તરફથી પુષ્કળ પ્રયત્ન કરવા છતાં ચંદ્રકાન્ત એ પત્રની વાત ભૂલી શકતો નહોતો. સુલોચનાએ કયા સ્થળેથી ક્યારે એ પત્ર લખ્યો હતો એ તે જાણતો નહોતો. કદાચ ઘેરથી ચાલી જતાં પુર્વે પણ તેણે એ પત્ર લખ્યો હોય તથા સુંદરલાલના કોઇ નોકરના હાથમાં આવતાં તેણે પોષ્ટ કર્યો હોય એમ ચંદ્રકાન્તને લાગ્યું. એ પત્રનો ઉત્તર આપવો એ ન આપવા જેવું જ તેને લાગ્યું.

કોઇ પણ પ્રકારે મનનું સમાધાન કરી ચંદ્રકાન્ત પત્રની વાત ભૂલી જવાનો પ્રયત્ન કરવા લાગ્યો. દિવસે દિવસે એ પત્રની વાત વિસારે પડવા લાગી.

આવી રીતે એક મહિનો પસાર થઇ ગયો. ચંદ્રકાન્ત

પત્રની વાત છેકજ ભુલી ગયો; પરંતુ વિધિનો સંકેત જુદોજ હતો! એક મહિના પછી પાછો બીજો એજ હસ્તાક્ષરોથી લખાયલો પત્ર આવ્યો! શિરનામા ઉપર પણ સુલોચનાના હસ્તાક્ષર હતા.

એ પત્રને નહિ વાંચવાનો નિશ્ચય કરી ચંદ્રકાન્ત તેને ફાડી નાખવા જતો હતો એવામાં મોહિનીએ તેને બોલાવ્યાથી પત્ર સુરક્ષિત રહી શક્યો. પત્ર ખીસ્સામાં નાખી તે મોહિની પાસે ગયો.

એ દિવસે મધ્યાહ્ન કાળે એકાંતમાં સુયોગ મળતાં ચોર માફક ચંદ્રકાન્તનો પત્ર ખોલ્યો. તેમાં ફક્ત ચાર લીટી લખેલી હતી:—

"પરમ સ્નેહી શ્રી ચંદ્રકાન્ત,

થાણાની અંદર.........ઠેકાણે યશોદા નામની એક ડોશી રહે છે. એ ડોશીને બધાં માણસો ઓળખે છે. જો તમે એ યશોદાને મળશો તો તમારા હિતની ઘણી હકીકત જાણી શકશો.

"સુલોચના."

પત્ર વાંચી ચંદ્રકાન્તે સ્વગત વિચાર્યું, "આ બધું શું રહસ્ય છે! ત્યારે શું હું કોઇ ભેદી રહસ્ય જાળમાં ફસાયો છું કે શું?"

ચંદ્રકાન્ત મોહિનીને છોડી ઘરની બ્હાર જતો નહોતો પરંતુ આજે શરીર સારૂં નથી એવું નિમિત્ત દર્શાવી તે બ્હાર નીકળી પડયો હતો. સુયોગ મળવાથી મોહિનીએ બે માણસોને બોલાવ્યાં હતાં; એ બન્ને માણસોને આપણે ઓળખીએ છીએ. એમાંનો એક કપિલદાસ હતો અને બીજી સુંદરલાલને ત્યાં રાખવામાં આવેલી દાસી અર્થાત્ મોહિનીની દૂતી હતી.

મોહિની એ બન્ને જણાંની સાથે એકાંત ગૃહમાં બેસી ગુપ્ત વાતચિત કરતી હતી. ઘરના નોકરને પ્રવેશદ્વાર આગળ પહેરો ભરવા બેસાડયો હતો તથા ચંદ્રકાન્ત ઘેર આવે તો અગાઉથી પોતાને ખાતગી આપવાની મોહિનીએ તેને સૂચના કરી રાખી હતી.

મોહિનીએ પેલી દાસીને કહ્યું, "તું કહે છે કે, સુલોચનાનું

ખૂન કરી નાખવામાં આવ્યું છે; પરંતુ એ સુલોચનાએજ ચંદ્રકાન્તને પત્ર લખ્યો છે! ભૂત થઈને તેણે પત્ર લખ્યો હશે કે?"

અતિશય આશ્ચર્યથી નેત્રો વિકાસી દાસીએ કહ્યું, "બિહારીલાલને સુલોચનાના ગળા ઉપર છુરી ફેરવતાં મ્હેં મ્હારી નજરે જોયા છે. જો મ્હારી વાત ઉપર વિશ્વાસ ન બેસતો હોય તો સદાનંદ સ્વામીને પત્ર લખી એ વાત પુછાવી જુઓ."

મોહિનીએ ક્રોધસૂચક ભાવથી કહ્યું, "એના ગળા ઉપર છુરી ફેરવવામાં આવી હોય કે તલ્વાર, એ સાથે કાંઇ લેવા દેવા નથી; છતાં એટલી વાત ચોક્કસ છે કે, હજી સુધી એ જીવતી છે. મરણ પામેલું માણસ કાગળ પત્ર લખી શકે નહિ. તમે બધાં મુરખ હોવાથી હાથમાં આવેલો શીકાર છટકી ગયો છે! તું સુલોચનારૂપી કંટકનો નાશ થતાં પહેલાં સુંદરલાલનું ઘર છોડી અહીં આવી, એ ત્હેં મહાભારત ભૂલ કરી છે. એ શું કરશે અને શું નહિ કરે એ જાણવાનો માર્ગ રહ્યો નથી."

દાસીએ કહ્યું, "બિહારીલાલ—"

"જોયા ત્હારા બિહારીલાલને! તમે બન્ને ગધેડા છો!"

પછી છબિલદાસ તરફ જોઇ મોહિનીએ કહ્યું, "તમે અક્કલના અધુરાઓ એમ સમજો છો કે, તમારી ખટપટ કોઇ જાણતું નથી; પરંતુ ખરી વાત એથી ઉલટી છે. પેલી યશોદા ડોશીની વાત સુલોચનાએ ચંદ્રકાન્તને લખી જણાવી છે. યશોદાનો ભેદ સુલોચના કેવી રીતે જાણી શકી?"

આ વાત સાંભળવામાં આવતાં છબિલદાસનું મ્હોં ઉતરી ગયું. તેણે કહ્યું, "બુઢ્ઢી યશોદાની વાત—"

"હા હા, એની વાત પણ ખુલ્લી થઇ ગઇ છે. એ સંબંધી ચંદ્રકાન્ત ઉપર સુલોચનાનો જે પત્ર આવ્યો છે તે મ્હારા વાંચવામાં આવ્યો છે. સુલોચનાએ ચંદ્રકાન્તને યશોદા સાથે મુલાકાત કરવાનું લખ્યું છે."

"ત્યારે ચંદ્રકાન્ત આજે યશોદાને મળવા ગયા હશે કે કેમ?"

"મળવા જાય એ બનવા જેવું છે; પરંતુ મ્હેં અગમચેતી

વાપરી બુદ્ધિ યશોદાને ખસેડી મૂકી છે. હું જે મુદ્દાની વાત કહેવા માગું છું તે એ છે કે, ગમે તે કોઇ માણસ આપણી સહુની હિલચાલ ઉપર ચાંપતી નજર રાખે છે. આપણી સઘળી ગુપ્ત હકીકત એ માણસે જાણી લીધેલી હોવી જોઇએ. હવે આપણે ઘણીજ સાવધાનતા રાખવાની જરૂર છે; હવે એક મિનીટનો વિલંબ કરવામાં પણ નુકસાન છે."

"તમારી વાત ખરી છે." છબિલદાસે કહ્યું.

"મ્હેં જે કાંઇ કહ્યું છે તે કરવામાં સહજ પણ વિલંબ કરશો નહિ. તમે હમણાંજ જઇને ઇશ્વરલાલને ટેલિગ્રાફ કરો"

"વીલ રજીસ્ટર થયું છે?"

"હું કાંઇ છેતરાઉં એવી નથી. કાલે ચંદ્રકાન્તે પોતાની સઘળી સંપત્તિનું મ્હારા નામનું દાન પત્ર કર્યું છે. હવે એ જીવતો રહે કે મરે એ વિષયની ચિંતા રાખવાની જરૂર નથી મ્હારે હેતુ સફળ થયો છે; હું અઢળક ધનસંપત્તિની અધીશ્વરી થઇ ચુકી છું."

અતિશય પ્રસન્ન થઇ છબિલદાસે કહ્યું, 'ધન્ય છે તમારી અદ્‌ભુત કાર્યકુશળતાને! ભલભલા ચતુર પુરૂષોની બુદ્ધિ પણ તમારી બુદ્ધિ આગળ હારી જાય તેમ છે."

મોહિનીએ છબિલદાસને ધમકી આપતાં કહ્યું, "જો જલ્દી કામ પાર નહિ પાડો તો તમે આફતમાં ફસાશો."

"હું હમણાં જ ઇશ્વરલાલને ટેલિગ્રાફ કરીશ. અમારી વિરૂદ્ધ..."

વચ્ચેજ મોહિની બોલી ઉઠી, "તમારી વિરૂદ્ધ બે ખૂન કરવાના આરોપ તથા એક ખૂન કરવાની કોશીષ મળી ત્રણ આરોપોથી પોલિસ કામ ચલાવી શકે તેમ છે. હજી ચેતીને ચાલશો તો ભય દૂર થઇ જશે."

"હમણાંજ હું સઘળો બંદોબસ્ત કરૂં છું."

"જાઓ, એક મિનીટનો પણ વિલંબ કરશો નહિ. મ્હેં જે જે કામ કર્યું છે તે દરેક કામ તમારે કરવાનું છે. કોને કોને સાફ કરી નાખવાના છે તે યાદ છે કે?"

"હા, બરાબર યાદ છે. ચંદ્રકાન્ત, બિહારીલાલ અને જોગટો સત્યાનંદ."

"બરાબર છે, હવે તમે જાઓ."

આ વખતે એક દાસીએ દોડી આવી કહ્યું, "મેમસાહેબ શેઠની ગાડી પાછી ફરી છે."

આમ કહી મોહિનીનો નેત્રસંકેત સમજી દાસી ચાલી ગઇ. પછી મોહિનીએ છબિલદાસ અને પેલી દુતી તરફ જોઇ કહ્યું, "ગુપ્ત માર્ગેથી જલ્દી ચાલ્યાં જાઓ."

એક શબ્દ પણ ઉચ્ચાર્યા સિવાય બન્ને જણાં એ મકાનમાં આવેલા ગુપ્ત માર્ગેથી બ્હાર નીકળી પડ્યાં. એકલી પડયા પછી મોહિનીએ ગર્વયુકત હાસ્ય કરી પોતાના મન સાથે કહ્યું, "તમારો બન્નેનો ફેંસલો કરી નાખવાની થોડી વાર છે. કાર્યોધ્ધાર થઇ ગયા પછી મ્હારા સર્વસ્વનો નાશ કરવા માટે હું તમને બન્નેને જીવતાં રાખું એવી ગાંડી નથી."

મોહિની ચંદ્રકાન્ત તરફ પ્રેમભાવ દર્શાવવા બ્હાર ગઇ. ચંદ્રકાન્તે બંગલામાં પ્રવેશ કર્યો એટલે મોહિનીએ તેના ખભા ઉપર માથું મૂકી આવેગપૂર્ણ સ્વરે કહ્યું, "આટલી બધી વાર કેમ લાગી? મ્હારો તો જીવ ફટકી ગયો હતો! તમારા વિયોગની એકક્ષણ પણ મ્હને કેવી દુઃખદાયક થઇ પડે છે એ કેવળ શ્રીહરીજ સમજે છે!"

બન્ને હાથથી ચંદ્રકાન્તે મોહિનીનું મુખ ઉંચું કરી ઉપરા ઉપરી ચુંબનો કરતાં કહ્યું, "પૂર્વજન્મના અત્યંત પુણ્યપ્રભાવથીજ હું ત્હારા જેવી પતિપ્રાણા સતી સાધ્વી સહધર્મિણી મેળવી શકયો છું! તું સ્ત્રી જાતિના ઉચ્ચત્તમ આદર્શરૂપ છે! તું માનવી નહિ પણ સાક્ષાત દેવી છે!!"

પ્રકરણ ૨૧ મું.

—:o:—

પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટ મિ૦ દેશમુખ

સુપ્રિન્ટેન્ડેન્ટ દેશમુખે ખાનસાહેબને મુખે ટ્રામ ગાડીમાં થયેલું ખૂન, રેલ્વે ટ્રેઇનમાં થયેલું ખૂન, સુલોચનાનું ગુમ થવું, બદમાશોની ટોળીનાં ભેદી કારસ્થાનો વગેરે વિષયોની સઘળી હકીકત ચુપકીદીથી સાંભળી લીધી. છેવટે ખાનસાહેબે કહ્યું, "રેલ્વે ટ્રેનમાં થયેલા ખૂનના ખૂનીને પકડવાનું કામ આપણું નથી; રેલ્વે પોલિસ તથા થાણાની પોલિસ એ ખૂનીને પકડવાનો પ્રયત્ન કરે છે."

"બરાબર છે, એ કામ એમનુંજ છે." દેશમુખે ગંભીર ભાવથી કહ્યું.

"હવે આપ શી સલાહ આપો છો ?"

"હું બધી વાત બરાબર વિચારી જોઇશ. ચોક્કસ રીતે હમણાં હું કાંઇ કહી શકું તેમ નથી; છતાં ચંદ્રકાન્તની વિરુધ્ધમાં તમે જે પુરાવાઓ મેળવ્યા છે, એ ઉપરથી તે બચી શકે એમ લાગતું નથી !"

"આપ આમ કેમ બોલો છો ? ચંદ્રકાન્તે ખુન નથી કર્યું એમ આપ ધારો છો કે ?"

"હું ખાત્રીપૂર્વક કહું છું કે, તેણે ખૂન નથી કર્યું."

ખાનસાહેબે આશ્ચર્યચકિત બની જઇ કહ્યું, "ત્યારે પછી એ બચી નહિ શકે એમ આપ શા માટે કહો છો ?"

"ઘણી વખત નિર્દોષી માણસને પણ ફાંસીની સજા વેઠવી પડે છે."

પોલિસે એ વિષયમાં ઉંડા ઉતરવાની જરૂર નથી. ગુન્હેગાર પકડી આપવો એજ કેવળ પોલિસનું કામ છે.

"ખાનસાહેબ ! આ સ્થળે તમે ભૂલો છો. ગુન્હેગારને પકડી આપવો એ જેવી રીતે પોલિસનું કામ છે તેવીજ રીતે નિર્દોષીને સજા ન થાય એ જોવાનું કામ પણ પોલિસનું છે."

"ત્યારે——"

" પ્રથમ ચંદ્રકાન્તને નિર્દોષી ઠરાવવો જોઈએ."

ખાનસાહેબે વિષણ્ણ સ્વરે કહ્યું, "એમ કરવાથી આજ સુધીમાં મ્હેં જે મહેનત કરી છે તે બધી ધૂળમાં મળી જાય તેમ છે."

દેશમુખે હસીને કહ્યું, "ખાનસાહેબ! તમારે ભય રાખવાની જરૂર નથી. તમે ચંદ્રકાન્તને નિર્દોષી ઠરાવવાનો પ્રયત્ન કરશો એટલે ખરો ગુન્હેગાર આપોઆપ પકડાશે."

"આપ અનુભવી તેમજ બુદ્ધિશાળી છો, આપની ઇચ્છા વિરૂદ્ધ કાંઇ બોલવું મ્હને વ્યાજબી લાગતું નથી."

" તમારે જે કહેવું હોય તે બેલાશક કહી શકો છો. જો તમે મ્હેં કહ્યું એવી રીતે પ્રથમથી ચંદ્રકાન્તને નિર્દોષી ઠરાવવાનો પ્રયત્ન કર્યો હોત તો ખરો ગુન્હેગાર અત્યાર સુધીમાં કયારનોય પકડાયો હોત."

"આપ શું કહેવા માગો છો એ હું સમજી શકતો નથી."

"હું તમને સમજાવું છું. જુઓ સાંભળો, ચંદ્રકાન્ત દેણદાર હતો. તેને પુષ્કળ પૈસાની જરૂર હતી, તેના ભાઇનું મરણ થતાં ભાઇની સઘળી સંપત્તિ તેને મળે તેમ હતી; તેથી એવી સ્થિતિમાં એ ભાઇનું ખૂન કરે એ અસંભવ નથી. તમે પણ એ વાત ઉપર વિશ્વાસ રાખી તપાસ ચાલૂ કરી તથા ચંદ્રકાન્ત વિરૂધ્ધ પ્રમાણો એકઠાં કરવા માંડયાં. તમને જોઇએ એટલાં પ્રમાણો પણ મળી આવ્યાં. તમે ચંદ્રકાન્તને ફાંસીની સજા થઇ શકે એટલાં બધાં પ્રમાણો એકઠાં કર્યાં છે."

"હવે કહો જોઇએ કે, મ્હારી જગ્યાએ આપ હોત તો શું કરત ?"

"હું પ્રથમથી એમજ ધારી લેત કે, ચંદ્રકાન્ત ખૂની નથી. પોતાના ભાઇ સાથે પાંચ છ વર્ષથી તેનો મેળાપ થયો નહોતો. પોતાનો ભાઈ કયાં હતો એ પણ ચંદ્રકાન્ત જાણતો નહોતો. વળી ચંદ્રકાન્તનો સ્વભાવ મોજીલો હતો. તે મોજ-મજાહ ભોગવવામાંજ મસ્ત રહેતો હતો. બીજાની ખબર રાખવી એ તેના સ્વભાવ વિરૂદ્ધ હતું. તેનો ભાઇ અમુકજ દિવસે મુંબાઇમાં આવી

અમુક વખતે ટ્રામ ગાડીમાં બેસી અમુક સ્થળ તરફ જશે એ તે જાણી શકે એવો સંભવ નહોતો. આવી સ્થિતિમાં હું ચંદ્રકાન્તની વાત સાચી માની તેના ભાઈનું ખૂન બીજા કોઇએ કર્યું છે એમજ ધારત. હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, એ બીજો માણસ કોણ હોવો જોઇએ ?"

"આપજ કહોને કે, એ બીજો માણસ કોણ હોવો જોઇએ ?"

"હું આ કેસની પ્રથમથીજ તપાસ કરતો હતો. મ્હને એવી ખબર મળી હતી કે, રજનીકાન્ત જાગીરમાં નહિ રહેતાં દક્ષિણમાં કોઇ સ્થળે રહેતો હતો. દક્ષિણમાં તે કયાં રહેતો હતો, કોની સાથે રહેતો હતો તથા તેની સાથે રહેનારાં માણસોમાંથી રજનીકાન્તનું મૃત્યુ થતાં કોઇને લાભ થવાનો સંભવ હતો કે કેમ એ બાતમી મેળવવાનું કામ તમને મુશ્કેલી ભર્યું જણાય છે કે, ખાનસાહેબ ?"

"ના, એમાં મુશ્કેલી જેવું કાંઇ નથી."

"વળી દક્ષિણમાંથી કાઇએ રજનીકાન્તની પુંઠ પકડી હતી કે કેમ એ તરફ હું લક્ષ્ય આપતો હતો. કેમ કે, તે કયા દિવસે કયારે મુંબાઇ ઉપસ્થિત થશે એ દક્ષિણના તેનાં સંબંધી માણસ સિવાય બીજું કોઇ જાણી શકે એવો સંભવ ન હોતો; કેમકે પોતે અમુક દિવસે મુંબાઇ જનાર છે એવી વાત રજનીકાન્તે પોતાને ઘેર પણ લખી ન હોતી. વળી આવી છુપી રીતે મુંબાઇ આવવામાં રજનીકાન્તનો શો હેતુ હોવો જોઇએ ? મ્હેં એ સઘળી વાતોની તપાસ કરી હોત તો તથા સઘળાં પ્રમાણો મેળવી ચંદ્રકાન્તને નિર્દોષી ઠરાવ્યો હોત. એમ કરવાથી ખરો ગુન્હેગાર આપોઆપ પકડાઇ જાત."

"હવે મ્હને લાગે છે કે, આપ કહો છો એવી રીતે તપાસ કરવાની જરૂર હતી."

"જે થવાનું હતું તે થઇ ગયું છે. હવે ફરીથી હું કહું છું એવી રીતે તપાસ કરો. વળી પેલી છોકરી ગુમ થયેલી હોવાથી તપાસ કરવાનું કામ તમારે માટે સફળ થયું છે."

"એ વાત હું સમજી શકયો નથી. ગુમ થયેલી સુલોચના

સાથે રજનીકાન્તના ખુનનો શો સંબંધ છે ?"

"સંબંધ હોય ખરો અને ન પણ હોય ખરો. ગમે તેમ હો, તમે પંદર સોળ દિવસ પછી પાછા મ્હને મળજો. હું એમ ધારૂં છું કે, એ વખતે હું ખરો ખુની તમને પકડી આપી શકીશ."

"એમ કે ?" વિસ્મયની વિશેષતાથી ખાનસાહેબે કહ્યું.

પછી દેશમુખ પાસેથી વિદાય થઇ રસ્તે જતાં જતાં ખાનસાહેબે પોતાના મન સાથે કહ્યું, "હું દેશમુખને મળ્યો એ મ્હેં ભૂલ કરી છે. બધા મુરખાઓ સાથે મ્હને કામ પડ્યું છે! સાહેબે શો વિચાર કરી મ્હને દેશમુખને મળવાની ભલામણ કરી હશે! પંદર સોળ દિવસમાં ખુનીને પકડી આપવાનું દેશમુખ કહે છે! મ્હારાથી છ મહિનામાં જે કામ ન થઇ શક્યું એ કામ તેઓ પંદર દિવસમાં કેવી રીતે કરી શકે છે એ હું જોઇશ!"



પ્રકરણ ૨૨ મું.

—:o:—

ચંદ્રકાન્ત ઉપર ખૂનનો આરોપ

જે જાળમાં ચંદ્રકાન્ત ફસાયો હતો એ જાળ જેવી રીતે ભાગ્યયોગથી એક તરફથી સંકેલાતી હતી તેવીજ રીતે બીજી તરફથી એ જાળમાંથી ચંદ્રકાન્તને મુક્ત કરવા ભાગ્યદેવતા એ જાળની ગાંઠો એક પછી એક છોડી નાખતા હતા. આમ હોવા છતાં ચંદ્રકાન્ત એમાંનું કાંઇ સમજી શકયો નહિ. વિધિના વિધાનને કોણ કળી શકે છે? લલાટના લેખને કોણ ઉકેલી શકે છે?

સુલોચનાનો છેવટનો પત્ર મળ્યા પછી ચંદ્રકાન્ત ઘણો વ્યાકુળ બની ગયો હતો. વિવિધ પ્રકારે મનનું સમાધાન કરવાનો પ્રયત્ન થવા છતાં મનની ઉદ્વિગ્નતા દૂર થઇ નહિ. તેની સકળ સુખ શાન્તિનો નાશ થઇ ગયો.

બ્હારથી પોતે આનંદમાં હોય એવો ભાવ દેખાડવાનો તે પ્રયત્ન કરતો હોવા છતાં તેની આંતરિક સ્થિતિ નિરાનંદમય હતી. તે જાણે કે ન ભેદી શકાય એવા અંધકારમાં પડયો હતો. તથા એ પ્રકાર હવે તેનાથી અજાણ્યો નહોતો. ઘણો પ્રયત્ન કરવા છતાં ચિત્તની અશાન્તિ તે દૂર કરી શકયો નહિ.

પહેલાં પોતાના મનની સઘળી વાતો તે મોહિનીને કહેતો હતો; પરંતુ હવે આ સઘળી વાત તેણે મનમાંજ છુપાવી રાખી. જો ખરૂં કહીએ તો, પેલી મોહિનીની છબી, મોહિનીનો પત્ર, સુંદરલાલનાં મોહિની સંબંધીનાં વચન, એજ સુંદરલાલને ઘેર મોહિની સાથેની મુલાકાત એ સઘળું હવે એક સાથે ચંદ્રકાન્તના મનમાં યાદ આવ્યું હતું. સંદેહમાં રહેવાનું તેને માટે હવે અસહ્ય થઇ પડયું હતું. જો પોતે વિશેષ સમય સુધી એવા ભયાનક સંદેહમાં રહેશે તો પાગલ બની જશે એમજ તેને લાગતું હતું. બુઢ્ઢી યશોદાને મળવાથી પોતાના મનનો સંદેહ દૂર થશે એમ વિચારી તેણે તેને મળવા જવાનો નિશ્ચય કર્યો હતો.

એક દિવસે બુઢ્ઢી યશોદાને મળવાના હેતુથી ચંદ્રકાન્ત ઘરની બ્હાર નીકળી પડયો. * * બજારમાં યશોદાની દુકાન આવેલી હોઇ ઘણુંખરાં માણસો એને ઓળખતાં હતાં. યશોદાની દુકાન શોધી કાઢવામાં ચંદ્રકાન્તને વિલંબ લાગ્યો નહિ; પરંતુ એ દુકાન તેણે બંધ થયેલી જોઈ.

પાડોશના દુકાનદારને પુછતાં તેણે ઉત્તર આપ્યો કે, "થોડા દિવસથી એની દુકાન બંધ છે."

ચંદ્રકાન્તે પૂછ્યું, "એ કયાં ગઈ છે તે તમે કહી શકશો?"

"ના, કાંઇ કહી ગઈ નથી."

"એ કયાં ગઇ હશે તે તમે ધારી શકો છો?"

"વચ્ચે વચ્ચે એ એની દીકરીને ઘેર જાય છે; મ્હને લાગે છે કે, તે ત્યાંજ ગઇ હશે."

"એની દીકરી કયાં રહે છે?"

"મ્હને ખબર નથી. બુઢ્ઢી એ વાત કદાપિ કોઇને કહેતી નથી. જો એને એ વાત પુછવામાં આવે છે તો ગાળો દે છે."

"બુઢ્ઢી યશોદા અહીં કેટલા વખતથી રહે છે?"

"ઘણા વખતથી રહે છે. તમે એની આટલી બધી પુછપરછ કેમ કરો છો?"

"જરૂરી કામ હોવાથી મ્હારે તેને મળવું હતું."

"ત્યારે તો તમે પાંચ સાત દિવસ પછી આવજો. એટલા વખતમાં બુઢ્ઢી જરૂર પાછી આવશે."

નિરૂપાયે ચંદ્રકાન્ત નિરાશ થઇ પાછો ફર્યો. કોઇનાં મનમાં સન્દેહ ન ઉપજે એ હેતુથી તે પગે ચાલતો બુઢ્ઢી યશોદાને મળવા આવ્યો હતો, તથા પગે ચાલીનેજ પાછો બંગલા તરફ જતો હતો. તે એક દેવળ નજીક ગયો હશે એવામાં કોઇએ પાછળથી પુછ્યું, "કોણ ચંદ્રકાન્તભાઈ જાય છે કે?"

ચમકી ઉઠી ચંદ્રકાન્તે પાછળ જોયું તો એક દક્ષિણી ગૃહસ્થ તેની નજરે પડયો. વિસ્મિત ભાવથી એ માણસ તરફ જોઇ રહી ચંદ્રકાન્તે કહ્યું, "હા, મ્હારૂંજ નામ ચંદ્રકાન્ત છે. આપ કોણ છો? હું આપને ઓળખી શકતો નથી."

પેલા દક્ષિણી ગૃહસ્થે કહ્યું, "મ્હારી ઓળખાણથી તમને આનંદ થાય તેમ નથી. મ્હારૂં નામ બળવંતરાવ હોઇ હું અહીંનો પોલિસ ઈન્સ્પેકટરં છું. તમારા નામ ઉપર એક વૉરંટ છે."

અતિશય વિસ્મિત બની જઇ ચંદ્રકાન્ત બોલી ઉઠયો. "વૉરંટ? મ્હારા નામ ઉપર વૉરંટ છે?! શાનું વૉરંટ છે?"

બળવંતરાવે ખીસ્સામાંથી એક કાગળ બહાર કાઢી કહ્યું, "મ્હને લાગે છે કે, રસ્તા વચ્ચે આ વૉરંટ વાંચવું તમને ઠીક નહિ જણાય. અત્રે વિશેષ લોક એકઠા થશે તો તમારૂં નામ કલંકિત થશે. તમે પોલિસ ઑફિસે ચાલો: ત્યાં બધી હકીકત સાંભળી શકશો."

'હું નિર્દોષ હોવા છતાં મ્હારે શા માટે પોલિસ ઑફિસે આવવું જોઇએ?"

"રકઝક કરવાથી તમને વિશેષ નુકસાન થશે. વળી મ્હારે તમને બળાત્કારે મ્હારી સાથે લઇ જવા પડે તથા એ જોઇ લોકો એકઠા થાય એ મ્હને ઠીક લાગતું નથી. તમારા જેવા ગૃહસ્થ માણુસની રસ્તા વચ્ચે બેઇજ્જતી થાય એમ હું ઇચ્છતો નથી. જુઓ, થોડે દૂર ચાર પોલિસ કૉન્સ્ટેબલો પણ ઉભા રહ્યા છે."

ચંદ્રકાન્તે દૂર ઉભા રહેલા પોલિસ કૉન્સ્ટેબલોને જોયા. રકઝક કરવાથી કાંઇ લાભ નથી એમ વિચારી ચુપકીદીથી તે બળવંતરાવની સાથે પોલિસ ઑફિસ તરફ જવા લાગ્યો. એ વખતે પણ તે પોતાની સ્થિતિની ગંભીરતા સમજી શકયો નહોતો! આવી રીતે એકાએક ગિરફતાર થવાથી તે દિગ્મૂઢ બની ગયો હતો. પોલિસે તેને આમ એકાએક શા માટે પકડયો હતો એ તે વિચારી શકતો નહોતો. પોલિસ તેને કેદ પકડે એવો કોઇ પણ અપરાધ જીવનમાં તેણે કદાપિ કર્યો નહોતો. ત્યારે આ સઘળી શી ધમાલ હતી?

રસ્તે જતાં ચંદ્રકાન્ત પોલિસ ઈન્સ્પેકટર બળવંતરાવને કાંઇ પુછવાની હિમ્મત કરી શકયો નહિ, તથા બળવંતરાવે પણ કાંઇ બોલ્યો નહિ. બન્ને જણા વિના વિલંબે પોલિસ ઑફિસે

જઈ પહોંચ્યા. ચંદ્રકાન્તના ગિરફતાર થયાની વાત બ્હારનું કોઈ માણુસ જાણી શક્યું નહિ. પોલિસના પહેરા નીચે જીંદગીમાં આ પહેલીજ વખતે ચંદ્રકાન્ત પોલિસ ઑફિસમાં ઉપસ્થિત થયો હતો. સઘળા માણુસો ચંદ્રકાન્ત તરફ વક્રદષ્ટિથી જોતા હતા. વળી એક જમાદાર અને બે સિપાહીઓ તેના ઉપર ચાંપતી નજર રાખતા હતા એ વાત ચંદ્રકાન્તથી ગુપ્ત રહી નહિ.

પેલા જમાદાર અને બે સિપાહીઓ સહિત ચંદ્રકાન્તને એક રૂમમાં બેસાડી ઇન્સ્પેક્ટર બળવંતરાવે એક માણુસને પૂછ્યું, "સાહેબ આવ્યા છે કે?"

તેણે ઉત્તર આપ્યો, "સાહેબ અંદર બેઠા છે."

બળવંતરાવ તરતજ સાહેબ પાસે ચાલ્યો ગયો. ચંદ્રકાન્તે વિસ્મિત અને ભયભીત દષ્ટિથી એક વખત ચોતરફ જોયું. ક્ષણુકાળ માટે પલાયન કરી જવાની ઇચ્છા પણુ તેના મનમાં ઉપજી; છતાં ચોતરફ પહેરેગીરો જોવામાં આવતાં તેણે પોતાની એ ઇચ્છાનું દમન કર્યું.

હવે શું કરવું એ વિષયનો ચંદ્રકાન્ત વિચાર કરતો હતો હતો એવામાં બળવંતરાવે આવી તેને પોતાની સાથે આવવાની નેત્રસંકેતથી સૂચના કરી. ચંદ્રકાન્ત ભયભીત ભાવથી ધીમાં પગલાં ભરતો બળવંતરાવની સાથે પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટની ઑફિસમાં હાજર થયો. પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટે થોડા સમય સુધી તીક્ષ્ણ દષ્ટિથી ચંદ્રકાન્તના આપાદ મસ્તકનું નિરીક્ષણ કર્યું. પછી તેમણે પૂછ્યું, "તમારૂં નામ ચંદ્રકાન્ત છે કે?"

ચંદ્રકાન્તે બ્હીતાં બ્હીતાં કહ્યું, "હાજી. મ્હને શા માટે અહીં લાવવામાં આવ્યો છે?"

"એ વાત હમણાંજ તમે જાણી શકશો."

આમ કહી સાહેબે ટેબલના ખાનામાંથી એક છરો બ્હાર કાઢી પૂછ્યું, "આ છરો તમારો છે કે?"

પોતાનોજ છરો એ સ્થળે જોવામાં આવતાં ચંદ્રકાન્તના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેણે કહ્યું "હા, એ મ્હારોજ છરો છે; એ અહીં ક્યી રીતે આવ્યો તે હું સમજી શકતો નથી."

સાહેબે ગંભીર ભાવથી એક કાગળ ઉકેલી રહામો ધરી કહ્યું, "ગઇ તારીખ ૧૨ મી ઑગષ્ટની રાત્રે તમે આ છરાથી તમારા ભાઇનું ખુન કર્યું છે એનો તમારા ઉપર આરોપ છે. આ વૉરંટથી તમને પકડી મુંબઇ મોકલવામાં આવનાર છે. મુંબઇની કોર્ટમાં તમારા અપરાધનો યોગ્ય ઇન્સાફ થશે. મુંબઇની પોલિસે વૉરંટની સાથે તમારો એક ફોટો મોકલાવેલો હોવાથી અમે તમને અહીં પકડી શકયા છીએ. હમણાં જો તમારે કાંઇ ખુલાસો ન કરવો હોય તો તે માટે તમને દબાણ કરવામાં આવતું નથી."

ચંદ્રકાન્તે અસ્પષ્ટ સ્વરે કહ્યું, "મ્હારા ઉપર મ્હારા ભાઇનું ખુન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે !"

ચંદ્રકાન્તનો કંઠ રૂંધાઇ ગયો. તે વિશેષ કાંઇ બોલી શકયો નહિ. કેવું દુર્ભાગ્ય ! ખૂનના અપરાધ માટે પોલિસે તેને ગિરફતાર કર્યો હતો ! ચંદ્રકાન્તના મસ્તક ઉપર જાણે કે આકાશમાંનું વજ્ર તુટી પડયું. તેનું સર્વાંગ પાષાણની માફક સ્થિર થઇ ગયું. સ્તંભિત ભાવથી તે ઉભો રહ્યો.

સાહેબે પૂછ્યું, "હવે તમારે કાંઇ કહેવું છે ?"

સાહેબના આ પ્રશ્નથી ચંદ્રકાન્ત શુદ્ધિમાં આવ્યો. તેણે ચમકીને સાહેબના મ્હોં તરફ જોયું. સાહેબે ફરીથી પૂછ્યું, "તમારે કાંઇ કહેવું છે ?"

મહામુશિબતે આત્મસંયમ કરી ચંદ્રકાન્તે પુછ્યું, "આ સમાચાર ઘેર પહોંચાડવાની રજા મ્હને મળી શકશે ?"

"જરૂર મળી શકશે. તમે કાગળ લખી તૈયાર કરો, સિપાહી આપી આવશે."

"જામીન ઉપર મ્હને છૂટો કરી શકશો ? આપ માગો એટલી રકમનો જામીન આપવા હું તૈયાર છું."

"ખુનના કેસમાં આરોપીને જામીન ઉપર છૂટો કરી શકાતો નથી. વળી જામીન લઇ તમને છૂટા કરવાનો અમને અધિકાર નથી. અમે તમને મુંબાઇ મોકલીશું; ત્યાં તમે મેજી-સ્ટ્રેટ પાસે જામીન ઉપર છૂટા થવાની અરજ કરી શકશો."

ચંદ્રકાન્તે મોહિનીને પોતાના ઉપર આવી પડેલા ભયંકર

સંકટની વાત એક પત્રદ્વારા લખી જણાવી તથા બળવંતરાવની સૂચનાથી એ પત્ર એક પોલિસ સિપાહી મોહિનીને પહોંચાડી આવ્યો. ચંદ્રકાન્ત ધબકતા હૃદયે અત્યંત અધીરતાથી મોહિનીના પ્રત્યુત્તરની રાહ જોવા લાગ્યો.

ઘણી રાહ જોવા છતાં ચંદ્રકાન્તને મોહિની તરફથી કાંઈ ઉત્તર મળ્યો નહિ; તથા કોઈ તેની ખબર પૂછવા આવ્યું નહિ! પછી રેલ્વે ટ્રેઇનદ્વારા ચોક્કસ પહેરાની દેખરેખ નીચે ચંદ્રકાન્તને મુંબાઇ મોકલવામાં આવ્યો. તેનું હૃદય વારંવાર એમ કહ્યા કરતું હતું કે, 'કયા મહાપાપોને પરિણામે આજે મ્હારી આવી દુર્દશા થઇ છે?!" તેનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવતું હોવા છતાં પોતાની દુર્બળતા છુપાવી રાખવા માટે મહાકષ્ટે તે અશ્રુજળના પ્રવાહના વેગને રોકી રાખતો હતો.

પોતાના મનને સમજાવવાનો પ્રયત્ન કરતાં સેંકડો વખત તેણે સ્વગત વિચાર્યું, "મોહિનીને મ્હારો પત્ર મળ્યો નહિ હોય તેથી મ્હારી દુર્દશા તેના જાણવામાં નહિ આવી હોય. જો બનેલો બનાવ તેના જાણવામાં આવ્યો હોત તો લાજ શરમ છોડી તે મ્હને ધીરજ આપવા અવશ્ય દોડી આવી હોત. પોલિસને પૈસા આપી તેણે મ્હને છોડાવવાનો પ્રયત્ન કર્યો હોત! પૈસાના બળથી જગતમાં શું નથી બની શકતું? મ્હારી દુર્દશાની વાત જાણવામાં આવતાં મોહિનીને કેટલું બધું દુઃખ થશે? ઇશ્વર આવા સંકટ પ્રસંગે તેને ધીરજ આપે એમજ હું ઇચ્છું છું. આવી હાલતમાં કોઇ ઓળખીતો માણસ મ્હને જુએ તેના કરતાં મ્હારૂં મૃત્યુ થાય તો સારૂં એમજ મ્હને લાગે છે!"

રસ્તે ચંદ્રકાન્તના હાથમાં લોખંડની બેડી નાંખવામાં આવેલી હતી. વિકટોરીઆ ટર્મીનસ સ્ટેશને ઉતર્યાં પછી ચંદ્રકાન્તની પ્રાર્થનાથી પીગળી પોલિસે બેડીથી બંધાયલા તેના હાથ ઉપર કપડું ઢાંકી દીધું હતું. પ્રતિષ્ઠાસંપન્ન, સુસભ્ય, ચંદ્રકાન્તની આજની દશા પત્થર જેવા હૃદયને પણ પીગળાવે એવી હતી. ભાગ્યદેવતા! તમારી કળા અકળ છે!

પ્રકરણ મુ૨૩ં.

—:(૦):—

ઇર્ષ્યાની ઉત્પત્તિ

વૃધ્ધ સુપ્રિન્ટેન્ડેન્ટ દેશમુખ આરામ ખુરશીમાં બેસી પગ લાંબા કરી તમાકુનું સેવન કરતા હતા એવામાં અતિશય વ્યાકુળ બની ગયેલા ખાનસાહેબ તેમની પાસે હાજર થયા. ખાનસાહેબની વ્યાકુળ સ્થિતિનું કારણ નહિ કળી શકાવાથી દેશમુખ વિસ્મિત દૃષ્ટિથી તેમના મુખ તરફ જોઇ રહ્યા' થોડા સમય પછી દેશમુખે કહ્યું, "પધારો ખાનસાહેબ! આ ખુરસી ઉપર બેસો. આજે આમ ગભરાઈ ગયેલા કેમ દેખાઓ છો?"

ખાનસાહેબે નિરાશ ભાવથી નજીક પડેલી એક ખુરસી ઉપર બેસી કહ્યું, "હવે આપણી ઇજ્જત બચી શકે તેમ નથી"

દેશમુખે મૃદુ હાસ્ય કરી કહ્યું, "ઇજ્જતનો નાશ થાય એવો શો ગંભીર બનાવ બન્યો છે?"

ખાનસાહેબ આવેગથી બોલી ઉઠયા, "મહેનત હું કરૂં અને જશ બીજો માણસ ખાટી જાય એ કેવી રીતે સહન કરી શકાય? એ અન્યાય ન કહેવાય કે?"

"જરૂર અન્યાય જ કહેવાય; તમારો જશ બીજો કયો માણસ ખાટી જાય છે?"

"પેલો રઘુનાથરાવ."

"તેણે શું કર્યું?"

"બન્ને ખૂનના આરોપીઓને ગિરફતાર કર્યાં છે."

દેશમુખ લાંબા પગ સંકેલી ટટાર બેઠા થયા. પછી તેમણે પૂછ્યું, "અજાયબીની વાત છે! તેમણે કોને કોને ગિરફતાર કર્યાં છે?"

"મ્હેં જે વાત સાહેબને સેંકડો વખત કહી તે તેમણે બીલકુલ માની નહિ; આજકાલ એ રઘુનાથરાવ સાહેબનો મંત્રગુરૂ બની ગયો છે; એની વાત સાહેબ સાચી માને છે"

"પણ કહો તો ખરા કે, એણે શું કર્યું છે?"

"સાહેબ પાસેથી વૉરંટ મેળવી રઘુનાથરાવે થાણામાંથી ચંદ્રકાન્તને અહીં પકડી આણ્યો છે."

"વારૂં, પછી?"

"રેલ્વે ટ્રેઇનમાં થયેલા ખુન બદલ બિહારીલાલ નામના એક હિંદુસ્તાની માણસને પણ તેણે ગિરફતાર કર્યો છે."

"ત્યારે તો એની બહાદુરી બદલ એને ધન્યવાદ આપવો જોઇએ; એ બંને આસામીઓ વિરૂધ્ધ એણે પૂરાવા પણ ઘણા મેળવ્યા હશે!"

"હા, એમજ છે મ્હોટા સાહેબે મ્હને ઠપકો આપી રઘુનાથરાવનો બંને આસામીઓ સંબંધીનો રીપોર્ટ મ્હને જોવા આપ્યો છે."

"એ રીપોર્ટ જોઈ તમે શું ધારો છો?" ગંભીર ભાવથી શામુદેખે પૂછ્યું"

"ધારવાનું બીજું શું હતું? એ બંને માણસોને ફાંસીની સજા થશે."

"ત્યારે રઘુનાથરાવ બહાદુર માણસ છે એ વાત સાફ દિલથી આપણે કબૂલ કરવી જોઇએ."

અતિશય ચ્હીડાઇ ખાનસાહેબે કહ્યું, "એની બહાદુરી જહન્નમમાં જાઓ. હું એનું નામ પણ ઉચ્ચારવા ઇચ્છતો નથી. આપ તો કહેતા હતા કે, ચંદ્રકાન્ત નિર્દોષી છે, એ વાતનું શું!"

"તે દિવસે મ્હેં એને નિર્દોષી કહ્યો તેથી તમને ક્રોધ ઉપજ્યો હતો; છતાં આજે પાછા તમે જ તેને નિર્દોષી ઠરાવવા ઉત્સુક બન્યા છો એ નવાઇ જેવું છે! રઘુનાથરાવ જશ ખાટી જાય એ તમારાથી જોઇ શકાય તેમ નથી; ખરૂં છે ને ખાનસાહેબ?"

"હાસ્તો. મ્હેં પકાવેલા ખાણા ઉપર હાથ મારવાનો એને શો હક્ક છે?"

"પરંતુ હવે થોડી તકલીફ વેઠવી પડશે."

"તેનું કાંઇ કારણ?"

"ચંદ્રકાન્તને ગિરફતાર કરવામાં આવેલો હોવાથી તપાસ કરવાના કામમાં મ્હારે તકલીફ વેઠવી પડશે."

"ત્યારે આપ પણ આ ખૂની મામલાઓની તપાસ કરો છો કે?"

"હા, આ આરામ ખુરસીમાં બેસી રહી બની શકે એટલી તપાસ કરૂં છું." દેશમુખે ગંભીર ભાવથી ઉત્તર આપ્યો.

"આપે ક્યાં સુધી તપાસ કરી છે? આપ ચંદ્રકાન્તને નિર્દોષી ઠરાવી શકશો કે?"

"હું એને અવશ્ય નિર્દોષી ઠરાવી શકત; પરંતુ વચ્ચે રઘુનાથરાવે હરકત કરી. મ્હારો અગાઉનો વિચાર બદલાયો છે; હવે હું ચોક્કસ એમ ધારૂં છું કે, બદમાશોની ટોળીનું સુકાન કોઈ અતિ બુદ્ધિશાળી વ્યક્તિ ચલાવે છે."

"ત્યારે બધી બહાદુરી રઘુનાથરાવ લઈ જશે અને આપણને નીચું જોવું પડશે કે?"

"હમણાંનો રંગ એવો જ છે."

"હું વિના કારણ આપની પાસે આવ્યો છું; મ્હારી સઘળી ઉમ્મીદ માટીમાં મળી ગઈ છે." આમ કહી અતિશય ક્રોધને વશ થઈ ખાનસાહેબ ચાલ્યા જવા લાગ્યા. દેશમુખે ઝડપથી તેમનો હાથ પકડી લઈ કહ્યું. "મીયાં સાહેબ! મિજાજ ઠંડો કરી બેસો. ગુસ્સો કરવાથી કાંઈ ફાયદો નથી."

ખાનસાહેબ પાછા ખુરસી ઉપર બેઠા એટલે દેશમુખે કહ્યું, "રઘુનાથરાવ અહીંથી જશ ખાટી ન જાય એવી ગોઠવણ હું જરૂર કરીશ."

ખાનસાહેબે ઉત્સાહિત બની જઈ કહ્યું, "મુદ્દાની વાત એજ છે; આપ એમજ કરો."

"હું તમને બે ત્રણ પ્રશ્ન પૂછવા માગું છું."

"બેલાશક પૂછો."

"બિહારીલાલ નામના જે માણસને પકડવામાં આવ્યો છે તે કોણ છે?"

"એ સંબંધી હજી કાંઈ નક્કી થયું નથી. એ માણસે પોતાનું મ્હોં બંધ કરી દીધું છે. તે એક પણ પ્રશ્નનો ઉત્તર આપતો નથી."

"ત્યારે પછી એ ગુન્હેગાર છે એમ કેવી રીતે માની લેવામાં આવ્યું છે ?"

"એમ ચોક્કસ સાબિત થયું છે કે, તે નાસિકની ધર્મશાળામાં હતો અને ત્ર્યંબકલાલની સાથે એક જ ટ્રેનમાં બેઠો હતો."

"એની ટોળીનાં બીજાં માણસોનો પત્તો લાગ્યો છે ?"

"ના, રઘુનાથરાવે બિહારીલાલનું ઠેકાણું જણાવેલું હોવાથી તે પકડાયો છે."

"ત્યારે ટોળીનાં બીજાં માણસોનો પત્તો લાગ્યો નથી, કેમ ?"

"ના, વળી એ વિષયનો પત્તો લાગે એવો સંભવ પણ નથી; આમ હોવા છતાં રઘુનાથરાવ કયારે શું કરશે એ કહી શકાતું નથી."

"ઠીક, હવે કહો જોઈએ કે ગિરફતાર થયા પછી ચંદ્રકાન્તે કાંઈ ખુલાસો કર્યો છે ?"

"જે ખુલાસો તેણે પ્રથમ કર્યો હતો તેજ ખુલાસો હમણાં કરે છે; તે કહે છે કે, પોતે નિર્દોષી છે. ખૂન થયું એ રાત્રે તેણે પોતાના ભાઈનો મૃતદેહ જોયો હતો ખરો; પરંતુ ખૂન કોણે કેવી રીતે કર્યું એ સંબંધી તે કાંઈ જાણતો નથી."

"એને બચાવવાનો પ્રયત્ન કોઈ કરે છે કે ?"

"હા, ચંદ્રકાન્તના ગિરફતાર થવાના સમાચાર મળતાં તેની સહધર્મિણી મોહિની મુંબાઈ આવી પહોંચી છે. તેણે ચંદ્રકાન્તના મિત્ર સુંદરલાલ તથા દેસાઈ ઍન્ડ પંડયા વકીલની કંપનીની સલાહથી પુષ્કળ પૈસા ખરચી મ્હોટા વકીલ બૅરિસ્ટરોને બચાવ માટે રોકયા છે"

"ચંદ્રકાન્તને જામીન ઉપર છૂટો કરવામાં આવ્યો છે કે ?"

"ના, મેજીસ્ટ્રેટે જામીન સ્વીકારવાની ના પાડી છે. કેસ સેસન્સ કોર્ટમાં ચાલશે."

"ત્યારે ચંદ્રકાન્તની સ્ત્રી ધણીને છોડાવવા પાણીની માફક પૈસા ખરચે છે, કેમ ?"

"હા, એવી સ્ત્રી ચાલૂ જમાનામાં લાખમાં એક પણ ભાગ્યે હશે."

"ખરચ માટે જોઈતા પૈસા ચંદ્રકાન્તની જાગીરમાંથી આવતા હશે, કેમ ?"

"ના, એમ નથી."

"ત્યારે પૈસા કયાંથી આવે છે ?"

"ચંદ્રકાન્તના ભાઈએ સિલ્લકમાં રોકડ રકમ બિલકુલ રાખી નહોતી. આમ હોવાથી મોહિનીને ઉછીની રકમો લેવી પડે છે."

"આ વાત તમે કેવી રીતે જાણી શકયા ?"

"દેસાઈ વકીલ ચંદ્રકાન્તની સ્ત્રી મોહિનીનો પત્ર લઈ જેલમાં ચંદ્રકાન્તને મળવા ગયા હતા. એ સ્થળે પોતાની મિલ્કતના ગીરોખત ઉપર ચંદ્રકાન્તે સહી કરી આપી હતી. ચંદ્રકાન્તે પોતાની મિલ્કત ગીરો મૂકી લાખ રૂપિયા લીધા છે"

"એટલા બધા રૂપિયા લેવાની શી જરૂર હતી ?"

"કેસમાં કેટલું ખર્ચ થશે એ કેવી રીતે કહી શકાય ; આમ હોવા છતાં ગમે એટલી રકમ ખરચવામાં આવે તો પણ ચંદ્રકાન્ત બચશે નહિ એમ હું ધારૂં છું; મ્હને લાગે છે કે, સઘળો જશ રઘુનાથરાવ ખાટી જશે."

"રંગ તો એવો જ દેખાય છે! ઠીક છે, હવે તમે જઈ શકો છો. હું ખબર મોકલું એટલે પાછા મ્હને મળી જજો."

અત્યંત વિરક્ત બની ખાનસાહેબ વિદાય થયા.



પ્રકરણ ૨૪ મું.

—:૦:—

ચુડેલની ચાલાકી

ખાનસાહેબની વાત કંઇ ખોટી નહોતી; ચંદ્રકાન્તને પોલિસ ગિરફતાર કરી મુંબાઇ લઇ આવી તેને બીજે દિવસે મોહિની પણ મુંબાઇ આવી પહોંચી હતી. ચંદ્રકાન્તનો પત્ર થાણામાં યથા સમયે મળેલો હોવા છતાં એ વખતે કાંઇ કરવું તેને વ્યાજબી લાગ્યું નહોતું.

મોહિનીએ પેલી દૂતી તથા છબિલદાસને બોલાવી મંગાવી કહ્યું, "જુઓ, બિહારીલાલ પકડાયો છે; તે કદાચ બધી વાત પોલિસને કહી દે પણ ખરો; છતાં તે કાંઇ પણ ભેદ ખુલ્લો ન કરે એવી ગોઠવણ મુંબાઇ જઇ હું કરીશ. હાલની પરિસ્થિતિ જોતાં થોડા દિવસ સુધી કોઇ ગુપ્ત સ્થળે તમારે છુપાઇ રહેવાની જરૂર છે. જે સ્થળે બુઢ્ઢી યશોદાને છુપાવી રાખી છે એ સ્થળે જઇ તમે આજે રાત્રેજ છુપાઇ જાઓ. મ્હારો હુકમ મળ્યા સિવાય તમે બિલકુલ બ્હાર નીકળશો નહિ. બિહારીલાલ સાથે કોણ કોણ હતું એ સંબંધીની પોલિસ હવે ચાંપતી તપાસ કરશે. છબિલદાસ! જો કોઇ પણ રીતે પોલિસ તમને જોઇ જશે તો પછી તમે બિહારીલાલની સાથે હતા એ વાત સાબિત થતાં વાર લાગશે નહિ."

છબિલદાસ પણ એ વાત સારી રીતે જાણતો હોવાથી તે એ રાત્રેજ મોહિનીની દૂતી સાથે યથા સ્થળે છુપાઇ ગયો અને મોહિની થાણા છોડી મુંબાઇ આવી.

મોહિનીના જાસુસો મુંબઇની છુપી બાતમી મેળવવાના કાર્યમાં પ્રથમથીજ ગુંથાયલા હતા. તેમણે મોહિનીને એવી ખબર આપી કે, "ખાનસાહેબ! બુધ્ધિના બારદાન હોવાથી તેમનો ભય રાખવાની કાંઇ જરૂર નથી; પરંતુ આજકાલ પેન્સનર પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટ મી. દેશમુખે તપાસનું કામ હાથમાં લીધેલું હોવાથી સાવધાનતા રાખવાની જરૂર છે. એ વયોવૃધ્ધ સુપ્રિન્ટેન્ડન્ટની બુધ્ધિ

ઘણી તીક્ષ્ણ છે.

દેશમુખના નામ તથા તેની કાર્યકુશળતાની હકીકતથી મોહિની અજ્ઞાત નહોતી. પોતાના જાસુસની ઉપરોક્ત હકીકત સાંભળી મૃદુ હાસ્ય કરી સ્વગત તેણે વિચાર્યું, "હવેજ એ વૃદ્ધ સુપ્રિન્ટેન્ડેન્ટની બુદ્ધિ શક્તિની બરાબર પરીક્ષા થશે! વળી મ્હારે શા માટે કોઇનો ભય રાખવો જોઇએ? મ્હેં એવો શો ગુન્હો કર્યો છે? જો બીજા માણસો મ્હારા રૂપયૌવનને મેળવવા માટે ખૂન લૂંટફાટ કે ચોરી કરે તો તેથી મ્હારે શા માટે ડરવું જોઇએ? એવા મુરખા માણસોનું આજ સુધી મ્હેં રક્ષણ કર્યું છે; પરંતુ પોતાના બુદ્ધિદોષથી તેઓ જાણી જોઇ સંકટમાં ફસાય તો પછી હું શું કરૂં?"

પોતાના ચારિત્ર્ય માટે કોઇના મનમાં સંદેહ ન ઉપજે એ હેતુથીજ મોહિની સ્વેચ્છાથી થાણાનો બંગલો છોડી મુંબઇ આવી હતી. મુંબઇ આવી પ્રથમ તેણે ચંદ્રકાન્તના બાલ્યબંધુ સુંદરલાલને પોતાની પાસે બોલાવ્યો. સુંદરલાલ આવ્યો એટલે મોહિનીએ તેને સન્માનથી બેસાડીને કહ્યું, "સુંદરલાલ! ઘણા વખત પહેલાં જે બનાવ બન્યો છે તે હવે તમારે મનમાં રાખવો નહિ. હમણાં તમારા મિત્ર કિંવા મ્હારા પતિદેવ સંકટમાં સપડાયા છે આપણે બંનેએ તેમને બચાવવાનો પ્રયત્ન પ્રાણ પાથરીને પણ કરવો જોઇએ."

સુંદરલાલ સંદિગ્ધ ભાવથી મોહિનીના મુખ તરફ જોઇ રહ્યો. પછી મૃદુસ્વરે તેણે કહ્યું, "મોહિની, જે વાત તમે કહી છે તે ખરા અંતઃકરણથી કહી છે કે? તમે મ્હારા મિત્રને બચાવવા ઇચ્છો છો કે?"

મોહિનીએ ક્રોધે ભરાઇ કહ્યું, "તમે ગધેડા હોવાથીજ આમ બોલો છો! હવે આ તમારી પહેલાંની મોહિની નથી! ચંદ્રકાન્ત મ્હારા પતિદેવતા છે. જરૂર પડશે તો હું મ્હારો પ્રાણ અર્પણ કરીને પણ તેમનું રક્ષણ કરીશ. જેટલા પૈસા ખરચવા પડશે તેટલા હું ખરચીશ; એટલું કરવા છતાં જો તેમનું રક્ષણ નહિ કરી શકાય તો અંતે હું આત્મહત્યા કરીશ."

સુંદરલાલ પાછો થોડા સમય સૂધી સંદિગ્ધ દ્રષ્ટિથી મોહિનીના મુખ તરફ જોઇ રહ્યો. તે વિચારવા લાગ્યો, "મોહિનીની પ્રકૃતિમાં યથાર્થ પરિવર્તન થયું છે કે શું?"

મોહિની સુંદરલાલને ઉદ્દેશી કહેવા લાગી, "મ્હેં મ્હારા સ્વામીના વકીલ મી. દેશાઇને અત્રે તેડાવ્યા છે. તમે તેમને મળજો તથા તમે બંને જણા વિચાર કરી યોગ્ય લાગે તે માર્ગ સ્વીકારજો."

સુંદરલાલે કહ્યું, "ચંદ્રકાન્ત મ્હારો બાલ્યબંધુ હોવાથી એના સંબંધી તમારે મ્હને વિશેષ ભલામણ કરવાની જરૂર નથી. તમે કદાચ કાંઇ નહિ કરો તો પણ હું એને બચાવવાનો યથાશક્તિ પ્રયત્ન કરીશ."

મોહિની બોલી ઉઠી, "એક પત્ની તરીકેનું કર્તવ્ય બજાવવામાં હું બિલકુલ પાછી પ્હાની નહિ કરૂં."

સુંદરલાલ અતિશય વિસ્મિત બની જઇ મોહિનીનું નિવાસ સ્થળ છોડી બ્હાર નીકળ્યો તેની ચિંતાનો પાર નહેતો. મોહિનીએ ઉચ્ચારેલાં વચન ઉપર તે વિશ્વાસ મૂકી શકતો નહોતો.

એ દિવસે દેસાઇ વકીલે પણ મોહિનીની મુલાકાત લીધી. મોહિનીએ ઘણા વખત સૂધી તેમની પાસે બેસી વાતચિત કરી. પછી તેણે એક પત્ર લખી દેસાઇ વકીલદ્વારા પતિને પહોંચાડવાની વ્યવસ્થા કરી.

દેસાઇ વકીલ ઉપરી અધિકારીની રજા મેળવી જેલમાં જઇ ચંદ્રકાન્તને મળ્યા. તેમણે આપેલો પત્ર ચંદ્રકાન્તે વાંચી પોતાના હ્રદય સાથે ચાંપ્યો. પછી તેણે કહ્યું, "હું સારી રીતે જાણું છું કે, આવા બીજા સંકટ સમયે મોહિની મ્હારો ત્યાગ નહિજ કરે; એ મ્હારે માટે પોતાનો પ્રાણ પાથરશે. વકીલ સાહેબ! મ્હારા કરતાં મ્હારી પત્ની અધિક બુધ્ધિમતી છે. એ કહે તેમ કરવા હું તૈયાર છું. એની વિચારશક્તિ માટે મ્હને ઘણું માન છે."

ચંદ્રકાન્તે આમ કહી ગીરોખત ઉપર સહી કરી આપી. એ લઇ દેસાઇ વકીલ પાછા ફર્યા. પછી સુંદરલાલને મળી તેમણે આગેવાન ધારાશાસ્ત્રીઓને ચંદ્રકાન્તનો બચાવ કરવા રોકયા.

ચંદ્રકાન્તની સ્ત્રી પતિના બચાવ માટે પાણીની માફક પૈસા ખરચે છે એવી વાત આખા મુંબાઇ શહેરમાં ફેલાઇ ગઇ. અદ્ભુત ચાલાકીથી માયાવિની મોહિનીએ આખી દુનિયાને નચાવી !

\+ \+ \+

એ દિવસે રાત્રે સહુના સૂઇ ગયા પછી ગંભીર રાત્રે મોહિની બિછાનામાંથી ઉઠી તથા ધીમાં પગલાં ભરતી શયનગૃહની બ્હાર જવા લાગી. પૂર્વ દિશા તરફથી કેઇ થોડે દૂર ઉભું રહી મ્હોટેથી સીટી વગાડતું હતું. મોહિનાએ વિના વિલંબે મકાનનું પ્રવેશદ્વાર ઉઘાડ્યું; તે સાથેજ એક માણુસે ચુપકીદીથી મકાનની અંદર પ્રવેશ કરી ઘણા ધીમા અવાજે કહ્યું, "જલદી બારણા બંધ કરો."

મોહિનીએ કહ્યું, "મ્હારી સાથે આવો; ઘરમાં બધાં ઉંઘી ગયાં છે."

એ માણુસ ચુપકીદીથી મોહિનીની પાછળ પાછળ જવા લાગ્યો. એક એકાંત ઓરડામાં ગયા પછી મોહિનીએ તેને કહ્યું, "અહીં બેસો. અહીં આપણે જે વાતચિત કરીશું તે કોણ સાંભળી શકશે નહિ."

એ માણુસના મ્હોં ઉપર લાંબી દાઢી હતી તથા બન્ને આંખો ઉપર મ્હોટા ગોળ કાચવાળાં રંગીન ચસમાં હતાં. તેણે મુસલ્માની પોષાક પહેરેલો હતો. માથા ઉપર ટર્કીશ ટોપી હતી. એ માણુસે એક આસન ઉપર બેસી કહ્યું, "હજી આપણો ભય દૂર થયો નથી."

મોહિનીએ પૂછ્યું, "તમે આમ કેમ કહો છો ?"

"એક દેશમુખ નામનો વૃધ્ધ પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટ છે—"

વચ્ચેજ મોહિની બોલી ઉઠી, "મ્હેં એનું નામ સાંભળ્યું છે; આપણે એનો ભય રાખવાની શી જરૂર છે ?"

"એ સાલો પેનશન લઇ નોકરીમાંથી છૂટો થયેલો હોવા છતાં જાણી જોઇ તેણે આ કેસની તપાસનું કામ હાથમાં લીધું છે. એનો માણુસ અહીં સુધી મ્હારી પાછળ પાછળ આવ્યો હોય એમ મ્હને લાગે છે."

મોહિનીએ ભયભીત બની કહ્યું, "આ ખરી વાત છે?"

"હા, મ્હને એમજ લાગે છે."

"ત્યારે હવે શું થશે?"

"સમુદ્રમાં પડયા પછી મગરની બ્હીક રાખવી વૃથા છે. જે રસ્તેથી હું આવ્યો છું એ રસ્તેથી પાછા નહિ ફરી શકાય પાછલે દરવાજે આવેલી ગલીને રસ્તેથી મ્હારે જવું પડશે"

"બિહારીલાલ સંબંધી શું કર્યું?"

"બધું બરાબર કર્યું છે, એના બચાવ માટે બાહોશ બેરિસ્ટર રોક્યો છે; વળી આપણે એને બચાવવાનો પ્રાણ પાથરીને પરિશ્રમ કરીએ છીએ એવી ખબર મ્હેં એને પહોંચાડી દીધી છે."

"ત્યારે તો તે આપણી કોઇ પણ વાત ખુલ્લી નહિ કરે."

"ના, એની એવી ખાત્રી કરી આપવામાં આવી છે કે, કાનસાહને અંતે એ છૂટો થઇ શકશે"

"અને ધારો કે એ કદાચ છૂટી ગયો તો?"

"તમે નિર્ભય રહો. તમારી સૂચનાનો મ્હેં બરાબર અમલ કર્યો છે એ કોઇપણ પ્રકારે છૂટો ન થઇ શકે એવી ગોઠવણ કરી દેવામાં આવી છે"

"સજા થયા પછી એ જો બધી હકીકત કહી દેશે તો?"

"કેદીની વાત કોણ સાચી માનશે? પોલિસનો બાપ પણ આપણો પત્તો મેળવી શકશે નહિ. જો તમારી વિરૂધ્ધ એ કાંઇ બોલશે તો લોકો ઉલટા એનેજ ગાળો દેશે તથા ધર્મપ્રચારક સત્યાનંદ સ્વામી વિરૂધ્ધ કાંઇ બોલશે તો લોકો એની વાત હસવામાં ઉડાવી દેશે!"

"ઠીક છે, તમે સંપુર્ણ સાવચેતી રાખજો. પેલા દેશમુખ સુપ્રિન્ટેન્ડેન્ટનું મ્હોં બંધ કરી શકાય એવો કોઇ રસ્તો નથી?"

"હું એ વિષયના પ્રયત્નમાં છું."

"ત્યારે હવે અહીં વિલંબ ન કરો."

"હું જાઉં છું; અવકાશે પાછો મળીશ"

"ઠીક, તમે હવે ચુપચુપ ગરછંતિ કરી જાઓ."

એ વેશધારી માણસ આસન ઉપરથી ઉઠી ચુપચુપ પાછલે

રસ્તેથી ચાલ્યો ગયો.

જાહેર જગતે એમ જાણ્યું કે, બિહારીલાલના મ્હોટાભાઈએ મુંબઈમાં આવી તેના બચાવ માટે બાહોશ બેરિસ્ટરને રોકયો છે.

મોહિની પાસેથી વિદાય થયેલો વેશધારી માણસ અંધારી ગલીમાંથી ઝડપથી ચાલ્યો જતો હતો. પોતાને કોઈ જોઈ ન શકે એવી સંભાળથી તે આગળ વધતો હતો. એવામાં કોઈએ તેની પાછળથી કહ્યું, "ઇશ્વરલાલ!"

એકાએક પોતાની રહામે કોઈ ભયાનક દેખાવ જોવામાં આવતાં માણસની જેવી સ્થિતિ થાય તેવીજ સ્થિતિ એ માણસની થઇ. તેણે પાછળ દૃષ્ટિ ફેરવી; પરંતુ કોઈ તેની નજરે પડ્યું નહિ.

એ સ્થળે વિશેષ સમય સુધી ઉભા રહેવાની હિમ્મત નહિ કરતાં એ માણસ ઘણી ઝડપથી આગળ ચાલ્યો. રાત ઘણી વીતી ગઇ હતી. રસ્તે માણસોનો અવરજવર બંધ થયો હતો. રસ્તાના નાકા ઉપર એક બે પહેરેગીરો ઝોકાં ખાતા હતા. પેલો માણસ કયાં ગયો એ કેઇ જોઇ શકયું નહિ.

બરાબર એ વખતે બીજો એક માણસ અંધકારને ભેદી બ્હાર નીકળ્યો. તેણે મૃદુ હાસ્ય કરી કહ્યું, "બચ્ચા ઇશ્વરલાલ! ત્હારી સંતાકુકડીની રમત હવે પૂરી થવા આવી છે! કારણ કે,

રહેતા દિવસ નથી કોઇના એકજ અવસ્થામાં કદા;
સુખ હોય આજે પૂર્ણ તો કાલે પડે છે આપદા.

સૃષ્ટિનો એ સિધ્ધાંત ટૂંક સમયમાં ત્હારે માટે પણ સાચો નીવડશે."

પોતાના મન સાથે આ પ્રમાણે કહી એ બીજો માણસ ગિરગામ બેંકરોડ તરફ જવા લાગ્યો.

પ્રકરણ ૨૫ મું.

—:o:—

જન્મ દેશનિકાલ.

સઘળા પ્રયત્નો વૃથા થઇ પડયા. સુંદરલાલની સઘળી મહેનત અફળ થઇ. ચંદ્રકાન્તનો કેસ સેશન્સ કોર્ટમાં પૂરો થયો. એના ઉપર ખૂન કરવાનો આરોપ સાબિત થયો હતો. બચાવ પક્ષનો બાહોશ બૅરિસ્ટર પુષ્કળ ઉલટપાલટ તપાસ કરવા છતાં સાક્ષીઓની જબાની તોડી શકયો નહિ. છેવટે ચંદ્રકાન્તના બૅરિસ્ટરે જ્યુરી સમક્ષ ત્રણ કલાક સૂધી દીર્ઘ વક્તૃતા કરી. તેની વક્તૃતા પુર્ણ થયા પછી જ્યુરીના સભ્યો ચોક્કસ નિર્ણય ઉપર આવવા માટે કોર્ટમાંથી ઉઠી અંદર ગયા.

કોર્ટમાં પુષ્કળ માણસો એકઠાં થયેલાં હતાં; કેમકે આ કેસે આખી મુંબઈની જાહિર પ્રજાનું ધ્યાન ખેંચ્યું હતું. કોર્ટ માણસોથી ચીકાર ભરાયલી હોવા છતાં ત્યાં ગંભીર ચુપકીદી ફેલાયલી હતી. કેસનું પરિણામ જાણવા માટે પ્રેક્ષકોની અધીરતા ઘણી વધી ગઇ હતી.

એક કલાક પછી જ્યુરીના સભ્યો કોર્ટમાં આવી પોત પોતાના આસન ઉપર બેઠા. એ વખતે કલાર્કે ઉઠી ઉભા થઈ એ સભ્યોને પૂછ્યું; "આપ સઘળા એકમત થયા છો કે?"

મુખ્ય સભ્યે કહ્યું, "હા, અમે સઘળા એકમત થયા છીએ."

"આપના મત પ્રમાણે આસામી દોષી છે કે નિર્દોષી?"

"દોષી"

કોર્ટમાં આ વખતે એક અસ્પષ્ટ ધ્વનિ થયો. સહુએ વ્યાકુળ ભાવથી ચંદ્રકાન્ત તરફ જોયું. ચંદ્રકાન્ત સ્થિર ભાવથી ઉભો રહ્યો હતો; તેનાં નેત્રોની પલક બંધ થઇ ગઈ હતી, તે ચુપકીદીથી ઉભો હતો.

જજ સાહેબે ચંદ્રકાન્તને સંબોધીને કહ્યું, "આસામી, ત્હારે કાંઇ કહેવું છે?"

આ પ્રશ્ન ચંદ્રકાન્ત જાણે કે સાંભળી શકયો નહિ!

જજ સાહેબે ફરીથી પૂછ્યું, "આસામી, ત્હારે કાંઇ કહેવું હોય તો તું કહી શકે છે."

આ વખતે ચંદ્રકાન્તે કહ્યું, "હું કેવળ એટલુંજ કહેવા માગું છું કે, હું સંપૂર્ણ નિર્દોષી છું."

જજ્જ સાહેબે ગંભીર ભાવથી કહ્યું, "આસામી, ત્હારા ઉપર ગુન્હો સાબિત થયો છે. જ્યુરીના સઘળા સભ્યોએ એકમતે તને ગુન્હેગાર ઠરાવ્યો છે; આમ છતાં ત્હારી કાચી ઉમ્મરનો વિચાર કરી હું તને ફાંસીની સજા નહિ કરતાં જીવન પર્યંત દેશનિકાલની સજા કરૂં છું."

પોલિસ સિપાહીઓ ચંદ્રકાન્તને લઇ ચાલ્યા ગયા એટલે જજ્જ સાહેબ ઉઠી ગયા. પ્રેક્ષકો પણ કોર્ટમાંથી બ્હાર નીકળવા લાગ્યા. એ વખતે સહુના મુખમાંથી આ કેસનીજ વાત નીકળતી હતી.

ઘણા માણસોનું કહેવું એવું હતું કે, "એવા કુલાંગારને ફાંસીની સજા થવાની જરૂર હતી; જે નરાધમ પોતાના સગાભાઇનું ખુન કરી શકે છે તેના ઉપર દયા રાખવી એ સર્પને દૂધ પાવા જેવું છે."

કોઇ કોઈ માણુસ એમ પણ કહેતો હતો કે, "ગમે તેમ હો; પણ એની સ્ત્રીએ બચાવ કરવામાં પાણીની માફક પૈસા ખરચ્યા છે."

જે કોઇ એ વાત સાંભળતું તે હામાં હા ભણતું હતું. અર્થાત્ સર્વત્ર મોહિનીની પ્રશંસા થતી હતી અને ચંદ્રકાન્ત ઉપર ગાળોનો વરસાદ વરસતો હતો આટલા દિવસ પછી મોહિનીની **ખુબસુરતીના** ખપ્પરમાં ચંદ્રકાન્તનો ભોગ અપાયો-એ રૂપના અગ્નિમાં બળી તે ભસ્મીભૂત થયો.

* * *

જે દિવસે ચંદ્રકાન્તને જન્મ દેશનિકાલની સજા થઇ તેજ દિવસે થાણાની સેશન્સ અદાલતમાં બિહારીલાલને પણ જન્મ દેશનિકાલની સજા થઇ. વિધાતાનું વિધાન આવુંજ વિચિત્ર હોય છે. એકજ સ્ટીમરમાં ચંદ્રકાન્ત અને બિહારીલાલ આંદામાન જવા લાગ્યા.

પ્રકરણ ૨૬ મું.

—:•:—

લોભી ગુરુ અને લાલચુ ચેલો !

ચંદ્રકાન્ત આંદામાન તરફ સજા ભોગવવા ગયો એટલે ખરી રીતે કહો કે ખોટી રીતે કહો, મોહિની શોકથી વ્યાકુળ બની ગઈ. સઘળાં માણસો તેના દુઃખમાં સહાનુભૂતિ દર્શાવવા લાગ્યાં. અનેક વર્ત્તમાનપત્રોમાં મોહિનીની પતિભક્તિની પ્રશંસા પ્રકટ થઇ 'ઘડીભર ગમ્મત' નામક એક વર્ત્તમાનપત્રે પોતાના મુખ પૃષ્ઠ ઉપર 'મોહિની'ની છબી પ્રકટ કરી તેનો એક પતિભક્તિ પરાયણા પ્રમદા તરીકે પરિચય કરાવ્યો.

પાઠકો જાણે છે કે ચંદ્રકાન્તે પોતાની મિલકતના ગીરોખત ઉપર સહી કરી આપી હતી. મોહિનીએ એ ગીરોખત ઉપર એક લાખ રૂપિયાની રકમ લીધી હતી. જે માણસે રૂપિયા ધીર્યાં હતા તે ચંદ્રકાન્તને સજા થયા પછી પોતાની રકમનો તગાદો કરવા લાગ્યો. ચંદ્રકાન્તને સજા થયેલી હોવાથી તે કોની આબરૂ ઉપર પોતાની રકમ રોકી રાખે ?

છતાં વિના વિલંબે એ માણસ ઉપર વજ્રાઘાત થયો. એણે રૂપિયાની ઉઘરાણી કરી એટલે મોહિનીએ કહ્યું, " તમે મ્હારા ધણીને રૂપિયા ધીર્યાં છે તેથી તેમની પાસે જાઓ. વિના કારણ મ્હને શા માટે હયરાન કરો છો ? "

એ માણસે અગ્નિ શર્મા બની જઇ ક્રોધાવેશમાં કહ્યું, "મ્હને આવી રીતે ઉડતો જવાબ આપવાથી તમને કાંઇ લાભ નથી તમારા ધણીની મિલકતનું ગીરોખત મ્હારી પાસે હોવાથી હું સહેલાઇથી મ્હારી લેણી રકમ વસુલ કરી શકીશ. જો તમે સરળતાથી મ્હારી રકમ વસુલ આપશો તો ઠીક છે, નહિ તો મિલકતની હરરાજી કરી હું મ્હારા પૈસા વસુલ કરીશ."

મોહિનીએ બેપરવાહીથી કહ્યું, " એ સંબંધી ચિંતા કરવાની મ્હને કાંઇ જરૂર નથી. તમે પણ મ્હારે માટે નિશ્ચિંત રહેજો."

શંકાશીલ બની લેણદારે પુછ્યું, "તમે શું કહેવા માગો છો એ હું સમજી શકતો નથી."

"ત્યારે ના છુટકે એ વાત હું તમને સમજાવું છું. મિલકત ઉપર ઘણા દિવસથી મ્હારા સ્વામીનો કાંઈ હક્ક હતો નહિ."

"તેમની બાપીકી મિલ્કત ઉપર તેમનો કાંઈ હક્ક નહોતો ?!" શંકા તથા ભયમિશ્રિત ભાવથી લેણદારે કહ્યું.

"એ એમની બાપીકી મિલકત હોવાની હું ના પાડતી નથી; પરંતુ ઘણા દિવસથી તેમણે પોતાની એ બાપીકી મિલકતનું મ્હારા નામનું દાનપત્ર લખી રજીસ્ટર કરાવ્યું છે."

"દાનપત્ર લખી આપ્યું છે ?"

"હા, ભવિષ્યમાં મ્હારે કાંઇ દુઃખ ન ભોગવવું પડે એટલા માટે લગ્ન થયા પછી તેમણે પોતાની બધી મિલકત મ્હારે નામે ચઢાવી છે. કાયદા પ્રમાણે તેમની જાગીરની આવકની હક્કદાર પણ હું છું. તેમણે પૂરતી અક્કલ હોશીયારીથી બિનફિકરથી એ દાનપત્ર રજીસ્ટર કરાવેલું છે. મ્હારી વાત સાચી ન લાગતી હોય તો નિયમિત ફી આપી તમે એ દાનપત્રની નકલ મેળવી શકો તેમ છો !"

લેણદાર ગાંડા માણસની માફક સફાળો ઉઠી ઉભો થયો. તેણે કહ્યું, "તમે જાણી જોઇ મ્હારી સાથે આવી દગાબાજી કરી છે !"

"એક સભ્ય સ્ત્રીનું આની રીતે અપમાન કરવું એ ઇંગ્રેજના ઇન્સાફી રાજ્યમાં ગંભીર ગુન્હો ગણાય છે, સમજ્યા કે ? રૂપિયા ધીરતી વખતે તમે મ્હને કાંઇ પૂછ્યું હતું કે ? વળી તમે મ્હને કાંઇ રૂપિયા ધીર્યાં નથી. રૂપિયા ધીરતાં પહેલાં તમારે સઘળી તપાસ કરવી જોઇતી હતી.

"પરંતુ મ્હારી પાસેથી રૂપિયા તમે લીધા હતા; રૂપિયા લેતી વખતે મ્હને આ વાત કહેવાની તમારી ફરજ નહોતી કે ?"

"હું કાંઇ તમારો વકીલ નહોતી; મ્હારે શા માટે એ વાત કહેવી જોઇએ ?"

"તું શયતાન સ્ત્રી છે; હું તને તથા દેશાઇ વકીલને બરા-

ખર જોઇ લઇશ.''

આમ કહી લેણદાર દિવાના માણસની માફક એ સ્થળેથી ચાલ્યો ગયો. તેના વિદાય થઇ ગયા પછી મોહિની હસી પડી. તેણે પોતાના મન સાથે કહ્યું, "મ્હારૂં નામ મોહિની છે,–એ દીકરાને વ્યાજ ખાવાનો લોભ લાગ્યો હતો તે હવે બરાબર છૂટી જશે. હું એવી મુરખી નથી કે, મિલકત હાથમાં આવ્યા પછી એ મિલકતને ગીરો મૂકી એ બદામના કહેવાના ભાયડા માટે પૈસા ખરચું!"

આ ખટપટનો આટલેથી અંત આવ્યો નહિ. લાખ રૂપિયાનું નુકશાન સહેલાઈથી કોણ સહન કરી શકે? છતાં ધારાશાસ્ત્રીઓએ સઘળી હકીકત સાંભળી, દાનપત્રની નકલ જોઇ લેણદારને કહ્યું, "કેસ માંડવાથી કાંઇ લાભ થશે નહિ; કોઇ પણ રીતે તમે જીતી શકો એવો સંભવ નથી. જાણી જોઇ વધારે પૈસા બરબાદ કરવાની ઇચ્છા હોય તો બેલાશક કેસ માંડો."

આવો ઉત્તર સાંભળી લેણદાર ઠંડો થઇ ગયો તથા તેણે કેસ માંડવાનો વિચાર બંધ રાખ્યો. છતાં આ વાત બધે જાહેર થઇ ગઇ. જૂદાં જૂદાં માણસો એ સંબંધી જૂદા જૂદા મત દર્શાવવા લાગ્યાં. કેટલાંક એમ પણ કહેવા લાગ્યાં કે, "મોહિની જેવી ઉચ્ચ અંતઃકરણની સ્ત્રી આ કાર્યથી અજ્ઞાત હોવી જોઇએ. લેણદારને ફસાવવાની યુક્તિ દેસાઇ વકીલેજ રચેલી હોવી જોઇએ!"

કારભારીને જાગીરના બંદોબસ્તનો ભાર સોંપી મોહિની થાણા ચાલી ગઇ, અને પ્રથમના કરતાં પણ વિશેષ ઠાઠમાઠથી રહેવા લાગી. હવે પતિના વિયોગનું તેને દુઃખ થતું હોય એમ લાગતું નહોતું. તે પ્રથમની માફક પાછી વિલાસમાં ડુબી ગઇ; આમ છતાં તે જાણી શકે નહિ એવી રીતે ભાગ્યદેવતા પોતાનું કાર્ય કરતા હતા.

પ્રકરણ ૨૭ મું.

—:•:—

ભયંકર વજ્રાઘાત.

ચંદ્રકાન્તનું મુંબાઈનું મકાન ખાલી પડ્યું હતું. મોહિની થાણા ચાલી ગઈ હતી. અભાગી ચંદ્રકાન્ત આંદામાન તરફ રવાના થઈ ગયો હતો; કેવળ તેનો નિમકહલાલ વૃધ્ધ નોકર મહાદેવ મુંબઈના તેના મકાનને સંભાળતો હતો તથા રાત દિવસ આંસુ સારતો હતો !

એક દિવસે સંધ્યાકાળના અરસામાં ફાટયાં તુટયાં મલિન કપડાંવાળી એક યુવતી ચંદ્રકાન્તના મકાનનાં દ્વાર પાસે આવી ઊભી રહી. એનું આખું શરીર ધ્રુજતું હતું. મકાનનાં દ્વાર બંધ હતાં. તે દ્વાર પકડી ઉભી રહી. એ યુવતીને જોતાં તે કોઈ અસાધ્ય રોગમાંથી સાજી થઇ હોય એમ લાગતું હતું. હજી તેનામાં ચાલવાની પૂરતી શક્તિ આવી નહોતી. વળી એનું જો કોઇ સગું સંબંધી હોત તો તે તેને આવી હાલતમાં બ્હાર નીકળવા દેત નહિ. એનું શરીર હાડપિંજર જેવું બની ગયું હતુ. શરીરનો રંગ ફીક્કો પડી ગયો હતો, ગાલ બેસી ગયા હતા અને આંખો નિસ્તેજ બની ઉંડી ઉતરી ગઇ હતી. એના જેવી અનાથિની દુઃખીની મૂર્ત્તિ ક્વચિત્‌જ જોવામાં આવવાનો સંભવ હતો.

દુઃખ અને શોક સંતાપથી એની ઉમર હતી તે કરતાં ઘણી વધારે લાગતી હતી; બાકી ખરી રીતે જોવા જતાં એ મુગ્ધા હતી. તેનું હૃદય ઘણા જોરથી ધબકતું હતું, તેનો શ્વાસ જોરથી ચાલતો હતો.

થોડા સમય સૂધી ઉભી રહ્યા પછી દ્વાર ઉપર તેણે હાથ ઠોક્યો; પરંતુ કોઇએ દ્વાર ખોલ્યાં નહિ. એ યુવતીએ ઉપરાઉપરી દ્વાર ઉપર હાથ ઠોકવા માંડયો એટલે 'કોણ છે ?' એવો પ્રશ્ન પૂછતાં મહાદેવે દ્વાર ઉઘાડયાં. એ સ્ત્રીએ મહાદેવને જોઈ પૂછ્યું, "ચંદ્રકાન્ત ઘરમાં છે કે ?"

ચંદ્રકાન્તનું નામ સાંભળી વૃધ્ધ મહાદેવની આંખોમાં જળ-

ઝળીઆં ભરાઇ આવ્યાં. તે આવેલી યુવતીને સ્પષ્ટતાથી જોઇ શક્યો નહિ. રૂંધાઇ ગયેલા કંઠે તેણે પૂછ્યું, "તમે કોણ છો? તમે કંઇ જાણતા નથી કે?"

આવેલી યુવતીએ અધીર ભાવથી પૂછ્યું, "સાંભળવાનું શું હતું? એમનું લગ્ન થયું છે એ હું જાણું છું."

"ના—ના, હું એ વાત નથી કહેતો."

"ત્યારે? શું થયું છે એ મ્હને જલ્દી કહો. તમે આમ આંસુ શા માટે સારો છો?"

"તમે મુંબાઇમાં નહોતાં કે?"

"ના, હું અહીં નહોતી. જલ્દી કહો કે તેઓ ક્યાં છે અને શું થયું છે?"

એ યુવતીનો શોક જોઇ વૃધ્ધ મહાદેવનું હૃદય વિશેષ ભરાઇ આવ્યું. તે હવે અશ્રુ પ્રવાહના વેગને રોકી શક્યો નહિ. તે રડી પડયો. રડતાં રડતાં તેણે કહ્યું, "હે ભગવાન! તમે આ શું કર્યું!"

યુવતીએ બન્ને હાથથી હૃદય દબાવી રાખી ક્ષીણ સ્વરે કહ્યું, "હજી તમે વિલંબ શા માટે કરો છો? જો તમારામાં દયાનો અંશ માત્ર હોય તો જે કંઇ બન્યું હોય તે મ્હને જલ્દી કહો."

મહાદેવે કહ્યું, "તેમને વડિલભાઇ રજનીકાન્તનું ખૂન કરવાના ગુન્હા બદલ જન્મ દેશનિકાલની સજા થઇ છે."

"શું......" યુવતી વિશેષ બોલી શકી નહિ. છિન્ન થયેલી લતાની માફક તે નીચે ગબડી પડી. એ યાતના સહન કરવાની તેનામાં શક્તિ નહિ હોવાથી તે બેશુધ્ધ બની ગઇ.

યુવતીને પડી ગયેલી જોઇ ક્ષણ કાળ માટે શું કરવું એ મહાદેવને સુઝ્યું નહિ. પછી હૃદયમાં હિમ્મત લાવી, અશ્રુજળ લુંછી યુવતીનું હૃદય તપાસી તેણે કહ્યું, "ના, મરી નથી ગઇ; હજી ધીમો શ્વાસ ચાલે છે."

વિના વિલંબે યુવતીના અચેતન દેહને ઉંચકી મહાદેવ અંદર લઇ ગયો તથા તેને બિછાનામાં સુવાડી તેની મુર્છાનો

બંધ કરવા માટે તે પાણી લઇ આવવા ગયો.

પાણી લઇ આવી મહાદેવ યુવતીની આંખો તથા મ્હોં ઉપર છાંટવા લાગ્યો. આમ કરવા છતાં યુવતી શુધ્ધિમાં આવી નહિ. હવે મહાદેવ ખરેખર ગભરાયો. શું કરવું એ તે વિચારી શક્યો નહિ. તે યુવતી ચંદ્રકાન્તને શા માટે મળવા આવી હશે, શાથી તેના દેહની આવી દયાજનક દુર્દશા થઇ હશે તત્સંબંધી એ કાંઇ નિર્ણય કરી શક્યો નહિ. અત્યાર સુધી મહાદેવ એ યુવતીનું મ્હોં બરાબર જોઇ શક્યો નહોતો. હવે મ્હોં જોવામાં આવતાં ચમકી ઉઠી તે બે ડગલાં દૂર ખસી ગયો; પછી અસ્પષ્ટ સ્વરે તે બોલી ઉઠયો, "આ તો સુલોચના છે!"

મહાદેવ મંત્રમુગ્ધ બની જઇ થોડા સમય સુધી એ યુવતીના મુખ તરફ જોઇ રહ્યો. તેને સંપૂર્ણ બુધ્ધિભ્રંશ થયો હતો. ઘરની અંદર મહાદેવ સિવાય બીજું કોઇ માણસ નહોતું. આવી સ્થિતિમાં યુવતીને એકલી મૂકી મદદ મેળવવા માટે મહાદેવ કેવી રીતે બ્હાર જઇ શકે? વળી ઝડપથી સારવાર કરવામાં ન આવે તો યુવતીના જીવનનો અંત આવવાનો સંભવ હતો.

મહાદેવે એક ક્ષણ પણ નકામી ગૂમાવી નહિ. સુલોચનાને અંદર એકલી રાખી તે બ્હાર નીકળી પડયો. બ્હારથી બારણાં બંધ કરી તે સુંદરલાલના ઘર તરફ જવા લાગ્યો.

સદ્‌ભાગ્યે સુંદરલાલ ઘેરજ હતો. મહાદેવને ગભરાઇ ગયેલો જોઇ અત્યંત અધીર બની તેણે પૂછ્યું, "શું થયું છે?"

વૃધ્ધનું શરીર કંપતું હતું. દમ લઇ તેણે કહ્યું, "જલ્દી મ્હારી સાથે ચાલો; સુલોચના બ્હેન અમારે ઘેર મરવા પડયાં છે."

સુંદરલાલનું હૃદય જોસથી કંપી ઉઠયું. મહાકષ્ટે પોતાની વિચલિતતાનું દમન કરી તેણે કહ્યું, "બેસો, શું થયું છે તે મ્હને સ્પષ્ટતાથી કહો."

મહાદેવે કહ્યું, "એ બધી વાત હું પછી કહીશ. સુલોચના મરણ પામવાની અણી ઉપર છે. તમે હમણાંજ ઔષધ લઇ મ્હારી સાથે ચાલો. વિલંબ કરવાથી બાજી હાથમાંથી જશે."

આવી સ્થિતિમાં મહાદેવને વિશેષ પૂછપરછ કરવાનું ઉચિત

નહિ લાગવાથી સુંદરલાલે જરૂરી ઔષધોની બૅગ લઇ મહાદેવ સાથે જવા માંડયું. ચંદ્રકાન્તનું મકાન સુંદરલાલના નિવાસ-સ્થાનથી વિશેષ દૂર નહોતું. બંને જણા ઘણી ઝડપથી યથાસ્થળે ઉપસ્થિત થયા. મહાદેવ દ્વાર ઉઘાડી સુંદરલાલને મકાનની અંદર લઇ ગયો.

સુલોચનાને જોઇ સુંદરલાલ સ્તંભિત બની ગયો. સુલોચનાને ઓળખી શકવાનું કાર્ય કઠિન હતું. તેના હાડપિંજર જેવા દેહમાં જીવનદીપ ક્ષીણ તેજથી બળતો હતો, તેનો શ્વાસ ઘણો ધીમો ચાલતો હતો. પ્રથમ તો એ મૃત્યુ પામી હશે એમજ તેની આકૃતિ પ્રકૃતિ ઉપરથી સુંદરલાલને લાગ્યું; પછી તેણે હૃદયની પરીક્ષા કરી જોઇ તો પ્રાણવાયુનું અસ્તિત્વ જણાયું.

સુંદરલાલ ચતુર ચિકિત્સક હતો. ક્ષણ કાળમાંજ તેના મનમાંથી સર્વ પ્રકારની ચિંતા દૂર થઇ ગઇ. બૅગમાંથી એક શીશી બ્હાર કાઢી, બળપૂર્વક સુલોચનાનું મ્હો ઉઘાડી શીશીમાનું થોડું ઔષધ મ્હોંમાં રેડી દીધું. સુલોચનાનો દેહ સ્થિર હતો.

સુંદરલાલ એકાગ્ર દૃષ્ટિથી સુલોચનાના મુખ તરફ જોઇ રહ્યો. પાંચ મિનિટ, દશ મિનિટ તથા પંદર મિનીટ વીતી જવા છતાં સુલોચનાની પ્રકૃતિમાં પરિવર્તન થયેલું જણાયું નહિ. સુંદર-લાલે પુનઃ તેને બીજું થોડું ઔષધ પાયું.

એવી રીતે ઉપરાઉપરી ત્રણ વખત ઔષધનું સેવન કરાવ-વામાં આવતાં સુલોચનાએ અંતરના ઉંડાણમાંથી એક નિશ્વાસ મુકી આંખો ઉઘાડી. પછી શૂન્ય દૃષ્ટિથી તે ચોતરફ જોવા લાગી. એ દૃષ્ટિ ઉપરથી સુલોચનાના બાહ્ય જ્ઞાનનો સંપૂર્ણ નાશ થયો છે એમ સુંદરલાલ સમજી શકયો. પોતે કયાં છે એ સુલોચના સમજી શકતી નહોતી. જીવનની સઘળી ઘટનાઓને તે ભૂલી ગઇ હતી. તે પોતાની જાતને પણ જાણે કે ઓળખી શકતી નહોતી.

તેનું હૃદય ફાટી જતું હતું; નેત્રોમાંથી અવિરામ અશ્રુધારા વહી જતી હતી. થોડા સમય પછી અતિકષ્ટે તેણે અશ્રુ પ્રવા-હના વેગનું દમન કર્યું.

બીજી તરફથી વૃધ્ધ મહાદેવ પણ રડતો હતો. સુલોચનાની કમભાગ્યની સ્થિતિ પત્થર જેવા હૃદયને પણ પીગળાવે એવી દયાજનક હતી.

શુધ્ધિમાં આવતાંની સાથે પ્રબળ જ્વરે સુલોચના ઉપર હુમલો કર્યો. જ્વરમાં તે જેમ ફાવે તેમ બકવા લાગી. અચેતન બની જઇ વારંવાર તે ચંદ્રકાન્ત અને મોહિનીનું નામ ઉચ્ચારવા લાગી. વચ્ચે વચ્ચે તે એક ત્રીજી વ્યક્તિનું નામ ઉચ્ચારતી હતી; ઘણો પ્રયત્ન કરવા છતાં એ ત્રીજી વ્યક્તિ કોણ હતી તે સુંદરલાલ સમજી શક્યો નહિ. સુલોચનાના ઉચ્ચાર ઘણા અસ્પષ્ટ હોવાથી તે શું બોલતી હતી એ સમજી શકાય તેમ નહોતું.

આ વખતે ઘણા અજાયબ થઇ જઇ સુંદરલાલે જોયું કે, સુલોચનાના ગળાની એક બાજુથી બીજી બાજુ સુધી એક ઘાનું ચિહ્ન હતું. કોઇએ ઔષધિથી તેના એ ઘાને રૂઝાવ્યો હતો. ઘાનો દેખાવ જોઇ સુંદરલાલ સ્પષ્ટ સમજી શક્યો કે, સુલોચનાના ગળા ઉપર કોઇએ છુરી ફેરવેલી હોવી જોઇએ. સદ્‌ભાગ્યે કંઠનળી કપાઇ ન હોતી; નહિ તો ક્યારનીય સુલોચના શાન્તિધામવાસિની થઇ ગઇ હોત ! વળી ઘા એવા પ્રકારનો હતો કે, જો યથા સમયે ઔષધની મદદ ન મળી હોત તો જીવલેણ થઇ પડત.

એ ઘાની વેદનાથી જ સુલોચનાને સખ્ત જ્વર લાગુ પડયો હતો અને તેથીજ તેનું શરીર જીર્ણશીર્ણ થઇ ગયું હતું. આવી સ્થિતિમાં જો તે ઉઠીને અહીં સુધી ન આવી હોત તથા ચંદ્રકાન્તને જન્મદેશનિકાલની સજા થયાની વાત ન સાંભળી હોત તો એ ફરીથી પીડિત થાત નહિ; પણ ધીમે ધીમે સાજી થાત.

જે કાંઇ બન્યું હતું તે મહાદેવને મુખે સુંદરલાલે સાંભળી લીધું હતું; પરંતુ હવે કાંઇ ઉપાય ન હોતો. વિધિના અખણ્ડનીય નિયમનું ખંડન કે ઉલ્લંઘન કોણ કરી શકે ?

સુલોચના કયાં ગઇ હતી તથા આટલા દિવસ સુધી કયા સ્થળે હતી, તેનું ગળું કાપવાનો પ્રયત્ન કોણે કર્યો હતો, આટલા દિવસ સુધી તેણે પોતાની કાંઇ ખબર કેમ પહોંચાડી નહોતી. એવા સેંકડો પ્રશ્ન સુલોચનાને પૂછવા માટે સુંદરલાલનું મન અધીર

બની ગયું હતું; પરંતુ સુલોચનાના જ્ઞાન તેમજ સ્મૃતિનો નાશ થયેલો હોઇ તે પ્રલાપ કરતી હોવાથી પોતાની અધીરતાનું સુંદરલાલને દમન કરવું પડ્યું.

વિવિધ પ્રકારની ચિંતા તેમજ ઉદ્વિગ્નતાથી સુંદરલાલ કિંકર્તવ્યવિમૂઢ બની ગયો હતો. અત્યારની સ્થિતિમાં સુલોચનાને ચંદ્રકાન્તને ત્યાંથી પોતાને ત્યાં લઇ જવાથી તેનો જીવ જોખમમાં આવી પડવાનો સંભવ હતો; મોહિનીનો સુલોચના તરફ ઘણો ક્રોધ હતો એ વાત સુંદરલાલ જાણતો હતો. આવી સ્થિતિમાં મોહિની કદાચ મુંબાઇ આવી ચઢે તો સુલોચનાની અધિક દુર્દશા થવાનો સંપૂર્ણ સંભવ હતો. તેથી તેને ચંદ્રકાન્તના મકાનમાં રાખવામાં પણ સલામતી નહોતી. છેવટે એક પાલખીની ગોઠવણ કરી તેમાં સુલોચનાને સુવાડી સુંદરલાલ પોતાને ઘેર લઇ ગયો.

સુલોચનાના આયુષ્યનો હજી અંત આવ્યો નહોતો; અંત આવ્યો હોત તો તે ક્યારનીય મૃત્યુ પામી હોત! લગભગ એક મહિનાથી તે યમદૂત સાથે યુદ્ધ કરતી હતી. આહાર નિદ્રાનો ત્યાગ કરી સુંદરલાલ તેની સારવાર કરવા લાગ્યો. મુંબાઇના સુવિખ્યાત ઉપાધિ ધારી ડોક્ટરોને બોલાવી સુલોચનાની પ્રકૃતિ બતાવવામાં આવી. પાણીની માફક પૈસા ખરચાવા લાગ્યા. સુંદરલાલે પોતાના કામકાજ તરફ પણ દુર્લક્ષ કર્યું.

આ સંસારમાં સહાનુભૂતિ, દયા, મમતા, એ દૈવી ગુણો છે; માનવ જાતિમાં એ દૈવી ગુણોનો ઘણો થોડો અંશ જેવામાં આવે છે. સુલોચનાની આવી સ્થિતિમાં તેના તરફ સહાનુભૂતિ દર્શાવવાની વાત તો દૂર રહી; પરંતુ લોકો તેના તથા સુંદરલાલના સંબંધ વિષે વિવિધ કલ્પિત વાતો કહેવા લાગ્યા. કેટલાકે તો સુલોચનાને કુલટા સુધ્ધાં કહી. જગતનો સ્વભાવજ નિંદા કરવાનો હોવાથી સુલોચના કે સુંદરલાલ એ જગ સ્વભાવના અત્યાચારમાંથી કેવી રીતે બચી શકે?

એ સઘળી નિંદાની વાત સુંદરલાલે પણ સાંભળી હતી; કારણ કે એવી વાત છુપી રહી શકતી નથી; છતાં સુંદરલાલે એવી વાત તરફ બિલકુલ ધ્યાન આપ્યું નહિ; ધ્યાન આપવા

જેટલો તેને અવકાશ પણ નહોતો.

ધીમે ધીમે સુલોચનાની બીમારી વધવા લાગી; દિવસે દિવસે તેના જીવનની આશા વિશેષ ક્ષીણ થવા લાગી. સુંદરલાલે ગાઢ નિશ્વાસ મૂકી સ્વગત વિચાર્યું, "મ્હારો આટલો બધો પરિશ્રમ વૃથા જશે કે શું?!"



પ્રકરણ ૨૮ મું.

—:●:—

ખુબસૂરતીનું ખપ્પર

એક તરફથી સુલોચના જ્યારે મરવા પડી હતી ત્યારે બીજી તરફથી મોહિની ચંદ્રકાન્તનું યથા સર્વસ્વ હસ્તગત કરી ઘણા ઠાઠમાઠથી વિચારસાગરમાં નિમજ્જિતા થઇ વિશ્વસંસાર ભુલી ગઇ હતી.

શાણાના ઘણાખરા માણુસો મોહિનીને ઓળખતાં હતાં તેથી તેઓ મોહિનીનો ઠાઠમાઠ જોઇ સહજ પણ વિસ્મિત થયાં નહિ. આમ હોવા છતાં મોહિનીનો તથા તેના ઘરનો છુપો ભેદ કોઇ જાણતું નહોતું. મોહિનીના બહારના તથા અંદરના દેખાવમાં આસમાન જમીન જેટલો ફર્ક હતો. બ્હારથી તે પતિના વિયોગનો શોક પાળી સર્વદાન ધનધ્યાન તેમજ સત્કાર્યો કરતી હતી. સકળ માણુસો તેની ઘણી પ્રશંસા કરતાં હતાં. ઘણાં ખરાં માણુસોનું કહેવું એવું હતું કે, "મોહિની નિરાધારનો આધાર છે, કોઇ પણ કંગાલ અગર દીનદુઃખી માણુસ તેને ઘેરથી ખાલી હાથે પાછું ફરતું નથી !"

આમ હોવા છતાં જે અલ્પસંખ્યક માણુસો મોહિનીના ઘરનો ગુપ્ત ભેદ જાણતાં હતાં તેઓ સમજતાં હતાં કે, મોહિની વિલાસ સાગરમાં તણાતી જાય છે. તે પોતાના સુખ સિવાય બીજા કોઇના સુખદુઃખની સહજ પણ ચિંતા કરતી નથી.

એક દિવસે રાત્રે દાસીએ આવી મોહિનીને કહ્યું, "ઇશ્વરલાલ આવ્યા છે."

મોહિનીએ ચમકી ઉઠી પોતાના મન સાથે પૂછ્યું, "એ શા હેતુથી મ્હારી પાસે આવ્યો હશે ? !"

જ્યાં સુધી ઇશ્વરલાલ એ ગૃહમાં ઉપસ્થિત ન થયો ત્યાં સુધી મોહિનીએ ગૃહની અંદર અસ્થિર ભાવથી આંટા માર્યા. ઇશ્વરલાલ ગૃહની અંદર ઉપસ્થિત થયો એટલે મોહિનીએ કહ્યું,

"શા સમાચાર છે? તમે પાછા કેમ આવ્યા છો? કોઈ વિઘ્ન તો ઉપસ્થિત નથી થયું ને?"

ઇશ્વરલાલે હસીને કહ્યું, "જે કાર્ય આ ઇશ્વરલાલે હાથમાં લીધું છે તે તેણે નિર્વિઘ્ને પાર પાડ્યું છે."

મોહિનીએ કહ્યું, "એ હું પણ જાણું છું, એ તેમ ન હોત તો આવું મહત્વનું કાર્ય હું તમને સોંપત નહિ શાન્તિથી આસન ઉપર બેસો."

ઇશ્વરલાલ એક ખુરસી ઉપર બેઠો. મોહિની તેની રહામે પડેલી બીજી એક ખુરસી ઉપર બેસી બોલી, "તમે આટલી ઝડપથી પાછા કેમ આવ્યા? બધું કામ પતી ગયું છે કે?"

"ના, છતાં હાલ તરત કાંઇ કરવા જેવું નથી. આમ હોવાથી તમારી મોહિની મૂર્ત્તિનું એક વખત દર્શન કરવાની લાલસાથી હું અત્રે આવ્યો છું!"

મોહિનીએ ભુવનને ભૂલાવે એવું જાદુ ભર્યું હાસ્ય કરી વિલોલ કટાક્ષ બાણથી ઇશ્વરલાલના હૃદયને ભેદી નાટકી અભિનયસહિત કહ્યું, "તમારી દૃષ્ટિએ હું ઘણી ખુબસુરત દેખાઉં છું કે?"

"જો તમારી ખુબસુરતીએ મ્હને પાગલ ન બનાવ્યો હોત તો હું આવી રીતે ફાંસીના લાકડા રહામે કાર્ય કરત ખરો કે? એક દિવસે હું તમને પ્રિયતમા તરીકે પ્રાપ્ત કરી શકીશ, એવી આશાથીજ મ્હેં ફાસીના લાકડાનો ભય નહિ રાખતાં કર્યક્ષેત્રમાં ઝંપલાવ્યું છે."

"હું તમારીજ છું; પરંતુ એક વખત બાજી સાફ થઇ જવા દો. એ પછી મોજ મેળવવા લોભને વશ નહિ થતાં ચિરકાલનો જીવન પર્યંતની મોજ-મજાહ મેળવવા ઇચ્છે છે."

"બધો રસ્તો સાફ થઇ ગયો છે. ચંદ્રકાન્તની મિલકત હાથમાં આવી છે. જન્મદેશનિકાલની સજા પામેલો ચંદ્રકાન્ત હવે પાછો ફરી શકે એવો બિલકુલ સંભવ નથી. બિહારીલાલનું પણ એમ છે. રહ્યા બે જણા,—છબિલદાસ અને સત્યાનંદ એ, બંને મરેલા છે:—"

મોહિની બોલી ઉઠી, "ગધેડા હોય કે ઘોડા એ જોવાનું નથી; એમના સંબંધી તમે શું કહો છો ?"

"જે ગરબડ ઉભી થઇ છે તે શાન્ત થઇ જવા દો; મામલાને ઠંડુ રૂપ ધારણ કરવા દો; પછી છબિલદાસ અને સત્યાનંદને સાફ કરી નાખવા એ તો મ્હારા ડાબા હાથનું કામ છે."

મોહિનીએ હસીને કહ્યું, "તમારી ચાલાકી ઉપર મ્હને વિશ્વાસ છે; તમારાથી ન બની શકે એવું એક પણ કાર્ય નથી. મુંબઇના શા સમાચાર છે ?"

'મુંબઇના સમાચારમાં મ્હારે તમને જે જરૂરી વાત કહેવાની છે તે એ છે કે, હજી સુધી સુલોચના મરી ગઇ નથી.''

ઇશ્વરલાલે ધર્યું હતું કે, આ વાત સાંભળી મોહિની ઘણું આશ્ચર્ય પામશે; પરંતુ મોહિનીએ સહેજ પણ આશ્ચર્ય પામ્યા સિવાય કહ્યું, "એ વાત મ્હારાથી અજાણી નથી; એટલા માટે તો ચપળા દાસીને મ્હેં બરાબર ધમકાવી છે."

ઇશ્વરલાલે કહ્યું, "સુલોચના મરી ગઇ નથી એ વાત તમે કેવી રીતે જાણી શક્યાં ?"

"એણે ચંદ્રકાન્તને પત્ર લખ્યો હતો, તથા એ પત્ર મ્હારા જોવામાં આવ્યો હતો. સુલોચનાએ ગમે તે પ્રકારે બુઢ્ઢી યશોદાની વાત સાંભળેલી હોય તેની સાથે મુલાકાત કરવાનું તેણે ચંદ્રકાન્તને લખી જણાવ્યું હતું."

ઇશ્વરલાલે આશ્ચર્યની વિશેષતાથી આંખો ફાડી કહ્યું, "બુઢ્ઢી યશોદાની વાત એ જાણી શકી છે ! ત્યારે તો બાજી......"

મોહિનીએ મૃદુહાસ્ય કરી વચ્ચેજ કહ્યું, "ભય રાખવાનું કારણ નથી; બુઢ્ઢી યશોદાને મ્હેં ખસેડી મુકી છે; કોઇ પણ વ્યક્તિ તેનો પત્તો મેળવી શકે તેમ નથી."

આ ઉત્તરથી ઇશ્વરલાલના મનનું સમાધાન નહિ થવાથી તેણે કહ્યું, "ગમે તેમ હો, સુલોચના હવે બુઢ્ઢી યશોદાની વાત કોઇને કહી શકવાની નથી."

મોહિનીએ પૂછ્યું, "શા ઉપરથી તમે આમ કહો છો ?"

"એ મરવાની અણી ઉપર છે એવી વાત થોડા દિવસ

પૂર્વે મ્હેં સાંભળી હતી. મ્હને લાગે છે કે, અત્યાર સુધીમાં તેના માનવજીવનનો અંત આવી ગયો હશે."

"જો એ મરી જાય તો ટાઢે પાણીએ ખસ જાય. એ કેવી રીતે જીવતી રહી શકી તથા તેને શું થયું છે એ તમે જાણો છો કે ?"

"કેવી રીતે જીવતી રહી શકી એ વાત હું જાણતો નથી. ગાડીની અંદર તેને બેહોશ બનાવી દેવામાં આવી હતી. ચપળા બિહારીલાલ અને સત્યાનંદ મળી એને પેલા ચોક્કસ મકાનમાં લઇ ગયાં હતાં. સત્યાનંદની હિમ્મત નહિ ચાલવાથી બિહારીલાલે સુલોચનાના ગળા ઉપર છુરી ફેરવી હતી, પરંતુ ઉતાવળમાં તેનું કામ અપૂર્ણ રહી ગયેલું હોવું જોઇએ એમ લાગે છે. પછી સુલોચના કેવી રીતે બચી શકી અને ક્યાં જઇ રહી હતી એ વાત ઘણી તપાસ કરવા છતાં હું જાણી શક્યો નથી."

"એ સંબંધી પાર્વતી શું કહે છે ?"

"બિહારીલાલે એ વખતે પાર્વતીને ઘરમાંથી ખસેડી મૂકેલી હોવાથી પોતે કાંઇ જાણતી નથી એમ તેનું કહેવું છે."

"એની એ વાત તમને સાચી લાગે છે ?"

"એ આપણું માણસ હોઇ શા માટે જુઠું બોલે ?"

"ત્યારે તો બિહારીલાલ અને સત્યાનંદના વિદાય થયા પછી સુલોચના કોઇ પણ યુક્તિથી એ મકાનમાંથી છટકી ગયેલી હોવી જોઇએ. પછી તેની સ્થિતિ જોઇ કોઇએ તેને આશ્રય આપેલો હોવો જોઇએ."

"એવી સ્થિતિમાં કોઇની મદદ મળ્યા સિવાય તે ઘરની બહાર જઇ શકે એવો સંભવ નહોતો."

"કોણે એને મદદ કરી હશે ?"

"પુષ્કળ તપાસ કરવા છતાં એ વાત જાણવામાં આવી નથી. વળી તેના મદદગારે પોલિસને કાંઇ ખબર ન આપી એ વિશેષ અજાયબીની વાત છે."

"સુલોચના સંબંધી પોલિસ કાંઇ જાણતી નથી કે ?"

"ના."

"પોલિસ કેવળ એટલુંજ જાણે છે કે, સુધીરના ખુન થઇ છે; સુંદરલાલે પોલિસને ખબર આપી નહોતી; કોઇ એક માણસે પોલિસને નનામો પત્ર લખ્યો હતો."

શંકાશીલ ભાવથી મોહિનીએ કહ્યું, "ઇશ્વરલાલ! તમે માનો યા ન માનો છતાં મ્હને એમ લાગે છે કે, કોઇ ભેદી માણસ પડદા પાછળ છુપાઇ રહી કંઇ ખટપટ કર્યા કરે છે; આપણે તમે ધારો છો એટલા સલામત નથી."

"આપણે ભય રાખવાનું કંઇ કારણ નથી. ખાનસાહેબ પૂરેપૂરા ગધેડા છે, એનાથી કંઇ થવાનું નથી. કેવળ દેશમુખથી આપણે થોડા ડરવાનું છે. એ જાણી જોઇ આ કેસની તપાસમાં માથું મારે છે, છતાં એ હવે બુઢ્ઢો થયો છે. જેવી રીતે એ આપણી ઉપર નજર રાખે છે તેવીજ રીતે હું એની ઉપર નજર રાખું છું. એ જો કંઇ નવાજુની કરવાનો હશે તો અગાઉથી આપણે સાવધાન થઇ શકીશું."

"તમે પેલા માણસને જીવતો રહેવા દીધો છે એ ઠીક કર્યું નથી."

"વિશેષ ખૂનામરકી કરવાથી વિપરીત પરિણામ આવવાનો સંભવ હોવાથીજ એને જીવતો રાખવામાં આવ્યો છે. વળી એ માણસ હવે સીધો થતો આવ્યો છે."

"એટલે?"

"આપણે કહીએ તેમ કરવા એ હવે રાજી થયો છે. હવે એની સાથે મુલાકાત થશે એટલે બધી પાકી ગોઠવણ થશે. હું એને છોડી દઇશ તથા સદાનંદ તેમજ છબિલદાસને ગિરફતાર કરાવીશ એટલે એ મ્હને તાજતરફનો સાક્ષી કરશે."

મોહિનીએ હસીને કહ્યું, "સત્યાનંદ અને છબિલદાસની સાથે મ્હને પણ પોલિસના હાથમાં સોંપવાનો તમારો ઇરાદો હશે, કેમ?"

ઇશ્વરલાલે કહ્યું, "હું એવો મુરખો નથી. કેવળ તમારે માટેજ હું આ સઘળું કરું છું. તમે જો કદાચ ફસાશો તો પછી

મ્હારી બધગી મહેનત બાતળ થઇ પડે."

મોહિનીએ શ્લેષપુર્ણ સ્વરે કહ્યું, "આ જગતમાં માણસ રૂપનો મોહ છોડી શકે છે, પરંતુ રૂપિયાનો મોહ છોડી શકતો નથી. હું જાણું છું કે, મ્હારી મિલકત ભોગવવાની ઇચ્છાથી તમે મ્હને સપડાવવાનું કાર્ય નહિ કરી શકો. મ્હને સપડાવવાથી તમે મ્હારી મિલકત ભોગવી શકો તેમ નથી. એ વાત તમે સારી રીતે જાણો છો."

ઇશ્વરલાલે દુઃખિત સ્વરે કહ્યું, "મોહિની, તમે આવું બોલો એ વ્યાજબી છે કે? તમારે માટે મ્હેં કેવાં જીંદગીને જોખમમાં નાખે એવાં કાર્ય કર્યાં છે એ વાત તમે ભૂલી ગયાં કે? હું હમ્મેશને માટે તમારો દાસ બન્યો છું!"

મોહિનીએ હસીને કહ્યું "હું તો ગમ્મત કરૂં છું, મ્હારા શબ્દોથી તમે માઠું લગાડશો નહિ. તમારી સાથે બે ઘડી વિનોદ પણ ન કરૂં કે?"

મ્હારી સાથે બે ઘડી તો શું પરંતુ જીંદગી સુધી વિનોદ કરવાનો તમને અધિકાર છે. હમણાં છબિલદાસ કયાં છે?"

"એ છુપાઇ ગયો છે."

"કયાં?"

"ચપળા દાસી છુપાઇ છે ત્યાં."

"તમે જે કાંઇ કરશો તે વ્યાજબીજ કરશો એવી મ્હારી ખાત્રી છે. મ્હારે એ વાતમાં ઉંડા ઉતરવાની જરૂર નથી. હું આજેજ પાછો મુંબાઇ જનાર છું."

"જવુંજ જોઇએ. મામલો ઠંડો પડી જતાં સુધી તમારે ત્યાંજ રહેવું જોઇએ."

"ઠીક છે, હું જાઉં છું; તમે કયારે આવશો?"

"મામલો ઠંડો પડયા સિવાય હું મુંબાઇ નહિ આવું."

"હવે ઝડપથી બધું શાન્ત થઇ જશે."


"એમ થશે એટલે હું મ્હારી જાગીરમાં પાછી ફરીશ."

"ઠીક."

"મોહિનીના આવા ઉત્તરથી ઇશ્વરલાલનું હૃદય તૃપ્ત થયું

નહિ. તે ઉઠી વિદાય થઇ ગયો.

એહથી જુદા પડ્યા પછી મોહિનીએ મૃદુહાસ્ય કરી સ્વગત કહ્યું, “ જગતમાં ઉલ્લુઓની કાંઇ ખોટ છે ?! એ ગધેડો મ્હારી જવાનીનો બ્હાર લુંટવા માગે છે, પરંતુ એ ક્યાં જાણે છે કે, મોહિનીની ખુબસૂરતી એના જેવા ગધેડાઓ માટે જીવ લેનાર ખપ્પરનું કામ કરે છે !”



પ્રકરણ ૨૯ મું.

—:૦:—

આંદામાનનો કમનસીબ કેદી

ચોતરફ સમુદ્રના તરંગો ઉછાળા મારતા હતા; જે તરફ દૃષ્ટિ કરવામાં આવે તે તરફ આસમાની જળ સિવાય બીજું કાંઈ દેખાતું નહોતું. સમુદ્રતટ ઉપર એક સ્થળે ન્હાના મ્હોટા પત્થરોના ઢગલા પડયા હતા. કેટલાક કેદીઓ એ પત્થરો ભાંગતા હતા. આ આંદામાન નામક સ્થાન હોઈ જન્મ દેશનિકાલની સજા પામેલા કેદીઓને આ સ્થળે રાખવામાં આવતા હતા.

કેદીના પોષાકમાં ચંદ્રકાન્ત એક બાજુએ ચિંતાતુર ચિત્તે બેઠો હતો. તેના ગળામાં લોખંડની સાંકળ સાથે લાકડાનો એક બીલ્લો હતો. એ નંબર લખેલો હતો. એ નંબરનો નામને બદલે ઉપયોગ થતો હતો. હવે ચંદ્રકાન્ત અસલનો ચંદ્રકાન્ત નહિ પણ નંબર ૧૨૧૨ હતો.

નજીકમાં પહેરેગીર નહિ હોવાથી ચંદ્રકાન્તને ચિંતા કરવાને થોડો વખત મળ્યો હતો. આવા સ્થળે આવો વખત પણ ભાગ્યેજ મળી શકતો હતો!

કયા દોષથી તેની આવી દુર્દશા થઈ હતી! તેના ભાઈનું ખૂન કેવી રીતે થયું હતું એ સંબંધી ચંદ્રકાન્ત કાંઈ જાણતો નહોતો. ભાઈની સાથે તેને અણબનાવ હતો એ વાત ખરી છે; પરંતુ તેથી તે દ્રવ્ય લોભને વશ થઈ ભાઈનું ખૂન કરે એવો વિચાર પણ તેને કંપાવી મૂકતો હતો! આમ હોવા છતાં ભાઈનું ખૂન કરવા બદલ તેને દેશનિકાલની સજા થઈ હતી.

અંતરના ઉંડાણમાંથી ગાઢ નિશ્વાસ મૂકી ચંદ્રકાન્તે વિચાર્યું, "મોહિની હમણાં કયાં હશે? એ મુંબાઈમાં હશે કે? એ મ્હને યાદ કરતી હશે કે? મ્હારી આવી સ્થિતિ શોક તેમજ દુઃખથી તેનું કદાચ મૃત્યુ થયું હશે! આ જીવનમાં હું હવે કેદીની હાલતમાંથી છૂટી ઘેર જઈ શકીશ કે?" ફરીથી હું જીવનાધિકારિણી મોહિનીના સહવાસ સુખને મેળવી શકીશ કે? હે પ્રભુ! તમે

શા કારણથી મ્હારી આવી દુર્દશા કરી?"

ચંદ્રકાન્તની બન્ને આંખોમાં અશ્રુજળ ભરાઇ આવ્યું. ટગર ટગર દૃષ્ટિથી ઘણા સમય સુધી તે અનંત સીમાહીન સમુદ્ર તરફ જોઇ રહ્યો. પછી પાછું તેણે પોતાના મન સાથે કહ્યું, "મ્હારા સુખદુઃખનો સાચો સાથી સુંદરલાલ મ્હને જરૂર યાદ કરતો હશે! મ્હારી ખબર મેળવવાનો પ્રયત્ન તે અવશ્ય કરતો હશે! મ્હારે માટે એ સઘળું યાદ કરવું વૃથા છે. સગાંસંબંધી અને સંસાર સાથેના મ્હારા સઘળા સંબંધનો ચિરકાળ માટે નાશ થઇ ગયો છે."

વળી પાછો ઘણા સમય સુધી તે ચુપ બેસી રહ્યો. પછી તેણે કહ્યું, "સુલોચનાએ શા માટે મ્હને પત્ર લખ્યો હશે! પેલી બુઢ્ઢી યશોદાને મળવાનું તેણે મ્હને શા માટે લખી જણાવ્યું હશે! ના-ના, એ બધી વાતો વિચારવી વૃથા છે; જો હું બહુ વિચારો કરીશ તો ગાંડો બની જઇશ; છતાં વિચારો દૂર થતા નથી. કોઇનું કહેવું નહિ ગણકારતાં મ્હેં મોહિની સાથે લગ્ન થતાંની સાથેજ મ્હારી દુર્દશાનો આરંભ થયો! પરંતુ એમાં મોહિનીનો શો દોષ? વળી સુલોચના સાથે લગ્ન થવાથી હું સુખી થઇ શકત એમ પણ કેવી રીતે કહી શકાય? પહેલાં એમ લાગતું હતું કે, ક્ષણકાળ માટે મોહિનીનો વિયોગ થતાં આ જીવન ટકી શકશે નહિ! પરંતુ વિધિના વિધાનથી મ્હારો અને એનો હમ્મેશાંને માટે વિયોગ થયો. હમણાં એ ક્યાં છે અને હું ક્યાં છું? હું જીવતો હોવા છતાં એ વિધવા, અભાગિની, અનાથિની છે; હું જીવતો હોવા છતાં મરી ગયેલા માણસ જેવો છું. આવું કષ્ટ વેઠવા કરતાં મૃત્યુ પામવું લાખ દરજ્જે ઉત્તમ છે. ભાગ્યમાં હજી શું વીતવાનું બાકી રહ્યું છે એ કોણ જાણે છે! આ દુનિયામાં ન્યાય અને ઇશ્વરનું અસ્તિત્વ હોત તો મ્હારી આવી દુર્દશા ન થાત!"

ચંદ્રકાન્ત થોડા સમય સુધી ચુપ રહ્યા પછી પાછો બોલી ઉઠયો, "ના-ના, ઇશ્વરના ન્યાયમાં અવિશ્વાસ રાખવો એ પાપ કરવા જેવું છે. ઇશ્વર અવશ્ય મ્હારૂં રક્ષણ કરશે!"

આ વખતે કોઇએ ચંદ્રકાન્તની પાછળથી કહ્યું, ' જો કોઈ જોશે તો તમે ગાંડા થઈ ગયા છો એમજ ધારશે."

ચંદ્રકાન્તે પાછળ દૃષ્ટિ કરી તો ૨૩૦ નંબરનો કેદી તેની નજરે પડયો. વિરકત બની જઇ ચંદ્રકાન્તે કહ્યું, "તમને મ્હારૂં દુઃખ જોઇ હસવું આવે છે કે?"

૨૩૦ નંબરના કેદીએ કહ્યું, "અહીં આપણે સહુ સરખા છીએ; છતાં એટલી વાત ખરી છે કે, હું તમારી માફક અફસોસ કરતો નથી. થોડા દિવસ વીતી જશે એટલે તમને પણ સઘળું સહન કરી લેવાની ટેવ પડશે. હવે ભૂતકાળને ભૂલી જવામાંજ સાર છે."

"પરંતુ તે ન ભૂલી શકાય તો શું કરવું?"

"વખતના વીતવા સાથે બધું ભુલી શકાશે. હવે ચાલો."

"કયાં?"

"કામ ઉપર. પેલા જમદૂતો આ તરફ આવે છે, જાણી જોઈ શા માટે પણ આપણે માર ખાવો જોઈએ? ચંદ્રકાન્તભાઇ!'

ચંદ્રકાન્તના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેણે પૂછ્યું, "તમે કેવી રીતે મ્હારૂં નામ જાણી શકયા?"

૨૩૦ નંબરનો કેદી બોલ્યો, "તમે મ્હને નથી ઓળખતા, પણ હું તમને ઓળખું છું."

"તમારૂં નામ શું છે?"

"બિહારીલાલ."

"એ નામ પોતે પહેલાં કદાપિ સાંભળ્યું હોય એમ ચંદ્રકાન્તને લાગ્યું નહિ. થોડા સમય સુધી ચુપ રહ્યા પછી તેણે કહ્યું, "કયા ગુન્હા બદલ તમને સજા થઈ છે?"

"જેવો ગુન્હો કરવાથી તમને સજા થઇ છે તેવોજ ગુન્હો કરવાથી મ્હને પણ સજા થઈ છે."

ચંદ્રકાન્ત આવક બની ગયો. કાંઈપણ બોલ્યા ચાલ્યા વિના તે તેની ઓરડીમાં ચાલ્યો ગયો.

******

પ્રકરણ ૩૦ મું.

અથંગ ઉઠાવગીર

બરાબર બાર વાગે ખાનસાહેબ દેશમુખ પાસે હાજર થયા એટલે દેશમુખે કહ્યું, " આવો, ખુરસી ઉપર બેસો."

" આજે આટલી બધી તાકીદથી મ્હને કેમ બોલાવ્યો છે ? " ખાનસાહેબે પૂછ્યું.

" ખુનની તપાસનું કામ છોડી દીધું છે કે ? "

" આપ કયા ખુનની વાત પૂછો છો ? "

" ટ્રામગાડી અને રેલ્વેમાં થયેલાં ખુનની વાત પૂછું છું."

" એ વિષયની હવે શી તપાસ કરવાની છે ? બન્ને ખુની-ઓને ઈન્સાફની અદાલતમાં સજા પણ થઇ ચુકી છે ! "

" એ તો હું પણ જાણું છું; છતાં—"

"હવે વિના કારણ આપણે શા માટે માથું ફોડવું જોઇએ ? " વચ્ચેજ ખાનસાહેબે કહ્યું.

" ખાનસાહેબ ! મ્હને એમ લાગે છે કે, હજી આપણે માથું ફોડવાની જરૂર છે."

વિસ્મિત બની દેશમુખના મ્હોં તરફ જોઇ રહી ખાનસાહેબે કહ્યું, " આપ શું કહો છો એ હું સમજી શકતો નથી."

દેશમુખે મૃદુસ્વરે પૂછ્યું, "જેમને દેશનિકાલની સજા થઈ છે તેમને તમે ગુન્હેગાર ધારો છો કે ?"

" જજે તેમને ગુન્હેગાર ઠરાવેલા હોવાથી હું ગુન્હેગાર ન ધારૂં તો કેવા ધારૂં ?"

" મ્હને તો એમ લાગે છે કે, એ બે માણસોમાંનો એક નિર્દોષ છે."

" શા ઉપરથી આપ આમ કહો છો ? આપ કોને નિર્દોષ ધારો છો ?"

"ચંદ્રકાન્તને."

ખાનસાહેબ અજાયબીથી દેશમુખના મ્હોં તરફ જોઇ રહ્યા. દેશમુખે હસીને કહ્યું, " તમને અજાયબી લાગે છે ? હજી મ્હારી

વાત સાંભળી તમને વિશેષ અજાયબી લાગશે."

"એવી શી વાત છે?"

"એજ કે, પેલો રઘુનાથરાવ વેશધારી છે; ખરી રીતે તે કેદની સજા ભોગવી ચુકેલો ઇશ્વરલાલ નામનો બદમાશ છે."

ખાનસાહેબથી બોલી જવાયું, "મ્હારા મુન્શીનું કહેવું પણ એવુંજ છે!"

ખાનસાહેબની સ્થિતિ જોઈ દેશમુખે કહ્યું, "તમે આમ અધીરા નહિ બની જતાં શાન્તિથી બેસો. આ સંસારમાં આશ્ચર્યજનક પ્રકારોની કાંઈ ખોટ નથી."

ખાનસાહેબે કહ્યું, "ત્યારે ખરો રઘુનાથરાવ કયાં મરી ગયો છે?"

"એ સંબંધી પાકેપાયે કાંઇ બાતમી મળી નથી; છતાં હું એમ ધારૂં છું કે, બદમાશ ઇશ્વરલાલે એને કોઇ સ્થળે કેદ કરી રાખેલો હોવો જોઇએ. વળી બદમાશ ઇશ્વરલાલે આપણી હિલચાલ ઉપર લક્ષ્ય આપવા અને આપણી બધી હકીકત જાણવાની ઇચ્છાથીજ રઘુનાથરાવનો વેશ ધારણ કર્યો છે."

"આ બધો ભેદ કેવી રીતે આપ જાણી શકયા. આ હકીકત આપ કલ્પનાથી તો નથી કહેતાને?"

"ના, તમે આ ટેલિગ્રામ વાંચી જુઓ." આમ કહી દેશમુખે પેલો ટેલિગ્રામ ખાનસાહેબના હાથમાં આપ્યો. ટેલિગ્રામ વાંચી રહ્યા પછી અજાયબીથી ખાનસાહેબે પુછ્યું, "આ ટેલિગ્રામ કોણે મોકલ્યો છે?"

"મોકલનારનું નામ નથી; આ ઉપરથી એમ જણાય છે કે, ઇશ્વરલાલના શત્રુઓની કાંઇ ખોટ નથી."

"વળી આપ કેસની તપાસ ચલાવો છો એ વાત પણ તાર મોકલનારૂં જાણે છે."

"હા, એમજ છે."

"બધી પરિસ્થિતિનો વિચાર કરતાં બદમાશની એક ટોળી મુંબાઈમાં આવી હતી અગર હજી પણ મુંબાઈમાં છે એમ લાગે છે."

"આપની વાત ખરી છે."

"વળી જે બન્ને ખુન થયાં છે તેનાં પ્રમાણો ઉપરથી બન્ને ખુન એ ટોળીએ કર્યાં છે એમ લાગે છે. એ ટોળીમાં ગુજરાતી, હિંદી અને દક્ષિણી માણુસો ભળેલાં છે. એવી ટોળીમાં જો કોઇ સ્ત્રી નથી હોતી તો તેનાથી કોઇ કાર્ય થઇ શકતું નથી. એ ઉપરથી એ ટોળીમાં કોઇ સ્ત્રી પણ અવશ્ય ભળેલી હોવી જોઇએ. એ સંબંધીનું પ્રમાણ પણ મળ્યું છે."

"શું પ્રમાણ મળ્યું છે?"

"જો સુંદરલાલની દાસીનો બદમાશોની ટોળી સાથે કાંઈ સંબંધ ન હોત તો તે સુલોચનાને છેતરી ઘરની બ્હાર લઈ જાત નહિ; બન્ને જણી ગુમ થાત નહિ. આ ઉપરથી શયતાનોની ટોળીમાં સ્ત્રીઓ પણ ભળેલી છે એ સ્પષ્ટ છે."

"પરંતુ એ ટોળીએ શા કારણથી ખુન કર્યાં હોવાં જોઈએ એ મુદ્દાના સવાલના જવાબમાં આપ શું કહી શકો છો?"

"રેલ્વેટ્રેઇનમાં ત્રંબકલાલનું ખુન તેના પૈસા મેળવવા માટે કરવામાં આવ્યું હોવું જોઇએ."

"અને રજનીકાન્તનું ખુન?"

"એ ખુનજ વિશેષ મહત્વનું છે. ખાનસાહેબ! મ્હને લાગે છે કે, તમે એ સંબંધી વિશેષ ધ્યાન આપી વિચાર કર્યો નથી. જો મ્હારી માફક તમે વિચાર કર્યો હોત તો અનેક વિષયનું અનુમાન કરી શકત."

"હું પૂરાવાઓ મેળવું છું; આપની માફક હું વિના કારણ આરામ ખુરસીમાં આડો પડી, આંખો મીંચી ચિંતા કર્યાં કરતો નથી."

દેશમુખે હસીને કહ્યું, "ચિંતા કરવાથી પણ ઘણું કામ થાય છે. હું તમને બધી વાત સમજાવું છું. વિચારી જુઓ કે, પ્રથમ આપણે શું જોયું? એજ કે, ધનવાન રજનીકાન્ત દક્ષિણમાં રહેતો હતો. તે એક દિવસે કોઇને કાંઈ ખબર આપ્યા સિવાય મુંબાઇમાં આવ્યો તથા જે દિવસે આવ્યો તે રાત્રેજ તેનું ખુન થયું. એની મિલકત એના ન્હાનાભાઇને મળી. તેની

સાથે સાથે એક સુધરેલી ભણેલી ગણેલી રૂપવતી સુંદરી પણ મુંબાઈમાં આવી. ચંદ્રકાન્તે કોઇનો નિષેધ નહિ માનતાં એ રૂપવતી યુવતી સાથે લગ્ન કર્યું. તે પછી વેશધારી રઘુનાથરાવનો આવિર્ભાવ થયો. એની ખટપટથીજ ચંદ્રકાન્તને દેશનિકાલની સજા થઈ છે, તથા તેની સઘળી મિલકત મોહિનીને મળી છે. મોહિની કામકાજ પતાવી પાછી થાણા ચાલી ગઈ છે. એ બધું જોઇ તમને શું લાગે છે ?"

"મ્હને એ વાત અશક્ય લાગે છે !"

"કયી વાત ?"

"આપ શું એમ કહેવા માગો છો કે, મોહિની જ એ શયતાની ટોળીની સરદાર છે ?"

"એવું અનુમાન કરવામાં શી હરકત છે ? એમ કરવાથી બધો ભેદ સરળ થઇ જાય છે. મોહિનીનો હેતુ પુષ્કળ સંપત્તિ મેળવી વિલાસ ભોગવવાનો હોવો જોઇએ. રજનીકાન્ત મુંબાઈ આવ્યો એટલે મોહિનીના માણસોએ તેની પાછળ આવી તેનું ખુન કર્યું. મિલ્કત ચંદ્રકાન્તને મળી. પણ કળાકૌશલ્યથી મોહિનીએ ચંદ્રકાન્ત સાથે વિવાહિતા થઈ તેને દેશનિકાલની સજા કરાવી. ખાનસાહેબ ! જો મ્હારૂં આ અનુમાન ખરૂં હોય તો મોહિની ઘણી ચાલાક ચતુરા હોવી જોઇએ એ વાત તમે પણ કબૂલ કરશો. જેમ જેમ વિચારોના વમળમાં હુ વિશેષ ઉંડો ઉતરતો જાઉં છું તેમ તેમ મોહિનીજ સઘળા અનર્થોનું કેંદ્ર છે એમ મ્હને લાગે છે. સૂત્રધારની માફક વચ્ચે ઉભી રહી તે બધું નાટક ભજવે છે."

થોડા સમય સુધી ચુપ રહ્યા પછી ખાનસાહેબે કહ્યું, "હવે મ્હને એમ લાગે છે કે, આપની અનુમાન પરંપરા ખરી હોવી જોઇએ; છતાં મુદ્દાનો સવાલ એ ઉભો થાય છે કે, જો આપ કહો છો એમજ હોય તો તેમણે પોતાના પક્ષના માણસ બિહારીલાલને દેશનિકાલની સજા શા માટે કરાવી ?"

"એ પણ મોહિનીની એક પ્રકારની ચાલાકી છે."

દેશમુખની વાતો સાંભળી બૃહસ્પતિ જેવી બુદ્ધિ ધરાવનાર

ખાનસાહેબનું કાતરીઉં ગૂમ થઇ જતું હતું. તેમણે નિરાશાભાવથી કહ્યું, "એમાંનું કાંઈ હું શમજી શકતો નથી. જો આપ કહો છો એમજ હોય તો હવે આપણે શું કરવું જોઇએ?"

"હું કાંઇ ચુપકીદી ધારણ કરી બેસી રહ્યો નથી; મોહિની સંબંધી પણ મ્હેં જરૂરની તપાસ કરી છે."

"આપ કાંઇ જાણી શકયા છો કે?"

"ના, મોહિની વિરૂધ્ધ કોઈ સબળ પ્રમાણ મળી આવ્યું નથી. જો એકદમ શયતાનોની ટોળીમાં ભળી હોય તો પોતે ફસાય એવું એક પણ પ્રમાણ નહિ રાખવાની તેણે ચાલાકી વાપરી છે."

"ત્યારે હવે કરવું શું?"

"તમે અધીરા ન બની જાઓ. મ્હને એવી ખબર મળી છે કે, ધર્મપ્રચારક સત્યાનંદે મોહિની સાથે ચંદ્રકાન્તની ઓળખાણ કરાવી હતી; તેથી સત્યાનંદ મોહિનીના પક્ષનો માણસ છે એ ચોકકસ છે."

"સત્યાનંદ વિરૂધ્ધ કોઇ પ્રમાણ મળી આવ્યું છે કે?"

"ના, એની વિરૂધ્ધ કાંઇ પ્રમાણ મળી નથી આવ્યું. સહુ એને સારા માણસ તરીકે ઓળખે છે; છતાં નાશિકની ધર્મશાળા વાળા સદાનંદનું જે વર્ણન મળ્યું છે તે ઉપરથી સત્યાનંદજ સદાનંદ હોય એમ લાગે છે."

"પરંતુ પુરાવા વિના એ અનુમાન શા કામનું?"

"એ વિષયની હજી હું તપાસ ચલાવું છું."

"આપ બીજી શી હકીકત જાણી શકયા છો?

"હું સુંદરલાલને મળ્યો હતો. સુલોચનાની પ્રકૃતિ દિવસે દિવસે સુધરતી જાય છે. મોહિની ભયંકર સ્ત્રી છે, એમ વિકારની અંદર તે વારંવાર બોલી છે. સુલોચનાને મોહિનીના માણસોએજ કેદ કરી રાખી હતી એમ તેણે કહ્યું છે. વળી જે મકાનમાં એને કેદ કરવામાં આવી તેજ મકાનમાં બીજું એક માણસ કેદીનું જીવન ગુજારે છે એમ સુલોચનાએ કહ્યું છે. વળી જો આ વેશધારી રઘુનાથરાવ બદમાશોના પક્ષનો હશે તો ગમે તે દિવસે

એ હું કહું છું તે મકાનમાં ગયો હશે અને સુલોચનાએ તેને જોયો હશે. સુલોચના જોતાંની સાથે એને ઓળખી શકશે. રઘુનાથરાવને સુંદરલાલને ઘેર લઈ જવાનું કાર્ય કઠિન હોવાથી સુલોચનાને મ્હેં આજે અહીં તેડાવી છે."

"અને એ રઘુનાથ—"

"એને પણ આજે અત્રે બોલાવ્યો છે, મ્હને લાગે છે કે, એ આવતોજ હશે."

"મ્હને એમ લાગે છે કે, એ નહિ આવે."

"ના–ના, તમે ભૂલો છો. એને માટે આપણા મનમાં સંદેહ ન ઉપજે એ હેતુથી તે જરૂર આવશે."

"જોઈએ છીએ કે શું થાય છે. મ્હને તો આ ગરબડ ઘોટાળામાં કાંઇ સૂઝતું નથી."

જુઓ, વેશધારી રઘુનાથરાવ આવતો હોય એમજ લાગે છે, વિનાવિલંબે આપણો સઘળો સંદેહ દૂર થઈ જશે. એ માણુસ ભયંકર સ્વભાવનો છે. જલ્દી આ પિસ્તોલ તમારા ખીસ્સામાં રાખો. મ્હારા ખીસ્સામાં પણ એક પિસ્તોલ છે."

એવામાં હસતો હસતો રઘુનાથ એ સ્થળે ઉપસ્થિત થયો. તથા તેણે કહ્યું, "આ સેવકને કેમ બોલાવ્યો છે?"

દેશમુખે કહ્યું, "આવો, બેસો મ્હારે તમને એક વાત કહેવાની છે."

"આપ કહો તે કાર્યમાં મદદ કરવા આ સેવક તૈયાર છે, આપ અને ખાનસાહેબ એટલું તો અવશ્ય કબુલ કરશો કે, મ્હારે લીધેજ બે ખુનીઓ પકડાયા છે."

"એ વાત એક વખત નહિ પણ સેંકડો વખત અમારે કબુલ કરવી જોઈએ, છતાં ટોળીના બીજા માણુસોને પકડવા માટે તમે શું કર્યું?"

"એ સંબંધી મ્હારાથી વિશેષ કાંઈ થઈ શકયું નથી."

"મ્હને થોડી બાતમી મળી છે." દેશમુખે ઠાવકું મ્હોં રાખી કહ્યું.

"શી બાતમી મળી છે?" અધીરભાવથી રઘુનાથે પૂછ્યું.

"એ શયતાની ટોળીમાં ગુજરાતી, હિંદુસ્તાની અને દક્ષિણી માણુસો ભળવા ઉપરાંત અમુક સ્ત્રીઓ પણ ભળેલી છે."

રઘુનાથે હસીને કહ્યું, "એમાં નવાઈ જેવું શું છે ?"

"એક બે માણુસોનાં નામ પણ હું જાણી શકયો છું, એકનું નામ બિહારીલાલ છે."

"એ નામ તો હવે આખી દુનિયા જાણે છે."

"એક સ્ત્રીનું નામ ચપળા છે."

"આ વાત આપે નવી કહી એમ મ્હારે કબુલ કરવુંજ જોઈએ."

"વળી ત્રીજા એક માણુસનું નામ ઇશ્વરલાલ છે." આ વાકય ઉચ્ચારતી વખતે દેશમુખ રઘુનાથના મુખ તરફ તીક્ષ્ણ દૃષ્ટિથી જોઈ રહ્યા હતા, પરંતુ ઇશ્વરલાલનું નામ સાંભળવા છતાં રઘુનાથ વિચળિત થયેલો દેખાયો નહિ. એથી દેશમુખ કિંકર્તવ્ય વિમૂઢ બની ગયા. રઘુનાથે કહ્યું, "મ્હેં એમ સાંભળ્યું છે કે, જેલમાંથી છુટેલો એક કેદી એ શયતાની ટોળીમાં ભળેલો છે. વળી બીજા એક માણુસનું નામ સત્યાનંદ છે."

"એ નામ મ્હેં સાંભળ્યું નથી."

કોઈ કોઈ વખત એ સત્યાનંદ પોતાનું નામ બદલી સદાનંદ નામ ધારણ કરે છે.

બદમાશો ન કરે એટલું ઓછું.

બીજા એક માણુસનું નામ—

આ વખતે રઘુનાથ ખડખડાટ હસી પડયો. પછી તેણે કહ્યું, "સાહેબ ! આપે એક મ્હોટું લિસ્ટ તૈયાર કર્યું હોય એમ લાગે છે."

"હા, એમજ છે. જુઓ, આ રહ્યું લિસ્ટ."

આમ કહી દેશમુખે પેલો ટેલિગ્રામ રઘુનાથના હાથમાં આપ્યો. એ પછી એક ક્ષણમાં જે બનાવ બન્યો તેનું વર્ણન થઇ શકે તેમ નથી.

એક સંકેતસૂચક ધ્વનિ થયો. ધ્વનિ થતાંની સાથેજ રઘુનાથના હાથમાં લોખંડી બેડી પડી. ત્યાર પછી દેશમુખ અને રઘુનાથ ધરાશાયી થયા.

ખાનસાહેબે ઉઠી ઉભા થઈ રઘુનાથના કપાળ રહામે પિસ્તોલ ધરી કહ્યું, "જો સહજ પણ ખસીશ તો જીવથી જઇશ."

પ્રથમ જો કે રઘુનાથે દેશમુખ ઉપર હુમલો તો કર્યો; પરંતુ પરિસ્થિતિનો વિચાર કરી ક્ષણ માત્રમાંજ તેણે આત્મસંયમ કર્યો. હસતો હસતો તે ઉઠી ઉભો થયો. તેણે કહ્યું, "આવી ગમ્મત કોઇકજ દિવસે થાય છે! સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબ! આપનો સ્વભાવ આટલો બધો વિનોદી હશે એ હું જાણતો નહોતો. ખેલ બરાબર જમાવ્યો; હવે મ્હારા આ હાથ છૂટા કરો."

ખાનસાહેબ બોલી ઉઠયા, "લુચ્ચા બદમાશ! હજી ચાલાકી ચલાવે છે? અમારી આંખોમાં ધુળ નાખવાનું કામ તું ધારે છે એવું સહેલું નથી, સમજ્યો?"

પોતાને ક્રોધ ઉપજ્યો હોય એવો ભાવ દર્શાવી રઘુનાથે કહ્યું, "ખાનસાહેબ! મ્હોં સંભાળી વાત કરજો!"

ખાનસાહેબે વિશેષ દમ ભરાવી કહ્યું, "ચુપ રહે, શયતાન!"

દેશમુખે ખાનસાહેબનો હાથ પકડી તેમને આસન ઉપર બેસાડી કહ્યું, "ખાનસાહેબ! શાન્ત થાઓ. આની સાથે થોડી વાતચિત કરી લેવા દ્યો."

"હુ થોડા પોલિસ કોન્સ્ટેબલોને બોલાવી લાવું છું."

"એ વિષયનો બંદોબસ્ત મ્હેં પ્રથમથી કરી રાખ્યો છે. બ્હાર એક જમાદાર ચાર પોલિસ કોન્સ્ટેબલો સાથે હાજર છે. બોલાવતાંની સાથે તેઓ આવશે.

પછી રઘુનાથ તરફ જોઇ દેશમુખે પૂછ્યું, "હજી પણ તું એમ કહેવા માગે છે કે, તું ઇશ્વરલાલ નથી?"

રઘુનાથે અતિ ગંભીર ભાવથી કહ્યું, "હું ધારૂં છું કે તમે મ્હારૂં કૌતુક નહિ કરતાં મ્હારી સાથે શત્રુતા કરો છો. શા માટે શત્રુતા કરો છો એ પણ હું જાણું છું. તમે ગધેડાઓ છો; બબ્બે ખૂન થવા છતાં તમારાથી કાંઇ થઇ શકયું નહિ. મ્હેં બ્હારગામથી આવી બન્ને ખુનના આરોપીઓને પકડાવી આપ્યા; તમારાં મ્હોં ઠીંકરા જેવાં કાળાં પડી ગયાં; એથીજ તમે મ્હારો

દ્વેષ કરો છો.”

દેશમુખે રઘુનાથના લાંબા ભાષણ તરફ ધ્યાન નહિ આપતાં પૂછ્યું, “હજી પણ તું એમ કહેવા માગે છે કે, તું ઇશ્વરલાલ નથી ?”

ગુસ્સે ભરાઇ રઘુનાથે કહ્યું, “તમારા કોઇ પણ પ્રશ્નનો ઉત્તર આપવા હું બંધાયલો નથી. તમે કોણ છો ? જો સીધી રીતે મ્હને ન છોડતા હો તો હમણાંજ મ્હને મ્હોટા સાહેબ પાસે લઈ ચાલો.”

“એમજ થશે.”

આમ કહી દેશમુખે સીટી બજાવી. વિના વિલંબે બ્હાર રાહ જોઇ ઉભો રહેલો જમાદાર કોન્સ્ટેબલો સાથે અંદર આવ્યો. થાણાના પોલિસ ઇન્સ્પેકટરના હાથમાં લોખંડની બેડી જોઇ આશ્ચર્યચકિત બની તેઓ સહુ દેશમુખના મ્હોં તરફ જોવા લાગ્યા.

ખાનસાહેબે પૂછ્યું, “ત્યારે હું હવે આસામીને લઇ જાઉં કે ? પૂરાવો ક્યાં છે ?”

દેશમુખે કહ્યું, “હવે પૂરાવા વિના કામ અટકવાનું નથી. થાણાની પોલિસનો કોઇ માણસ અહીં આવશે એટલે તે આ રઘુનાથરાવ નથી એમ કહેશે. આ જેલમાંથી છૂટેલો કેદી ઇશ્વરલાલ છે. ઇશ્વરલાલ ! ત્હારી ચાલાકી હવે ચાલવાની નથી. હવે સઘળી ખરી હકીકત કબૂલ કરવામાંજ ત્હારૂં કલ્યાણ છે.”

રઘુનાથે કહ્યું, “તમને હું માણસજ માનતો નથી એટલે મ્હારે શા માટે તમારી સાથે વાતચિત કરવી જોઇએ ? મ્હને સાહેબ પાસે લઈ ચાલો એટલે તમારી મ્હારા તરફની આવી બેઅદબીનું ઉચિત ફળ તમને અવશ્ય મળશે.”

આ વખતે દેશમુખે સુલોચનાને પોતાની પાસે બોલાવી, રઘુનાથ તરફ જોઈ પુછ્યું, “આ બાઇને તું ઓળખે છે કે ?”

સુંદરલાલ પણ સુલોચનાની સાથે ઘટનાસ્થળે ઉપસ્થિત થયો હતો. સુલોચનાનું શરીર બીમારીને લીધે હાડપિંજર જેવું બની ગયું હતું. તેના આકર્ષણીય સુંદર મુખ ઉપર વિષાદની મલિન છાયા છવાઇ ગઇ હતી. દેશમુખે ઝડપથી ઉઠી સુલોચનાને

બેસવા માટે એક ખુરસી આપી. વિનાવિલંબે સુલોચના એ ખુરસી ઉપર બેઠી.

સુલોચના નજરે પડતાં ક્ષણુકાળ માટે રઘુનાથનું મ્હોં ફીકકું પડી ગયું; પરંતુ બીજીજ ક્ષણે આત્મસંયમ કરી તેણે કહ્યું, "હું કેવળ એટલુંજ જાણવા માગું છું કે, તમે મ્હને મ્હોટા સાહેબ પાસે લઇ જાઓ છો કે નહિ?"

દેશમુખે કહ્યું, "ઉતાવળ શા માટે કરે છે? હવે ત્હારી બધી હોંશ પુરી થશે."

પછી સુલોચના તરફ જોઈ દેશમુખે પુછ્યું, "બ્હેન! તમે આ માણસને બરાબર જોઈ કહો જોઇએ કે, પહેલાં કોઈ વખતે તમે એને જોયો હતો?"

સુલોચનાએ રઘુનાથ તરફ જોઇ મૃદુસ્વરે ઉત્તર આપ્યો, "જે મકાનમાં મ્હને પુરી રાખવામાં આવી હતી એ મકાનમાં એને મ્હેં જોયો હતો."

"તમારી ભુલ તો નથી થતીને?" દેશમુખે પુછ્યું.

"ના, હું એને બરાબર ઓળખી શકું છું."

"ઠીક છે, ઇન્સ્પેકટર ખાનસાહેબ હાજર છે, એક સાક્ષી તરીકે સુંદરલાલ પણ હાજર છે. સુલોચના! બદમાશોએ તમને જે કાંઈ કર્યું હોય તથા તમે જે કાંઇ જોયું હોય તે સઘળું કહો. ખાનસાહેબ! તમે બધી હકીકત લખી લ્યો."

સુંદરલાલ બોલી ઉઠયો; "સુલોચનાને કોર્ટમાં જવું પડે—"

વચ્ચેજ સુલોચના બોલી ઉઠી, "ચંદ્રકાન્તને માટે કોર્ટમાં તો શું પરંતુ જીવતા દોજખમાં કે નરકમાં જવાને પણ હું તૈયાર છું. તમે વચ્ચે આડા ન આવશો."

સુંદરલાલ ચુપ થઇ ગયો. સુલોચનાએ ખાનસાહેબ તરફ જોઈ કહ્યું, "ચાચાસાહેબ! આપ લખી લ્યો; હું સઘળી હકીકત કહું છું."

આમ કહી સુલોચનાએ મૃદુસ્વરે નિમ્નલિખિત હકીકત કહી સંભળાવી:—

"થાણા જઇ ચંદ્રકાન્તને મળવાની મ્હારા મનની વાત

મ્હેં ચપળા નામની દાસીને કહી હતી. તે રાજી ખુશીથી મ્હારી સાથે આવવા તૈયાર થઈ. મધ્યરાત્રિ વીતી ગયા પછી અમે બન્ને જણી ગુપચુપ ઘરની બ્હાર નીકળી પડી. ચપળાએ અગાઉથી એક ગાડી નક્કી કરી રાખેલી હોઇ અમે બન્ને એ ગાડીમાં બેઠી. ગાડી અમુક અંતરે ગઈ એટલે અર્ક નાખેલો એક રૂમાલ ચપળાએ બળપૂર્વક મ્હારા મુખ ઉપર દબાવ્યો. વિના વિલંબે હું બેહોશ બની ગઈ. જ્યારે હું શુધ્ધિમાં આવી ત્યારે એક સ્ત્રીને મ્હને દૂધ પાતી જોઇ. તૃષાથી જાણે કે મારો જીવ નીકળી જતો હતો. હું એ ગરમ દૂધ પી ગઇ. એ વખતે થતી વેદનાથી મારા ગળામાં ઘા થયો છે એમ હું જાણી શકી. કોણે મારા ગળા ઉપર છુરી ફેરવી મને મારી નાખવાનો પ્રયત્ન કર્યો હતો એ પછીથી હું જાણી શકી હતી. કોઇએ ઔષધ ચોપડી મારા ગળા ઉપર પાટો બાંધી દીધો હતો એ વાત મારાથી અજાણી રહી નહિ. એ દિવસે મને સખ્ત તાવ આવ્યો. લગભગ પંદરથી વીસ દિવસ સૂધી હું બિછાનામાં પડી રહી. જે મકાનમાં મને રાખવામાં આવી હતી ત્યાં એ સ્ત્રી સિવાય બીજું કોઇ ન હોતુ; છતાં રાત્રે એ મકાનમાં બીજાં માણસો આવતાં હોઈ હું તેમના અવાજ અને પગલાંનો અવાજ સાંભળી શકતી હતી.

"એક દિવસે હું ચંદ્રકાન્તનું નામ સ્પષ્ટતાથી સાંભળી શકી; મહામુશિબતે બિછાનામાંથી ઉઠી એ બંધ ઓરડીનાં બારણાં પાસે જઈ કાન માંડી ઉભી રહી. પેલી સ્ત્રી એક મિનીટ માટે પણ મારી ઓરડીનાં બારણાં ખુલ્લાં રાખતી નહિ. તે જ્યારે ખાવાનું લઈ આવતી ત્યારે અંદરથી ચાવી લગાવતી હતી અને બ્હાર જતી ત્યારે બ્હારથી ચાવી લગાવી દેતી હતી. હું તેને કાંઇ પુછતી તો ઉત્તરમાં તે મને ગાળો ભાંડતી હતી; એથી મેં એને કાંઇ પુછવાનું માંડી વાળ્યું હતું ચંદ્રકાન્તનું નામ સાંભળી હું એ શયતાની ટોળીની વાતચિત સાંભળવા લાગી. આ માણસના જેવાનો અવાજ એ વખતે મેં સાંભળ્યો હતો. આ માણસજ પેલી સ્ત્રી સાથે વાતચિત કરતો હતો. હું એમની બધી વાત સાંભળી શકી નહોતી. જેટલી વાત સાંભળી હતી તે મને બરા-

ખર યાદ હોઇ હું કહી સંભળાવું છું. પેલી સ્ત્રીએ પૂછ્યું, "આનું ખૂન કરવાનો હુકમ નથી." આ માણસે કહ્યું, "આ બિહારીલાલનું કામ છે.' 'એનું શું કરશે?' 'મોહિનીને પત્ર લખ્યો છે, તે સૂચના આપશે એમ કરીશું; હું પણ ત્વરાથી મોહિની પાસે જવાની છું.' એટલી વાત થયા પછી આ માણસે પૂછ્યું, 'પેલા માણસનું શું કર્યું?' સ્ત્રીએ ઉત્તર આપ્યો, 'હજી થોડા દિવસ સુધી એને કેદમાં સડવા દો. કૂવો ખોદવાનું કામ પતી જશે એટલે એને કુવામાં નાખી ઉપર ચુનો, માટી અને મીઠું ભરી દેવામાં આવશે. પછી કોઈની તાકાત નથી કે એનો પત્તો મેળવી શકે.' 'એટલી બધી ખટપટમાં ઉતરવાની શી જરૂર છે?' 'જરૂર છે, જો એ માણસ પકડાઈ જાય તો આપણા સહુના બાર વાગી જાય.' 'બુઢ્ઢી યશોદા થાણામાં છે કે?' 'હા, એ બુઢ્ઢીને લીધેજ રાત દિવસ ચિંતામાં રહેવું પડે છે; એ ક્યારે કોની આગળ શું ભસી મરશે એ કાંઇ નક્કી નથી; એને ને અક્કલને બાર ગાઉનું છેટું છે. મોહિની તરફથી રજા મળતી નથી; નહિ તો ક્યારનીય એ બુઢ્ઢીને સાફ કરી નાખી હોત.'

"આ સઘળી વાતચિત કોની વચ્ચે થાય છે એ જાણવા માટે મેં બારણાંની ફાટમાંથી જોયું તો આ માણસ તથા પેલી સ્ત્રી મારી નજરે પડયાં. હું ખાત્રીથી કહું છું કે, એ વિષયમાં મારી ભૂલ થતી નથી."

"પછી એક દિવસે પેલી સ્ત્રી મારી ઓરડીમાં બારણું બંધ કરવાં ભુલી ગઈ. મધ્યાન્હકાળે એ સ્ત્રી ઉંઘતી હતી એ વાત મારાથી અજાણી ન હોતી. હું ધીમે ધીમે પગલાંનો અવાજ ન થાય એવી રીતે ઓરડીની બ્હાર નીકળી. એ વખતે એ સ્ત્રી ઉંઘતી હતી. એ તકનો લાભ લઇ ઝડપથી હું મકાનની બ્હાર નીકળી પડી.

"ચંદ્રકાન્તના ઘરનું ઠેકાણું હું જાણતી હતી; તેથી પુછપરછ કરતી હું ત્યાં ગઈ. એ પછી જે કાંઇ બન્યું હતું તે આપે સહુએ સાંભળ્યું હોય એમ લાગે છે."

દેશમુખે કહ્યું, "હા, એ સઘળી હકીકત અમે સાંભળી છે.

તમારા કહેવા ઉપરથી એ મકાનમાં હજી એક માણુસને પૂરી રાખવામાં આવ્યો હોય એમ લાગે છે !"

"એમની વાતચિત ઉપરથી હું એમ જાણી શકી છું."

"તમે એ મકાનનો પત્તો મેળવી આપી શકશો ?"

"ના, બેહોશ હાલતમાં કયા રસ્તેથી મને ત્યાં લઈ જવામાં આવી હતી. તે હું સમજી શકી નહોતી, તથા નાશી છુટતી વખતે ભયની વિશેષતાને લીધે મેં એ વિષય તરફ લક્ષ્ય આપ્યું નહોતું."

"એ મકાન કેવું હતું ?"

"ભાંગ્યું તુટયું ખંડેર જેવું એ મકાન હતું. મકાનની આસપાસ બગીચો હતો. બગીચાની આસપાસ જંગલ, જંગલની નજીક ખાડી અને ખાડી પછી લોકોની વસતિ અર્થાત્ મકાનો હતાં."

દેશમુખે કહ્યું, "થાણાના ખરા પોલિસ ઇન્સ્પેકટર રઘુનાથરાવને એ સ્થળે પુરી રાખવામાં આવ્યા છે એમજ હું ધારૂં છું. એ મકાન આજેજ શોધી કાઢવું પડશે."

ખાનસાહેબે કહ્યું, "બોલવું જેટલું સહેલું છે તેટલું સહેલું કરવું નથી."

દેશમુખે રઘુનાથ તરફ જોઇ કહ્યું, "હજી પણ જો તું સઘળી ખરી હકીકત કહી સંભળાવીશ તો ખાનસાહેબ તને તાજ તરફનો સાક્ષી બનાવશે."

ક્ષણુકાળ માટે ઇશ્વરલાલ વિચલિત બન્યો. બીજીજ ક્ષણે મુખ ગંભીર કરી તેણે કહ્યું, "નકામી રકઝક ન કરશો. મને મોટા સાહેબ પાસે લઈ ચાલો. વિના કારણુ મને હયરાન કરવાનું ફળ ભોગવ્યા સિવાય તમારો છુટકો થવાનો નથી."

દેશમુખે ખાનસાહેબ તરફ જોઈ કહ્યું, "ખાનસાહેબ ! તમારા ગુન્હેગારને લઈ જાઓ. હું પણ થોડા વખત પછી સાહેબ પાસે આવું છું."

"ચાલ, બદમાશ !" કહી ખાનસાહેબ ઇશ્વરલાલને લઇ વિદાય થયા. ઇશ્વરલાલ છટકી ન જાય એટલા માટે પેલા જમાદાર અને કોન્સ્ટેબલોને પણ સાથે રાખવામાં આવ્યા હતા.

પ્રકરણ ૩૧ મું.

અંતકાળનો એકરાર યાને ભેદનો સ્ફોટ

હવે આપણે આંદામાનની વિસ્તૃત જેલ તરફ નજર કરવાની છે. ચોતરફ પત્થરની ઘણી ઉચ્ચ દિવાલ આવેલી હતી. એ દિવાલ ઉપર થોડે થોડે અંતરે ન્હાની ન્હાની ઓરડી આવેલી હતી. એ ઓરડીઓમાં પહેરેગીરો ભરેલી બંદુક હાથમાં રાખી રાત દિવસ પહેરો ભરતા હતા. કોઇ પણ કેદી એ દુર્ગમ કારાગારમાંથી પલાયન કરી શકે એવો સંભવ ન હતો. આંદામાન બેટની ચોતરફ વિસ્તૃત સમુદ્ર આવેલો હોઈ, સમુદ્રના પ્રચંડ તરંગો પ્રતિક્ષણે બેટના પત્થરો સાથે અથડાઇ ગંભીર ગર્જના કરતા હતા.

જેલની અંદર આવેલી ઓરડીઓ પૈકી પ્રત્યેક ઓરડીમાં રાત્રે બબ્બે કેદીને પૂરી રાખવામાં આવતા હતા. એમના બન્નેના હાથમાં રાતના વખતે હાથ કડી પહેરાવી રાખવામાં આવતી હતી. તથા પગ પણ લોખંડની સાંકળથી બંધાયલા રહેતા હતા. રાત્રે કલાકે કલાકે પહેરેગીરો કેદીઓની હિલચાલ તપાસવા પ્રત્યેક ઓરડી આગળ ફરતા હતા. એ ઓરડીઓ બ્હારથી મજબૂત તાળાં મારી બંધ કરી રાખવામાં આવતી હતી. વળી બબ્બે કેદીને વિશેષ દિવસ સૂધી એકજ ઓરડીમાં નહિ રાખતાં તેમની વચ્ચે વચ્ચે ફેરબદલી કરવામાં આવતી હતી. ચંદ્રકાન્ત પણ એવી રીતે ભિન્ન ભિન્ન કેદી સાથે દુઃખ તેમજ કષ્ટમાં રાત પસાર કરતો હતો.

ઓરડીમાં અંધકાર હતો. એક ધાબળા ઉપર ચંદ્રકાન્ત સૂઈ રહ્યો હતો. બીજા એક નવા કેદીના હાથ સાથે એના હાથ બેડીમાં બંધાયલા હતા. ચંદ્રકાન્ત હંમેશાં પોતાનું દુઃખ પોતાના મનમાં રાખતો હતો; શોકના અગ્નિથી પ્રાણ સળગી જતો હોવા છતાં પોતાની વ્યથાની વાત તે બીજા કોઇને કહેતો નહિ. આજે પણ પોતાની પાસે કયો હતભાગ્ય કેદી સૂઈ રહ્યો હતો એ તરફ તેણે લક્ષ્ય આપ્યું નહિ.

ચિંતાતુર માણસને નિદ્રા કેવી રીતે આવી શકે ? ચંદ્રકાન્ત પણ પોતાના ભાગ્યની ભયંકરતાનો વિચાર કરતો જાગતો પડી રહ્યો હતો. ઓરડીમાં ભીષણ અંધકારનો વિસ્તાર થયેલો હતો. ચોતરફ નિસ્તબ્ધતા ફેલાઈ હતી. વચ્ચે વચ્ચે કેવળ પહેરેગીરો બ્હારથી ઓરડીનાં તાળાં ખખડાવતા હોય એ અવાજ સંભળાતો હતો.

એવામાં ચંદ્રકાન્તનો સાથીદાર કેદી એક વિકટ અવાજ કરી હાલી ઉઠયો. ચંદ્રકાન્ત ભયભીત બની બેઠો થઇ ગયો. નજીકના કેદીના અંગ ઉપર હાથ મૂકી તેણે પૂછયું, "શું થયું છે ? તમે આમ કેમ કરો છો ?"

પ્રથમ તો એ બીજો કેદી કાંઇ બોલી શકયો નહિ; એનો દમ બંધ થઈ જવાની તૈયારીમાં હોય એમ ચંદ્રકાન્તને લાગ્યું. અંધકારમાં કાંઈ જોઇ નહિ શકાવાથી ચંદ્રકાન્તનો ભય ઘણો વધી ગયો. તે બૂમ પાડી પહેરેગીરને બોલાવવાની તૈયારી કરતો હતો એવામાં પેલા કેદીએ રુંધાઈ ગયેલા કંઠે કહ્યું, 'ચં...ચંદર......કા......ન્ત......ના...ના......"

એ કેદીને મુખે પોતાનું નામ સાંભળવામાં આવતાં ચંદ્રકાન્તના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. પહેલાં એક દિવસે એક કેદીએ તેને ઓળખી તેના નામનો ઉચ્ચાર કર્યો હતો. આ કેદી પણ એજ હતો કે શું ? ચંદ્રકાન્તે પૂછયું, "તમને શું થયું છે ? તમે આમ કેમ કરો છો ? પહેલાં એક દિવસે તમેજ મને ઓળખ્યો હતો કે ?"

પેલા માણસે અમુક અંશે સ્વસ્થ થઈ કહ્યું "મારે તમને થોડી વાત કહેવાની હોવાથીજ ઘણો પ્રયત્ન કરી આજે રાત્રે હું તમારી ઓરડીમાં આવ્યો છું. હું હવે વિશેષ સમય સુધી જીવી શકું તેમ નથી. મારો દમ બંધ થઈ જવા આવ્યો છે; પણ......"

ચંદ્રકાન્તે ભયસૂચક સ્વરે કહ્યું, "તમે શું કહો છો એ હું સમજી શકતો નથી."

"મેં ઝહર ખાધું છે; ના–ના, એ રાક્ષસીએ મને ઝહર ખવડાવ્યું છે. હું મરવાની અણી ઉપર છું; પરંતુ મરતાં પહેલાં બધી વાત કહી જાઉં છું. પ્રતિજ્ઞા કરો—"

એ કેદીની કાંઈ વાત સમજી નહિ શકાવાથી ચંદ્રકાન્તે પોતાના મન સાથે વિચાર્યું, "એ બીચારો ગાંડો બની ગયો હોય એમ લાગે છે, અહીં આવેલો માણુસ જો ગાંડો ન બની જાય તો એ નવાઇ જેવુંજ કહેવાય!"

ચંદ્રકાન્તને ચુપ રહેલો જોઇ પેલા કેદીએ કહ્યું, "તમે પ્રતિજ્ઞા કરો."

"શી પ્રતિજ્ઞા કરૂં?"

"એ રાક્ષસીને સજા કરવાની."

"તમે કોની વાત કરો છો?"

"જેણે અનેક માણુસોના સર્વસ્વનો નાશ કર્યો છે એ રાક્ષસી રમણીની વાત હું કરૂં છું. નારીના વેશમાં એ ભયંકર નાગિણી છે. ચાલુ જમાનાની એ ચુડેલ છે. એ તમારી સ્ત્રી થાય છે; એ કુલટાનું નામ મોહિની છે!"

"તમે કોણુ છો?"

"મારૂં નામ બિહારીલાલ છે."

"ચંદ્રકાન્તનું હૃદય જોરથી ધબકવા લાગ્યું. તેણે વિચાર્યું ત્યારે શું સુલોચનાએ કહેલી હકીકત સાચી હતી? નાના, આ માણુસ ગાંડો થઇ ગયો છે. ગાંડાની વાત ઉપર મારે વિશ્વાસ મૂકવો જોઇએ નહિ."

ચંદ્રકાન્તને ચુપ રહેલો જોઇ બિહારીલાલ પાછો અવરુદ્ધ કંઠે કહેવા લાગ્યો,

"એ રાક્ષસીને યોગ્ય સજા કરવાની તમે પ્રતિજ્ઞા કરો. એણે તમારા સર્વસ્વનો પણ નાશ કર્યો છે. એની ખૂબસૂરતીના ખપ્પરે ઘણા માણુસોના ભોગ લીધા છે. એ કુલટાએ જ તમને દેશ-નિકાલની સજા કરાવી છે; તમારે એ બધી વાત સાંભળવી છે?"

ચંદ્રકાન્તે અસ્પષ્ટ તેમજ વિકટ સ્વરે કહ્યું, "હા, સઘળી હકીકત સાંભળ્યા સિવાય હું પ્રતિજ્ઞા કરી શકું તેમ નથી."

બિહારીલાલે કંપતા કંઠે કહ્યું, "ત્યારે સાંભળો; મારો જીવનદીપ બુઝાઇ જવા આવ્યો છે. મારી વાતની વચ્ચે તમે કાંઇ બોલશો નહિ. હું તમને એ રાક્ષસી રમણીની બધી હકીકત કહી

સંભળાવું છું.

"હું ઘણાં વર્ષ પૂર્વની વાત કહું છું. થાણામાં એ વખતે જમનાદાસ નામનો ભયંકર પ્રકૃતિનો એક ગુજરાતી રહેતો હતો. લુચ્ચાઈ, બદમાશી વગેરે તેનાં નિત્યકાર્ય થઈ પડયાં હતાં. અસલ તે કયાંનો રહેવાશી હતો એ વાત કોઇ જાણતું ન હોતું. દેશમાં તેનું કોઈ સગું સંબંધી છે કે કેમ એ વાતની પણ થાણામાં કોઇને ખબર ન હોતી. આમ હોવા છતાં જમનાદાસ બાદશાહી ઠાઠમાઠમાં રહેતો હતો. તે કયાંથી પૈસા મેળવતો હતો એ કોઈ જાણી શકતું નહિ.

"એ માણસે એક હિંદુસ્તાની સ્ત્રી રાખેલી હતી તથા એ રખાતને પેટે રાક્ષસી સ્વભાવની તમારી સ્ત્રી મોહિનીનો જન્મ થયો હતો. મોહિની ઘણી ખૂબસૂરત હતી એ વાત તમારાથી અજાણી નથી. એની ખૂબસૂરતીની આગમાં ઘણા માણસો બળી ખાકસાર થઇ ગયા છે! મોહિનીની માતાને લોકો બુઠ્ઠી યશોદાના નામથી ઓળખતા હતા."

ચંદ્રકાન્ત બોલી ઉઠયો, "આ શું કહો છો?"

સુલોચનાએ તેને બુઠ્ઠી યશોદાની મુલાકાત કરવા લખ્યું હતું. સુલોચના એ બુઠ્ઠીની વાત કેવી રીતે જાણી શકી?! પોતાનું હૃદય ફાટી જતું હોય એવી વેદના ચંદ્રકાન્ત અનુભવવા લાગ્યો બન્ને હાથથી તેણે હૃદય દબાવી રાખ્યું.

બિહારીલાલે ચંદ્રકાન્તના બોલવા તરફ ધ્યાન નહિ આપતાં કહેવા માંડયું. "મોહિનીની ઉમ્મર જ્યારે બાર તેર વર્ષની થઇ ત્યારે જમનાદાસે તેનો વિવાહ કરવાનો પ્રયત્ન કર્યો; પરંતુ એની રખાતની છોકરી સાથે કોણ વિવાહ કરે? જમનાદાસે મોહિનીને ગુજરાતી ભાષાનું શિક્ષણ આપવા ઉપરાંત સંગીત વિદ્યાનું પણ શિક્ષણ આપ્યું હતું. આર્યસમાજમાં ભળવાથી મોહિનીનો વિવાહ સહેલાઈથી કરી શકાશે એમ ધારી જમનાદાસ સમાજીસ્ટ થઈ ગયો; પરંતુ તેમ કરવા છતાં મોહિની માટે કોઇ લાયક વર મળી આવ્યો નહિ. એવામાં એકાએક જમનાદાસનું મૃત્યુ થયું.

"જમનાદાસ પોતાની પાછળ પુષ્કળ સંપત્તિ રાખી ગયો હતો. યશોદા પોતાની કન્યા મોહિની સાથે સુખ સ્વચ્છંદતામાં પોતાના દિવસ પસાર કરવા લાગી. મોહિની જેમ જેમ મોટી થવા લાગી તેમ તેમ તેનો સ્વભાવ તેના પિતા કરતાં પણ વિશેષ ભયંકર બનવા લાગ્યો. ધીમે ધીમે તે સોળ સત્તર વર્ષની ઉમ્મરની થઇ. એ વખતથી તેની સાથે મારી ઓળખાણ થઈ. હું તેની ગજબનાક ખૂબસૂરતી જોઇ દિવાનો બની ગયો; એ રૂપની જ્યોતિથી અંજાઇ જઇ હું ભાનસાન ભૂલી, કર્મ ધર્મ ભૂલી તેનો દાસાનુદાસ બની ગયો. એને પ્રિયતમા તરીકે મેળવવા માટે મેં જીંદગીને જોખમમાં નાંખે એવાં કાર્યો કર્યાં; છતાં હું એને મેળવી શકયો નહિ. આશામાં ને આશામાં મને ભૂલાવી રાખી એ કાળસર્પિણીએ અંતે મારી આવી દુર્દશા કરી છે !

"મોહિનીનાં કાર્યોથી તેની માતા કંટાળી જઇ તેને ધમકાવતી હતી; તેથી મોહિનીએ માતાને અમુક રકમ આપી પોતાનાથી જૂદી કરી તથા તેણે થાણાના બજારમાં એક દુકાન કરી આપી."

ચંદ્રકાન્ત વ્યાકુળ ભાવથી બોલી ઉઠયો, "પછી ?"

"મોહિનીએ વિના વિલંબે જમનાદાસની મિલકત ફના કરી નાખી; તેનો રજવાડી ઠાઠમાઠ પૈસા ખુટી જવાથી ઝાંખો પડી ગયો; પરંતુ એ વખતે પોતાની ખૂબસૂરતીના જોરથી થાણાના કેશવજી નામના ધનવાન ભાટીઆ ગૃહસ્થને વશ કર્યો. વચ્ચે વચ્ચે મોહિની કેશવજીને ઘેર જતી હતી તથા તેની પાસેથી કળા કૌશલથી પૈસા મેળવતી હતી.

"એ વખતે મોહિની ઉગતી જવાનીના પૂર બ્હારમાં હતી. તેના શરીરના પ્રત્યેક અવયવમાંથી જાણે કે લાવણ્ય ઝરતું હતું, તેનાં લાલસાપૂર્ણ લોચનોના ચંચળ કટાક્ષ ભલભલા યોગી મુનિઓને મોહાધીન બનાવવા સમર્થ હતા. ગજગામિની જેવી તેના ચરણોની ગતિ અતિ મનોરમ લાગતી હતી. તેનું નાજુક એકવડું ઉંચું અંગ વિશ્વશિલ્પીના સકળ સૌન્દર્યનો આધાર હોય એવું લાગતું હતું. જે વખતની હું આ વાત કહું છું, તે વખતે

મોહિનીના આશકોની ખોટ નહોતી. સુંદરલાલ નામનો એક ગુજરાતી યુવક એ વખતે થાણામાં રહી ડૉકટરીનો અભ્યાસ કરતો હતો; એ પણ મોહિનીને મેળવવા પાગલ બની ગયો હતો. હાડકાં ચુંથનારા ડૉકટરો પણ પ્રેમમાં પાગલ બની જાય છે એમ હું એના અનુભવ ઉપરથી જાણી શકયો હતો; જમનાદાસને ત્યાં છબીલદાસ નામનો એક છોકરો નોકરી કરતો હતો તે પણ મોહિનીની પાછળ લટ્ટુ બની ગયો હતો. એ ઉપરાંત ઇશ્વરલાલ નામનો એક માણસ મોહિનીનો ગુલામ બની ગયો હતો. એ બધા ઉપરાંત રજનીકાન્ત નામના એક મોટા જાગીરદાર યુવાનને મુંબાઇની અંદર મોહિનીએ પોતાની માયાવી જાળમાં ફસાવ્યો હતો.

"આ પ્રમાણે મોહિની બધાને પોતાની મોહજાળમાં ફસાવી નવનવી રમત રમ્યા કરતી હતી. તે અમને જે કાર્ય કરવાનું કહેતી તે અમે સારા ખોટાનો વિચાર કર્યા સિવાય કરતા હતા.

"પેલા ભાટીઆ ગૃહસ્થ કેશવજીને યમસદનમાં મોકલી તેની રોકડ મિલકત હસ્તગત કરવાનો મોહિનીએ વિચાર કર્યો. એ વિચારમાં સુંદરલાલની સંમતિ હતી કે કેમ તે હું જાણતો નથી. એક દિવસ પોતાની મરજીથી અગર તો મોહિનીની આજ્ઞાથી સુંદરલાલ છુપી રીતે કેશવજીના ઘરમાં પ્રવેશ કરી તેનું ખુન કરી નાશી ગયો. કેશવજીના ઘરની સઘળી બાતમી તથા જરૂરી કુંચીઓ મોહિનીએજ તેને આપી હતી. વચ્ચે વચ્ચે રાતના વખતે છુપી રીતે મોહિની કેશવજીને ત્યાં જતી હોવાથી તેની પાસે કેશવજીના ઘરની કુંચીઓ હતી. કેશવજીનું ખૂન થયાની વાત બીજે દિવસે સહુના સાંભળવામાં આવી. તે સાથે સર્વત્ર એવી વાત પણ ફેલાઇ કે, ખૂની મરનારની તિજોરી ઉઘાડી સઘળી રોકડ સિલ્લક અને દરદાગીના લઇ ગયો હતો.

"પોલિસ ખાતું એ ખૂનનો કાંઇ પત્તો મેળવી શકયું નહિ. થોડા દિવસ પછી સુંદરલાલ પણ થાણા છોડી ચાલ્યો ગયો. એ વખતે મોહિનીએ એક કાંકરે બે પક્ષી માર્યાં. પરિણામે કેશવજી અને સુંદરલાલ બન્ને દૂર થયા. મોહિની ઉપર કોઇને સંદેહ

ઉપજ્યો નહિ; પછી તે પેલા જાગીરદાર સાથે રંગરાગ ઉડાવવા લાગી."

રૂંધાઇ ગયેલા કંઠે ચંદ્રકાન્તે પૂછ્યું, "એ જાગીરદારનું નામ શું હતું ?"

વિકટ હાસ્ય કરી બિહારીલાલે કહ્યું, "રજનીકાન્ત—તમારા ભાઇ."

ચંદ્રકાન્તનો શ્વાસ બંધ થઇ જવા આવ્યો. કોઇ જાણે કે તેના હૃદય ઉપર પ્રચંડ પ્રહાર કરવા લાગ્યું. ગંભીર સ્વરે તે બોલ્યો, "એટલા માટેજ મારા ભાઈ પાસે એનો ફોટો અને પત્રો હતા. પછી મોહિનીનું અસલ રૂપ જાણવામાં આવતાં ભાઈ તેનાથી સાવધાન થયા એટલે મોહિનીએ પત્ર લખી તેમને ધમકી આપી હતી ! કેવી ભયંકર સ્ત્રી ! "

બિહારીલાલ કહેવા લાગ્યો, "કોઈ પણ રીતે મોહિનીનું ચરિત્ર જાણવામાં આવતાં રજનીકાન્ત તેનાથી સાવધાન થઈ ગયા. એમને છટકી ગયેલા જોઈ મોહિનીએ અમારી ટોળીમાં એ વિષયની ચર્ચા કરી. એ વખતે ટોળીમાં હું, ઇશ્વરલાલ, છબિલદાસ અને સત્યાનંદ હતા."

ચંદ્રકાન્ત બોલી ઉઠ્યો, "સત્યાનંદ ? તમે કયા સત્યાનંદની વાત કરો છો ?"

બિહારીલાલે ક્ષીણહાસ્ય કરી કહ્યું, "તમારા મિત્ર, હિંદુ ધર્મ તારક સત્યાનંદની વાત હું કરૂં છું."

"કેવી ભયંકર વાત !" ચંદ્રકાન્તથી બોલી જવાયું.

"હજી મારી વાત અધુરી છે. અમારી ટોળીમાં એવો નિશ્ચય થયો કે, રજનીકાન્ત સઘળો ભેદ જાણી ચુકેલા હોવાથી એ જીવે ત્યાં સૂધી સંકટમાં ફસાવાની આશંકા છે; આમ હોવાથી તેમનો કાંટો ઉખેડી નાખી ભવિષ્યનો માર્ગ સ્વચ્છ બનાવવો જોઇએ ! એમનું મૃત્યુ થતાં એમની સંપત્તિ તમને મળે તેમ હતી તથા તમારી સાથે સત્યાનંદની ઓળખાણ હતી. રજની-કાન્તનું ખુન થયા પછી મોહિની એક સુધારક રમણી સાથે મુંબાઇમાં રહે તથા સત્યાનંદ તેની સાથે તમારી ઓળખાણ કરાવે

એવી યોજના અગાઉથી નક્કી કરવામાં આવી હતી. પોતાના રુપથી તમને જાળમાં ફસાવી શકવાની મોહીનીને ખાત્રી હતી. તમારી સાથે લગ્ન કરી, તમારી મિલકત પોતાને નામે લખાવી લઈ તમને પણ નાબુદ કરી નાખવાની તેની યોજના હતી—"

આટલી હકીકત સાંભળવામાં આવતાં ચંદ્રકાન્ત જાણે કે ગાંડા માણસ જેવો બની ગયો. કુદકો મારી છંછેડાયલા વાઘની માફક તેણે બિહારીલાલનું ગળુ પકડ્યું .પછી દાંત કચકચાવતાં તેણે કહ્યું, "શયતાન ! ત્હેંજ મ્હારા ભાઈનું ખુન કર્યું છે ! ત્હેંજ મ્હારા સર્વસ્વનો નાશ કર્યો છે.

બિહારીલાલે ધીમેથી ચંદ્રકાન્તના હાથમાંથી પોતાનું ગળું છોડાવી કહ્યું, " તમારે વેરની વસુલાત લેવા માટે ખુની થવાની જરૂર નથી. હું હવે વિશેષ સમય સુધી જીવી શકું તેમ નથી. જો ધીરજ રાખશો તો હજી બીજી ઘણી હકીકત સાંભળી શકશો."

ચંદ્રકાન્ત ધીરજ ધારણ કરી સ્થિર થઈને બેઠો. બિહારીલાલ કહેવા લાગ્યા, "મ્હેં, છબિલદાસે, સત્યાનંદે અને ઇશ્વરલાલે મોહિનીના અંગને સ્પર્શ કરી તમારા ભાઇનું ખૂન કરવાની પ્રતિજ્ઞા કરી હતી. તમે સાચું માનો કે ન માનો એ સાથે હવે મ્હારે કાંઈ લેવા દેવા નથી; છતાં જીવનના અંતકાળે હું ઇશ્વરને સાક્ષી રાખી સત્ય કહું છું કે, રજનીકાન્તનું ખૂન મ્હેં કર્યું નથી. પ્રતિજ્ઞા કરનાર બીજા ત્રણ જણામાંથી એક જણે એમનું ખુન કર્યું છે; કોણે કર્યું છે એ હું જાણતો નથી.

" પછી અમે બધા મુંબાઇમાં આવ્યા. હું અને છબિલદાસ ઘણા દુઃખમાં દિવસો પસાર કરતા હતા; કેમ કે, એ વખતે અમારા હાથમાં એક પણ પૈસો નહોતો. અમારી સ્થિતિનો વિચાર નહિ કરતાં મોહિની પણ અમારી પાસે પૈસા માગવા લાગી. આથીજ સત્યાનંદને સદાનંદ બનાવી રેલ્વે ટ્રેઇનમાં ત્ર્યબકલાલનું ખૂન કરવાની કડવી ફરજ અમારે બજાવવી પડી. પરિણામ એ આવ્યું કે, મોહિનીએ ઇશ્વરલાલને આગળ કરી તેની માર્ફત મને કેદ કરાવ્યા. હું ટોળીનો કાંઇ ભેદ ખુલ્લો ન કરૂં

એ હેતુથી મ્હને બચાવવાનું નિમિત્ત દર્શાવી તેણે પુષ્કળ પૈસા ખરચ્યા. એ વખતે હું ખરો ભેદ જાણતો ન હોતો; જો જાણતો હોત તો એ રંડાને ફાંસીએ મોકલ્યા સિવાય હું સ્થિર થાત નહિ. હવે હું બોલી શકતો નથી; મ્હારો જીવ નીકળી જાય છે."

ચંદ્રકાન્તે પૂછ્યું, "જે ભેદ તમે પહેલાં નહોતા જાણતા તે હમણાં કેવી રીતે જાણી શક્યા ?"

બિહારીલાલે ત્રુટક અવાજે કહ્યું, "આ...અંધકારમાં... તમે જોઇ શકતા નથી ! એણે જહરમિશ્રિત કાગળ...ચુડેલ... કાળ સર્પિણી...હું જીવતો હોઉં તો...કો...કોઈ...વખતે એનું નામ દઉં...એથી એણે...મ્હારું પણ ખુન કર્યું !"

અતિશય આશ્ચર્યચકિત બની જઇ ચંદ્રકાન્તે કહ્યું, "તમે શું કહો છો ?"

બિહારીલાલનો કંઠસ્વર વિશેષ ક્ષીણ થઇ જતો હતો. તેણે કહ્યું, "જેલર સાહેબે દેશમાંથી મ્હારો પત્ર આવ્યો છે એમ કહી મને એક કાગળ આપ્યો હતો. મ્હેં જોયું તો એ પત્ર મોહિનીનો લખેલો હતો. તેમાં કેવળ એટલુંજ લખેલું હતું કે, 'તમારી પ્રકૃતિના સમાચાર લખજો. અહીં સહુ ખુશીમાં છે.' છુપી રીતે એક બીજાને પત્રવ્યવહાર કરવામાં અમારો એક સંકેત હતો. શાહીથી બિન જરૂરી હકીકત લખી કાગળની બીજી બાજુએ એક ઝાડના રસથી અમે મુદ્દાની હકીકત લખતા હતા. એ લખાણ સુકાઇ જતું એટલે કાગળ ઉપર કાંઈ દેખાતું ન હોતું; પરંતુ જીભથી કાગળ ચાટતાં એ ગુપ્ત લખાણ બરાબર વાંચી શકાતું હતું. આજે આવેલા પત્રમાં એ રાક્ષસીએ કાંઇ છુપી હકીકત લખી હશે એમ ધારી મ્હેં પત્રને જીભથી ચાટ્યો હતો; પરંતુ કાંઇ લખાણ નજરે પડ્યું ન હોતું. એ વખતેજ હું એમ સમજી શક્યો કે, એ કાળ સર્પિણીએ પત્ર સાથે વિષ ચોપડ્યું હતું. ઓહ..."

બિહારીલાલનો દમ બંધ થઇ જવા આવ્યો. ચંદ્રકાન્ત તેને પકડી રાખે તે પહેલાંજ તે ગબડી પડ્યો. કંપતા હાથે ચંદ્રકાન્તે તેનું હૃદય તપાસી જોયું તો તે બંધ પડી ગયેલું જણાયું.

પ્રકરણ ૩૨ મું.

મોહિનીની નવી ચાલાકી

જ્યારે દૂર આવેલા આંદામાનના કારાગારમાં ઉપરોક્ત બનાવ બન્યો ત્યારે ડુંગરીની જેલમાં એક બીજો અભૂતપૂર્વ બનાવ બન્યો.

સોરાબજી યુવક હતો. જેલખાતામાં તેને થોડા વખતથીજ નોકરી મળી હતી. જેલની નજીકમાંજ તેને રહેવા માટે એક ન્હાનો બંગલો મળ્યો હતો. એ સ્થળે તે એક નોકર સાથે રહેતો હતો. તેનું ઘર બ્હાર નવસારીમાં આવેલું હતું.

રાતના નવ વાગ્યા હતા. સોરાબજી બેઠો બેઠો એક નવલકથા વાંચતો હતો એવામાં નોકરે આવી ખબર આપી, "એક માણસ આપને મળવા ઇચ્છે છે."

"કોણ છે?" સોરાબજીએ પૂછ્યું.

"હું ઓળખતો નથી; પહેરવેશ ઉપરથી ગુજરાતી હોય એમ લાગે છે."

"એને અહીં લઈ આવ."

થોડા સમયમાંજ એક પરમ સુંદર કામદેવ જેવી કાન્તિવાળો યુવક સોરાબજી પાસે ઉપસ્થિત થયો. એ યુવકની ઉમ્મર વીસેક વર્ષની હોય એમ લાગતું હતું. પુરૂષ જાતિનો ચહેરો આટલો બધો ખુબસૂરત હોઇ શકે છે એવો અનુભવ સોરાબજીને આજે પહેલોજ થયો. તે મંત્રમુગ્ધ બની જઇ એ યુવકના સૌંદર્યસંપન્ન મુખમંડળ તરફ જોઈ રહ્યો. એ યુવકે માથા ઉપર ગુલાબી રંગનો ફેંટો રજવાડી રીતથી બાંધ્યો હતો.

યુવક મૃદુ હાસ્ય કરતાં કરતાં સોરાબજી નજીક પડેલી એક ખુરસી ઉપર બેઠો. પછી તેણે કહ્યું, "સાહેબ! આપ શું જોયા કરો છો? મ્હારૂં રૂપ જોઇ આપ અંજાઇ ગયા છો કે?"

સોરાબજીએ વાત પલટાવવાના હેતુથી કહ્યું, "તમને હું ઓળખતો નહિ હોવાથી વિચારમાં પડી ગયો છું."

"વિના વિલંબે આપ મ્હને ઓળખી શકશો. બારણું બંધ કરી દઉં કે?"

"કરી દો."

યુવકે બારણાં બંધ કરી આવી કહ્યું, "આપ પલંગ ઉપર બેઠા છો અને હું ખુરસી ઉપર બેસું એ ઠીક દેખાય નહિ."

સોરાબજી કાંઇ બોલે તે પહેલાં તો યુવકે તેની પાસે બેસીને કહ્યું, "શેકહેન્ડ કરો. ગૃહસ્થ માણસ સાથે શેકહેન્ડ કરવી ઉચિત નથી કે?"

સોરાબજીએ પોતાના જીવનમાં આવો મધુર સ્વર કદાપિ સાંભળ્યો નહોતો! યુવકે તેનો હાથ પકડ્યો એટલે તેનું આખું શરીર વિજળીનો આંચકો લાગ્યો હોય એવી રીતે કંપી ઉઠ્યું. તે કાંઇ બોલી શક્યો નહિ.

યુવકે મૃદુ મહાસ્ય કરી સોરાબજીનો હાથ પોતાના હૃદય ઉપર દબાવી કહ્યું, "હવે તમે જાણી શક્યા હશો કે હું યુવક નહિ પણ યુવતી છું!"

સોરાબજી ચમકીને બોલી ઉઠ્યો, "તમે યુવતી છો?"

પુરૂષ વેશમાં આવેલી મોહિનીએ કહ્યું, "એક અબળાને જોઈ તમને ભય લાગે છે એ નવાઈની વાત છે! હું કાંઇ વાઘ નથી!"

સોરાબજીને ખેંચી મોહિનીએ પોતાની તદ્દન નજીક બેસાડ્યો. આજ સૂધીમાં મોહિનીની ખુબસૂરતીના ખપ્પરનો ભોગ ઘણા માણસો થઇ પડ્યા હતા તેથી નવજવાન સોરાબજી પણ તેનો ભોગ થઇ પડે એમાં નવાઇ જેવું નહોતું.

સોરાબજીએ ગંભીર વિચારમાં પડી જઇ કહ્યું, "તમે સ્ત્રી જાત થઇ આવા રાતના વખતે મ્હારી પાસે કેમ આવ્યાં છો?"

"હું અભિસારિકા થઇને આવી છું. હું આપને એક વિનંતી કરવા આવી છું. મ્હને આશા છે કે, આપ મ્હારી વિનંતી અવશ્ય સ્વીકારશો."

"સુંદરિ! તમારો હુકમ ઉઠાવવા હું તૈયાર છું."

"મ્હારૂં કાર્ય આપ પાર પાડશો તો હમ્મેશાંને માટે હું

આપની દાસી થઈ રહીશ."

"તમારૂં શું કાર્ય છે તે કહો."

"મ્હારા ભાઈને વિના વાંકે જેલમાં પૂરવામાં આવ્યા છે. હજી એમનો કેસ ચાલ્યો નથી તથા એમને કોઇ પણ પ્રકારની સજા થઈ નથી. મ્હારા ભાઇ સંપૂર્ણ નિર્દોષી છે. ગુન્હો કોને કહે છે એ પણ તેઓ સમજતા નથી; એમનું નામ ઇશ્વરલાલ છે. એમને છોડી મૂકવાની કૃપા આપે કરવી પડશે."

આ ભયંકર વાત સાંભળવામાં આવતાં સોરાબજીનું હૃદય કંપી ઉઠ્યું, તેનો કંઠ સુકાઇ ગયો, તેનું આખું શરીર ધ્રુજવા લાગ્યું. અસ્પષ્ટ સ્વરે કહ્યું, "ના–ના, એ કાર્ય મ્હારાથી બની શકે તેમ નથી. કેદીને છૂટો કરવા જતાં હું માર્યો જાઉં તેમ છું."

ગમે તે માણસનો ભય દૂર કરવાના સેંકડો ઉપાય મોહિની જાણતી હતી; માણસને પોતાનો ગુલામ બનાવવાની કળામાં તે પાવરધી હતી. તેની ઉન્માદિની દૃષ્ટિ, હૃદય તથા મનને ભ્રમિત બનાવી દે એવું મધુર હાસ્ય, તેના મોહક હાવભાવ તથા એના અંગનો વિજળી જેવો સ્પર્શ એ સકળ અસ્ત્રોથી મોહિની હરેક સ્થળે વિજયી થઇ શકતી હતી. મોહિની જ્યારે સોરાબજી પાસેથી વિદાય થવા લાગી ત્યારે સોરાબજી પોતાના પગ ઉપર કુહાડી મારવા તૈયાર થયો હતો. મોહિનીને તેણે કહ્યું, "આવતી કાલે રાત્રે જે ઓરડીમાં ઇશ્વરલાલને પૂરી રાખવામાં આવ્યો છે એ ઓરડીનું દ્વાર હું ખુલ્લું રાખીશ. બ્હારથી દોરડું નાખી તમે એને ખેંચી લેવાની ગોઠવણ કરજો."

કામ પાર પાડી, સોરાબજીની વાસનાને સંતુષ્ટ કરવાનું વચન આપી ગંભીર રાત્રે મોહિની પોતાના નિવાસ સ્થળે પાછી ફરી. એ સ્થળે છબિલદાસ, સત્યાનંદ, ચપળા તથા સુલોચનાએ જે સ્ત્રીને જોઈ હતી તે મોહિનીની રાહ જોતાં વ્યાકુળ ભાવથી બેઠાં હતાં.

*　　*　　*

જે વખતે દૂર આવેલા આંદામાનના કારાગારની કોટડીમાં બિહારીલાલ મૃત્યુમુખ તરફ અગ્રેસર થતો હતો, બરાબર તેજ

વખતે ઇશ્વરલાલ જેલમાંથી છૂટા થવાની આતુરતાથી કાન માંડી પોતાની ઓરડીમાં બેસી રહ્યો હતો.

મોહિનીએ સોરાબજીને એક પત્ર આપ્યો હતો તથા એ પત્ર સોરાબજી માર્ફત ઈશ્વરલાલને મળ્યો હતો. જો જગતમાં સહુથી વિશેષ ભયંકર કોઈ વસ્તુ હોય તો તે રમણીનું રૂપ છે! એના જેવું ભયંકર વિષ સંસારમાં બીજું એકકે નથી. સોરાબજી એ ભયંકર વિપ પી જઇ જ્ઞાનશૂન્ય બની કેવું ભયાનક કાર્ય કરવા તૈયાર થયો હતો? મોહિનીને મેળવવા માટે તે પ્રાણ અર્પણ કરવા તૈયાર થયો હતો. મોહિનીએ જેવી સલાહ આપી હતી તે પ્રમાણે એ વર્તતો હતો.

આજે રાત્રે સોરાબજીએ જાણી જોઈને પહેરો બદલી નાખ્યો હતો તથા જેલના જે વિભાગમાં ઇશ્વરલાલની ઓરડી આવેલી હતી તે વિભાગ ઉપર તેણે પોતાના વિશ્વાસપાત્ર માણસને પહેરો ભરવાનું કામ સોંપ્યું હતું. અગાઉથી થયેલા સંકેત પ્રમાણે આજે રાત્રે ઈશ્વરલાલની ઓરડીનું તાળું નહિ વાસતાં ખુલ્લી રાખવામાં આવી હતી. ઓરડીનું દ્વાર દેખીતી રીતે બંધ હોવા છતાં તેને ઉઘાડવામાં સહજ પણ મુશ્કેલી વેઠવી પડે તેમ નહોતી.

ધીમે ધીમે વખત વીતી જવા લાગ્યો. કૃષ્ણ પક્ષની રાત્રિ હોવાથી ઘોર અંધકાર ફેલાઇ ગયો હતો. જેલના સઘળા કેદીઓ ઉંઘી ગયા હતા. અડધી રાત વીતી જવા આવી એટલે ઈશ્વરલાલ દબાતે પગલે, સહજ પણ અવાજ ન થાય એવી સંભાળથી દ્વાર ઉઘાડી ઓરડીની બ્હાર નીકળ્યો તથા નજીક આવેલી પત્થરની દિવાલ પાસે ગયો. ત્યાં એક મજબુત દોરડું લટકતું તેના જોવામાં આવ્યું. ઇશ્વરલાલ એ દોરડાની મદદથી દિવાલ ઉપર ચઢી જઇ એજ દોરડું ખેંચી લઈ બીજી બાજુએ નાખી તેની મદદથી જેલની બ્હાર નીકળી પડયો. નજીકમાંજ ઘોર અંધકારની અંદર કાળા ઝબ્ભામાં શરીર છુપાવી એક માણસ બેસી રહ્યો હતો. ઇશ્વરલાલને દિવાલના નીચે ઉતરી પડેલો જોઈ એ માણસે અસ્પષ્ટ સ્વરે કહ્યું, "જલદી ચાલો."

દોરડું ખેંચી લઇ બન્ને જણા અંધકારમાં છ પાંચ થઇ ગયા.

આર ગણવા લાગ્યા. લગભગ અડધો માઇલ ગયા પછી બન્ને જણા એક વિકટોરીઆમાં બેસી ચોક્કસ સ્થળે જવા લાગ્યા.

રાત્રે બે વાગ્યે સોરાબજીએ ઉઠી, ઇશ્વરલાલ પલાયન કરી ગયો છે એવી ખાત્રી કરી તેની ઓરડીના દ્વારને બ્હારથી તાળું મારી બંધ કરી દીધું. એ રાત્રે જેલમાંથી એક કેદી પલાયન કરી ગયો છે એમ કોઇ જાણી શક્યું નહિ.

સ્હવારે જ્યારે સઘળા કેદીઓની ઓરડીઓ ખોલવામાં આવી અને નંબર પ્રમાણે કેદીઓની હાજરી પુરવા માંડી ત્યારે એક કેદી ઓછો થયેલો જણાયો. તપાસ કરતાં ઇશ્વરલાલ નામનો કેદી ગૂમ થઇ ગયો હતો એ વાત સહુના જાણવામાં આવી. આમ છતાં એ કેવી રીતે નાશી ગયો હતો એ વાત કોઇ કહી શક્યું નહિ. જે ઓરડીમાં ઇશ્વરલાલને પૂરી રાખવામાં આવ્યો હતો એ ઓરડીનું દ્વાર સ્હવારે બંધ હતું; ચોતરફ પહેરાનો બંદોબસ્ત હતો, આમ છતાં ઇશ્વરલાલ કેવી રીતે પોબારા ગણી ગયો એ વિષયની કોઇ કલ્પના કરી શક્યું નહિ.

સોરાબજીની બેદરકારીને લીધેજ કેદી પલાયન કરી ગયેલો હોવો જોઇએ એમ વિચારી જેલના ઉપરી અમલદારે તેને નોકરી ઉપરથી બરતરફ કર્યો. બીજી તરફથી પોતાનો હેતુ સફળ થયા પછી માયાવિની મોહિનીએ સોરાબજી ને પોતાનું મ્હોં પણ બતાવ્યું નહિ. હવે સોરાબજી પોતાની મુર્ખતા માટે પોતાની જાતને ધિક્કારવા લાગ્યો. છેવટે લમણે હાથ દઇ, બીજી કોઇ નોકરી નહિ મળવાથી. તે ઘર તરફ પાછો ફર્યો. મોહિનીએ બીજા માણસોની જે દુર્દશા કરી હતી તે જો સોરાબજીના જાણવામાં આવી હોત તો તેનું ચિન્ત વિશેષ દુઃખિત થાત નહિ, તથા નોકરી જવા છતાં પોતાની જાતનો એ કાળસર્પીના પંઝામાંથી ઉધ્ધાર થવા બદલ અંતઃકરણપૂર્વક ઇશ્વરનો ઉપકાર માનત.

પ્રકરણ ૩૩ મું.

--:(૦):--

આંદામાનથી મુંબાઇ

બિહારીલાલના મૃતદેહ સાથે ચંદ્રકાન્તના હાથ બેડીથી બંધાયલા હતા. એ વખતની ચંદ્રકાન્તની સ્થિતિનું વર્ણન થઇ શકે તેમ નથી. તેની પાસે મૃતદેહ પડી રહ્યો હતો, ઓરડીમાં ભીષણ અંધકાર હતો અને એવા વખતે બિહારીલાલે કહેલી સઘળી હકીકત ચંદ્રકાન્ત વિચાર્યા કરતો હતો ! આવી સ્થિતિમાં પોતાને ઉન્માદરોગ કેમ લાગુ ન પડયો એ તે કળી શકયો નહિ. સઘળો ભેદ જાણવામાં આવતાં તેની સઘળી શારીરિક અને માનસિક શકિત જાણે કે લુપ્ત થઇ ગઈ હતી. બુમ પાડી પહેરેગીરને બોલાવવા જેટલી શકિત પણ તેનામાં નહોતી ! બિહારીલાલે કહેલી હકીકત સાચી હશે કે ખોટી એ સંબંધીની ચિંતાજ તે કર્યા કરતો હતો.

બિહારીલાલના હાથમાં હજી સુધી પેલો વિષમિશ્રિત પત્ર હતો. જો એ પત્ર મોહિનીએજ લખેલો હોય તો બિહારીલાલે કહેલી હકીકત સાચી હોવી જોઇએ એમ ચંદ્રકાન્તને લાગ્યું. પ્રકાશની મદદ મળતાં એ પત્ર વાંચી પોતાનો સંદેહ દૂર કરવાનો તેણે સંકલ્પ કર્યો. જો જેલના નોકરોના જોવામાં એ પત્ર આવશે તો તેઓ પત્ર પડાવી લેશે એમ ચંદ્રકાન્તને લાગ્યું, પરંતુ એ પત્રને લઈ તે કયાં છુપાવી રાખે? પત્રને જો કદાચ મ્હોંની અંદર છુપાવી રાખવામાં આવે અને બિહારીલાલે કહેલી વાત જો સાચી હોય તો તેની સ્થિતિ બિહારીલાલ જેવી થઇ ગયા સિવાય રહે નહિ ! અંતે ચંદ્રકાન્તે પોતાના મન સાથે કહ્યું, "ના–ના, કોઇ પણ રીતે મ્હારે આત્મરક્ષણ કરી ભાઇના ખૂનનો બદલો લેવો જ જોઇએ. જો અહીંથી હું છુટો નહિ થઈ શકું તો યુકિત પ્રયુકિતથી પલાયન કરી જઈ એ રાક્ષસીના હૃદયને ચીરી નાંખી ભાઇના ખૂનનો બદલો લઈશ."

ખૂનનો બદલો લેવાની ચંદ્રકાન્તે સેંકડો વખત પોતાના મનમાં પ્રતિજ્ઞા કરી; તે એ વાતનો જેમ જેમ વિશેષ વિચાર કરતો હતો તેમ તેમ તેના ક્રોધની આગ વિષમ તેજથી સળગી ઉઠતી હતી. જો આવી સ્થિતિ વિશેષ સમય સુધી કાયમ રહેશે તો પોતે પાગલ બની જશે એવો ભય તેના મનમાં ઉપજ્યો.

ધીમે ધીમે પૂર્વાકાશ સ્વચ્છ થવા લાગ્યું. ચંદ્રકાન્તે બિહારીલાલના હાથમાંનો પત્ર લઈ દ્વારની ફાટમાંથી આવતા ક્ષીણ પ્રકાશની મદદથી જોયું તો પત્ર મોહિનીએજ લખ્યો હતો એવી તેની ખાત્રી થઇ. હવે બિહારીલાલે કહેલી હકીકતની સત્યતા માટે તેના મનમાં સહજ પણ સંદેહ રહ્યો નહિ.

જે હાથના લખાણને સેંકડો ચુંબનો કરી પહેલાં તેણે સ્વર્ગીય આનંદ અનુભવ્યો હતો તેજ હાથનું આ લખાણ હતું ! પરંતુ પ્રથમના અને આજના વખતમાં આસમાન જમીન જેટલો ફર્ક હતો.

ચંદ્રકાન્ત ઉચ્ચ સ્વરે ખડખડાટ હસી પડ્યો. એ પત્રના સેંકડો કડકા કરી તેણે ચરણો નીચે ચગદી નાંખ્યા. તેનું એ વિકટ હાસ્ય ચોતરફ પ્રતિધ્વનિત થયું. પહેરેગીરો એ આ-શંકાસૂચક હાસ્યધ્વનિ સાંભળી ચંદ્રકાન્તની ઓરડીના દ્વાર પાસે દોડી આવ્યા. તેમણે ઝડપથી ઓરડીનું દ્વાર ખોલી નાખ્યું. પછી જે દેખાવ તેમના જોવામાં આવ્યો તેથી તેઓ સ્તંભિત બની ગયા.

ઓરડીની અંદર ચંદ્રકાન્ત બેઠેલો હતો. તેનો ડાબો હાથ બિહારીલાલના ડાબા હાથ સાથે લોખંડી બેડીમાં બંધાયલો હતો. બિહારીલાલનું મસ્તક વિકટ ભાવથી હાલતું હતું. તેની આંખો ફાટી ગઇ હતી, મુખે ભયાવહ ભાવ ધારણ કર્યો હતો. એવો ભયંકર દેખાવ પૂર્વે કોઇએ કદાપિ જોયો હોય એમ લાગતું નહોતું.

શું બન્યું હતું એ સંબંધી જેલના નોકરોએ પૂછપરછ કરી. ઉત્તરમાં ચંદ્રકાન્ત ખડખડાટ હસી પડ્યો. તેની આંખો લાલચોળ થઇ ગઈ હતી. તેનું વિકટ હાસ્ય સાંભળી તથા તેના

ભયંકર હાવભાવ જોઇ તે ગાંડો બની ગયો છે એમજ સહુને લાગ્યું.

ત્વરાથી બિહારીલાલનો હાથ ચંદ્રકાન્તના હાથમાંથી છુટો કરવામાં આવ્યો. પહેરેગીરો મૃતદેહને ઉંચકી બ્હાર લઇ ગયા. એ ત્રણ નોકરો ચંદ્રકાન્તને જેલ સુપ્રિન્ટેન્ડેન્ટ પાસે લઇ જવા લાગ્યા. એક પણ શબ્દ નહિ ઉચ્ચારતાં તે ચુપકીદીથી જડની માફક તેમની સાથે જવા લાગ્યો.

જેલ સુપ્રિન્ટેન્ડેન્ટે બનેલા બનાવની સઘળી હકીકત સાંભળી લઇ કહ્યું, "કેવું આશ્ચર્ય ! આ કેદીને મુંબઇ પાછો મોકલી દેવાનો હુકમ આવ્યો છે; મને લાગે છે કે, એને ઇન્સાફ આપવામાં ગેરસમજ થયેલી હશે ! ઘણું કરીને એ હવે છુટો થઇ શકશે. આમ હોવા છતાં પોતાના દુર્ભાગ્યે છુટવાના વખતેજ ગાંડો બની ગયો ! એણે ગાંડપણમાંજ પેલા કેદીનું ખૂન કર્યું હોય એમ લાગે છે, અહીંજ એને ફાંસીની સજા થશે; હવે એને મુંબાઇ મોકલવાની તકલીફ નહિ વેઠવી પડે."

સુપ્રિન્ટેન્ડેન્ટે ચંદ્રકાન્તને ઘણા પ્રશ્નો પૂછ્યા; પરંતુ ચંદ્રકાન્તે એક પણ પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ. તે પત્થરના પુતળાની માફક શુન્યદષ્ટિથી અને સ્થિરભાવથી ઉભો રહ્યો હતો.

બિહારીલાલના મૃતદેહની તપાસ કરવામાં આવતાં ભયંકર વિષથી તેનું મૃત્યુ થયું છે એમ સાબિત થયું. તે સાથે એ વાત પણ સાબિત થઇ કે, ચંદ્રકાન્ત સાથે તેની બિલકુલ ઓળખાણ નહોતી આવી સ્થિતિમાં ચંદ્રકાન્ત શા માટે તેને જહર ખવડાવે ? બિહારીલાલે કોઇ પણ રીતે જહર મેળવી આત્મહત્યા કરી છે એમજ સહુને લાગ્યું.

બિહારીલાલના અકાળ મૃત્યુનું કારણ કોઇ જાણી શક્યું નહિ. ચંદ્રકાન્તની વિરૂધ્ધ કોઇ પણ પ્રમાણ નહોતું. એક અઠવાડીઆ પછી તેને સ્ટીમરમાં બેસાડવામાં આવ્યો. તેને મુંબાઇ તરત મોકલવા માટે જરૂરી હુકમ આવ્યો હતો. તેની સજા માફ થઇ હતી કે કેમ તથા માફ થઈ હોય તો શા કારણથી થઇ હતી એ કોઈ જાણતું નહોતું. એ સંબંધી ચંદ્રકાન્તે પણ કોઇને કાંઇ પૂછ્યું નહિ. બિહારીલાલનું મૃત્યુ થયું એ દિવસથી તેણે એક પણ શબ્દ ઉચ્ચાર્યો નહોતો.

સ્ટીમરમાં બેઠા પછી ચંદ્રકાન્તના ભાવમાં ધીમે ધીમે ફેરફાર થવા લાગ્યો. ઇન્સ્પેક્ટર ચંદ્રકાન્તની સાથે હતો તેણે તેના ભાવમાં ફેરફાર થતો જોઈ તેનો ઉન્માદરોગ ધીમે ધીમે મટતો જાય છે એમ વિચાર્યું.

એક દિવસે ચંદ્રકાન્તે એકાએક પોતાની સાથેના ઇન્સ્પેક્ટરને પૂછ્યું, "સાહેબ! મને ક્યાં લઇ જાઓ છો?"

"મુંબાઈ."

"શા માટે?"

"તમને પાછા મુંબાઇ લઈ જવાનો હુકમ મળ્યો."

ચંદ્રકાન્તે બીજું કાંઈ પુછ્યું નહિ યથા સમયે તે મુંબાઇ જઇ પહોંચ્યો.



પ્રકરણ ૩૪ મું.

મૃતદેહની પ્રાપ્તિ

ખરી વાત એ હતી કે, ચંદ્રકાન્તની સજા માફ થઇ હતી. તે સર્વાંશે છૂટો નહિ થએલો હોવા છતાં તેનો છૂટકારો થવા સંબંધી હવે કાંઇ સંદેહ નહોતો. એ સઘળું વૃદ્ધ પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટ દેશમુખના પ્રયત્નનું પરિણામ હતું એમ કહીએ તો એમાં સહજ પણ અતિશયોક્તિ નથી. તેઓ પ્રથમથીજ ચંદ્રકાન્તને નિર્દોષી ધારતા હતા, અને તેથીજ તેમણે રજનીકાન્તના ખૂનની તપાસ કરવાનું કામ ચાલૂ રાખ્યું હતું. દેશમુખ પાસેથી વાંચકો છુટા પડયા તે પછી તેમણે શું શું કર્યું હતું એ હવે અત્રે દર્શાવવામાં આવે છે.

ઇશ્વરલાલને ગિરફતાર કરવામાં આવ્યો તેજ દિવસે સુંદરલાલ અને સુલોચનાને સાથે લઇ ટેક્ષીમાં બેસી દેશમુખ બ્હાર નીકળી પડયો હતો. કયા મકાનમાં શયતાની ટોળીએ સુલોચનાને પુરી રાખી હતી એ જાણવાની પ્રથમ જરૂર હતી; કારણ કે, ખરો ઇન્સ્પેકટર રઘુનાથરાવ એ મકાનમાંજ કેદી થઈ પડેલો હોવો જોઇએ એવી દેશમુખની ખાત્રી થઈ ચુકી હતી. સુલોચનાના નાશી છુટયા પછી શત્રુઓ રઘુનાથરાવને અન્ય સ્થળે લઇ ગયા હોય એ પણ બનવા જોગ હતું, પરંતુ એ મકાનનો પત્તો મેળવ્યા સિવાય રઘુનાથરાવનો કાંઇ પત્તો લાગવાનો સંભવ નહોતો.

સુલોચનાએ રસ્તાનું જે વર્ણન કર્યું હતું તે ઉપર લક્ષ્ય આપી કેટલાંક સ્થળોએ ટેક્ષી ફેરવી છેવટે સહુ અંધેરી નજીક જઇ પહોંચ્યાં. અંધેરીનું પરૂં છોડી ટેક્ષી આગળ જવા લાગી એટલે સુલોચનાએ કહ્યું, "આટલામાંજ એ મકાન આવ્યું હોય એમ મ્હને લાગે છે."

તપાસ કરતાં કરતાં અંધેરીથી લગભગ એક માઇલને અંતરે નિર્જન સ્થળે એ જીર્ણ મકાન મળી આવ્યું. બ્હારના

દેખાવ ઉપરથી એ મકાનમાં કોઇ માણસ રહેતું હોય એમ લાગતું નહોતું હવે સુલોચના પણ બરાબર એ મકાનને ઓળખી શકી તથા એ વાત તેણે દેશમુખને કહી.

ટેક્ષીમાંથી નીચે ઉતરી જંગલ જેવો બગીચો વટાવી બધાં એ મકાન પાસે ગયાં એટલે સુંદરલાલે કહ્યું, "ઘણી દુર્ગંધ આવે છે! મરેલું જનાવર સડી ગયું હોય એવી દુર્ગંધ લાગે છે!"

દેશમુખે કહ્યું, "હવે તમારે કોઇને મારી સાથે મકાનની અંદર આવવાની જરૂર નથી. તમે સહુ જઇને ટેક્ષીમાં બેસો. મકાનની અંદર કોઈ છે કે કેમ એ વિષયની તપાસ હું કરી આવું છું."

સુંદરલાલ દેશમુખની સૂચનાનુસાર સુલોચનાની સાથે જઈ ટેક્ષીમાં બેઠો. બીજી તરફથી નાક ઉપર રૂમાલ બાંધી દેશમુખે એ દુર્ગંધયુક્ત ખંડેર જેવા મકાનમાં પ્રવેશ કરતાં પોતાના મન સાથે કહ્યું, "મારી આશા નિરાશાના રૂપમાં ફેરવાઇ જશે એમ મને લાગે છે. રઘુનાથરાવના મૃતદેહનીજ દુર્ગંધ અહીં ફેલાઇ હોય એમ મને લાગે છે."

દેશમુખ એક પછી એક ત્રણ ખંડ વટાવી ગયા. દરેક ઓરડો ભાંગીતુટી હાલતમાં હતો. મકાનના કોઇ પણ સ્થળે સંસારોપયોગી કાંઈ સરસામાન નહોતો. કેવળ એક ઓરડામાં કેટલાક ફૂટી ગયેલાં માટલાં પડયાં હતાં. તથા ખીંટી ઉપર બે ત્રણ જુનાં લુગડાં લટકતાં હતાં. એ સઘળું જોતાં એ સ્થળે પ્રથમ કોઇ રહેતું હોવું જોઇએ અને પછી એ માણસ કોઇ કારણને લીધે ઝડપથી મકાન છોડી ચાલ્યું ગયેલું હોવું જોઇએ એમ લાગતું હતું.

ત્રણ ઓરડા તપાસ્યા પછી દેશમુખે એક ઓરડાને તાળું વાસેલો જોયો. તાળામાં કુંચી દેખાતી હતી તેની ઉતાવળને લીધે નાશી જનાર માણસે તાળું વાસવું માંડી વાળ્યું હોય એમ લાગતું હતું. દેશમુખે દ્વાર ઉઘાડી એ ઓરડામાં પ્રવેશ કર્યો. ઓરડાની અંદર એક ખુણામાં એક મલિન બિછાનું પડેલું હતું. બિછાના પાસે કેટલીક શીશીઓ, એક ગ્લાસ અને પાણીથી ભરેલો એક

ધડો હતો. સુલોચનાને એ ઓરડામાંજ પૂરી રાખવામાં આવી હશે એમ દેશમુખ સમજી શકયા.

પણ રઘુનાથરાવ કયાં હતો? કયા સ્થળેથી દુર્ગંધ આવતી હતી એ નકકી કરવાનું કાર્ય કઠિન હતું. મકાનના દરેક સ્થળને દેશમુખે પુરતી ચોકસાઇથી તપાસવા માંડયું; પરંતુ કોઇ પણ સ્થળે રઘુનાથરાવનો પત્તો લાગ્યો નહિ.

દેશમુખ નિરાશ બની જઈ પાછા ફરતા હતા એવામાં તેમની નજર સીડી પાછળ આવેલી એક ચોર ઓરડી ઉપર પડી. એ ચોર ઓરડીનાં દ્વાર ઉપર મ્હોટું તાળું વાસેલું તેમના જોવામાં આવ્યું. નજીક જતાં એ ઓરડીમાંથીજ દુર્ગંધ આવે છે એવી દેશમુખની ખાત્રી થઇ.

ઓરડીનાં દ્વાર હડસેલી ફાટમાંથી દેશમુખે અંદર જોવાનો પ્રયત્ન કર્યો; પરંતુ ઘોર અંધકાર સિવાય બીજું કાંઈ તેમની નજરે પડયું નહિ. દેશમુખે દ્વાર ભાંગી નાખવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તેઓ વૃધ્ધ થયેલા હોવાથી શરીરનું પ્રથમનું બળ દૂર થઇ ગયું હતું. તેમનાથી દ્વાર ભાંગી ન શકાયાં એટલે મકાનની બહાર નીકળી ટેક્ષીના શોફરને તેમણે પોતાની મદદે બોલાવ્યો. બન્ને જણાએ મળી ઘણી મહેનત કરી ચોર ઓરડીનાં દ્વાર ભાંગી નાખ્યાં. એ પછી જે દેખાવ તેમની નજરે પડયો તે ઘણો ભયંકર તેમજ અવર્ણનીય હતો!

ઓરડીમાં પુષ્કળ અંધકારનો સમાવેશ થયેલો હતો. પ્રથમ તો દેશમુખ કાંઇ જોઇ શકયા નહિ. તેમણે ખીસ્સામાંથી દીવાસળીની પેટી બહાર કાઢી એક સળી સળગાવી. એ વખતે ઓરડીની અંદર કેવળ એક માણસનો હાડપિંજર જેવો મૃતદેહ તેમના જોવામાં આવ્યો. દિવાલ સાથેની એક લોખંડની મજબૂત સાંકળનો છેડો એ અભાગી માણસની કમર ઉપર બંધાયલો હતો. ગમે તેટલી મહેનત કરવામાં આવે તો પણ એ સાંકળ તોડી છૂટા થઇ શકાય એવો સહજ પણ સંભવ નહોતો.

એ કમનશીબ માણસના શરીર ઉપર કાંઇ કપડાં નહોતાં એમ કહેવામાં આવે તો એમાં કાંઈ ખોટું નથી. જીવજંતુઓ ૨

એ માણસના દેહ તથા વેશને લગભગ ખાઇ ગયાં હતાં; છતાં જે સામાન્ય ચિહ્નો રહ્યાં હતાં તે ઉપરથી એ પોલિસનો માણસ હોવો જોઇએ એવી દેશમુખની ખાત્રી થઈ. એ માણસ ભૂખના દુઃખથી મરણ પામ્યો હોય એમ સ્પષ્ટ સમજી શકાતું હતું. દેશમુખ સમજી ગયા કે, એ હતભાગ્ય માણસ બીજો કોઇ નહિ; પણ થાણાનો પોલિસ ઈન્સ્પેકટર રઘુનાથરાવ છે. શયતાની ટોળીએ કેવી ભયંકર નિષ્ઠુરતાથી તેનું મરણ નીપજાવ્યું હતું! એ વિષયનો વિચાર ઉપજતાં દેશમુખનાં નેત્રોમાં પણ અશ્રુજળ ભરાઇ આવ્યું.

પેલા ટેક્ષીના શોફર પાસે વિજળીની બત્તી હતી. દેશમુખે બત્તી હાથમાં લઈ તેને સળગાવી મૃતદેહને બરાબર તપાસ્યો, પરંતુ મરનાર માણસનું મુખ તથા શરીર એટલું બધું વિકૃત થઈ ગયું હતું કે, કલ્પનાની સહાયતા સિવાય બીજી કોઇ પણ રીતે તેને ઓળખી શકાય એવો માર્ગ નહોતો.

બત્તીના પ્રકાશમાં દેશમુખ એ ઓરડીની ચોતરફની દિવાલ તપાસવા લાગ્યા; એવામાં કાંઈ જોવામાં આવતાં તેઓ સ્તંભિત બની ગયા.

ઓરડીના એક ખુણા તરફ દિવાલ ઉપર થોડી હકીકત લખવામાં આવી હતી. એ લખાણના અક્ષરો એટલા બધા વાંકા-ચુંકા હતા કે સહેલાઇથી વાંચી શકાય નહિ. દેશમુખે મહાકષ્ટે એ લખાણ વાંચ્યું:—

"ઈશ્વરલાલ તથા બિહારીલાલ જે શયતાની ટોળીમાં ભળેલા હતા એ ટોળીને પકડવા હું મુંબાઇ આવ્યો હતો. વિકટોરીઆ ટર્મીનસ સ્ટેશને હું ઉતર્યો ત્યારે રાતના અગીયાર વાગ્યા હતા. સ્ટેશનેથી વિકટોરીઆ (ઘોડા ગાડી) ભાડે કરી હું સેન્ડહર્સ્ટ રોડ તરફ જતો હતો; પરંતુ ઈશ્વરલાલ અને બિહારીલાલ ગાડીમાં ચઢી જઇ કલોરોફોર્મથી મ્હને બેભાન બનાવી અહીં લઇ આવ્યા હતા. એ દિવસથી તેમણે મ્હને આ સ્થળે કેદ કરી રાખ્યો છે. પ્રથમ મ્હને નજીવો ખોરાક મળતો હતો, પરંતુ છેલ્લા ચાર દિવસથી તે પણ મળ્યો નથી. જે આ મકાનમાં રહેતી હતી અને મ્હને ખોરાક આપતી હતી તે નાશી ગઇ હોય એમ લાગે છે. હવે

મ્હારાથી ભૂખ તરસનું દુઃખ વેઠી શકાતું નથી. મ્હારા મરણનો સમય પ્રત્યેક ક્ષણે નજીક આવતો જાય છે. હું મ્હારો હાથ કરડી મ્હારા શરીરના લોહીથી આ હકીકત લખી જાઉં છું. રઘુનાથરાવ”

એક પોલિસ નોકરની આવી ભયંકર દુર્દશા થયેલી જોઈ ક્રોધના અગ્નિથી દેશમુખની આંખો સળગી ઉઠી. તેમનું શરીર કંપી ઉઠયું. પોતાના મન સાથે તેમણે કહ્યું, “બિહારીલાલને દેશનિકાલની સજા થઇ છે. ઇશ્વરલાલ પણ કેદ પકડાયો છે; એ બન્ને બદમાશોને ફાંસીએ લટકાવવાની હું વ્યવસ્થા કરીશ. તેમના ગુન્હાની ભયંકરતા આગળ ફાંસીની સજા પણ ઓછી છે.”


એ સ્થળેથી દેશમુખ અને શોફર બહાર નીકળી ટેક્ષી પાસે ગયા. સુંદરલાલે અધીર ભાવથી દેશમુખને પુછ્યું, “રાવસાહેબ! કાંઇ પત્તો લાગ્યો કે?”

ગંભીર ભાવથી દેશમુખે ઉત્તર આપ્યો, “રઘુનાથરાવને આ મકાનમાંજ પુરી રાખવામાં આવ્યા હતા. એમાં સંદેહ જેવું કાંઇ નથી. અભાગી રઘુનાથરાવનું ક્ષુધા તૃષ્ણાની વેદનાથી મૃત્યુ નીપજ્યું છે. જે સ્ત્રી સુલોચના બ્હેનને આ મકાનમાં ખોરાક પહોંચાડતી હતી તે પણ નાસી છૂટી છે. મકાનની અંદર રઘુનાથરાવના મૃતદેહ સિવાય બીજું કોઇ સજીવ માણસ નથી.”

યથા સ્થળે ઉપસ્થિત થઇ રઘુનાથરાવના મૃતદેહને મગાવવાનો બંદોબસ્ત કરી દેશમુખ ઉપરી સાહેબને મળવા ગયા. સુંદરલાલ અને સુલોચનાને તેમણે રસ્તામાંજ ઉતાર્યાં હતાં.

સાહેબ તરફ જતાં જતાં દેશમુખે પોતાના મન સાથે કહ્યું, “મોહિનીજ આ બધા પાપનું મૂળ છે, એ વાત ચોક્કસ હોવા છતાં તેની વિરૂદ્ધ કોઇ પ્રમાણ નથી. એની ટોળીનું કોઈ માણસ એની વિરૂદ્ધ સાક્ષી ન આપે ત્યાં સુધી એને સજા કરાવવાનું બની શકે તેમ નથી. પોલિસ ખાતામાં આખી જીંદગી પસાર કરવા છતાં એના જેવી બીજી એક પણ ભયંકર સ્ત્રી મ્હેં જોઇ નથી! એ રાક્ષસીએ જો પોતાની બુધ્ધિનો સત્કાર્યમાં ઉપયોગ કર્યો હોત તો તેના નામની ગણના ભારતનાં સ્ત્રીરત્નોમાં અવશ્ય થાત, તથા તે ઘણાં માણસોનું શ્રેય સાધી શકત! ગમે તેમ હો, મ્હારે હવે

એક વખત મોહિનીને મળવાની જરૂર છે. આજેજ હું તેને મળવા માટે થાણા જઇશ. સુલોચનાને મુખે બુઢ્ઢી યશોદાની જે હકીકત સાંભળવામાં આવી છે તેનો પણ કદાચ થાણાની અંદર પતો લાગે એવો સંભવ છે.”



પ્રકરણ ૩૫ મું.

બુઢ્ઢી યશોદા.

તેજ દિવસે દેશમુખ થાણા ગયા; પરંતુ તપાસ કરતાં મોહિનીનો પત્તો ત્યાં લાગ્યો નહિ. છેવટે બુઢ્ઢી યશોદાની તપાસ દેશમુખે ચાલૂ કરી. જે સ્થળે યશોદાની દુકાન આવેલી હતી, તે સ્થળે જતાં દુકાન બંધ જોવામાં આવી. આસપાસનાં માણુસોને પૂછપરછ કરતાં તેમણે એવો ઉત્તર આપ્યો કે, "ઘણા દિવસથી બુઢ્ઢી આ સ્થળ છોડી ચાલી ગઈ છે; તે ક્યારે પાછી આવશે એ ચોક્કસ નથી."

દેશમુખ નિરાશ બની પાછા ફરતા હતા, એવામાં તેમની પાછળથી કોઈ બોલી ઉઠયું, "કેમરે ડોશી મા! આટલા દિવસથી કયાં ગૂમ થઇ ગયાં હતાં? પેલા ગૃહસ્થ તમને મળવા ઇચ્છે છે."

દેશમુખે પાછળ દૃષ્ટિ ફેરવી તો એક વૃદ્ધ સ્ત્રીને તેમણે પાછળ આવતી જોઇ. એ સ્ત્રી વૃધ્ધાવસ્થામાં હોવા છતાં તે પોતાની જુવાનીમાં ઘણી ખુબસૂરત હોવી જોઇએ એમ સ્પષ્ટ સમજી શકાતું હતું. એ વૃધ્ધા હાંફતી હોવાથી તે ઘણે દૂરથી પગે ચાલીને આવી હોય એમ લાગતું હતું. આસપાસનાં સઘળાં માણુસો એ વૃદ્ધા સ્ત્રીને ઓળખતાં હોઈ તેઓમાંનાં ઘણાંખરાં એને પુછતાં હતાં કે, "યશોદા ડોશી! તમે આટલા દિવસ કયાં ગયાં હતાં?"

એ બધાં માણુસોને ઉચિત ઉત્તર આપી સંતુષ્ટ કરવાનું કાર્ય બુઢ્ઢી યશોદા માટે મુશ્કિલ હતું. તે સ્થિર થઇ એકજ સ્થળે ઉભી રહી. એ બુઢ્ઢી યશોદા છે એવું જાણુવામાં આવતાં દેશમુખ પાછા ફરી તેની નજીક ગયા. દેશમુખને ઓળખી નહિ શકવાથી યશોદા ચકિત દૃષ્ટિએ તેમના તરફ જોઈ રહી. દેશમુખે તેનો ભાવ સમજી જઈ ગંભીરતાથી કહ્યું, "હું તમારી સાથે તમારા લાભની કેટલીક વાતચિત કરવા માગું છું."

"તમે મ્હારી સાથે ચાલો." આમ કહી બુઢ્ઢી યશોદા દેશમુખની સાથે પોતાની દુકાન તરફ જવા લાગી. જે માણુસો

ત્યાં એકઠા થયા હતા તેઓ પણ પોત પોતાને રસ્તે જવા લાગ્યા.

દુકાન ઉઘાડી અંદર ગયા પછી યશોદાએ દેશમુખને બેસવા માટે આસન આપ્યું. દેશમુખ આસન ઉપર બેઠા એટલે યશોદાએ તેમની સ્હામે બેસી પૂછ્યું:—

"તમે શા હેતુથી મ્હને મળવા આવ્યા છો ?"

"તમારી દીકરીએ મ્હને મોકલ્યો છે."

"મ્હારી દીકરી ?!" અજાયબીમાં પડી ગઇ હોય એવા ભાવથી યશોદાએ કહ્યું.

"હા, તમારી દીકરી મોહિનીએજ મ્હને મોકલ્યો છે. તમે મ્હોટા સાદે વાત ન કરશો. આપણી વાત કોઈ સાંભળી જશે તો તમને હરકત નડશે."

ભયભીત બની જઈ યશોદાએ કહ્યું, "મ્હારી દીકરીને શું થયું છે ?"

"એના ઉપર ભયંકર આફત આવી પડી છે. બિહારીલાલ તથા ઇશ્વરલાલે બદમાશી કરી તમારા જમાઈ ચંદ્રકાન્તને દેશ-નિકાલની સજા કરાવી છે."

"ચંદ્રકાન્તને સજા કરાવી છે ?"

"હા, હવે એ બદમાશો મોહિનીને પણ જેલમાં મોકલવાની ખટપટ કરે છે."

"એમાં હું શું કરૂં ? મ્હેં એને પ્રથમથીજ ચેતાવી હતી કે, 'તું બદમાશ માણસોની સોબત છોડી દે.' પરંતુ એણે મ્હારૂં કહેવું માન્યું નહિ. બદમાશોએ રજનીકાન્ત નામના ધનવાન યુવકનું ખૂન કરવાનો સંકલ્પ કર્યો હતો, એ વાત મ્હારા સાંભળવામાં આવી હતી; એ વખતે પણ લુચ્ચાઓની સોબત છોડી દેવાનું મ્હેં મોહિનીને કહ્યું હતું, પરંતુ એ હઠીલી છોકરીએ પોતાની હઠ છોડી નહિ."

"જે કાંઈ બની ગયું છે તે માટે હવે પશ્ચાતાપ કરવો વૃથા છે. મોહિનીએ હમણાં ને હમણાં તમને પોતાની પાસે બોલાવ્યાં છે. એણે સઘળા બદમાશોને હાંકી કાઢેલા હોવાથી એ લુચ્ચાઓ મોહિનીને ફસાવવાની ખટપટ કરે છે. આવા

અણીના વખતે તમારી દીકરીની સંભાળ તમે ન લ્યો તો બીજું કોણ લે ?"

"હમણાં મોહિની છે ક્યાં ?"

"મુંબાઇમાં."

થોડા સમય સુધી પોતાના મન સાથે કાંઇ વિચાર કરી યશોદાએ પૂછ્યું, "તમે મ્હને તમારી સાથે મુંબાઇ આવવા કહો છો ?"

"પરંતુ તમે કોણ છો એ જાણ્યા સિવાય હું તમારી વાત ઉપર કેવી રીતે વિશ્વાસ મૂકી શકું ?"

"હું મોહિનીનો કાકો સસરો થાઉં છું. પોતાના શિર ઉપર આફત આવી પડવાથી એ મ્હારે શરણે આવી છે. વળી મોહિનીએ બીજી એક વાત મ્હને એ કહી છે કે, મ્હારે તમને સહુથી પ્રથમ પોલીસના સાહેબ પાસે લઇ જવાં; ત્યાં જઈ બદમાશોની સઘળી હકીકત તમારે કહી દેવી. તમારી દીકરીને છેતરી અથવા ભોળવી બદમાશોએ કેવાં ભયંકર કામ કર્યાં છે એ તમારે વિગતવાર પોલિસના સાહેબને કહેવું. એમ કરવાથી સાહેબ બદમાશોને પકડી જેલમાં પૂરશે અને તમારી દીકરી બચી જશે, વળી તે સાથે તમારા જમાઇ પણ છુટા થઇ શકશે."

બંધા દેશમુખની વાક્ચાતુરીથી બુઢ્ઢી યશોદા છેતરાઇ. વિના વિલંબે તે દેશમુખની સાથે થાણાના પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટની ઓફીસે ગઇ. બિહારીલાલ, ઇશ્વરલાલ, છબિલદાસ વગેરે બદમાશો સંબંધી યશોદા જે હકીકત જાણતી હતી તે સઘળી તેણે કહી સંભળાવી. એ બદમાશોએ રજનીકાન્તનું ખુન કરવાની પ્રતિજ્ઞા કરી હતી તે વાત પણ યશોદાએ ગુપ્ત રાખી નહિ. પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટે સઘળી હકીકત લખી લીધી. ચપળા દાસી, છબીલદાસ વગેરે જે ગુપ્ત સ્થળે છુપાઈ રહ્યાં હતાં તે સ્થળ પણ યશોદાએ દર્શાવ્યું એટલે તેમને કેદ કરી લાવવા માટે તાકીદે પોલિસ ઓફિસર અને કોન્સ્ટેબલો સાથે મોકલવામાં આવ્યા. યથા સ્થળે જતાં કોઇ પણ જન પ્રાણીનો પત્તો નહિ લાગવાથી પોલિસ ઓફિસરો પાછા ફર્યા.

બિહારીલાલ તથા ઇશ્વરલાલ કેદ પકડામા હતા, શયતાની ટોળીનાં બીજાં માણુસોને કેદ પકડવાની દેશમુખને ઘણી આશા હોવા છતાં એ વિષયમાં તેઓ નિરાશ થયા, છતાં તેમણે આશાનો ત્યાગ નજ કર્યો.

મોહિની પોતાની ટોળીનાં બીજાં માણુસો સાથે કયાં ચાલી ગઈ હશે એ સંબંધી દેશમુખ કાંઇ નિર્ણય કરી શકયા નહિ. મુંબાઈ ટેલિગ્રાફ કરી જોતાં એવી ખબર મળી કે, મોહિની ચંદ્રકાન્તના મુંબાઈના તથા દેશના (જાગીરના) મકાને પણ ગઇ નહોતી તેમજ જાગીરનો બંદોબસ્ત કરતા કારભારીને તેણે કોઇ પત્ર લખ્યો નહોતો!

બુઢ્ઢી યશોદાને કોઇ પણ વાત કહ્યા સિવાય દેશમુખ તેને મુંબાઇ લઇ ગયા. કહેવાની જરૂર રહેતી નથી કે, બુઢ્ઢી યશોદાની જબાનીની મદદથીજ દેશમુખ ચંદ્રકાન્તને પાછો મુંબાઈ તેડાવવાનો હુકમ કઢાવી શકયા હતા.



પ્રકરણ ૩૬ મું.

---:૦:---

ચપળાનો છેવટનો ખુલાસો.

હતભાગ્ય રઘુનાથરાવનો મૃતદેહ મળી આવ્યાને એક મહિના જેટલો વખત વીતી ગયો હતો. એ એક મહિનામાં દેશમુખ વિશેષ કાંઈ કરી શકયા નહોતા. ઘણી શોધખોળ કરવા છતાં મોહિનીનો કાંઈ પત્તો લાગ્યો નહોતો; એ માયાવિની જાણે કે જાદુઇ શકિતના પ્રભાવથી અદ્રશ્ય થઇ ગઈ હતી. તપાસને અંતે એવી બાતમી મળી આવી હતી કે, મોહિની પોતાના લગભગ લાખેક રૂપિયાની કિમ્મતના અલંકારો સાથે લઇ ગઇ હતી. છેલ્લા એક વર્ષમાં કારભારી પાસેથી બની શકે એટલી રોકડ રકમ એણે વસુલ કરી હતી. વિશેષ તપાસ કરતાં દેશમુખ એ વાત પણ જાણી શકયા કે, મોહિનીએ ચંદ્રકાન્તની સઘળી મિલકત તેના દાનપત્ર પ્રમાણે ગિરો મૂકી ત્રણ લાખ રૂપિયા લીધા હતા. આમ હોવાથી તેને પૈસાની ખોટ પડે એવો સંભવ નહોતો.

કાગળપત્રોના બંડલમાંથી દેશમુખને એક પુરાતન પત્ર મળી આવ્યો હતો. એ પત્ર તેમણે સુંદરલાલને મોકલી આપ્યો હતો. ઘણા વખત પૂર્વે રજનીકાન્તે સુંદરલાલને એક પત્ર લખ્યો હતો; પરંતુ યુકિત પ્રયુકિતથી એ પત્ર મોહિનીએ હસ્તગત કર્યો હતો.

દેશમુખ તરફથી જે દિવસે એ પત્ર સુંદરલાલને મળ્યો, તે દિવસ તેને માટે અધિક આનંદનો નીવડયો. તે પોતાના બેઠકખાનામાં એક આરામ ખુરસીમાં આડો પડી, ગઇ ગુજરીના વિચારો કર્યા કરતો હતો એવામાં કોઇએ ધીમે પગલે એ બેઠકખાનામાં પ્રવેશ કર્યો. ચમકી ઉઠી સુંદરલાલે દ્વાર તરફ જોયું. પછી આશ્ચર્ય તથા આનંદથી એકાએક ઉભો થઈ જઇ અસ્પષ્ટ સ્વરે તે બોલ્યો, "ચંદ્રકાન્ત!"

ચંદ્રકાન્તે કહ્યું, "હા, ભાઇ! હું ત્હારો મિત્ર ચંદ્રકાન્ત છું એ સંબંધી કાંઇ સંદેહ નથી!"

"તું છૂટો થયો છે? ત્હારી સજાની તને માફી મળી છે?

મ્હને એમ લાગતુંજ હતું કે, ભવિષ્યમાં એક દિવસે તું નિર્દોષી થઇ અવશ્ય છૂટો થઇ શકીશ?"

આમ કહી હર્ષાતિશયથી પ્રિયબંધુને આલિંગન કરવા સુંદરલાલ આગળ ધસ્યો. ચંદ્રકાન્તે પાછા ખસી જઇ કહ્યું, "પ્રથમ તું મ્હારા એક બે પ્રશ્નોના ઉત્તર આપ."

ચંદ્રકાન્તનો ગંભીર ભાવ જોઇ સ્તબ્ધ ભાવથી સુંદરલાલ ઉભો રહ્યો. સંદેહયુક્ત દૃષ્ટિથી પલકહીન નેત્રે તે મિત્રના મુખ તરફ જોઈ રહ્યો.

ચંદ્રકાન્તે કહ્યું, "મરતી વખતે બિહારીલાલે સઘળી હકીકત મ્હને કહી સંભળાવી છે. ત્હેં મોહિનીના કહેવાથી ખુન ગુન્હો કર્યું હતું; તેથીજ તું હમ્મેશાં મોહિનીથી બ્હીતો હતો. તું ખુની છે!"

કંપતા કંઠે સુંદરલાલે કહ્યું, "ભાઇ ચંદ્રકાન્ત! તેં જે સઘળી હકીકત સાંભળી છે તે ખરી છે, એ રાક્ષસીના કહેવાથી મેં ખુન કર્યું હતું એ વાત ખરી છે, આજ સુધી હું પોતે પણ મને ખુની ધારતો હતો, પરંતુ સુપ્રિન્ટેન્ડેન્ટ દેશમુખ સાહેબના પ્રયત્નથી હું ખુની નથી એમ જાણી શક્યો છું."

"એટલે?" ચંદ્રકાન્તે સંદિગ્ધ ભાવથી પૂછ્યું.

"મોહિનીના કાગળ પત્રોમાંથી એક પત્ર મળી આવતાં દેશમુખ સાહેબે એ પત્ર મને મોકલી આપ્યો છે, એ પત્ર ઘણા વખત પૂર્વે તમારા ભાઇ રજનીકાન્તે લખ્યો હતો તથા ચાલાકીથી મોહિનીએ એ પત્ર ચોરી લીધો હતો. તું એ પત્ર વાંચી જો."

આમ કહી રાઇટીંગ ટેબલનું ખાનું ઉઘાડી તેમાંથી એક પત્ર બ્હાર કાઢી સુંદરલાલે ચંદ્રકાન્તના હાથમાં આપ્યો. પત્ર જોતાંની સાથેજ વડિલ ભાઇના હસ્તાક્ષર ચંદ્રકાન્ત ઓળખી શક્યો. પત્રમાં નીચેની હકીકત લખેલી તેના વાંચવામાં આવી.

"ભાઇ સુંદરલાલ, હું મારી ભૂલ સમજી શક્યો છું. કાલે મેં મારી નજરે જે જોયું છે એથી મારૂં ગુમ થયેલું ભાન ઠેકાણે આવ્યું છે. રાક્ષસી સ્વભાવની મોહિની મારૂં કેટલું બધું અનિષ્ટ કરશે એ હું વિચારી શકતો નથી. આજેજ હું ચાલ્યો

છોડી નાશી છુટીશ. તમને ચેતાવવા એ એક ગૃહસ્થ તરીકેની મારી ફરજ છે એમ સમજી આ પત્ર હું તમને લખું છું.

"તે દિવસે રાત્રે જેવી રીતે કેશવજીનું ખુન કરવા માટે જરૂરી કુંચીઓ આપી મોહિનીએ તમને મોકલ્યા હતા તેવીજ રીતે મને પણ એ કાર્ય કરવા મોકલ્યો હતો, છતાં મેં જ્યારે ચોરની માફક કેશવજીના મકાનમાં પ્રવેશ કર્યો ત્યારે મારા શરીરનું સઘળું લોહી બરફની માફક ઠંડુ થઈ ગયું. હું આગળ ડગલું ભરી શકયો નહિ. અંધકારમાં એક સ્થળે હું છુપાઇ રહ્યો.

"એ પછી મેં શું જોયું? જે દેખાવ મારા જોવામાં આવ્યો તે ઘણો ભયંકર હતો! એ વખતે મોહિની ત્યાં આવેલી મારી નજરે પડી; જે કાર્ય આપણને સોંપવામાં આવ્યું હતું તે બજાવવા જતાં ઢીલ થઇ ગઈ હતી. મોહિની કેશવજીની નજીક બેસી ઘણો પ્રેમ દર્શાવવા લાગી તથા ઉપરા ઉપરી કેશવજીને શરાબ પાવા લાગી. અતિશય શરાબ પીવામાં આવતાં કેશવજી બેહોશ બની ગયો.

"એ વખતે એ નારીરૂપિણી ભયંકર રાક્ષસીએ ક્ષણકાળની અંદર વસ્ત્રમાં છુપાવી રાખેલી કટાર બ્હાર કાઢી બેહોશ બનેલા કેશવજીના હ્રદયમાં ખોસી દીધી. કેશવજીએ કાંઇ અવાજ કર્યો નહિ, તે ઘા થતાંની સાથેજ નીચે ગબડી પડયો. પછી તેનાં કપડાંમાંથી તિજોરીની કુંચી કાઢી લઇ, મોહિની તિજોરી ઉઘાડી સઘળા દરદાગીના અને રોકડ રકમ લઈ પલાયન કરી ગઇ.

"મોહિનીના પલાયન કરી ગયા પછી થોડા વખતે તમે દબાતે પગલે એ સ્થળે આવી પહોંચ્યા. તથા કેશવજી જીવતો છે એમ ધારી તેની પીઠમાં કટારનો ઘા કરી ગુપચુપ છટકી ગયા. કેશવજી મરી ગયો છે એ વાત તમે જાણી શકયા નહોતા.

"એ બધો દેખાવ જોઇ હું દિંગ્મૂઢ બની ગયો હતો, ભયથી મ્હારૂં શરીર કંપતું હતું. છેવટે હું કેવી રીતે એ સ્થળેથી નાશી છુટયો હતો તેની મ્હને પોતાને પણ ખબર રહી નથી.

"મોહિનીએ કરેલા ભયંકર કાર્યની વાત બીજેજ દિવસે મ્હેં તેને કહી હતી; પરંતુ હવે મ્હને એમ લાગે છે કે, મ્હેં એને એ

વાત કહી ગંભીર ભૂલ કરી છે. એ વખતની એની ભયંકર દષ્ટિને હું કદાપિ ભૂલી શકું તેમ નથી. એ વખતે હું સમજી શકયો હતો કે, પોતાને સહિસલામત રાખવા માટે એ રાક્ષસી મ્હારું ખૂન કરવામાં પણ પાછી પ્હાની નહિ કરે. સુંદરલાલ! એ રાક્ષસી રમણીથી ચેતતા રહેજો.

શુભેચ્છક રજનીકાન્ત."

એ પત્ર વાંચી ચંદ્રકાન્ત સ્તંભિત બની ગયો. થોડા સમય પછી કાંઈક અંશે સ્વસ્થ થતાં સુંદરલાલનો હાથ પોતાના હાથમાં લઈ તેણે કહ્યું, "ભાઈ! ત્હારો કાંઈ દોષ નથી. આ માયાવિનીની ખુબસુરતીના ખપ્પરનો ભોગ થઈ પડી હું મ્હારાં ભાનસાન ગુમાવી બેઠો હતો, નહિ તો મ્હારી આવી ભયંકર દુર્દશા થાત નહિ. એ બધી વાતો ઉકેલવાથી હવે કાંઈ લાભ નથી. એ કુલટા રમણી કયાં છે તે તું જાણે છે કે?"

"ના, દેશમુખ સાહેબે ઘણી શોધ કરેલી હોવા છતાં એનો કાંઈ પત્તો લાગ્યો નથી."

"મ્હેં એમ સાંભળ્યું છે કે, દેશમુખ સાહેબના પ્રયત્નથીજ હું છૂટો થઈ શકયો છું. જો કે, હાલ તરત મ્હને જામીન ઉપર છોડવામાં આવ્યો છે; પરંતુ ભાઈના ખુનીનો પત્તો લાગેલો હોવાથી વિનાવિલંબે મ્હને થયેલી સજા રદ થશે."

"ત્યારે મોહિનીએજ રજનીકાન્તભાઈનું ખુન કર્યું છે કે?"

"મોહિનીએ પોતાના માણસો પાસે ભાઈનું ખુન કરાવ્યું છે."

"સ્ત્રી જાત હોવા છતાં આટલી બધી ભયંકર?! કોણ જાણે કે, એ કાળસર્પિણી હજી કેટલાં માણસોના સર્વસ્વનો નાશ કરશે!"

"ના–ના, હવે એ કુલટાના દિવસો ભરાઇ ચુકયા છે. હું મ્હારા હાથે એનું હૃદય ચીરી નાખી ભાઇના ખુનનો બદલો ખુનથી લઈશ!"

ચંદ્રકાન્તને ઠંડો પાડવા સુંદરલાલ કાંઈ કહેવા જતો હતો એટલામાં દેશમુખે એ બેઠકખાનામાં પ્રવેશ કર્યો. બન્ને જણાએ

દેશમુખને ઘણું સન્માન આપી બેસાડયા. દેશમુખે આસન ઉપર બેસી કહ્યું, " મ્હારા બે સાક્ષીઓ નકામા થઇ પડયા છે."

વ્યાકુળતાથી ચંદ્રકાન્ત બોલી ઉઠયો, " ત્યારે મ્હારી સજા માફ નહિ થાય કે ? "

" તમારે ભય રાખવાનું કારણ નથી. હું શયતાની ટોળીની સરદાર મોહિનીને કાયદાની જાળમાં સપડાવવા ઇચ્છતો હતો. મ્હેં વિચાર્યું હતું કે, બિહારીલાલ અગર ઇશ્વરલાલમાંથી કોઇ એક જણ તેની ઉપર ક્રોધે ભરાઇ તેનીઃ સઘળી હકીકત કહી દેશે; પરંતુ બિહારીલાલ મરી ગયો છે અને ઇશ્વરલાલ જેલમાંથી નાશી છૂટયો છે. બિહારીલાલના મરણના સમાચાર ચંદ્રકાન્તભાઇ પણ જાણે છે."

" ઇશ્વરલાલ જેલમાંથી કેવી રીતે પલાયન કરી ગયો ? " સુંદરલાલે પુછયું.

દેશમુખ કાંઇ ઉત્તર આપે તે પુર્વેજ ખાનસાહેબ વ્યાકુળ ભાવથી એ સ્થળે આવી પહોંચ્યા. તેમણે દેશમુખ તરફ જોઇ કહ્યું, " સાહેબ ! મુદ્દાની વાત છે. હું આપને બંગલે ગયો હતો; ત્યાંથી ખબર મળતાં અહીં આવ્યો છે. ચાલો, ઝડપથી ચાલો."

દેશમુખે કહ્યું, " શું બન્યું છે ? શાન્તિથી બેસી સઘળી વાત કહો."

" હમણાં બેસવાની ફુરસદ નથી. આપ મ્હારી સાથે ચાલો. એક મિનીટનો પણ વિલંબ ન કરો. શયતાની ટોળીનાં સઘળાં માણસો પકડાયાં છે."

સુંદરલાલ અને ચંદ્રકાન્ત સાથેજ બોલી ઉઠયા, " મોહિની પકડાઇ છે કે ? "

" લાંબી વાતચિત કરવાનો વખત નથી. ચાલો ચાલો, નહિ તો બાજી બગડી જશે ! "

ત્રણે જણા તત્કાળ ખાનસાહેબની સાથે સાંકળી સ્ટ્રીટના એક મકાન પાસે આવી પહોંચ્યા.

એ મકાનમાં બીજો કાંઇ સરસામાન નહોતો; છતાં અનેક સ્થળે ભજીઆનો ભુકો પડી રહેલો નજરે પડતો હતો. એક ઓરડાના

ખુણામાં એક સ્ત્રી ઉંધે મ્હોડે પડી રહી હતી. તેના શરીર ઉપર ઘણે સ્થળે નખના ઉઝરડા થયા હતા, તેને જોતાં ઘણા વખતથી તેનું મરણ નીપજ્યું હોય એમ લાગતું હતું.

એ ઓરડાની પાસે જે બીજો ઓરડો હતો તેમાં ત્રણ મૃતદેહ પડેલા હતા. નખ તથા દાંતના આઘાતથી ત્રણેનાં શરીર લોહીલુહાણ થયેલાં દેખાતાં હતાં. એક માણસની સ્થિતિ તો એવી થઇ ગઇ હતી કે, તેની આંખમાંનો ડોળો બ્હાર નીકળી આવ્યો હતો !

ત્રીજા એક ઓરડામાં એક યુવતીનો મૃતદેહ પડી રહ્યો હતો. એના શરીર ઉપર કાંઇ ઈજા થયેલી જોવામાં આવતી નહોતી; છતાં તેનું મુખ વિકૃત થઈ ગયું હતું; અતિ ભયંકર વેદનાથી એ યુવતીનું મરણ નીપજ્યું હતું એ સંબંધી સહજ પણ સંદેહ નહોતો.

એ અત્યંત ભયાનક દેખાવ જોઇ ચંદ્રકાન્ત તથા સુંદરલાલ સ્તંભિત બની ગયા. તેઓ એક પણ શબ્દનો ઉચ્ચાર કરી શક્યા નહિ. આવો ભયંકર દેખાવ પૂર્વે કદાપિ તેમણે જોયો નહોતો.

પોલિસ કમીશનર સાહેબ પણ એ સ્થળે આવી પહોંચ્યા હતા. તેમણે સુપ્રિન્ટેન્ડેન્ટ મિ૦ દેશમુખ તરફ જોઈ કહ્યું, "બનેલા બનાવ સંબંધી તમે શું ધારો છો ?"

દેશમુખે નમ્રસ્વરે કહ્યું, "આ બનાવની કાંઇ હકીકત મ્હારા સાંભળવામાં આવી નથી; છતાં બનાવ ઘણો ભયંકર છે !"

"હા, પણ પેલી ચપળા નામની યુવતી થોડા સમય સુધી જીવતી રહી શકી હતી, તેણે બધી હકીકત કહેલી હોઇ તે લખી લેવામાં આવી છે." આમ કહી સાહેબે પોલિસે તૈયાર કરેલો રીપોર્ટ દેશમુખના હાથમાં આપ્યો. દેશમુખે એ રીપોર્ટ વાંચવા માંડયો. તેમાં નીચેની હકીકત લખેલી હતી:—

"હું અને પાર્વતી ઘણા વખતથી મોહિનીની સાથે થાણા તથા પુનામાં રહેતાં હતાં. મ્હારાં મા બાપ કોણ હતાં એ હું જાણતી નથી. પાર્વતી મને એમ કહેતી હતી કે, એ મારી માશી થાય છે. મારૂં બીજું કોઇ સગું સંબંધી છે કે કેમ એ હું જાણતી નથી.

"મોહિની અમને જે કામ સોંપતી હતી તે અમે કરતાં હતાં. થાણામાં મોહિની સાથે બિહારીલાલ, ઇશ્વરલાલ, છબિલદાસ, સત્યાનંદ, સુંદરલાલ અને રજનીકાન્ત નામના માણસોની ગાઢ પિછાન થઇ હતી. વચ્ચે વચ્ચે મોહિની થાણામાં રહેતા કેશવજી નામના એક વિધુર ભાટીઆ ગૃહસ્થને ત્યાં પણ જતી હતી. પછી એ કેશવજીનું ખુન થયું હતું; કોણે એનું ખુન કર્યું હતું એ હું જાણતી નથી.

"પછી સુંદરલાલ અને રજનીકાન્ત મુંબાઇ આવ્યા. મોહિની પણ અમને સહુને સાથે લઇ મુંબાઇ આવી. એક દિવસે મોડી રાત્રે મોહિનીએ ફોરાસરોડ જંકશન આગળ રજનીકાન્તની મુલાકાત કરી હતી. મોહિની પાસે એક તીક્ષ્ણ ધારવાળી કટાર હતી. તથા તેણે એ વખતે પુરૂષ વેશ ધારણ કર્યો હતો. પુરૂષ-વેશમાં તે એક નાટકના સ્ત્રી પાર્ટ ભજવનાર એકટર જેવી દેખાતી હતી. કોઇ જાતના અર્કથી તેણે એક રૂમાલ અગાઉથી ભીંજવી રાખ્યો હતો. એ રૂમાલ પૂર્વે એક દિવસે તેણે રજનીકાન્તના ભાઇ ચંદ્રકાન્ત પાસેથી મેળવ્યો હતો.

"એ વખતે હું પણ મોહિનીની સાથે હતી. મને ફોરાસ-રોડ જંકશન નજીક આવેલા બાગમાં રોકાવાનું કહી તે રજની-કાન્તની સાથે વિકટોરીઆ ગાર્ડન તરફ જતી ટ્રામમાં ચઢી બેઠી હતી. લગભગ પંદરેક મિનીટ પછી મોહિનીએ મારી પાસે પરત આવી કહ્યું, "ચાલ, કામ પાર પડયું છે."

"પછી રજનીકાન્તનું ટ્રામની અંદર ખુન થયાની વાત મેં સાંભળી હતી. હું જાણતી હતી કે, મોહિનીએજ તેમનું ખુન કર્યું હતું."

"પછી મોહિનીએ સુંદરલાલને ઘેર દાસી તરીકે મને રખાવી સુંદરલાલના ઘરની સઘળી બાતમી મોહિનીની સૂચનાનુસાર પહોંચાડતી હતી. સુલોચનાને છેતરી છુપી રીતે પાર્વતી હાંચાડી દેવાની મોહિનીએ મ્હને આજ્ઞા કરી હતી. ગાડીમાં નાને અર્ક સુંઘાડી મ્હેં બેભાન બનાવી દીધી હતી. બિહા-.લ અને ઇશ્વરલાલ એ ગાડીની કોચબોક્ષ ઉપર બેઠા હતા.

અંધેરી નજીક જે સ્થળે પાર્વતી રહેતી હતી તે સ્થળે અમે ત્રણે જણાએ સુલોચનાને પહોંચાડી દીધી હતી. એ સ્થળે પોલિસના એક માણસને પણ કેદ કરી રાખવામાં આવ્યો હતો. તેને ખોરાક આપવા માટે પાર્વતીને એ સ્થળે રાખવામાં આવી હતી.

"સુલોચનાનું ખુન કરવા માટે ઇશ્વરલાલે તેના ગળા ઉપર છુરી ફેરવી હતી; પરંતુ મ્હેં તથા પાર્વતીએ વચ્ચે પડી તેને ખુન કરતાં અટકાવ્યો હતો. પછી પાર્વતીએ ઔષધ ચોપડી સુલોચનાના ગળામાં થયેલો ઘા રૂઝાવ્યો હતો. પછી એક દિવસે સુયોગ મળતાં સુલોચના એ સ્થળેથી નાશી છૂટી એટલે ભયની મારી પાર્વતી પણ એ સ્થળ છોડી મોહિની પાસે નાશી છૂટી.

"પછી મોહિની સાથે ચંદ્રકાન્તનું લગ્ન થયું. ચંદ્રકાન્ત તથા બિહારીલાલને દેશનિકાલની સજા થઇ એટલે મોહિની અમને પુના લઈ ગઈ તથા નજીક આવેલા એક ગામડાંમાં અમને તેણે છુપાવી રાખ્યાં.

"છેલ્લા થોડા દિવસથી મોહિની અમને અહીં લઇ આવી હતી. પછી રાતના વખતે તે જેલમાં પડેલા ઇશ્વરલાલને સાથે લઈ અહીં આવી. તેણે અગાઉથી અમને પૈસા આપી દારૂના બે શીશા મંગાવી રાખ્યા હતા. ઈશ્વરલાલની સાથે અમારી પાસે આવ્યા પછી મોહિનીએ કહ્યું, "આજનો દિવસ ઘણા આનંદનો છે; ઈશ્વરલાલને હું જેલમાંથી છોડાવી લાવી છું. આજે આપણે સહુ મોજ ઉડાવીએ."

"પછી મોહિનીએ પોતાને હાથે છ ગ્લાસમાં દારૂ રેડયો. છબિલદાસ, ઈશ્વરલાલ, સત્યાનંદ, પાર્વતી તથા હું–પાંચે જણાં એકેક ગ્લાસ ઉપાડી લીધો; છઠ્ઠો ગ્લાસ મોહિનીએ લીધો. અમે બધાં દારૂ પી ગયાં.

"નાસ્તો લઇ આવવાનું નિમિત્ત દર્શાવી મોહિની નીકળી પડી તે પાછી અમારી પાસે આવી નહિ. વિ· અમારાં સહુનાં માથાં ઘુમવા લાગ્યાં; શરીરમાં ... ઉઠી હોય એવી વેદના અમે અનુભવવા લાગ્યાં. એ વેદનાથી જાણે કે અમારો જીવ નીકળી જતો હતો.

બોલી ઉઠયો, 'કાળસર્પિણીએ આપણુને સહુને ઝેર પાયું હોય એમ લાગે છે."

"પછી તેઓ એને પકડવા દોડયા; મકાનની અંદર કોઇ પણુ સ્થળે એ રાક્ષસીનો પત્તો લાગ્યો નહિ. બારણું પાસે જતાં તે બ્હારથી બંધ કરેલાં જણાયાં. ઘણી મહેનત કરવામાં આવી છતાં બારણું ખુલી શકયાં નહિ. પાર્વતી વેદના નહિ વેઠી શકાવાથી ચોટલાના વાળ ખેંચવા લાગી અને ચીચીઆરીઓ પાડવા લાગી. પછી છબિલદાસ, સત્યાનંદ અને ઇશ્વરલાલ એક બીજા સાથે મારામારી કરવા લાગ્યા. ભયભીત બની જઇ આ ઓરડામાં આવી મ્હેં બારણું બંધ કરી દીધાં. મ્હેં ગ્લાસમાંનો બધો દારૂ નહિ પીતાં ઓછો પીધો હતો તેથીજ હજી સુધી જીવું છું; પરંતુ મ્હને એવી દારૂણુ વેદના થાય છે કે, વિશેષ સમય સુધી હું જીવી શકવાની નથી.

"અમે એ રાક્ષસી માટે જીવની માયા રાખ્યા સિવાય ભયંકરમાં ભયંકર કાર્યો કર્યાં છતાં તેણે અમને સહુને હળાહળ ઝેર પાઈ દીધું. સાહેબ! એ રાક્ષસીને ફાંસીની સજા કરવાની હું આપને કરગરીને પ્રાર્થના કરૂં છું. હવે મારાથી બોલી શકાતું નથી!"

દેશમુખ એ હકીકત વાંચી રહ્યા એટલે મોટા સાહેબે કહ્યું, "હમણુાંજ એનું મૃત્યુ થયું છે, મોહિનીના નામ ઉપર વોરંટ કાઢવામાં આવ્યું છે."

"એનો કાંઇ પત્તો લાગ્યો છે કે?"

"ના. આ માણુસોના બુમબરાડા સાંભળી નજીકનાં માણુસોએ પોલિસને ખબર પહોંચાડી હતી. અમે આવી તાળું તોડી અંદર પ્રવેશ કર્યો છે.

પ્રકરણ ૩૭ મું.

'તમે મ્હારા સ્વામી છો, તમે મ્હારૂં રક્ષણ કરો.'

વિશેષ એક ક્ષણ માટે પણ એ સ્થળે રોકાવું ઉચિત નથી એમ ધારી ચંદ્રકાન્ત અને સુંદરલાલે એ સ્થળનો ત્યાગ કર્યો. રસ્તે જતાં જતાં ચંદ્રકાન્તે કહ્યું, "સ્ત્રી જાત આટલી હદ સુધી ભયંકર થઇ શકતી હશે એમ હું ધારતો નહોતો."

"હા, ભણેલો ભૂલે છે અને તારો ડૂબે છે. હમણાં એ રાક્ષસી એમજ ધારતી હશે કે, તેની ટોળીનાં બધાં માણસો મરી ગયેલાં હોવાથી તેની વિરૂધ્ધ કોઇ એક અક્ષર ઉચ્ચારી શકે તેમ નથી. પોતાની ટોળીનું કોઈ માણસ તેની વિરૂધ્ધ કાંઇ ન બોલે એ હેતુથીજ તેણે બધાંને એક સાથે ઝેર પાઇ દીધું છે. ચપળાએ પોલિસને જે હકીકત લખાવી છે તેની એને ખબર નહિજ હોય. વળી દેશમુખને એના કાગળ પત્રોમાંથી તમારા ભાઇનો જે પત્ર મળી આવ્યો છે તે પત્રની વાત પણ એની જાણ બ્હાર હોવી જોઇએ. આ સઘળાં કારણોથી તે હવે છુપાઇ રહેશે નહિ. હવે તે છાતી કાઢી નિર્ભયતાથી મરજી થશે ત્યાં ફરશે. બધાને દમ ભરાવી તે બાજી જીતવાનો પ્રયત્ન કરશે, અને એમ કરવા જતાં તે જરૂર પોલિસના પંઝામાં ફસાશે."

ચંદ્રકાન્તે કહ્યું, "આટલી બધી સુંદરતામાં આટલી હદ સુધીની ભયંકરતા!"

બન્ને મિત્રો વચ્ચે વિશેષ વાતચિત થઇ નહિ. વિચારોની વિશેષતાને લીધે વાત કરવાની બન્નેમાંથી કોઇની ઇચ્છા પણ નહોતી.

સુંદરલાલને ઘેર ગયા પછી ચંદ્રકાન્તે પોતાની જાગીરના કારભારીને ત્યાં હાજર થયેલો જોયો. સુંદરલાલ અને ચંદ્રકાન્ત નજરે પડતાં એ પ્રૌઢ ઉમ્મરના કારભારીના આશ્ચર્યનો પાર રહ્યો નાહ.

ચંદ્રકાન્તે કહ્યું, "મારા છુટા થવાની ખબર સાંભળી તમે અહીં આવ્યા છો કે?"

કારભારીએ કહ્યું, "ના, આપને તો હું હમણાંજ જોઉં છું. આપના છૂટકારા સંબંધીની કાંઇ હકીકત અમારા સાંભળવામાં આવી નથી!"

"ત્યારે પછી શા હેતુથી તમે અહીં આવ્યા છો?"

"એક વિષયમાં સુંદરલાલભાઈની સલાહ લેવાના વિચારથી હું આવ્યો હતો."

"કયા વિષયમાં?"

"બાઇ સાહેબ જાગીરમાં પાછાં ફર્યાં છે—"

"ચુપ રહો, એ વાત તમે બીજા કોઇને કહી છે કે?"

"ના, કોઇને કહી નથી."

"એ વાત કોઇ જાણી ન શકે એવી સાવધાનતા રાખજો. તમે હમણાંજ આપણી જાગીરમાં પાછા ચાલ્યા જાઓ. ઠીક છે, કયા વિષયમાં તમે સુંદરલાલની સલાહ લેવા આવ્યા હતા?"

"બાઈ સાહેબ જાગીરની બધી મિલકત વેચી નાખવાનું કહે છે; તેથી હું સુંદરલાલભાઇ—"

વચ્ચેજ ચંદ્રકાન્ત બોલી ઉઠયો, "ઠીક છે, તમે વિના વિલંબે પાછા ચાલ્યા જાઓ, હું જેલમાંથી છુટી મુંબાઇ આવ્યો છું એ વાત મારી સ્ત્રીને પણ કહેશો નહિ. હું તથા સુંદરલાલ આજેજ તમારા તરફ આવીશું."

ચંદ્રકાન્તે તત્કાળ કારભારીને વિદાય કરી દીધો. તેના વિદાય થયા પછી ચંદ્રકાન્તે સુંદરલાલને કહ્યું, "ભાઇ! ત્હારી વાત ખરી ઠરી છે. એ કેવી ભયંકર સાહસિક સુંદરી છે?! હવે આપણે શું કરીશું? પોલિસ એને પકડી શકે તો ભલે પકડે; આપણે જાણી જોઇ એને પોલિસના હાથમાં નહિ સોંપીએ."

સુંદરલાલે પુછ્યું, "તું એને મળીશ ખરો કે?"

"હા, એમ કરવામાં શો દોષ છે? એ શું કહેવા માંગે છે તે આપણે સાભળવું જોઇએ."

"ચંદ્રકાન્ત! એના ઉપર વિશ્વાસ રાખવામાં ડહાપણ નથી."

"ભય જેવું શું છે? હવે એ શું કરી શકનાર છે? ફાંસીનું લાકડું હવે તેની સ્હામે ખડું છે!"

"છતાં આપણે વિનાવિલંબે એને પોલિસને સોંપી દેવી જોઇએ."

"ના ના, હું જાણી જોઇ એને ફાંસીને લાકડે મોકલીશ નહિ."

*   *   *

તેજ દિવસે ચંદ્રકાન્ત અને સુંદરલાલ ઘર તરફ વિદાય થયા સંધ્યાકાળના અરસામાં તેઓ ત્યાં જઇ પહોંચ્યા.

મોહિની મનોહર વેશ ધારણ કરી બેઠકખાનામાં એક બારી નજીક બેસી પ્રફુલ્લ ચિત્તે હારમોનિયમ સાથે સુમધુર સુર મેળવી સંગીત ગાતી હતી. ચંદ્રકાન્ત અને સુંદરલાલે દબાતે પગલે એ બેઠકખાનામાં પ્રવેશ કર્યો; મોહિનીની પુંઠ દ્વાર તરફ હોવાથી તે તેમને જોઇ શકી નહિ.

ચંદ્રકાન્તે આગળ વધી મોહિનીના ખભા ઉપર હાથ મૂકયો એટલે ચમકી ઉઠી તેણે પાછળ જોયું. પછી ચંદ્રકાન્ત નજરે પડતાં તે ખુરસી ઉપરથી સફાળી ઉઠી ઉભી થઇ ગઇ. તેનાં વિશાળ ચક્ષુ વિસ્મયથી વિસ્ફારિત થયાં; તેનું મ્હોં ઉતરી ગયું, તેનું સર્વાંગ કંપવા લાગ્યું. બોલવાની ઇચ્છા હોવા છતાં થોડા સમય સૂધી તે એક શબ્દ પણ ઉચ્ચારી શકી નહિ.

ચંદ્રકાન્તે કહ્યું, "મોહિની, હું ભૂત અગર પિશાચ નથી!"

ક્ષણકાળમાંજ આત્મસંવરણ કરી મોહિનીએ મધુર હાસ્ય કરી કહ્યું, "આવી રીતે તમે મ્હને બ્હીવડાવો એ ઉચિત છે કે! હું જાણુતીજ હતી કે, તમને જલ્દી છુટા કરવામાં આવશે. જો આવતાં પહેલાં મ્હને ખબર આપી હોત તો હું મુંબાઇ સૂધી દોડી આવત."

પ્રથમના જેવા સ્વરે ચંદ્રકાન્તે કહ્યું, "હવે તું મ્હને છેતરવાનો પ્રયત્ન ન કર. ત્હેં થાણામાં રહેતા કેશવજી નામના ભાટીઆ ગૃહસ્થનું ખુન કર્યું હતું, મ્હારા ભાઇ રજનીકાન્તનું

ખુન કર્યું હતું, હેંજ મ્હને દેશનિકાલની સજા કરાવી હતી, ઝેરી કાગળ મોકલી જેલમાં પડેલા બિહારીલાલને પણ હેંજ મારી નાખ્યો છે. છેવટે દારૂમાં જહર ભેળવી હેં ત્હારી શયતાની ટોળીનાં સઘળાં માણસોને મારી નાખ્યાં છે. તું ભયંકર કાળઅપિંણી છે!"

"એ બધી વાતને તમે સાચી માનો છો કે?"

"જો પ્રમાણ ન મળ્યું હોત તો સાચી ન માનત."

"પ્રમાણ! કોણ મ્હારી વિરૂધ્ધ પ્રમાણ આપે છે એ હું જાણવા ઇચ્છું છું!"

"તું ભૂલે છે. ત્હારી ભયંકરતાની સઘળી હકીકત પોલિસ જાણી શકી છે. વળી મ્હારા ભાઇ રજનીકાન્તે સુંદરલાલને જે પત્ર લખ્યો હતો, તથા જે પત્ર હેં ચાલાકીથી ચોરી લીધો હતો તે પણ પોલિસને મળી આવ્યો છે. પોલિસના માણસો સાંકળી સ્ટ્રીટવાળા મકાનમાં જઇ પહોંચ્યા ત્યાં સુધી પેલી ચપળા જીવતી હતી. તેણે પોલિસને સઘળી હકીકત કહી છે."

મોહિની સહજ દૂર ખસી ગઇ. તેના મુખ ઉપરનું સઘળું લોહી જાણે કે ક્ષણ માત્રમાં ઉડી ગયું. થોડા સમય સુધી ચુપ રહ્યા પછી ઘણા મૃદુ તેમજ ભયમિશ્રિત સ્વરે તેણે પૂછ્યું, "તમે આ ખરી વાત કહો છો કે?"

"મ્હારી વાત ઉપર વિશ્વાસ ન બેસતો હોય તો સુંદરલાલને પૂછી જો."

"સુંદરલાલ મ્હારા દુશ્મન છે."

"તને ખોટી વાત કહેવાથી મ્હને શો લાભ હતો?"

"જો તમારી વાત ખરી હોય તો હું અહીં છું એ વાતની પોલિસને ખબર હોવી જોઇએ."

"ના, એ વાતની હજી પોલિસને ખબર પડી નથી."

"હું તમારી સ્ત્રી છું. તમે મારૂં રક્ષણ નહિ કરો કે?"

"ત્હારૂં રક્ષણ કરવાની મારી શક્તિ તેમજ ઇચ્છા નથી. છતાં તને ફાંસીને લાકડે મોકલવામાં હું પોલિસને મદદ નહિ કરૂં. એથી વિશેષ ભલાઇની મારા તરફથી તું આશા રાખીશ નહિ.

ઉપસંહાર

શયનગૃહમાં જવા બાદ તિજોરી ઉઘાડી તેણે એક શીશી બહાર કહાડી તેમાંના બે ત્રણ ટીપાં જીભ પર મૂકી તે ચાટી ગઇ. એટલામાં ખાનસાહેબે બંગલામાં પ્રવેશ કરી ચંદ્રકાન્તને મોહિનીના નામનું વોરંટ બતાવ્યું. નિરૂપાયે ચંદ્રકાન્તે તેમને બંગલામાં પ્રવેશ કરવા દીધો.

મોહિનીએ શયનગૃહનાં દ્વાર ઉઘાડયાં એટલે ખાનસાહેબે હાથકડી લઈ તેને ગિરફતાર કરવાની તૈયારી કરવા માંડી.

મોહિનીએ છાતી કાઢી બળપૂર્વક ખાનસાહેબને લત્તા પ્રહાર કરી કહ્યું, "જા-જા, વાંદરીના બચ્ચા! આ મોહિની ફાંસીએ ચઢવાનો નથી!"

પછી ચંદ્રકાન્ત તરફ જોઇ મોહિનીએ કહ્યું, "મ્હને પકડી રાખો; તમારી પાસેથી હું છેવટની વિદાય લઉં છું!"

જો એ વખતે ચંદ્રકાન્તે મોહિનીને ન પકડી રાખી હોત તો તે નીચે ગબડી પડત. ચંદ્રકાન્તે તેને પકડી જ્યારે બિછાનામાં સુવાડી ત્યારે હળાહળ ઝેરથી તેના જીવનનો અંત આવ્યો હતો.

* * *

હવે અમારે વિશેષ કાંઈ કહેવાનું નથી. એક વર્ષ પછી ચંદ્રકાન્તે સુલોચના સાથે લગ્ન કર્યું; છતાં ઘણા કાળ સુધી મોહિનીની ભયંકરતાને તેઓ ભૂલી શક્યાં નહિ.

સમાપ્ત.

એક દિવસે મારા પોતાને હાથે ત્હારૂં પત્થર જેવું હૃદય ચીરી નાખવાની મેં પ્રતિજ્ઞા કરી હતી. પરંતુ હું તેમ કરવા માગતો નથી. ભગવાન તારા પાપ પુણ્યનો વિચાર કરશે !"

એકાએક ચંદ્રકાન્તના ચરણોમાં નમી પડી મોહિનીએ અશ્રુજળથી તેના ચરણ ભીંજાવી દીધા. બન્ને ચરણ પકડી રાખી અવરૂધ્ધ કંઠે તેણે કહ્યું, "તમે મારા સ્વામી છો, તમે મારૂં રક્ષણ કરો. વિચાર કરી જુઓ, આજ સૂધી કોઇના ચરણોમાં મેં મારૂં શિર ઝુકાવ્યું નથી. તમે મને બચાવો."

ચંદ્રકાન્ત થોડા સમય સૂધી ચુપ ઉભો રહ્યો; તે હૃદય સાથે યુધ્ધ કરતો હતો. પછી મૃદુસ્વરે તેણે કહ્યું, "હું તને ફાંસીની સજાએ નહિ મોકલું. તું ત્હારા અલંકારો તથા પૈસા ટકા,–જે કાંઇ છે તે સાથે લઇ જા. અને હમણાંજ આ ઘર છોડી મરજી પડે ત્યાં ચાલી જા. હું ત્હારા સંબંધી પોલિસને કાંઈ બાતમી આપીશ નહિ. નાશી છુટી છુપાઇને જો તું બચી શકતી હોય તો તેથી મને કાંઇ દુઃખ થનાર નથી."

"તમે મારા દેવતા છો, હું હમણાંજ, આજે રાત્રેજ આ ઘર છોડી જઇશ."

આમ કહી મોહિના ઝડપથી પોતાના શયનગૃહમાં ચાલી ગઇ.



હવે પછી બહાર પડનારાં પુસ્તકો.

પિતૃવધ

યાને

હરામીનું હથિયાર

જાપાનનું રાત્રી રહસ્ય

સીનારીઓની લેખનકળા